Regd. Ministry of Minority Affairs (Haj Divison) Govt. of India
AL-SHABA HAJJ TOURS
અલ-શબા હજ ટુર્સ
હજ્જ ૨૦૨૪ બુકીંગ માટે સંપર્ક કરો
જૂજ સીટો બાકી ભારત સરકાર લઘુમતી મંત્રાલય હજ દ્વારા માન્ય
શેખ મોઈન ઈબ્રાહીમભાઈ
84696 67869
અલ્હાઝ મોહંમદ ઈકબાલ કુરેશી
97234 59686
૪૩૯, ચોથો માળ, શીતલ વર્ષા મહાવીર બિઝનેસ પાર્ક, બહેરામપુરા, પોલીસ ચોકી સામે, જમાલપુર ચાર રસ્તા, અમદાવાદ

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

AL FAROOQ TOURS & TRAVELS Since 1996 IATA
ઈદે મિલાદુન્નબી
ઉમરાહ દિવસ -૨૦
અમદાવાદ થી અમદાવાદ ડાયરેક્ટ ફ્લાઈટ
હાજી યાકુબ મુન્શી - ૯૮૨૫૨ ૭૫૩૩૩
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ -૨૮ - ૯૮૨૫૫ ૭૫૩૩૩

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૭૬ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

લગ્ન પ્રસંગને અનુરૂપ બ્રાઈડલ - પાર્ટીવેર - ડીઝાઈનર
અનુપમ®
2000/- થી 25000/- સુધી
લાચા - શરારા
ચણિયા ચોળી - ફેન્સી સાડી
ગોળગલી, ઢાલગરવાડ, અમદાવાદ. 9537867979 - 6357575730

## કોર્ટે તેમના આગોતરા જામીન નામંજૂર કર્યા બાદ

# ધારાસભ્ય એચડી રેવન્નાની અપહરણના કેસમાં પિતા દેવેગૌડાના ઘરેથી ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૪
કર્ણાટક જનતા દળ (સેક્યુલર)ના ધારાસભ્ય એચડી રેવન્નાની કર્ણાટક પોલીસની વિશેષ તપાસ ટીમ (SIT) દ્વારા તેમની સામે નોંધાયેલા અપહરણના કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. જેડી (એસ) ધારાસભ્યની તેમના પિતા અને પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના ઘરેથી ધરપકડ કરવામાં આવી હતી તેમ સૂત્રોએ જણાવ્યું હતું. તેમને નિયમિત મેડિકલ ટેસ્ટ માટે લઈ જવામાં આવ્યા હતા અને રવિવારે તેમને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવશે. કર્ણાટક પોલીસની ટીમે એચડી રેવન્નાને અપહરણના કેસમાં ધરપકડથી વચગાળાના રક્ષણ માટેની તેમની વિનંતીને બેંગ્લુરૂની અદાલતે ફગાવી દીધા પછી તરત જ તેમને કસ્ટડીમાં લીધા હતા. એચડી રેવન્ના અપહરણના કેસનો સામનો કરી રહી છે તે આરોપો બાદ તેના સહયોગીએ ૨૦ વર્ષીય વ્યક્તિની માતાનું અપહરણ કર્યું હતું. ફરિયાદી રાજુ, તેની માતા સાથે એચડી રેવન્નાના ફાર્મહાઉસમાં ઘરના મદદગાર તરીકે કામ કરતા હતા. રેવન્નાના સંબંધી સતીશ બબન્ના દ્વારા ૨૯ એપ્રિલના રોજ મહિલાનું કથિત રીતે તેના ઘરેથી અપહરણ કરવામાં આવ્યું હતું અને તેને કાલેનાલ્લીમાં ધારાસભ્યના નજીકના સહાયક રાજશેખરના ફાર્મહાઉસમાં બંધક બનાવી રાખવામાં આવી હતી. આ મહિલાને કર્ણાટક પોલીસે વહેલી સવારે બચાવી હતી. JDS ધારાસભ્ય સામે આઈપીસીની કલમ 364A (અપહરણ) અને કલમ ૩૬૫ (બળપૂર્વક દબોચવા) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને કર્ણાટક પોલીસ દ્વારા બિન-જામીનપાત્ર કલમો લાગુ કરવામાં આવી હતી. નોંધનીય છે કે, એચડી રેવન્ના, તેમના પુત્ર પ્રજવલ રેવન્ના સાથે પણ જાતીય શોષણ અને કૃત્યનું શૂટિંગ કરવાના ગંભીર આરોપોનો સામનો કરી રહ્યા છે. એસઆઈટી દ્વારા એચડી રેવન્ના અને પ્રજવલ સામે લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી હતી. પ્રજવલ પહેલા જ વિદેશ જઈ ચૂક્યો છે. પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના પૌત્ર પ્રજવલ ભાજપ-જેડીએસ ગઠબંધન માટે હાસનમાંથી ઉમેદવાર હતા જેની ચૂંટણી ૨૬મી એપ્રિલે યોજાઈ હતી. તેના એક દિવસ બાદ જ પ્રજવલ ૨૭મી એપ્રિલે વિદેશ ભાગી ગયો હતો.

ZAHRA`S RAINBOW SCHOOL
Nr, Sheetal Motors, Opp HP petrol pump, Sarkhej Road, Ahmedabad 380055
Phone number: 9313088370, 9104712 000
Email: info@zahrasrainbow.com
Wanted Female Teachers For A Very Reputed School In Sarkhej Area
Well qualified female candidate with B.Ed graduates or post graduates having excellent communication skills and teaching experience in recognized institutions.
Vacancies available: Maths, Science, English, Hindi, Social Science, Urdu, Swimmer coach and PE
Candidates having experience of mother teacher concept can also apply.
WALK IN INTERVIEW: Monday to Friday between 9:00 a.m. to 12:00 p.m.
Candidates can share their CV on Whats app also.
Last date For applying is 15/5/2024

LOAN
Home Loan
Morgage Loan
Builder Finance
Construction Finance
Cibil Cases Are dorable Case To Case
M-8401021646

સખી-દાતા-ગુજારીસ
માસ એપ્રીલ રમજાન
સાથી હાથ બઢાના એ અકેલા થક જાયગા
ઝકાત • લીલ્લા • હદીયા
મહેનત અને રૂપિયા થકી
વૃધ્ધ, વિકલાંગ, મંદ બુધ્ધી વ્યકતિને રોજ એક ટાઈમનું ફ્રી ભોજન
ગરીબ બહેનોને રાહત રોજગાર ગરીબની પાર્ટ ટાઈમ શાળા
મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય, ગૃહશાળા ભુજ-કચ્છ
સ્થળ : બી ડીવીજન પોલીસ સ્ટેશન પાછળ, સરપટ ગેટ અંદર ભુજ કચ્છ
સંપર્ક : આમદભા ખત્રી મો.૯૯૭૪૮૪૩૬૩૨
હિતેચ્છુ : ડો. શહીદાબેન અરોરા
હારૂનભાઈ ખત્રી
કાનુની સલાહકાર : અશોક સી. માંડલિયા (એડવોકેટ)
: આર્થિક સહકાર આપવા નમ્ર અપીલ - બેન્ક ખાતાની વિગત :
Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name : Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044
છોટી સમજ / છોટી જાણકારી
સખી દાતાના રૂપીયા, (૧૨૭) અનાજ ૪૮૨૬૪૦/-
વૃધ્ધને રોટી, બહેનોને રોજગાર ૧૬૪૦૦૦/-
માસ ૧ વાધી રૂા. ૩૧૮૬૪૦/-
ગાટી રૂા. -
રૂપીયા દેકે-સેવા-દેખો

અમ્લપિત્ત (એસીડીટી) ?
ચરણ બ્રાન્ડ
આયુર્વેદીક આમ્લહરી ટેબલેટ
ઉનાળામાં પિત્તને આપો માત, આમ્લહરીને સાથ
ઉનાળામાં પિત્તવિકાર, એસીડીટી તેમજ પિત્તના કારણે છાતી-પેટમાં બળતરા, ખાટા ઓડકાર, ઉબકા-ઉલ્ટી જેવી તકલીફોમાં ગુણકારી
'ચરણ બ્રાન્ડ' જોઈને જ ખરીદો
ઉત્પાદક : હરિનારાયણ ફાર્મસી, અમદાવાદ
હોલસેલર: જે. આર. શાહ કું.-(૦૭૯) ૨૬૫૮૨૫૧૫
મેડીકલ-આયુર્વેદિક સ્ટોર્સ પર ઉપલબ્ધ

ખાલીચડવી, સાંધાનો - નસનો દુઃખાવો
વા, નસ-સાંધાનો દુઃખાવો, ખાલી ચડવી, સાઈટીકા, ચીકન ગુનીયા, સંધિવા, ધ્રુજારી, પેટના રોગો, પથરી, પાઈલ્સ, ડાયાબીટીસ, પ્રોસ્ટેટ, વજન વધારવા-ઘટાડવા, થાઈરોઈડ, વાળ-ચામડીના રોગો, યાદ શક્તિની સારવાર માટે સૌરાષ્ટ્રના ખ્યાતનામ વૈદ્યરાજ હરેશ ચુગડીયા અમદાવાદમાં **દર ગુરૂવારે અને શનિવારે (સેટેલાઇટ)** શ્રી શંકર ઔષધ ભંડાર, ૨૩, સત્યમમોલ, વિશ્વેશ્વર મહાદેવ મંદિર પાસે, કામેશ્વર સ્કુલ રોડ, સેટેલાઈટ, અમદાવાદ અને **દર શુક્રવારે (ગોતા)** શ્રી શંકર ઔષધ ભંડાર, દુકાન નં. ૨૧, ઉમા શરણમ્, પોદાર સ્કુલ પાસે, આર્યન સીટી ચાર રસ્તા, વંદેમાતરમ રોડ પાસે, ન્યુ ગોતા, અમદાવાદ ખાતે સવારે ૧૧-૦૦ થી સાંજે ૭-૦૦ સુધી મળશે. આ માટે જરૂરિયાત મંદ દર્દીઓએ પોતાનું નામ મો. 9998020890, 8511120890, 8511020890 પર અગાઉથી નોંધાવી લેવું તેવું વૈદ્યરાજ હરેશ ચુગડીયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

Little Flower English Medium School
Gujarat State Board • ONLY GIRLS SCHOOL
2024-25 ADMISSIONS OPEN
NURSERY, JUNIOR KG, SENIOR KG, 1ST STD
LIMITED SEATS AVAILABLE - ATTRACTIVE FEES
SMART CLASSROOMS
Qualified & Experienced Teachers
2 Teachers & 1 Helper in each Class
Clean & Healthy Atmosphere
Daily updates through App
Confirmed Admission to 1st Std
Upgraded & Improved Facilities
Fun N Learn Programme
Activity oriented learning
CALL FOR INFO 75750 09622
Ashoknagar Society, Paldi, Bhatta, Ahmedabad - 380 007






# 'અમે સતત ભયમાં જીવી રહ્યા છીએ' : પ્રજ્વલ રેવન્નાનો વીડિયો લીક થવાથી હસનમાં પીડિત મહિલાઓમાં ગભરાટ

### કર્ણાટક શહેરના કાર્યકર્તાઓ દલીલ કરે છે કે, પોલીસે મહિલાઓની સુરક્ષા અને સાંસદની ધરપકડ કરવા માટે અગાઉ કાર્યવાહી કરવાની જરૂર હતી

(એજન્સી) તા.૪

મહિલા અને બાળ અધિકાર કાર્યકર્તા રૂપા હસન નામની મહિલાએ તેના મતવિસ્તારના સંસદ સભ્ય પ્રજ્વલ રેવન્ના દ્વારા કથિત જાતીય શોષણ દર્શાવતા વીડિયો અને ફોટા વિશેના સમાચાર સાંભળ્યા ત્યારે તેણીએ વિશ્વાસ ન કર્યો. પરંતુ જ્યારે તેણીએ વિશ્વાસ ધરાવતા પત્રકારો અને કાર્યકરોનો સંપર્ક કર્યો, ત્યારે તેઓએ પુષ્ટિ કરી કે, આ માહિતી સાચી હતી. લેખિકા અને મહિલા અને બાળ અધિકાર કાર્યકર્તા રૂપા હસને દાવો કર્યો હતો કે, "૨,૯૦૦થી વધુ વીડિયો સામે આવ્યા છે. હસન અને તેના સાથીદારોને ટૂંક સમયમાં ખ્યાલ આવી ગયો કે, આ વિડિયોમાંની ઘણી સ્ત્રીઓને તેઓ જાણતી હતી. મહિલા અધિકાર કાર્યકર્તાઓ તરીકે અમે આ મહિલાઓને મળીએ છીએ. આ વીડિયોમાં ઘણા બધા પરિચિત ચહેરાઓ જોઈને આઘાત લાગ્યો હતો. હસન અને તેના સાથીદારોને આ મહિલાઓના ફોન આવવા લાગ્યા. તેઓ ભય પર રડતા હતા કે, તેમની પાસે આત્મહત્યાનો આશરો લેવા સિવાય કોઈ વિકલ્પ નથી. આમાંની મોટાભાગની મહિલાઓ પરિણીત છે અને તેમના બાળકો છે. કેટલીક મહિલાઓએ દાવો કર્યો હતો કે, તેમના ચહેરાને વીડિયોમાં મોર્ફ કરવામાં આવ્યા છે. રૂપા હસનના અંદાજ છે કે, વીડિયોમાં ૩૦૦થી વધુ મહિલાઓ દેખાય છે. લોકો કહે છે કે, વધુ વીડિયોઝ બહાર આવશે. અમે બધા સતત ભયમાં જીવીએ છીએ. હસને કહ્યું કે, તેણે સાંભળ્યું છે કે, વિડિયોમાં દેખાતી ત્રણ મહિલાઓએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે બચી ગઈ હતી, આ મામલાને લઈને રાજકીય વંટોળ ઉભો થયો છે. પ્રજ્વલ રેવન્નાની પાર્ટી, જનતા દળ (સેક્યુલર), સત્તાધારી ભારતીય જનતા પાર્ટીની સહયોગી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૪ એપ્રિલે મૈસુરમાં જનતા દળ (સેક્યુલર)ની રેલીમાં હતા અને રેવન્ના સાથે સ્ટેજ પર હતા. જ્યારે ખબર પડી કે રેવન્ના ૨૭ એપ્રિલના રોજ રાજદ્વારી પાસપોર્ટ પર જર્મની ભાગી ગયો છે ત્યારે વિપક્ષી નેતાઓએ મોદી પર તેમની મુસાફરીની સુવિધા આપવાનો આરોપ લગાવ્યો હતો. રૂપા હસને નક્કી કર્યું કે, એક મહિલા કાર્યકર્તા તરીકે તેમની પ્રાથમિકતા મહિલાઓને ટેકો આપવાની હોવી જોઈએ. મને સમજાયું કે, મારા માટે કાઉન્સેલિંગ પ્રદાન કરવું મહત્વપૂર્ણ છે. હસને જણાવ્યું હતું કે, તેણીએ જે મહિલાઓ સાથે વાત કરી હતી. તેઓ તેમના પતિઓ માટે ચિંતિત હતા. મેં આ મહિલાઓને શાંત રહેવા અને મજબૂત બનવા કહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોમાં હાસન જિલ્લાના હોલેનરસીપુરના ધારાસભ્ય રેવન્ના અને તેના પિતા એચડી રેવન્ના વિરુદ્ધ ઘણી ઓપચારિક ફરિયાદો નોંધવામાં આવી છે. એચડી રેવન્ના રાજ્યના કેબિનેટ મંત્રી પણ રહી ચૂક્યા છે. એક મહિલા જે રેવન્ના પરિવારમાં કામ કરતી હતી. તેણે હોલેનરસીપુર પોલીસમાં બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપ લગાવ્યો હતો કે, તેઓએ તેની જાતીય સતામણી કરી હતી. એક મહિલાના પુત્રએ મૈસુરમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, તેની માતાને પીડિતા સાથે વાત કરવાથી રોકવા માટે HD રેવન્નાના સહયોગીઓએ તેનું અપહરણ કર્યું હતું. તેણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે, તેની માતા પર પ્રજ્વલ રેવન્ના પર બળાત્કાર ગુજાર્યો હતો. પૂર્વ જિલ્લા પરિષદ સભ્યએ રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલી વિશેષ તપાસ ટીમને આપેલા નિવેદનમાં આરોપ લગાવ્યો હતો કે, પ્રજ્વલ રેવન્નાએ ત્રણ વર્ષથી વધુ સમય સુધી તેની સાથે બળાત્કાર કર્યો હતો અને વીડિયો રેકોર્ડ કર્યા હતા. જેનો તેણે પાછળથી બ્લેકમેલ કરવા માટે ઉપયોગ કર્યો હતો. તેણીના નિવેદનના આધારે પોલીસે પ્રજ્વલ રેવન્ના સામે ૧ મેના રોજ એફઆઈઆર નોંધી, તેના પર અન્ય ગુનાઓ ઉપરાંત બળાત્કારનો આરોપ મૂક્યો છે. આ વીડિયોમાં રહેલી મહિલાઓમાં ઘરેલું કામદારો અને રેવન્ના પરિવારના અન્ય સ્ટાફ હતા. ત્યારપછીના વીડિયોમાં મહિલાઓ મોટાભાગે સરકારી અધિકારીઓ ટેલિવિઝન અભિનેત્રીઓ હતી. રૂપા હસને સમજાવ્યું કે, મહિલાઓ રેવન્નાના ક્યા સંજોગોમાં મળી હતી અને જાતીય પ્રવૃત્તિઓ માટે દબાણ પાડવામાં આવી હતી, તે ચોક્કસ રીતે સ્પષ્ટ નથી. તેણી અને અન્ય કાર્યકરોએ નોંધ્યું કે, વિવિધ ક્લિપ્સમાં કેટલીક મહિલાઓના બદલાતા દેખાવના આધારે વીડિયો ઘણા વર્ષોથી શૂટ કરવામાં આવ્યા હોય તેવું લાગે છે. કથિત રીતે કેટલાક વીડિયોમાં દેખાતી બે મહિલાઓએ પીઢ પત્રકાર અને સામાજિક કાર્યકર આરપી વેંકટેશમૂર્તિને કહ્યું કે, તેમનો ચહેરો વીડિયોમાં મહિલાઓના શરીર પર મોર્ફ કરવામાં આવ્યો છે. હસનના સંસદ સભ્યના સત્તાવાર નિવાસસ્થાનમાં ઘણા વીડિયો શૂટ કરવામાં આવ્યા હતા. "રસપ્રદ વાત એ છે કે, ક્વાર્ટર્સની બરાબર બાજુમાં પોલીસ અધિક્ષકની ઓફિસ છે." ધર્મેશે નોંધ્યું. વેંકટેશમૂર્તિએ જણાવ્યું કે, વીડિયો લીક થયા પછી તેમણે પોલીસના સભ્યો સાથે વાત કરી જે તેઓ જાણતા હતા અને પૂછ્યું કે, શા માટે પ્રજ્વલ રેવન્ના સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. તેણે એ પણ પૂછ્યું કે, શું વીડિયોને ફેલાતા રોકવા માટે કોઈ પગલાં લેવામાં આવી રહ્યા છે. તેઓએ કહ્યું કે, કોઈ પણ મહિલાએ ઔપચારિક રીતે ફરિયાદ નોંધાવી નથી અને તેથી તેઓ કોઈ પગલાં લઈ શકતા નથી. તેઓએ એમ પણ કહ્યું કે તેઓ ચૂંટણીની ફરજમાં વ્યસ્ત છે. હાસનમાં એક પોલીસ અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું કે, પીડિતોની ઔપચારિક ફરિયાદ વિના તેઓ અગાઉ પગલાં લઈ શકે નહીં. અમને કોઈ પણ પીડિતા તરફથી કોઈ લેખિત ફરિયાદ મળી નથી. કાર્યકર્તાઓ ખાસ કરીને રોષે ભરાયા છે. કારણ કે, પોલીસ પાસે વીડિયોના અસ્તિત્વ વિશે અને તે લીક થઈ શકે તેવા જોખમ વિશે પૂરતી ચેતવણી હતી. ઓક્ટોબર ૨૦૨૩માં જનતા દળ (સેક્યુલર)એ ભાજપ સાથે ગઠબંધનની જાહેરાત કરી હતી. ડિસેમ્બરની શરૂઆતમાં પ્રજ્વલ રેવન્નાના દાદા, પૂર્વ વડાપ્રધાન દેવેગૌડાએ જાહેરાત કરી હતી કે, રેવન્ના હસનમાંથી ચૂંટણી લડશે. આ જાહેરાતથી દેવરાજે ગૌડા સહિત ભાજપના ઘણા સ્થાનિક નેતાઓ નારાજ થયા હોવાનું કહેવાય છે. ગૌડાએ બીજેપીના પ્રદેશ અધ્યક્ષ બી.વાય વિજયેન્દ્રને પત્ર લખીને પાર્ટીને ચેતવણી આપી હતી કે, રેવન્ના સામે જાતીય શોષણના આરોપો છે. તેણે એક પ્રેસ કોન્ફરન્સ પણ યોજી હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે, તેની પાસે રેવન્ના મહિલાઓના સાથેના દુષ્કર્મના ૨,૯૭૬ વીડિયોની પેન ડ્રાઈવ છે. ધર્મેશે કહ્યું કે, પોલીસે શા માટે તપાસ ન કરી કે, આ વિડિયો ક્યા હતા અને તે ક્યાંથી આવ્યા તે જાણવાનો પ્રયાસ પણ કેમ ન કર્યો? જો સ્થાનિક પોલીસે કોઈ પ્રકારનું પગલું ભર્યું હોત તો અમે આ સમગ્ર ઘટનાને ટાળી શક્યા હોત. કાર્યકરોએ કહ્યું કે, પોલીસે પહેલા દલીલ કરી હતી કે, વીડિયોમાં દર્શાવવામાં આવેલા કૃત્યો સહમતિથી હતા. પરંતુ ધર્મેશે આક્ષેપ કર્યો હતો કે પોલીસ પાસે જાતીય હુમલાના પૂરતા પુરાવા છે અને તેણે પ્રજ્વલ રેવન્નાની ધરપકડ કરવી જોઈતી હતી. જાહેર થયેલા વીડિયોમાં બળાત્કારના ચોક્કસ પુરાવા હતા, આ વિડિયોમાં મહિલા તેને રોકવા માટે ભીખ માંગી રહી હતી અને છતાં તેણે તેના પર દબાણ કર્યું. તેની ધરપકડ કરવા માટે તે પૂરતા પુરાવા હતા, પરંતુ તેણે તેને વિદેશ જવા દીધો હતો. હસન અને અન્ય કાર્યકરોએ જણાવ્યું હતું કે, તે વીડિયો પ્રસારિત થાય છે કે, રેવન્નાએ પોતે જ કૃત્યોનું શૂટિંગ કર્યું હતું. તે પછી વીડિયો લીક થવું એ મહિલા અધિકારોનું ગંભીર ઉલ્લંઘન કરે છે. કોઈને પણ કોઈની અંગત માહિતીને આ અમાનવીય રીતે ઉજાગર કરવાનો અધિકાર નથી. તેમણે કહ્યું હતું કે આ કેસ મહિલાઓની સુરક્ષા જોખમમાં છે. ઘણા યુવાનો ઉત્સાહપૂર્વક આ વીડિયો શેર કરી રહ્યાં છે અને વીડિયોમાં રહેલી મહિલાઓને શોધવાનો પ્રયાસ કરી રહ્યાં છે. આ ડરામણું લાગે છે. હસને આશા વ્યક્ત કરી કે રાજ્ય સરકાર દ્વારા આ મામલાની તપાસ કરવા માટે રચવામાં આવેલી વિશેષ તપાસ ટીમ ઝડપથી કામ કરશે જેથી આ મહિલાઓના જીવનમાંથી ડર દૂર કરી શકાય. તેણી અને અન્ય કાર્યકર્તાઓએ પોલીસને એક મેમોરેન્ડમ સુપરત કર્યું છે જેમાં માંગ કરવામાં આવી છે કે પોલીસ વીડિયોને ફેલાતા રોકવાને પ્રાથમિકતા આપે. અમે એમ પણ કહ્યું છે કે મહિલાઓએ પોલીસ પર વિશ્વાસ કરી શકે તો જ ફરિયાદ કરવા બહાર આવશે, તેથી પીડિતો સાથે સન્માન અને સહાનુભૂતિ સાથે વર્તવું જોઈએ. તેઓએ એવી પણ ભલામણ કરી છે કે પોલીસે એક હેલ્પલાઈન બનાવવી જેથી મહિલાઓને સુરક્ષાની ખાતરી મળી શકે.

## SIT પ્રજ્વલના હાસન સ્થિત ઘરે પહોંચી, સાંસદ અને તેના પિતા એચ.ડી. રેવન્ના સામે બીજી લુકઆઉટ નોટિસ જારી

(એજન્સી) બેંગ્લુરૂ, તા. ૪

વિશેષ તપાસ ટીમ (SIT) શનિવારે "અશ્લીલ વીડિયો" તપાસના સંબંધમાં જેડી (એસ) નેતા પ્રજ્વલ રેવન્નાના કર્ણાટકમાં હસનના ઘરે પહોંચી હતી. ગૃહમંત્રી જી. પરમેશ્વરાએ હાસન સાંસદ અને તેમના પિતા હોલેનરસીપુરના ધારાસભ્ય એચડી રેવન્ના સામે બીજી લુકઆઉટ નોટિસ જારી કર્યાના કલાકો પછી આ ઘટનાક્રમ બન્યું છે. પરમેશ્વરાએ શનિવારે પત્રકારોને જણાવ્યું હતું કે, "તેની (રેવન્ના) વિરૂદ્ધ (લુકઆઉટ નોટિસ) પહેલેથી જ જારી કરવામાં આવી છે. તે બંને રેવન્ના અને પ્રજ્વલ વિરૂદ્ધ જારી કરવામાં આવી હતી. એચડી રેવન્ના પણ વિદેશ જવાની યોજના બનાવી શકે છે તેવી ધારણા સાથે તે કરવામાં આવ્યું છે." તેમણે ઉમેર્યું કે, "રેવન્ના પાસે તપાસ માટે SIT સમક્ષ હાજર થવા માટે શનિવાર સાંજ સુધીનો સમય હતો. તેમને બીજી નોટિસ આપવામાં આવી હતી. આ દરમિયા મૈસુર અપહરણ કેસમાં તેણે જામીન માટે અરજી કરી હોવાનું કહેવાય છે." પિતા-પુત્રની જોડી સામે પ્રથમ લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી હતી જ્યારે તે બંનેએ જાતીય શોષણના આરોપો મામલે તપાસકર્તાઓ સમક્ષ હાજર થવા માટે સમય માંગ્યા પછી તેમની સામે નોટિસ જારી કરાઈ છે. ગૃહમંત્રીએ ઉમેર્યું કે, "તેને (રેવન્નાને) તક આપવામાં આવી છે, તેને સીઆરપીસીની કલમ ૪૧છ હેઠળ નોટિસ આપવામાં આવી છે અને તેણે (એસઆઈટી સમક્ષ) હાજર થવું પડશે. તેને બીજી નોટિસ આપવામાં આવી છે અને તેની પાસે ૨૪ કલાકનો સમય છે જે શનિવારે સાંજે સમાપ્ત થાય છે ત્યારબાદ જે પણ પગલાં લેવાના હશે તે લેવાશે." પ્રજ્વલ ૨૬ એપ્રિલે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના એક દિવસ પછી ૨૭ એપ્રિલે વિદેશ ગયો હોવાનું કહેવાય છે.

## રેવન્ના કેસમાં કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ રાહુલ ગાંધીનો પત્ર સ્વીકાર્યો, પીડિતોને સહાય કરવા સંમત થયા

(એજન્સી) બેંગ્લુરૂ, તા. ૪

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ શનિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્ય સરકાર કથિત અશ્લીલ વીડિયો કેસના સંબંધમાં પીડિતોને તમામ જરૂરી સહાય પૂરી પાડશે. અગાઉ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ એક પત્ર દ્વારા સિદ્ધારમૈયાને પીડિતોને તમામ શક્ય સહાયતા આપવા વિનંતી કરી હતી. સિદ્ધારમૈયાએ એક્સ પર પોસ્ટમાં જણાવ્યું કે, પ્રજ્વલ રેવન્ના સાથે સંકળાયેલા તાજેતરના કેસે દેશને ખૂબ જ વ્યથિત કર્યું છે. પીડિતોને ન્યાય અપાવવો એ આપણી કાયદાકીય વ્યવસ્થામાં વિશ્વાસ જાળવી રાખવા માટે મહત્વપૂર્ણ છે. પોસ્ટમાં તેમણે કહ્યું કે, "રાહુલ ગાંધીએ પીડિતો માટે સમર્થન પર ભાર મૂકતા પત્ર લખ્યો છે. અમે ખાતરી કરવા માટે અને એક ન્યાયી પ્રક્રિયા માટે તમામ જરૂરી સહાય પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છીએ."

**રેવન્ના સેક્સ સ્કેન્ડલ**

એચડી રેવન્ના અને તેમના પુત્ર પ્રજ્વલ રેવન્ના જેઓ હાલના સાંસદ અને હાસન લોકસભા મતવિસ્તારના ઉમેદવાર છે તેઓ તેમના ઘરે કામ કરતી મહિલાની ફરિયાદના આધારે કર્ણાટક સરકાર દ્વારા રચવામાં આવેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેટિવ ટીમ (એસઆઈટી) દ્વારા જાતીય સતામણી અને ગુનાહિત ધમકીના આરોપોની તપાસનો સામનો કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, કર્ણાટકના ગૃહમંત્રી જી પરમેશ્વરાએ શનિવારે કહ્યું કે જેડી(એસ)ના ધારાસભ્ય એચડી રેવન્ના અને તેમના પુત્ર પ્રજ્વલારેવન્ના બંને વિરૂદ્ધ બીજી લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી છે. રેવન્ના અને તેમના પુત્ર પ્રજ્વલ રેવન્ના સામે પ્રથમ લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી હતી જેમાં તેઓએ તપાસ ટીમ સમક્ષ હાજર થવા માટે સમય માંગ્યો હતો.

## PM મોદી એ જનતાથી કપાયેલા 'શહેનશાહ' છે રાહુલ માટે 'શહેજાદા' શબ્દનો ટોણો મારનાર મોદીને પ્રિયંકાનો વળતો પ્રહાર

(એજન્સી) તા.૪

ગુજરાતના બનાસકાંઠા લોકસભા મતવિસ્તારના લાખાણી ખાતે ભાજપ પક્ષના ઉમેદવાર ગેનીબેન ઠાકોરના પ્રચાર માટે જાહેર રેલીમાં પ્રિયંકાએ મોદી પર ગુજરાતની જનતાનો સત્તા માટે ઉપયોગ કરવાનો અને પછી તેમને ભૂલી જવાનો આરોપ પણ લગાવ્યો હતો.

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને 'શહેનશાહ' કહ્યા હતા જેઓ મહેલમાં રહે છે પરંતુ લોકોથી દૂર રહે છે. તેઓએ તેમના ભાઈ રાહુલ ગાંધી માટે મોદીના 'શહેજાદા' શબ્દનો જવાબ આપ્યો હતો. ગુજરાતના બનાસકાંઠા લોકસભા મતવિસ્તારના લાખાણી ખાતે ભાજપ પક્ષના ઉમેદવાર ગેનીબેન ઠાકોરના પ્રચાર માટે જાહેર રેલીમાં પ્રિયંકાએ મોદી પર ગુજરાતની જનતાનો સત્તા માટે ઉપયોગ કરવાનો અને પછી તેમને ભૂલી જવાનો આરોપ પણ લગાવ્યો હતો.

## પ્રજ્વલ રેવન્ના વિશે અમિત શાહને જાણ કરાઈ હતી, મોદીએ 'સામૂહિક બળાત્કારી' માટે પ્રચાર કર્યો એ ચોંકાવનારૂં : રાહુલ ગાંધી

(એજન્સી) બેંગ્લુરૂ, તા. ૪

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને જેડી(એસ)ના નેતા અને એનડીએના લોકસભાના ઉમેદવાર પ્રજ્વલ રેવન્ના સાથે સંકળાયેલા મોટા સેક્સ કૌભાંડ પર પત્ર લખ્યો છે. તેમના પત્રમાં રાહુલ ગાંધીએ કર્ણાટકના સીએમને પીડિતોને શક્ય તેટલી બધી મદદ આપવા કહ્યું છે અને કહ્યું છે કે "આપણી માતાઓ અને બહેનો માટે ન્યાય માટે લડવું" કોંગ્રેસ પાર્ટીની નૈતિક ફરજ છે. તેમણે લખ્યું કે, "પ્રજ્વલ રેવન્નાએ કેટલાંક વર્ષોમાં સેંકડો મહિલાઓનું જાતીય શોષણ કર્યું અને તેના વીડિયો બનાવ્યા. આમાંથી ઘણી મહિલાઓ તેમને ભાઈ અને પુત્ર તરીકે જોતા હતા તેઓને અત્યંત હિંસક રીતે નિર્દયતાથી મારવામાં આવ્યા હતો અને તેમની પ્રતિષ્ઠા છીનવાઈ હતી. અમારી માતાઓ અને બહેનો પર બળાત્કાર કરવા માટે શક્ય તેટલી કડક સજાની માગ કરવામાં આવે છે." રાહુલે આગળ લખ્યું કે તેઓ એ જાણીને ચોંકી ગયા કે ભાજપ નેતા જી. દેવરાજે ગૌડાએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પ્રજ્વલના કાંડો વિશે માહિતી આપી હતી. તેમણે કહ્યું કે, "મને એ જાણીને ખૂબ જ આઘાત લાગ્યો છે કે ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં અમારા ગૃહમંત્રી અમિત શાહને જી. દેવરાજે ગૌડા દ્વારા પ્રજ્વલ રેવન્નાના કાંડા ખાસ કરીને તેમના જાતીય હિંસાનો ઈતિહાસ અને અપરાધી દ્વારા ફિલ્માવવામાં આવેલા વીડિયો વિશે જાણ કરાઈ હતી." રાહુલ ગાંધીએ વધુમાં ઉમેર્યું હતું કે, "આનાથી પણ વધુ આઘાતજનક બાબત એ છે કે આ ઘૃણાસ્પદ આરોપો ભાજપના સૌથી વરિષ્ઠ નેતૃત્વના ધ્યાન પર લાવવામાં આવ્યા હોવા છતાં વડાપ્રધાને સામૂહિક બળાત્કારી માટે પ્રચાર કર્યો અને તરફેણ કરી." કોંગ્રેસના નેતાએ તેમના આરોપને પુનરાવર્તિત કર્યો કે, "કેન્દ્ર સરકારે જાણીજોઈને પ્રજ્વલને કોઈપણ અર્થપૂર્ણ તપાસને પાટા પરથી ઉતારવા માટે ભારત છોડી દેવાની મંજૂરી આપી." તેમણે કહ્યું કે, "આ ગુનાઓની ઊંડી વિકૃત પ્રકૃતિ અને પ્રજ્વલ રેવન્ના દ્વારા વડાપ્રધાન અને ગૃહમંત્રીના આશીર્વાદથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે તે સખત નિંદાને પાત્ર છે." તેમણે મહિલાઓ વિરૂદ્ધ હિંસા મુદ્દે પીએમ મોદીના મૌન પર પણ સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, "હરિયાણામાં અમારા કુસ્તીબાજોથી લઈને મણિપુરમાં અમારી બહેનો સુધી ભારતીય મહિલાઓ આવા ગુનેગારોને વડાપ્રધાનના મૌન સમર્થનનો ભોગ બની રહી છે." રાહુલ ગાંધીએ જણાવ્યું કે, "આ પૃષ્ઠભૂમિમાં કોંગ્રેસ પક્ષની અમારી માતાઓ અને બહેનો માટે ન્યાય માટે લડવાની નૈતિક ફરજ છે. હું સમજું છું કે કર્ણાટક સરકારે ગંભીર આરોપોની તપાસ માટે એક વિશેષ તપાસ ટીમ એસઆઈટીની રચના કરી છે અને પ્રજ્વલ રેવન્નાનો રાજદ્વારી પાસપોર્ટ રદ કરવા અને તેને વહેલી તકે ભારત પ્રત્યાર્પણ કરવા વડાપ્રધાનને વિનંતી કરવામાં આવી છે."

## નિજ્જરની હત્યા : ખાલિસ્તાની આતંકીની હત્યા મામલે કેનેડાએ ૩ ભારતીય નાગરિકોની ધરપકડ કરી

### નિજ્જર કેસમાં પોલીસે તેમના પર ફર્સ્ટ ડિગ્રી મર્ડર અને કાવતરાનો આરોપ મૂક્યો

(એજન્સી) તા.૪

કેનેડિયન પોલીસે દાવો કર્યો છે કે તેણે ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ૩ આરોપીની ધરપકડ કરી છે. કેનેડિયન ન્યૂઝ એજન્સી CBCના રિપોર્ટ અનુસાર એડમન્ટન શહેરમાંથી ધરપકડ કરાયેલા ત્રણેય આરોપી ભારતીય છે. રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે દાવો કર્યો હતો કે અમે ધરપકડ કરેલા ત્રણેય આરોપીઓને ગત વર્ષે જૂન મહિનામાં નિજ્જરની હત્યાની કામગીરી સોંપવામાં આવી હતી.

પોલીસ ઘણા મહિનાઓથી તેમના પર નજર રાખી રહી હતી. પોલીસનું માનવું છે કે ભારતે તેમને નિજ્જરની હત્યા કરવાનું કામ સોંપ્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે, આરોપીઓનાં નામ કરણ બ્રાર, કરણપ્રીત સિંહ અને કમલપ્રીત સિંહ છે. ત્રણેયની ઉંમર ૨૦-૩૦ વર્ષની વચ્ચે છે.

અહેવાલ અનુસાર, ત્રણેય આરોપી ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈની ગેંગ સાથે પણ સંપર્ક ધરાવે છે. આ તમામ ૨૦૨૧માં ટેમ્પરરી વિઝા પર કેનેડા ગયા હતા. તેમની સામે ફર્સ્ટ ડિગ્રી મર્ડર અને હત્યાનું કાવતરૂં ઘડવાના આરોપમાં કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે કહ્યું હતું કે બાકીના આરોપીઓની પણ ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે.

કેનેડિયન પોલીસની ચાર્જશીટ મુજબ, નિજ્જરની હત્યાને અંજામ આપવામાં ત્રણેય આરોપીએ અલગ-અલગ ભૂમિકા ભજવી હતી. તેમાંથી એક નિજ્જરનું લોકેશન શોધવાની જવાબદારી હતી. બીજો આરોપી ડ્રાઈવર હતો અને ત્રીજાએ તેના પર ગોળીબાર કર્યો હતો.

આરોપીની ધરપકડ બાદ કેનેડાના પબ્લિક સેફ્ટી મિનિસ્ટર ડોમિનિક લેબલાંકને નિજ્જર હત્યા કેસમાં સવાલો પૂછવામાં આવ્યા હતા. તેમણે આમાં ભારતની સંડોવણીની શક્યતાને નકારી નથી.

લેબલાંકે કહ્યું- મને કેનેડાની સુરક્ષા વ્યવસ્થા અને પોલીસ પર પૂરો વિશ્વાસ છે. પોલીસે નિજ્જર હત્યા કેસને ખૂબ જ ગંભીરતાથી લીધો છે. તે ભારત સાથે જોડાયેલો છે કે નહીં એનો જવાબ પોલીસ વધુ સારી રીતે આપી શકશે.

૧૮ જૂન, ૨૦૨૩ની સાંજે સરે શહેરમાં ગુરૂદ્વારામાંથી બહાર નીકળતી વખતે નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ગયા વર્ષે ૧૮ સપ્ટેમ્બરે વડાપ્રધાન ટ્રુડોએ ભારત સરકાર પર નિજ્જરની હત્યામાં સામેલ હોવાનો આરોપ મૂક્યો હતો, જેને ભારતે ફગાવી દીધા હતા.

આ મામલે કાર્યવાહી કરતા કેનેડાની ટ્રુડો સરકારે એક વરિષ્ઠ ભારતીય રાજદ્વારીને દેશમાંથી હાંકી કાઢ્યા હતા. આ પછી બંને દેશો વચ્ચે વિવાદ વધતો ગયો. જો કે બાદમાં ટ્રુડોએ ઘણી વખત ભારત સાથે સંબંધો જાળવી રાખવાની વાત કરી હતી.

## સીબીએસઈ ૧૦મા ૧૨મા પરિણામ ૨૦૨૪ જલ્દી જારી થશે બોર્ડ ડીજીલોકર પિન જારી કર્યા

(એજન્સી) તા.૪

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ, સીબીએસઈ જલ્દી જ ૧૦મા ૧૨મા ધોરણનું પરિણામ જારી કરશે. સીબીએસઈએ ૧૦મા અને ૧૨મા ધોરણના વિદ્યાર્થીઓના ડીજીટલ શૈક્ષણિક દસ્તાવેજો સુધી પહોંચવા માટે ડીજીલોકર ખાતાઓના એક્સેસ કોડ વિશે એક પરિપત્ર જારી કર્યો છે. એક વખત પરિણામ જારી થયા પછી વિદ્યાર્થી ડીજીલોકર વેબસાઈટથી પોતાની માર્કશીટની સાથે સાથે પાસિંગ ટકાવારી પણ ડાઉનલોડ કરી શકાશે. વિદ્યાર્થીઓએ પરિણામ જોવા માટે પોતાનું સીબીએસઈ ડીજીલોકર પીન નોંધવું પડશે. સીબીએસઈના સત્તાવાર પરિપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ૧૦મા ૧૨માના વિદ્યાર્થીઓ માટે બોર્ડ પરિણામ જલ્દી જ જારી કરવામાં આવશે. સ્કૂલોને સર્કુલરમાં ઉલ્લેખિત લિંક પર જવું પડશે. અને એલઓસી ક્રેડેન્સિયલનો ઉપયોગ કરવા માટે સ્કૂલમાંથી લોગીનની પસંદગી કરવી પડશે. ડીજીલોકરના માધ્યમથી સીબીએસઈ પરિણામ ૨૦૨૪ કેવી રીતે ચકાસવું.

(૧) digilocker.gov.in પર જાવ. (૨) હોમપેજ પર સાઈન ઈનપર ક્લિક કરો. (૩) એક નવી લોગીન વિન્ડો ખુલશે. (૪) ઉપયોગકર્તા નામ તરીકે પોતાના સીબીએસઈ રોલ નંબર અને બોર્ડ દ્વારા શેર કરવામાં આવેલ ૬ અંકોને સુરક્ષા પીન દાખલ અને સબમીટ કરો. (૫) ત્યાર બાદ તમને પોતાનું પાસવર્ડ રીસેટ અને દસ્તાવેજ મેળવવા માટે નોંધણી કરવા માટે કહેશે. (૬) એક વખત નોધણી થયા પછી જારી થયા પછી વિદ્યાર્થી પોતાના માર્કશીટની તપાસ અને ડાઉનલોડ કરવા માટે digilocker.gov.in પર સાઈન ઈન કરી શકે છે.

### પરિવારે ક્લોઝર રિપોર્ટ પર રોષ વ્યક્ત કર્યા પછી

## રાજકીય નુકસાનના ભયના પગલે તેલંગાણામાં કોંગ્રેસ સરકારે રોહિત વેમુલા કેસને ફરી ખોલ્યો

### તેલંગાણા પોલીસે તેના દલિત સ્ટેટસને પડકારતો ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યા બાદ અને તેની જ્ઞાતિની ઓળખ તેને આત્મહત્યા કરવા પ્રેર્યા હોવાનું કહ્યા બાદ રોહિત વેમુલા કેસ ફરી શરૂ થવાનો છે

(એજન્સી) તા.૪

તેલંગાણા પોલીસે ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યા પછી રોહિત વેમુલા કેસ ફરીથી હેડલાઈન્સમાં આવ્યો હતો જેમાં દલીલ કરવામાં આવી હતી કે વેમુલા દલિત નથી અને જણાવ્યું હતું કે તેની 'વાસ્તવિક જાતિ' છતી થવાના તેના ભયને કારણે તેને આત્મહત્યા કરવા પ્રેર્યો હતો. રિપોર્ટ દાખલ થયાના એક મહિનાથી વધુ સમય પછી, પોલીસે વેમુલાના પરિવાર અને અન્ય લોકો દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતાઓને ટાંકીને શુક્રવારે કેસ ફરીથી ખોલવાની જાહેરાત કરી. નોંધનીય છે કે, રિપોર્ટમાં તમામ આરોપીઓને મુક્ત કરવામાં આવ્યા હતા. બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં, તેલંગાણાના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી)એ જણાવ્યું હતું કે અંતિમ અહેવાલ ૨૦૧૮માં સંકલિત કરવામાં આવ્યો હતો અને ૨૧ માર્ચ, ૨૦૨૪ના રોજ સત્તાવાર રીતે કોર્ટના અધિકારક્ષેત્રમાં સબમિટ કરવામાં આવ્યો હતો. ડીજીપીએ જણાવ્યું કે, "મૃતક રોહિત વેમુલાની માતા અને અન્ય લોકો દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ અંગે શંકા વ્યક્ત કરવામાં આવી હોવાથી, કેસની વધુ તપાસ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. માનનીય મેજિસ્ટ્રેટને વધારાની તપાસ માટે પરવાનગી આપવા વિનંતી કરવામાં આવશે." ભાજપે કહ્યું કે રોહિત વેમુલા કેસનું કોંગ્રેસ દ્વારા 'રાજકીયકરણ' કરવામાં આવ્યું છે ક્લોઝર રિપોર્ટની પ્રતિક્રિયાઓ અલગ-અલગ હતી, જેમાં કેટલાક રિપોર્ટની ટીકા કરે છે અને અન્ય તારણોનો બચાવ કરે છે. આ કેસ પર તાજા પ્રતિક્રિયાઓનું સંકલન અહીં છે. ભારતીય જનતા પાર્ટી (BJP) રાષ્ટ્રીય કાર્યકારી સમિતિના સભ્ય રામચંદર રાવે, જે આ કેસમાં આરોપી છે, તેમણે વેમુલાના મૃત્યુનું રાજકીયકરણ કરવા બદલ કોંગ્રેસની ટીકા કરી અને તેમની તરફથી માફીની માંગ કરી. તેમણે મીડિયા ને કહ્યું "આઠ વર્ષ પહેલા, હૈદરાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટીમાં એક કમનસીબ ઘટના બની હતી, જેમાં એક વિદ્યાર્થી (રોહિત વેમુલા)એ આત્મહત્યા કરી હતી. પોતાની સુસાઈડ નોટમાં તેણે ન તો કોઈ સંસ્થાને દોષી ઠેરવી હતી કે ન તો કોઈ વ્યક્તિને. છતાં પણ, તમામ વિપક્ષી નેતાઓ વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરવા યુનિવર્સિટી પહોંચ્યા અને જાતિ પરિબળ લાવીને આ મુદ્દાનો રાજકીય ઉપયોગ કર્યો. પાછળથી, હું યુનિવર્સિટી પહોંચયો અને વીસીને કહ્યું કે આવી ઘટનાઓ ફરીથી ન બને તેની કાળજી રાખે.રાજકીય પક્ષોએ કેન્દ્રની ભાજપ સરકારને દોષી ઠેરવવા માટે આ મુદ્દાનો ઉપયોગ કર્યો હતો." આવી જ લાગણીઓનો પડઘો પાડતા, બીજેપી નેતા અજય આલોકે કહ્યું, "રોહિત વેમુલા દલિત હતા કે નહીં તે મુદ્દો નથી, પરંતુ મુદ્દો એ છે કે એક યુવકે શા માટે આત્મહત્યા કરી. કેન્દ્ર સરકાર તરીકે અમે ત્યારે સંવેદનશીલ હતા અને હવે પણ સંવેદનશીલ છીએ. તેમણે ઉમેર્યું કે, 'તે સમયે ૧.૫ મહિના સુધી સંસદીય સત્રોમાં વિક્ષેપ પાડનારાઓને પ્રશ્ન પૂછવો જોઈએ. તેઓ એક યુવાનના મૃત્યુ પર રાજકારણ કરે છે. રોહિતે કઈ પરિસ્થિતિઓમાં આત્મહત્યા કરી હતી અને કેન્દ્ર સરકાર આવી પરિસ્થિતિઓને ટાળવા માટે શું પગલાં લઈ રહી છે તે અંગે કોઈ (વિપક્ષમાં) ચિંતિત નહોતું. 'યે મોહબ્બત કે દુકાન મેં સિર્ફ નફરત બેચ રહે હૈ'...' એક વિદ્યાર્થી પ્રદર્શનકારી અને એનએસયુઆઈના જનરલ સેક્રેટરી પ્રભાકર સિંહે કહ્યું, "જે ક્લોઝિંગ



રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે તે તપાસ રિપોર્ટ નથી. તે રોહિત વેમુલાની જાતિની તપાસ છે. આની તપાસ થવી જોઈતી ન હતી. રોહિત વેમુલાને પરેશાન કરવામાં અને તેને આત્મહત્યા કરવા માટે મજબૂર કરવામાં જેમની ભૂમિકા છે તે લોકો વિશે તપાસ થવી જોઈએ. તે આત્મહત્યા ન હતી, પરંતુ એક સંસ્થાકીય હત્યા હતી. અમે રોહિત વેમુલાને ન્યાય અપાવવામાં કોઈ કસર છોડીશું નહીં.

**રોહિત વેમુલા કેસ**

જાન્યુઆરી ૨૦૧૬માં યુનિવર્સિટી ઓફ હૈદરાબાદના પીએચડી સ્કોલર રોહિત વેમુલાના મૃત્યુને લગતો કેસ તેલંગાણા પોલીસે ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યાના એક મહિના કરતાં વધુ સમય પછી વધારાની તપાસમાંથી પસાર થવાનો છે. વેનુલાની માતા અને અન્ય લોકો દ્વારા ઉઠાવવામાં આવેલી શંકાઓને ટાંકીને રાજ્યના ડીજીપીએ આ નિર્ણયની જાહેરાત કરી હતી. શરૂઆતમાં, પોલીસના ક્લોઝર રિપોર્ટમાં એવી દલીલ કરવામાં આવી હતી કે વેમુલા દલિત નહોતા અને જણાવ્યું હતું કે તેની 'વાસ્તવિક કાસ્ટ' સામે આવવાના ડરથી તે આત્મહત્યા કરવા પ્રેરાયો હતો. આ કેસ, શરૂઆતમાં ૨૦૧૬માં આત્મહત્યા માટે ઉશ્કેરવા અને SC અને ST (અત્યાચાર નિવારણ) અધિનિયમના ઉલ્લંઘનના આરોપો હેઠળ દાખલ કરવામાં આવ્યો હતો, જેમાં ક્લોઝર રિપોર્ટમાં તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા. તેમાંના તે સમયના સિકંદરાબાદના સાંસદ બંડારૂ દત્તાત્રેય, એમએલસી એન રામચેન્દર રાવ, કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની અને હૈદરાબાદ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પી અપ્પા રાવ હતા, જે બધા ભાજપ સાથે જોડાયેલા હતા. જો કે પરિવારે તમામ આરોપોને નકારી કાઢ્યા છે. મીડિયાના અહેવાલ મુજબ રોહિત વેમુલાના ભાઈએ ક્લોઝર રિપોર્ટ પર આઘાત વ્યક્ત કર્યો હતો. તેણે તેના ભાઈને જે કથિત ઉત્પીડનનો સામનો કરવો પડ્યો હતો તેની સંપૂર્ણ તપાસ માટે તેણે અધિકારીઓને વિનંતી કરી. તેમણે કેસને ફરીથી ખોલવા માટે તેલંગાણાના મુખ્ય પ્રધાન એ રેવંત રેડ્ડી અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પાસેથી સમર્થન મેળવવાનું વચન આપ્યું હતું. મીડિયા એ તેમણે ટાંકીને જણાવ્યું હતું કે, "તેલંગાણા પોલીસની જવાબદારી એ તપાસ કરવાની હતી કે મારા ભાઈને એટલી હદે હેરાન કરવામાં આવ્યો કે તેણે પોતાનો જીવ લઈ લીધો. તેના બદલે, તેઓ ફરીથી તેની જાતિ તપાસ માટે ગયા. અમે આ સ્વીકારીશું નથી, અમે આ મુદ્દે લડવા જઈ રહ્યા છીએ." રોહિત વેમુલાની માતા રાધિકા વેમુલાએ તેમની અનુસૂચિત જાતિની ઓળખ જાળવી રાખી, ક્લોઝર રિપોર્ટમાં કરાયેલા દાવાઓને રદિયો આપ્યો અને તેણીએ તેની બીજી કાનૂની લડાઈ માટે તૈયારીનો પુનરોચ્ચાર કર્યો.

## કોંગ્રેસ પર એસસી/એસટી ક્વોટાને ઘટાડીને મુસ્લિમોને આપવાનો આરોપ લગાવતા મોદીના દાવા શા માટે ખોટા છે અને તેનો ઈતિહાસ શું છે ?

(એજન્સી) તા.૪

ગુજરાતમાં ૧૯૯૫થી ભાજપના શાસન હેઠળ મુસ્લિમ SEBCને OBC શ્રેણી હેઠળ અનામતનો લાભ મળે છે અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને અનામત માટેની બંધારણીય ફરજિયાત જોગવાઈ છે જે બંધારણમાં સુધારો કર્યા વિના છીનવી શકાતી નથી. રાજસ્થાનમાં ચૂંટણી ભાષણ આપતી વખતે વડાપ્રધાન મોદીએ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે નિર્ધારિત ક્વોટામાંથી મુસ્લિમોને અનામત આપવાનો "ઈરાદો" ધરાવે છે. બાંસવાડા (રાજસ્થાન) માં તેમની રેલીમાં, મોદીએ દેશની સંપત્તિને મુસ્લિમોમાં, અને ખાસ કરીને હિન્દુ મહિલાઓની સંપત્તિને વહેંચવાનું ષડયંત્ર રચવા માટે વિપક્ષ કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. કૉંગ્રેસનો ઢંઢેરો (ન્યાયપત્ર) ભારતના સૌથી ધનિકો અને મોટી સંખ્યામાં ગરીબો વચ્ચે દેશમાં વધતી અસમાનતા વિશે વાત કરે છે, ત્યારે તે માત્ર એટલું જ કહે છે કે અમે નીતિઓમાં યોગ્ય ફેરફારો દ્વારા સંપત્તિ અને આવકની વધતી અસમાનતા દૂર કરીશું. એ જ રીતે, ન્યાયપત્રમાં ઉલ્લેખ કર્યો છે કે કોંગ્રેસ જાતિઓ અને પેટા જાતિઓ અને તેમની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓની ગણતરી કરવા માટે રાષ્ટ્રવ્યાપી સામાજિક-આર્થિક અને જાતિ વસ્તી ગણતરી હાથ ધરશે. ડેટાના આધારે, અમે હકારાત્મક કાર્યવાહી માટેના એજન્ડાને મજબૂત કરીશું. મેનિફેસ્ટોમાં કોંગ્રેસ બાંહેધરી આપે છે કે તે SC, ST અને OBC માટે અનામત પર ૫૦ ટકાની મર્યાદા વધારવા માટે બંધારણીય સુધારો કરશે. ભારતમાં મુસ્લિમોને અન્ય પછાત વર્ગો (OBC) અને/અથવા સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગો (SEBC)ની શ્રેણીઓ હેઠળ જ અનામત આપવામાં આવે છે, તેના માટેની યાદી અનુક્રમે કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા તૈયાર કરવામાં આવે છે. આનો અર્થ એ છે કે SC/ST આરક્ષણને સ્પર્શ્યા વિના, મુસ્લિમ ક્વોટામાં કોઈપણ વધારો OBC/SEBC સ્તરે જ થઈ શકે છે. વધુમાં, ST/SC આરક્ષણ બંધારણીય આરક્ષણ હોવાથી, કોઈ પણ આ શ્રેણીઓને અનામતના લાભોમાંથી દૂર કરી શકશે નહીં સિવાય કે તે સંદર્ભમાં બંધારણીય સુધારો કરવામાં આવે, જે રાજકીય રીતે શક્ય નથી. વધુમાં, SC/ST ઈસ્લામમાંથી ધર્માંતરણ કરનારાઓ SC/ST કેટેગરી હેઠળ અનામતના લાભો માટે પાત્ર નથી, અને આ સંદર્ભે સુપ્રીમ કોર્ટ સમક્ષ કેસ પેન્ડિંગ છે. આજે મોટાભાગની OBC અનામત પણ સમુદાયોમાંના જાતિ જૂથોના સામાજિક આર્થિક સૂચકાંકો પર આધારિત છે. આમ, તે પોતાની રીતે ધાર્મિક ઓળખ નથી, પરંતુ જ્ઞાતિની ઓળખ (ધર્મને ધ્યાનમાં લીધા વિના) છે જેના આધારે સામાન્ય રીતે OBC અનામત આપવામાં આવે છે. જો કે આંધ્રપ્રદેશે માત્ર ધર્મના આધારે મુસ્લિમોને અનામત આપી હતી, પરંતુ રાજ્યએ તેને એ આધાર પર ન્યાયી ઠેરવ્યું હતું કે રાજ્યમાં સમગ્ર ધર્મ પછાત છે. જો કે મુસ્લિમ ક્વોટાએ અન્ય OBC જૂથોના ક્વોટાને અસર કરી ન હતી, કારણ કે પહેલાની પરંપરાગત OBC સૂચિની ઉપર અને તેની ઉપર અલગ ૫% અનામત હતી. એ જ રીતે, કર્ણાટક OBC કેટેગરી માટે નિર્ધારિત કુલ ૩૨%માંથી મુસ્લિમોને ૪% OBC અનામત પ્રદાન કરે છે, પરંતુ આનાથી અન્ય OBC જૂથોના હિસ્સા પર ખાસ અસર થઈ નથી કારણ કે મુસ્લિમ આરક્ષણ માટેનું પ્રમાણ સમગ્રમાં સ્થિર રહ્યું છે. અનામત આપતા પહેલા જૂથ (જાતિ/ધર્મ)ની પછાતતા સાબિત કરવી એ કાનૂની જરૂરિયાત છે. ભૂતકાળમાં અદાલતોએ આ જૂથોને OBC/SEBC આરક્ષણ હેઠળ સમાવિષ્ટ કરવા માટે પછાતપણાના દાવાને સમર્થન આપવા માટે માન્ય ડેટાની ગેરહાજરી માટે જૂથોને આપવામાં આવેલ આરક્ષણ રદ કર્યું છે. સુપ્રીમ કોર્ટે અનામતની ૫૦% મર્યાદાનો ભંગ કરવા બદલ મહારાષ્ટ્ર રાજ્યના SEBC એક્ટને ૨૦૧૯માં સુધારાને રદ કર્યો હતો. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરાયેલ SEBC જાતિઓ/જૂથોની યાદીમાં તેની SEBC અનામત નીતિ હેઠળ અસંખ્ય મુસ્લિમ જાતિઓને આવરી લેતી ૩૦ એન્ટ્રીઓ છે. તેવી જ રીતે, નેશનલ કમિશન ફોર બેકવર્ડ ક્લાસીસ (NCBC) દ્વારા તૈયાર કરવામાં આવેલ ગુજરાત રાજ્ય માટે OBCની કેન્દ્રીય યાદીમાં ૨૩ એન્ટ્રીઓ છે જેમાં વિવિધ મુસ્લિમ જાતિઓને OBC અનામતનો લાભ આપવામાં આવે છે. આમ, SC/ST/OBC કેટેગરીમાં મુસ્લિમો અન્ય જૂથોની જગ્યા લઈ લેશે તેવી આશંકા સાચી નથી અને મોદીના ગૃહ રાજ્યમાં જ વિવિધ મુસ્લિમ જાતિ જૂથો માટે જોગવાઈઓ છે, જે તદ્દન વ્યાજબી છે. રસપ્રદ વાત એ છે કે, ૧૯૮૫માં જ્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના માધવસિંહ સોલંકી ગુજરાત રાજ્યમાં શાસન કરી રહ્યા હતા, ત્યારે તેમણે KHAM વ્યૂહરચના (ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમો)ના આધારે તેમની રાજકીય ચાલની ગણતરી કરીને SEBC આરક્ષણ ૧૦%થી વધારીને ૨૮% કર્યું હતું. મહત્વની વાત એ છે કે, બક્ષી કમિશનના અહેવાલમાં ૧૯૭૫માં રાજ્યની લગભગ ૩૫.૫% વસ્તીને પછાત તરીકે ઓળખવામાં આવી હતી, ૧૯૯૫થી રાજ્યમાં ભાજપનું શાસન હોવાથી સરકારમાં ફેરફારો હોવા છતાં, મુસ્લિમ સમુદાયમાં જાતિ જૂથોના વર્ગોને આપવામાં આવેલ અનામતને છીનવી લેવાની કોઈ માંગ કે પ્રયાસ કરવામાં આવ્યો નથી. નરેન્દ્ર મોદીએ પોતે નોંધપાત્ર ૧૭ વર્ષ સુધી રાજ્ય પર શાસન કર્યું છે માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC) વિરૂદ્ધ તેમના તાજેતરના ઝુંબેશના દાવા પોકળ લાગે છે. બક્ષી સમિતિના અહેવાલ મુજબ અનામતનો લાભ ઉઠાવતા ૧૨-૧૫ મુસ્લિમ ઓબીસી જાતિ જૂથો ગુજરાતમાં છે. અને છેલ્લા ૨૫ વર્ષના ભાજપના શાસનમાં આ મુસ્લિમ જાતિ જૂથોને SEBCની રાજ્ય યાદીમાંથી બાકાત રાખવા માટે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી !

# શું રાહુલ દલિતોની માફી માંગશે ? વેમુલા મૃત્યુ કેસમાં પોલીસે ક્લોઝર ફાઈલ કર્યા પછી માલવિયાનો સવાલ

**તેલંગાણા પોલીસે રોહિત વેમુલા મૃત્યુ કેસમાં ક્લોઝર રિપોર્ટ સબમિટ કર્યો અને તમામ આરોપીઓને ક્લીનચીટ આપી અને કહ્યું કે તેઓ દલિત નથી, આ પછી ભાજપના નેતા અમિત માલવિયાએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું કે તેમણે રાજકીય લાભ માટે આ ઘટનાનું રાજનીતિકરણ કર્યું છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

રોહિત વેમુલા મૃત્યુ કેસમાં તેલંગાણા પોલીસ દ્વારા , કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની અને અન્ય ત્રણને ક્લીન ચીટ આપતા ક્લોઝર રિપોર્ટનો ઉલ્લેખ કરીને ભાજપના નેતા અમિત માલવિયાએ કહ્યું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાજકીય લાભ માટે આ ઘટનાનું રાજનીતિકરણ કર્યું.





તેમણે એવો પણ સવાલ કર્યો હતો કે શું હૈદરાબાદ યુનિવર્સિટીમાં રિસર્ચ સ્કોલરના મૃત્યુ મામલે ક્લોઝર રિપોર્ટ બાદ વાયનાડના સાંસદ દલિતોની માફી માંગશે ? તેમના સત્તાવાર એક્સ હેન્ડલ પર દોરી જઈને, ભાજપના આઈટી સેલના વડાએ લોકસભામાં રોહિત વેમુલા મૃત્યુ કેસ પર કથિત રીતે બોલતા રાહુલની ક્લિપ શેર કરી. ક્લિપમાં રાહુલ આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મૌન' પર સવાલ ઉઠાવતા સાંભળવામાં આવે છે. માલવિયાએ ઠ પર પોસ્ટ કર્યું ''રાહુલ ગાંધીએ તેમના નીચ રાજકારણ માટે રોહિત વેમુલાના મૃત્યુનું રાજનીતિ કરવા માટે ગૃહનો ઉપયોગ કર્યો હતો. હવે જ્યારે કોંગ્રેસની સરકાર હેઠળ તેલંગાણા પોલીસે ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યો છે, જેમાં જણાવ્યું છે કે વેમુલા એસસી સમુદાયના નથી અને આત્મહત્યા કરીને મૃત્યુ પામ્યા છે, શું રાહુલ ગાંધી દલિતોની માફી માંગશે? કોંગ્રેસ અને કહેવાતા 'સેક્યુલર' પક્ષોએ ઘણી વખત દલિતોનો તેમના રાજકારણ માટે ઉપયોગ કર્યો છે પરંતુ તેઓને ન્યાય આપવામાં હંમેશા નિષ્ફળ રહ્યા છે. જેનું આ એક વધુ ઉદાહરણ છે.'' ક્લોઝર રિપોર્ટ પર ધ્યાન આપતાં, ભાજપના પ્રવક્તા અજય આલોકે આરોપ લગાવ્યો કે કોંગ્રેસે વેમુલાના મૃત્યુની આસપાસ ખોટી વાર્તા બનાવી છે. મીડિયા સાથે વાત કરતા, બીજેપી નેતાએ કહ્યું, ''મુદ્દો એ નથી કે તે (રોહિત વેમુલા) દલિત હતા કે નહીં. ભાજપ સરકાર દલિત વિરોધી હોવાનો દાવો કરીને સંસદનું કામકાજ ન થવા દેનારાઓ પર સવાલો ઉઠાવવા જોઈએ. તેઓએ આ મુદ્દાનું રાજનીતિકરણ કર્યું અને તેની આસપાસ ખોટી વાર્તા બનાવી. જો કે, તેલંગાણાના પોલીસ મહાનિર્દેશકે શુક્રવારે જણાવ્યું હતું કે તેઓએ જાન્યુઆરી ૨૦૧૬માં સંશોધન વિદ્વાનના મૃત્યુ અંગે વધુ તપાસ હાથ ધરવાનું નક્કી કર્યું છે. રાજ્ય પોલીસે આ મામલે તેમની તપાસમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કર્યાના દિવસો બાદ આ નિર્ણય આવ્યો છે. હૈદરાબાદ સેન્ટ્રલ યુનિવર્સિટીના પીએચડી સ્કોલર એવા વેમુલા ૧૭ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ હોસ્ટેલના રૂમમાં છતના પંખાથી લટકેલા મળી આવ્યા હતા. યુનિવર્સિટી દ્વારા તેમની સામે કરવામાં આવેલા શિસ્તભંગના પગલાંથી તેઓ કથિત રીતે વ્યથિત હતા.

**ન્યુઝ પોઈન્ટ**

**રેવન્થ રેડ્ડી એ.બી.વી.પી.ના સભ્ય હતા. તેમની વિચારધારા ને કોંગ્રેસના બંધારણનો મેળ કોઈ કાળે થાય નહીં પરંતુ કોંગ્રેસની મજબૂરી કે છેક ઓક્ટોબર ૨૦૧૭માં જોડાયેલ વ્યક્તિને મુખ્યમંત્રી બનાવી દીધો. જો રેવન્થ રેડ્ડીને મુખ્યમંત્રી ન બનાવ્યા હોત તો કદાચ પોતાના ૨૧ એમ.એલ.એ.ને પોતે બી.આર.એસ.માં ખેંચી જાય તો કોંગ્રેસની સરકાર પડી જાય. બીજી બાજુ કોંગ્રેસમાં રહીને કોંગ્રેસને નુકસાન થાય તેવા નિર્ણય લઈ લે અને હાલ ચૂંટણી ચાલે છે ત્યારે ભાજપને ક્લિનચીટ કોંગ્રેસની સરકારી પોલીસ આપે એ તો ભાજપના રાજમાં કદાચ કલ્પનાય ન કરી શકાય. શું રેવન્થ રેડ્ડીને કોંગ્રેસમાં ''પ્લાન્ટ'' કર્યા છે કે કોંગ્રેસની મજબૂરી ?**

# ૨૦ વાર નિષ્ફળ ગયા પછી ૧૦,૦૦૦ રૂપિયાથી ૫૦૦ કરોડ રૂપિયાની કંપની બનાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

ઘણી વખત નિષ્ફળ જવા છતાં, કેટલાંક લોકો પ્રયત્ન કરતા રહે છે અને આખરે સફળ થાય છે. વિકાસ ડી નાહરની વાર્તામાં પણ કંઈક આવી જ છે, જેણે પોતાની કંપની હેપ્પીલોને સફળતાપૂર્વક લોન્ચ કરતા પહેલાં ૨૦ વખત નિષ્ફળતાનો સામનો કરવો પડ્યો. તે હવે ડ્રાય ફ્રૂટ્સ, નટ્સ અને હેલ્થી સ્નેક્સમાં અગ્રણી D2C બ્રાન્ડ છે. નાહર કહે છે કે સ્ટાર્ટઅપ ચલાવવું એ દોડ નથી, પરંતુ મેરેથોન છે.



નાહર પણ માર્ચ ૨૦૨૩ માં લોકપ્રિય રિયાલિટી ટીવી શો શાર્ક ટેક ઈન્ડિયામાં ગેસ્ટ જજ તરીકે જોડાયો હતો. તેનો જન્મ કર્ણાટકમાં એક ખેડૂત પરિવારમાં થયો હતો. તેનો પરિવાર અગાઉ કોફી અને કાળી મરીની ખેતી કરતો હતો. સાહસિકતાના બીજ તેના બાળપણમાં જ વાવવામાં આવ્યા હતા, જ્યારે તેણે તેના પિતા અને ભાઈને ઘડાયેલ જોયા હતા. તેની કંપનીની કિંમત હવે ૫૦૦ કરોડ રૂપિયાની આસપાસ છે. નાહરે સિમ્બાયોસિસ ઈન્ટરનેશનલ યુનિવર્સિટી (૨૦૦૮-૨૦૧૦)માંથી MBA કર્યું છે. અભ્યાસ પૂરો કર્યા પછી, તેણે થોડાં વર્ષો પારિવારિક વ્યવસાયમાં વિતાવ્યા. ત્યારબાદ તેણે ૨૦૧૬માં હેપ્પીલો લોન્ચ કરી. કંપનીની પ્રથમ પ્રોડક્ટ ટ્રેલ મિક્સ ત્વરિત હિટ બની હતી. ૨૦૦૫માં, તેણે બેંગ્લુરૂ યુનિવર્સિટીમાંથી કોમ્પ્યુટર એપ્લિકેશન્સમાં બેચલર ઓફ સાયન્સની ડિગ્રી મેળવી. આ પછી તેણે જૈન ગ્રુપમાં સિનિયર ઈમ્પોર્ટ મેનેજર તરીકે કામ કરવાનું શરૂ કર્યું. ત્યાં થોડો સમય કામ કર્યા પછી, નાહરે સિમ્બાયોસિસ ઈન્ટરનેશનલ યુનિવર્સિટીમાં MBA કરવા માટે રાજીનામું આપ્યું.પછી તે સાત્વિક સ્પેશિયાલિટી ફૂડ્સનો મેનેજિંગ ડિરેક્ટર બન્યો. કંપનીમાં કામ કરતી વખતે તેણે ઘણો અનુભવ મેળવ્યો. વર્ષો દરમિયાન, તેણે લગભગ ૨૦ નવા સાહસો શરૂ કર્યા પરંતુ નિષ્ફળ ગયા. પરંતુ ૨૦૧૬ માં, તેણે પોતાનું સાહસ, હેપ્પીલો શરૂ કર્યું. એક ઈન્ટરવ્યુમાં તેણે ખુલાસો કર્યો કે, તેણે બિઝનેસ શરૂ કરવા માટે માત્ર ૧૦,૦૦૦ રૂપિયાનો ઉપયોગ કર્યો હતો. શરૂઆતમાં વ્યવસાયમાં ફક્ત બે કર્મચારીઓ હતા.

# સુધા મૂર્તિના ભાઈ IIT સ્નાતક, તેજસ્વી વૈજ્ઞાનિક, જેમણે અવકાશમાં મહત્ત્વપૂર્ણ શોધો કરી, તેઓ વૈજ્ઞાનિક ક્ષેત્રે જાણીતું નામ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

સુધા મૂર્તિ ભારતના સૌથી લોકપ્રિય પરોપકારીઓમાંના એક છે અને તેમના પતિ IT જાયન્ટ ઈન્ફોસિસના સ્થાપક છે, જેની માર્કેટ કેપ ૫,૮૫,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ છે. સુધા મૂર્તિ અને તેમના પતિ નારાયણ મૂર્તિ તેમના તીક્ષ્ણ મન, જ્ઞાન અને પ્રેરણાદાયી સફર માટે જાણીતા છે. એવું લાગે છે કે પરિવારમા હંમેશા પ્રતિભા અને કંઈક કરવાની ભાવના રહી છે. જ્યારે સુધા મૂર્તિના બાળકો રોહન મૂર્તિ અને અક્ષતા મૂર્તિએ ઘણી ઊંચાઈઓ હાંસલ કરી છે, ત્યારે તેમના ભાઈ શ્રીનિવાસ કુલકર્ણી પણ વૈજ્ઞાનિક ક્ષેત્રે જાણીતું નામ છે અને તેમને વિશ્વભરની અગ્રણી સંસ્થાઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. IIT સ્નાતક ભારતીય પ્રતિભા સુધા મૂર્તિના ભાઈએ અવકાશમાં કેટલીક મહત્ત્વપૂર્ણ શોધો કરી છે. શ્રીનિવાસ કુલકર્ણીએ અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થી હતા ત્યારે પ્રથમ મિલીસેકન્ડ પલ્સરની શોધ કરી હતી. ૧૯૮૭માં પ્રથમ ગ્લોબ્યુલર ક્લસ્ટર પલ્સરની શોધમાં મુખ્ય સભ્ય તરીકે પણ તેમને શ્રેય આપવામાં આવે છે. આ ઉપરાંત કુલકર્ણીએ ઘણી મહત્ત્વપૂર્ણ ખગોળશાસ્ત્રીય શોધ કરી છે, જેના કારણે તેમને ઘણા પ્રતિષ્ઠિત પુરસ્કારો મળ્યા છે. સુધા મૂર્તિ અને તેમના ભાઈ શ્રીનિવાસ કુલકર્ણી ચાર ભાઈ-બહેનોમાંના છે. તેમના પિતા હુબલીમાં રહેતા સર્જન હતા. તેમનું શાળાકીય શિક્ષણ પૂરૂં કર્યા પછી કુલકર્ણી ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT)માંથી એપ્લાઈડ ફિઝિક્સમાં MS કરવા દિલ્હી આવ્યા. સ્નાતક થયા પછી તેમણે યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલેમાંથી પીએચડી કર્યું. કુલકર્ણી ૨૦૦૯થી ભૌતિકશાસ્ત્રના શિસ્ત માટે ઈન્ફોસિસ પુરસ્કાર માટે જ્યુરીના અધ્યક્ષ છે. આ પુરસ્કાર ઈન્ફોસિસ ફાઉન્ડેશન દ્વારા આપવામાં આવે છે, જેના સ્થાપક કુલકર્ણીના સાળા નારાયણ મૂર્તિ છે.



# એક સમયે IPLના અધ્યક્ષ તરીકે નેતૃત્વ કરનાર ભારતીય અબજોપતિ હવે ૨૦,૨૮૫ કરોડ રૂપિયાની ફાર્મા કંપની ચલાવે છે, તેમની સંપત્તિ ૧૫,૮૫૦ કરોડ રૂપિયા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

ઘણા ભારતીય અબજોપતિઓ સફળતાપૂર્વક તેમના પારિવારિક વ્યવસાયોને આગળ ધપાવી રહ્યા છે. પેઢીની લગામ સંભાળ્યા પછી, તેને ઉચ્ચ સ્તર પર લઈ ગયા છે. આવા જ એક વ્યક્તિ ફાર્મા અબજોપતિ ચિરાયુ અમીન છે. ૭૭ વર્ષીય ચિરાયુ અમીન, એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના અધ્યક્ષ અને સીઈઓ છે, જેની માર્કેટ કેપિટલાઈઝેશન ૩ મે સુધીમાં ૨૦,૨૮૫ કરોડ રૂપિયા છે. આ કંપની ભારતની સૌથી જૂની ફાર્મા કંપનીઓમાંની એક છે અને તેની સ્થાપના અમીનના દાદા દ્વારા ૧૯૦૭માં ટિંકચર અને આલ્કોહોલ બનાવવા માટે કરવામાં આવી હતી. અમીન ૧૯૬૭થી ફાર્મા કંપની સાથે સંકળાયેલા છે. ફોર્બ્સ અનુસાર ૩ મેના રોજ અમીનની વાસ્તવિક સંપત્તિ ૧૫,૮૫૦ કરોડ રૂપિયા છે. ૨૦૧૦માં તેના સ્થાપક લલિત મોદીની બરતરફી પછી અમીન ૧.૬ વર્ષથી વધુ સમય સુધી ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના વડા હતા. તેઓ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના ઉપાધ્યક્ષ પણ હતા. અમીન કન્ઝ્યુમર ગુડ્સના અબજોપતિ હર્ષ મારીવાલાના સાળા છે. અમીન કંપનીના અધ્યક્ષ અને સીઈઓ છે અને તેમના ત્રણ પુત્રો બિઝનેસના જુદા-જુદા ભાગોમાં કામ કરે છે. અમીને સેટન હોલ યુનિવર્સિટી, યુએસએમાંથી MBAની ડિગ્રી મેળવી છે. તેમણે યુનિવર્સિટી ઓફ બરોડામાંથી આર્ટસ/સાયન્સમાં સ્નાતક થયા. સ્થાનિક બજારમાં જેનરિક દવાઓના વેચાણમાંથી એલેમ્બિક તેની વાર્ષિક આવકના ત્રીજા ભાગથી વધુ મેળવે છે જેમાં લોકપ્રિય કફ સિરપ ગ્લાયકોડિનનો સમાવેશ થાય છે.



# એક ડૉક્ટર જેણે કોઈપણ કોચિંગ વગર પ્રથમ પ્રયત્નમાં UPSC પાસ કરી અખિલ ભારતીય ક્રમાંક ૭૪ મેળવ્યો, IAS અધિકારી બની, IAS અધિકારી સાથે લગ્ન કર્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

ચિકિત્સાને ઉમદા વ્યવસાય ગણવામાં આવે છે અને લાખો વિદ્યાર્થીઓ ચિકિત્સક બનવાની ઈચ્છા ધરાવે છે, જો કે કેટલાક એવા લોકો છે જેઓ તેમની સ્થિર અને આદરપૂર્ણ કારકિર્દી છોડીને IAS, IPS અને IFS અધિકારી બને છે. આવી જ એક પ્રેરક સફળતાની વાર્તા IAS સલોની સિડાનાની છે. તે પંજાબના જલાલાબાદની છે અને તેણે ૨૦૧૨માં દિલ્હીની લેડી હાર્ડિન્જ મેડિકલ કોલેજમાંથી MBBS કર્યું અને ડોક્ટર બની. ત્યારપછી તે ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવાની ઈચ્છા ધરાવતી હતી. જો કે, તેના પિતાએ તેને UPSC પસંદ કરવાની સલાહ આપ્યા પછી તેણે ભારતમાં જ રહેવાનું નક્કી કર્યું. ત્યારબાદ તેણે અખિલ ભારતીય ક્રમાંક ૭૪ સાથે પ્રથમ પ્રયત્નમાં UPSC પરીક્ષા પાસ કરી. તેણે IAS આશિષ વશિષ્ઠ સાથે લગ્ન કર્યા હોવાથી તે ચર્ચામાં પણ હતી. હાલમાં, સલોની મધ્યપ્રદેશના મંડલાના જિલ્લા કલેક્ટર તરીકે પોસ્ટેડ છે.



## ગુજરાત ટુડે

# વોટ આપો....અને....

## યાદ છે ને ? ગુજરાતમાં મતદાનની તારીખ ૭-૫-૨૦૨૪ છે

## નફરત હટાવો-એકતા બચાવો; બંધારણ તેમજ લોકશાહી બચાવો

આગામી લોકસભાની ચૂંટણી માત્ર દેશના ભાવિ જ નહીં પરંતુ બંધારણ-લોકશાહીને બચાવવા માટે પણ અત્યંત નિર્ણાયક સાબિત થવાની છે. જે પ્રકારની પરિસ્થિતિઓ દેશમાં આકાર પામી રહી છે તેનો મુકાબલો 'મત-શક્તિ' દ્વારા જ કરી શકાય છે. હવે માત્ર પૂરેપુરા મતદાનથી જ કામ નહીં ચાલે પરંતુ 'જાગૃતિ પૂર્વકનું પૂરેપુરૂં' મતદાન કરવું અત્યંત આવશ્યક છે. તમારો એક પણ મત વેડફાઈ ન જાય એનું ધ્યાન રાખવું જ પડશે. ખોટી દિશામાં પડેલો તમારો 'એક' મત સાચી દિશામાં પડેલા 'બે' મતને તો બગાડશે જ સાથોસાથ શક્ય છે કે, તમારૂં, તમારા વિસ્તારનું અને દેશનું ભાવિ પણ બગાડશે. માટે જ ખૂબ શાંતિપૂર્વક વિચારવિમર્શ કર્યા બાદ બંધારણના હિતમાં હોય-રાષ્ટ્રના હિતમાં હોય એ પ્રકારે મતદાન કરવું એ રાષ્ટ્રની બહુ મોટી સેવા ગણાશે... અત્રે ભૂતકાળના કેટલાક બનાવોની ઝલક પ્રસિદ્ધ કરી રહ્યા છીએ કે, જેના પર નજર નાખીને આપણને સૌ ભારતીયોને યોગ્ય નિર્ણય લેવામાં માર્ગદર્શન મળી રહેશે

### મુસ્લિમ વિદ્યાર્થીને અન્ય સહાધ્યાયીઓના હાથે તમાચા મરાવનાર

# યુપીની શિક્ષિકા ત્યાગીની નફ્ફટાઈ : 'મને શરમ નથી; તેમની સાથે અમે આ રીતે જ વર્તીએ છીએ

(એજન્સી) તા.૨૭

મુઝફ્ફરનગરના સ્કૂલ ટીચર તૃપ્તા ત્યાગી સામે પોલીસે ફરિયાદ દાખલ કરી લીધી છે. આ ફરિયાદ મુસ્લિમ છોકરાને ક્લાસના અન્ય છોકરાઓથી થપ્પડ ખવડાવવા અને મુસ્લિમો વિરૂદ્ધ ઝેરી ટિપ્પણી કરવા બદલ નોંધવામાં આવી છે.

જોકે આ ઘટના જ્યારે વાયરલ થઈ તો આ મહિલા શિક્ષક દબાણ હેઠળ આવી ગઈ હતી. જોકે તેણે ભારે નફ્ફટાઈ સાથે કહ્યું હતું કે આ ઘટના માટે હું શરમ અનુભવતી નથી. જાણીતા મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે હું સમાજના લોકોની સેવા કરૂં છું એક શિક્ષક તરીકે અને બાળકોને કાબૂમાં રાખવા માટે આ જરૂરી હોય છે. કાયદા બનાવાયા છે પરંતુ બાળકોને કાબૂમાં લેવા માટે આ બધુ જરૂરી હોય છે. અમે આ જ રીતે ટેકલ કરીએ છીએ.



(તા.૨૮-૮-૨૦૨૩) (ગુજરાત ટુડે પાના નંબર-૧)

# નૂહ : વિહિપની શોભાયાત્રાને પડકારવા લાખો ટ્રેક્ટર સાથે માર્ગો પર ઊતરીશું, ૩૬ ખેડૂત સંગઠનોની ચેતવણી

**જો મેવાતમાં જમણેરી પાંખના સંગઠનો દ્વારા બ્રજમંડળ યાત્રા યોજવામાં આવશે અને હરિયાણા સરકાર દ્વારા તેની પરવાનગી આપવામાં આવશે તો રસ્તાઓ પર દેખાવ કરવામાં આવશે, ખેડૂતોની મહાપંચાયત દ્વારા જાહેરાત કરાઈ**

(એજન્સી) તા. ૨૭

હરિયાણા, પંજાબ, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનના ખેડૂતો તથા અન્ય સમુદાયના લોકોએ જાહેરાત કરી દીધી હતી કે જો હરિયાણા સરકાર દ્વારા વિશ્વ હિન્દુ પરિષદ(વિહિપ)ને બ્રજમંડળ યાત્રા (શોભાયાત્રા) યોજવાની પરવાનગી આપવામાં આવશે તો લાખો ટ્રેક્ટર સાથે રેલીનું આયોજન કરવામાં આવશે અને રસ્તાઓ પર ઉતરવામાં આવશે.

આશરે ૩૬ જેટલા સંગઠનો અને સમુદાયના પ્રતિનિધિઓએ ૨૬ ઓગસ્ટના રોજ અલવર, રાજસ્થાનમાં એક મહાપંચાયતનું આયોજન કર્યું હતું. જેમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.



(તા.૨૮-૮-૨૦૨૩) (ગુજરાત ટુડે પાના નંબર-૧)

# ગાઝિયાબાદ કનડગત કેસ : પ્રેસ સંગઠનોએ પત્રકારોને પરેશાન કરવાની નિંદા કરી, એફઆઈઆર પરત ખેંચવાની માગ કરી

**'પસંદગીયુક્ત કાયદા અમલીકરણ' : પત્રકારોને રક્ષણ આપવાની માગ કરી ધ વાયર, અન્યો સામેના કેસો તાત્કાલિક રદ કરવા ઉત્તરપ્રદેશ પોલીસ સમક્ષ જર્નાલિસ્ટ સંગઠનોની રજૂઆત ● આ પ્રકારની કાર્યવાહી પ્રેસની આઝાદી પર ગંભીર હુમલા સમાન : ભારત સહિત વિદેશના જર્નાલિસ્ટ સંગઠનોનો એક સૂર**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૭

ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદ જિલ્લામાં મુસ્લિમ વૃદ્ધની દાઢી કાપી તેમને દબાણપૂર્વક જય શ્રી રામ અને વંદે માતરમ સૂત્ર પોકારવાની ફરજ પાડતી ઘટના સાર્વજનિક કરવા બદલ બુધવારે પોલીસે પત્રકારો અને ધ વાયર સામે કેસ દાખલ કરતાં વિવિધ પત્રકાર સંગઠનોએ આ કેસો પરત ખેંચવાની માગણી કરી હતી. તંત્રએ દાવો કર્યો હતો કે, ધ વાયર, પત્રકારો રાણા ઐયુબ, મુહમ્મદ ઝૂબેર સહિતના લોકોએ આ ઘટનાની યોગ્ય તપાસ કર્યા વિના તેને કોમવાદી રંગ આપવાનો પ્રયાસ કર્યો હતો.

(તા.૧૮-૬-૨૦૨૧) (ગુજરાત ટુડે પાના નંબર-૧)

# દિલ્હીમાં ગણપતિ સ્ટોલ પરથી 'પ્રસાદ ખાવા' બદલ મુસ્લિમ યુવકને માર મારવામાં આવતા તેનું મૃત્યુ : ટોળાએ 'ચોર' સમજીને તેને થાંભલા સાથે બાંધીને માર માર્યો

**પોલીસના જણાવ્યાનુસાર મંગળવારે રાતે ૧૦:૪૬ વાગ્યાની આજુબાજુ કોલ આવ્યો હતો જેમાં અબ્દુલ વાજીદ નામનો ફ્રૂટનો ધંધો કરતો વ્યક્તિ કહી રહ્યો હતો કે જ્યારે તે ૬:૩૦ વાગ્યે સાંજે ઘરે પહોંચ્યો તો તેણે તેના ઈસાર અહેમદ નામના દીકરાને ઘરની બહાર મૃત અવસ્થામાં પડેલો જોયો હતો**



(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

ઉત્તર-પૂર્વ દિલ્હીમાં એક અસ્થાયી પૂજા સ્ટોલમાંથી કથિત રીતે પ્રસાદ ખાવા માટે મંગળવારે ટોળા દ્વારા માર મારવામાં આવતા એક મુસ્લિમ વ્યક્તિનું મૃત્યુ થયું હતું. રાજધાનીની પોલીસે આ ઘટના સાંપ્રદાયિક છે કે કેમ તેની પુષ્ટિ કરી નથી અને કહ્યું છે કે, ૨૬ વર્ષીય ઈસાર અહેમદ ચોર હોવાની શંકા છે. તેને માર મારવાના વાયરલ વીડિયોમાં અહેમદને થાંભલા સાથે બાંધવામાં આવ્યો હતો અને હિન્દુ જૂથે બેરહેમીથી તેને માર માર્યો હતો, પર મારામારી કરી હતી. આ ઘટના મંગળવારે સવારે પાંચ વાગ્યાની આસપાસ બની હતી. તેને પુષ્કળ પ્રમાણમાં લોહી વહી રહ્યું હતું, અહેમદને તેનો પાડોશી આમિર રિક્ષામાં ઘરે લઈ આવ્યો હતો.

(તા.૨૮-૯-૨૦૨૩) (ગુજરાત ટુડે પાના નંબર-૨)

### આણંદના અડાસ ગામમાં આવેલ ગોહિલ નગરના પાટિયા નજીક

# ટ્રકને ઓવરટેક કરવાની લ્હાયમાં બ્રેઝા ગાડી ઝાડ સાથે અથડાતાં બેનાં મોત, ત્રણને ઈજા

## અમદાવાદના યુવાનો મુંબઈ ફરવા જવા નીકળ્યા હતા ત્યારે વડોદરા તરફ ને.હા. ૪૮ પર નડેલો અકસ્માત

આણંદ, તા.૪

આણંદ તાલુકાના અડાસ ગામમાં આવેલ ગોહીલ નગરના પાટીયા નજીક અમદાવાદથી વડોદરા તરફ જવાના નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર ટ્રકની ઓવરટેક કરવાની લ્હાયમાં બ્રેઝા ગાડી ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવી દેતાં ગાડી રોડની બાજુમાં આવેલા ઝાડ સાથે ધડાકાભેર અથડાતાં બે જણના ઘટનાસ્થળે મોત નીપજ્યાં હતાં. જ્યારે ત્રણ જણને ઈજાઓ પહોંચતા તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હોવાનું વાસદ પોલીસ મથકેથી જણવા મળેલ છે. વાસદ પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ અમદાવાદ શહેરમાં આવેલા જુહાપુરા અલસાદાબ પાર્ક રાજેશ મોલની સામે રહેતો અને ફરિયાદી આસીફ ખાન નાસીરખાન પઠાણ ઉંમર વર્ષ ૨૨ બાળકોના કપડાંની દુકાનમાં નોકરી કરે છે. ફરિયાદી આસીફ ખાન પઠાણના મિત્રો મુસ્તુફા ઉર્ફે શાહઝખાન પઠાણ, જૈનુલ ઝહીરભાઈ દિવાન, ફુઝેલખાન રસીદ ખાન પઠાણ, ચિરાગભાઈ પટેલ, અમન શેખ તથા તમીમ ખાન પઠાણ ભેગા થઈને મુંબઈ ફરવા જવાનું નક્કી કર્યું હતું. બાદમાં તારીખ ૨/૫/૨૦૨૪ના રાત્રિના પોણા બાર વાગ્યાના સમયે મિત્ર મુસ્તુફા ઉર્ફે શાહબાઝખાન પઠાણ (રહે, શાહપુર અમદાવાદ)ના સંબંધીની બ્રેઝા ગાડી નંબર જી.જે.૦૧ એચ.એક્સ.૫૯૯૩માં ફરિયાદી આસીફ ખાન પઠાણ, જૈનુલ ઝહીરભાઈ દીવાન, ફુઝેલખાન રસીદ ખાન પઠાણ, ચિરાગ પટેલ, અમન રસીદભાઈ શેખ તથા તમીમ ખાન પઠાણ ગાડીમાં સવાર થઈને અમદાવાદથી મુંબઈ ફરવા માટે નીકળ્યા હતાં. બ્રેઝા ગાડી મુસ્તુફા ઉર્ફે શાહબાઝખાન પઠાણ ચલાવતો હતો. તેઓ રાત્રિના પોણા ત્રણ વાગ્યાના સમયે આણંદથી વડોદરા તરફ જવાના નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર અડાસ ગોહીલ નગર પાટીયા નજીકથી પસાર થતા હતાં. તે સમયે મુસ્તુફા ઉર્ફે શાહબાઝ ખાન પઠાણે બ્રેઝા ગાડી પુરઝડપે હંકારી આગળ જતી ટ્રકની ઓવરટેક કરવા જતાં અચાનક સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતાં બ્રેઝા ગાડી રોડની બાજુમાં આવેલા ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતમાં ચિરાગ પટેલ અને અમન શેખને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા બંનેના મોત નીપજયાં હતાં. જયારે ફરિયાદી આસીફખાન પઠાણ, જૈનુલ ઝહીરભાઈ દિવાન તથા ફુઝેલખાન રસીદ ખાન પઠાણને શરીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાને લઈને આજુબાજુમાંથી પસાર થતાં વાહન ચાલકો ઊભાં રહ્યાં હતાં અને તેઓએ વાસદ પોલીસ મથકે જાણ કરતાં વાસદ પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ અંગે આસીફખાન નાસીર ખાન પઠાણે વાસદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે મુસ્તુફા ઉર્ફે શાહબાદખાન પઠાણ વિરૂદ્ધ અકસ્માત મોતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### મતદાન પૂરૂં થવાના ૪૮ કલાક પહેલાથી

# મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી રાજકીય પ્રકારના SMS મોકલવા પર પ્રતિબંધ

અંકલેશ્વર, તા.૪

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪નો કાર્યક્રમ અન્વયે જિલ્લામાં મતદાનની તારીખ ૦૭/૦૫/૨૦૨૪ તેમજ મત ગણતરી તારીખ ૦૪/૦૬/૨૦૨૪ના રોજ નક્કી કરવામાં આવેલ છે અને તારીખ ૧૬/૩/૨૦૨૪થી આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયેલ છે. ચૂંટણીની સમગ્ર કાર્યવાહી દરમ્યાન કાયદો આચાહસંહિતા અને ચૂંટણી પંચ નવી દીલ્હીની સૂચનાઓનો ભંગ કરતાં શોર્ટ મેસેજ SMS પ્રસારીત થતા અટકાવવા મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલાથી મતદાન પુરૂં થાય તે સમય દરમ્યાન રાજકીય પ્રકારના SMS મોકલવા ઉપર પ્રતિબંધ મુકવા અંગે ભારતીય ચૂંટણી પંચના આદેશ છે. તુષાર ડી. સુમેરા IA.S., જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ

#### ચૂંટણી પંચે બહાર પાડ્યું જાહેરનામું

૧૪૪ હેઠળ મળેલ સત્તાની રૂએ સમગ્ર ભરૂચ જિલ્લાના મહેસુલી વિસ્તારમાં કોઈપણ રાજકીય પક્ષ, ઉમેદવાર, તેના ચૂંટણી એજન્ટ, કાર્યકરો કે સમર્થકોએ કે અન્ય કોઈ વ્યક્તિએ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના મતદાન દિવસ તા.૭/૦૫/૨૦૨૪ના રોજ મતદાન પુરૂં થવાના ૪૮ કલાક પહેલાથી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી રાજકીય પ્રકારના તમામ (SMS) મોકલવા ઉપર આથી પ્રતિબંધ ફરમાવ્યો હતો. આ હુકમનું ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ તેમજ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાત્મક પોલીસ કાર્યવાહી કરવાને પાત્ર ઠરશે. તેમ જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા મળેલી એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

# વેકેશન માણવા સયાજીબાગમાં પહોંચેલા સહેલાણીઓ વીજળી ગુલ થતાં પરેશાન

## જનરેટર સેટ સાથે વૈકલ્પિક વીજળી મળી રહે તેવી માગણી કરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૪

વેકેશન માણવા સયાજીબાગમા પહોંચેલા સહેલાણીઓ વીજળી ગુલને કારણે ગરમીમાં હેરાન પરેશાન થઈ ગયા હતા આ સાથે સહેલાણીઓ દ્વારા જનરેટર સેટ સાથે વૈકલ્પિક વીજળી મળી રહે તેવી માંગણી કરવામાં આવી હતી. શુક્રવારે શહેર તથા શહેરમાં રહેતા તથા તેમના સગાંઓ જેઓ શહેર બહારથી અહીં વેકેશનમાં આવેલા છે તેઓ સૌ પોતાના પરિવાર સાથે શહેરના સયાજીબાગ (કમાટીબાગ) ખાતે પહોંચ્યા હતા પરંતુ સાંજે બગીચામાં આનંદ માણવા પહોંચેલા સહેલાણીઓનો આનંદ એક બાજુ રહી ગયો હતો કારણ કે જેમ જેમ અંધકાર થઈ રહ્યો હતો તેવામાં સાંજે સાત વાગ્યાથી આઠ વાગ્યા સુધીવિજળી ગુલ થઇ ગઇ હતી અને બીજી તરફ માણસ એકબીજાને જોઇ ન શકે તેટલું અંધારૂં છવાઇ ગયું હતું જેથી સહેલાણીઓ પરેશાન થયા હતા ખાસ કરીને યુવતીઓ તથા મહિલાઓમાં ભયનું વાતાવરણ જોવા મળ્યું હતું કારણ કે, અંધકારનો લાભ ઉઠાવી છેડતી, પાકીટ તથા સોનાના દાગીના સહિત અન્ય સામાનની ચોરીની શક્યતાઓ રહી હતી જેથી સહેલાણીઓ દ્વારા સયાજીબાગમા ફરજ બજાવતા કર્મીઓ, સુરક્ષા કર્મીઓને લાઇટ જવાનું કારણ તથા ઈમરજન્સી લાઇટ શરૂ કરવા બાબતે પ્રશ્નો પૂછતાં તેઓને ફરજ બજાવતા કર્મચારીઓ દ્વારા કોઇ પણ પ્રકારના જવાબ આપવામાં આવ્યા ન હતા. જેથી પરિવાર સાથે આવેલ મહિલાઓ, યુવતીઓ મોબાઇલ ટોર્ચના અજવાળે સયાજીબાગ થી બહાર નિકળવાનુ મુનાસીબ સમજ્યું હતું. એક તરફ કાળઝાળ ગરમીના કારણે શહેરમાં વિજમાંગ વધી છે જ્યારે ઘણાં વિસ્તારોમાં વીજળીના વીજ પોલ પર ધડાકા, ફોલ્ટથી કલાકો વિજળી ગુલ થતાં લોકો પરેશાન થઇ રહ્યાં છે ત્યારે સયાજીબાગમા પણે વીજળી ગુલ થતાં લોકો પરેશાન થયા હતા. સયાજીબાગ પ્રશાસન તથા પાલિકા તંત્ર દ્વારા અહીં ઈમરજન્સી માટે જનરેટર ડી.જી.સેટ થકી વીજળી શરૂ કરવી જોઈતી હતી જેથી કોઇ અનિચ્છનીય બનાવો ન બને.

### વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખના

# ફિઝિયોથેરાપીસ્ટ તો ડોક્ટર જ નથી તેવા નિવેદનથી ડોક્ટરોમાં રોષ, માફીની માંગ

## ફિઝિયોથેરાપીસ્ટ ડોક્ટરોએ કલેક્ટરને રજૂઆત કરી : સંગઠનના ડોક્ટરો દ્વારા બેનરો સાથે દેખાવો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા. ૪

વડોદરા લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર ડોક્ટર છે જ નથી એવી ટિપ્પણી કરીને આચારસંહિતા ભંગની કાર્યવાહી કરવા અંગે વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશી દ્વારા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. આ મામલે ફિઝિયોથેરાપીસ્ટ ડોક્ટરોની લાગણી દુભાઈ હોવાથી કોંગ્રેસ પ્રમુખને માફી માગવા અને ન્યાય માટે અલકાપુરી ચકલી સર્કલ નજીક ફિઝિયોથેરાપી સંગઠનના અનેક ડોક્ટરો દ્વારા બેનર સાથે દેખાવો કર્યા હતો. આ ઉપરાંત તેમણે કલેક્ટરને આવેદન આપી રજૂઆત કરી હતી. વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશીએ શુક્રવારે (ત્રીજી મે) વડોદરાબેઠક પરના ભાજપના ઉમેદવાર ડોક્ટરના પ્રચાર પ્રસાર દરમિયાન મતદારોને પોતે ડોક્ટર છે એવી જાહેરાત કરી છે અને મતદારોને ગેરમાર્ગે દોરીને સહાનુભૂતિ કરવાનો ભાજપ દ્વારા પ્રયાસ થઈ રહ્યો હોવાના આક્ષેપ સાથેનું આવેદનપત્ર કલેકટરને સોંપ્યું હતું. જેમાં જણાવ્યું છે કે, ભાજપના ઉમેદવાર ડોક્ટર છે જ નહીં અને ફિઝિયોથેરાપીસ્ટ છે, જો કે, ફિઝિયોથેરાપીસ્ટ ડોક્ટર નથી એવા કોંગ્રેસ પ્રમુખના આવેદનથી ફિઝિયોથેરાપીસ્ટ સંગઠનમાં રોષ જોવા મળ્યો હતો. ઋત્વિક જોશીએ ફિઝિયોથેરાપીસ્ટ પોતે નામ આગળ ડોક્ટર લગાવી શકે નહીં એવી રજૂઆત કરી હતી. પરિણામે વડોદરાના ફિઝિયોથેરાપી સંગઠનના ફિઝિયોથેરાપીસ્ટ ડોક્ટરો અલકાપુરી ચકલી સર્કલ પાસે બેનરો સાથે એકત્ર થઈને દેખાવો કર્યા હતા. ફિઝિયોથેરાપી ડોક્ટરોનું કહેવું છે કે, ગુજરાત ફિઝિયોથેરાપી કાઉન્સિલ દ્વારા આપવામાં આવતા આઈકાર્ડમાં જ જો ડોક્ટર લખીને આવતું હોય તો ફિઝિયોથેરાપી પોતે નામની આગળ ડોક્ટર કેમ લખી ન શકે એ બાબતે પ્રશ્ન કર્યો હતો. કોંગ્રેસ પ્રમુખના આ અંગે નિવેદન બાબતે તમામ ફિઝિયોથેરાપિસ્ટોની લાગણી દુભાઈ છે અને આ અંગે કોંગ્રેસ પ્રમુખ માફી માંગે એવી માંગ કરવામાં આવી છે. ફિઝિયોથેરાપીસ્ટ ડે આઠમી સપ્ટેમ્બરે આવેછે. આ બાબતે વડાપ્રધાન મોદીએ પણ સમર્થન આપ્યુંછે. ફિઝિયોથેરાપી સંગઠનના એકત્ર ડોક્ટરોએ આ અંગે કલેક્ટરને રજૂઆત કરી છે.

### ૨૪ વર્ષ સુધી માતૃભૂમિનું ઋણ ચૂકવ્યા બાદ

# વતન વલણ ગામે આવેલ નિવૃત્ત જવાન શરીફ સિંધીનું ભવ્ય સ્વાગત



પાલેજ, તા.૪

૨૪ વર્ષ સુધી માતૃભૂમિનું ઋણ ચૂકવ્યા બાદ વીર જવાન શરીફ સિંધી વય નિવૃત્ત થયા વતન વલણ ગામે આવતા ગ્રામજનો દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. વડોદરા જિલ્લાના કરજણ તાલુકાના વલણ ગામના વતની શરીફ ભાઈ યાકુબ ભાઈ સિંધી છેલ્લા ૨૪ વર્ષ થી આર્મી જવાન તરીકે દેશના જુદા-જુદા રાજયોમાં દેશની સેવા કરી નિવૃત થયાં હતાં. તેઓ વલણ ખાતે શિક્ષણ પ્રાપ્ત કરી આર્મીમાં જોડાયા હતાં. શુક્રવારના રોજ તેઓ ટ્રેન મારફતે વતન પાછા ફરતાં પાલેજ રેલવે સ્ટેશને ટ્રેનમાંથી ઉતરતા જ તેમનાં સગા સ્નેહીઓ ગ્રામજનો યુવાનો દ્વારા ઢોલ નગારા સાથે ઉતરી આવી ફુલહાર પહેરાવી ભવ્ય સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું. તેઓ અહીં પાલેજ રેલવે સ્ટેશને ઉતરી ત્રણ કિલોમીટર દૂર પોતાના માદરે વતનના ગામ વલણ જવા રવાના થયા હતાં. તેઓ વલણ હાઈસ્કૂલ ખાતે શિક્ષણ પ્રાપ્ત કરી આર્મીમાં જોડાયા હતાં. શુક્રવારે સમી સાંજે તેઓના ભવ્ય સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નિવૃત થયેલા શરીફ ભાઈએ કરજણ તાલુકાના યુવાનોને શિક્ષણમાં ઉચ્ચ અભ્યાસ કરી દેશની રક્ષા કાજે આર્મીમાં જોડાવા શુભેચ્છાઓ પાઠવી હતી.

# આણંદમાં હજયાત્રીઓ માટે હજ તરબીયત કેમ્પ યોજાયો

(સંવાદદાતા દ્વારા)



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

આણંદ, તા.૪

આણંદ ખેડા જિલ્લામાંથી ચાલુ વર્ષેહજયાત્રાએજનારા હજયાત્રીઓ હજના અરકાનો સમજીને સારી રીતે હજના અરકાન અદા કરી શકે અને હજયાત્રીઓને હજયાત્રા દરમિયાન ધ્યાનમાં રાખવાની મહત્ત્વની બાબતો અંગે માર્ગદર્શન મળે તે માટે ખ્વાજા ગરીબ નવાઝ સુન્ની બયતુલમાલ કમીટી આણંદનાં ઉપક્રમે હજ તરબીયત કેમ્પ એવન હોલ ખાતે યોજાઈ ગયો. આણંદ શહેરમાં સો ફુટ રોડ પર એ-વન હોલ ખાતે સવારે હજ તરબીયત કેમ્પનો પ્રારંભ કારી શબ્બીરશાહ ઉર્ફે કારીબાપુએ તિલાવતે કુર્આનથી કર્યા બાદ ખ્વાજા ગરીબ નવાઝ સુન્ની બયતુલમાલ કમીટી આણંદનાં પ્રમુખ હાજી એમ.યુ મિરઝા (નિવૃત્ત ડીવાયએસપી) અને સેક્રેટરી હાજી રીયાઝુદ્દીન કાદરી (નિવૃત્ત ઈન્કમટેક્ષ અધિકારી)એ ખ્વાજા ગરીબ નવાઝ સુન્ની બયતુલમાલ કમિટી આણંદનો પ્રવૃત્તિ અને વિકાસનો અહેવાલ રજૂ કર્યો હતો તેમજ ભવિષ્યમાં સમાજનાં વિકાસ માટેની કામગીરી અંગે પણ વિગતો આપી હતી. હજનાં નિષ્ણાત અને અનુભવીઓ અલ્હાજ પીરે તરીકત અબ્દુલકાદીર સૈયદ નાપાવાળા અને સૈયદ અદનાનએ હજયાત્રીઓને હજના અરકાન અંગે થીયરીકલ અને પ્રેક્ટીકલ તાલીમ આપવામાં આવી હતી તેમજ એરપોર્ટથી લઈને હજના અરકાન અદા કરી પરત આવતા સુધી શુ ધ્યાનમાં રાખવું, સાઉદી સરકારનાં નિયમો અને હજયાત્રીઓએ શું ધ્યાનમાં રાખવું, અહેરામ કેવી રીતે પહેરવું તેમજ હજયાત્રા દરમિયાન મહત્ત્વની બાબતો તેમજ જીયારતનાં સ્થળો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી તેમજ હજયાત્રીઓને મુંઝવતા પ્રશ્નો અંગે પણ વિસ્તૃત સમજ આપવામાં આવી હતી તેમજ મહિલા હજ યાત્રીઓને હજ નિષ્ણાત હજીયાણી ડૉ.નાઝેમાં મિરઝા, હજીયાણી આયેશા મિરઝા અને ફરીદાબેન મિરઝા, હજીયાણી શબનમ સૈયદએ થીયરીકલ અને પ્રેક્ટીકલ રીતે હજના અરકાન અદા કરવા માટેની તાલીમ આપી હતી તેમજ પ્રોજેક્ટ દ્વારા તેઓને હજનાં અરકાન અદા કરવા સમજ આપી હતી. આ પ્રસંગે પીરે તરીકત શબ્બીરશાહ ઉર્ફે કારીબાપુ, પીરે તરીકત સૈયદ ગુલામરસુલ ઉર્ફે જલાલીબાપુ કારંટાવાળા, મૌલાના હનીફ મિસ્બાહી, મુફતી અબ્દુલ મુબીન, મૌલાના જાવેદ, મૌલાના અસ્ફાકએ ઉપસ્થિત રહી હજયાત્રીઓની સફર આસાન બને તે માટે દુવાઓ કરી હતી, સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે હાજી મુનીરઅલી સૈયદ, સખીબાવા, ઈદ્રીસભાઈ ઢુણાદરાવાળા, સીરાજભાઈ બાકરોલ, સીરાજભાઈ માસ્તર, એમ.એ ચૌહાણ, વસીમ સૈયદ, ઐયુબખાન પઠાણ, યાવર ઠાકોર, સલીમભાઈ કે.જી.એન, સોએબ મલીક, આદીલ સૈયદએ જહેમત ઉઠાવી હતી. ટ્રસ્ટના ટ્રસ્ટીઓ હાજી મોંહમદશા દિવાન, ઈનાયત સૈયદ, અયાઝ શેખ, અબ્દુલરહીમ સૈયદ, અમરૂલ્લા પઠાણ, બાબુભાઈ ડીસવાળાએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ઓરસંગ નદીમાં પશુ ચરાવવા ગયેલા આધેડ પર મગરે કરેલ હુમલો

## પત્નીએ લાકડીના ફટકા મારતા મગર આધેડને છોડીને જતો રહ્યો, ડાબા પગે ગંભીર ઈજા



ડભોઈ, તા.૪

ડભોઇના ચાંદોદ પાસેના જુના માંડવા ગામે ઓરસંગ નદીમાં પશુ ચરાવવા ગયેલા આધેડ ઉપર મગરે હુમલો કરતા બચાવમાં પત્નીએ હાથમાં રહેલી લાકડીના ફટકા મગરને મારતા મગર આધેડને છોડી જતો રહ્યો હતો. મગરે આધેડનો ડાબો પગ ગંભીર રીતે કરડી ખાધો હોય પ્રથમ ડભોઇ રેફરલ હોસ્પિટલ અને જયાંથી વધુ સારવાર અર્થે એસએસજી હોસ્પિટલ વડોદરા ખસેડાયા છે. છેલ્લા દસ દિવસમાં યાત્રાધામ ચાંદોદ નજીકના ઓરસંગ નદીના કિનારા ખાતે મગરે માનવી ઉપર હુમલો કર્યાની બીજી ઘટના બનતા વિસ્તારમાં ભય સાથે અરેરાટી વ્યાપી ગઈ છે. શુક્રવારની ઢળતી સાંજે યાત્રાધામ ચાંદોદ પાસેના જુના માંડવાના પશુપાલક ૫૫ વર્ષીય ભગવાનસિંહ બળવંતસિંહ અંબાલીયા તેમના પત્ની મીનાબેન બેન સાથે ઓરસંગ નદીના કાંઠે પશુ ચરાવવા ગયા હતા દરમિયાન પશુઓને પાણી પીવડાવવા નદીકાંઠે પહોંચ્યા ત્યારે ચાલાક મગર એકાએક કિનારે આવી ચડ્યો હતો અને ભગવાન સિંહ અંબાલીયાનો ડાબો પગ મોમાં પકડી ખેંચવા લાગ્યો હતો ત્યારે હાજર પત્નીએ બચાવ માટે બૂમાબૂમ કરી હાથમાં રહેલી લાકડીના ઉપરા છાપરી ફટકા મગરને મારતા મગર પગ છોડી પાણીમાં ચાલ્યો ગયો હતો પરંતુ મગરે પોતાના જડબામાં આધેડનો પગ ખૂબ મજબૂતીથી પકડ્યો હોવાથી પગમાં ખૂબ ગંભીર ઈજાઓ પહોંચી હોય ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની મદદથી ભગવાનસિંહ અંબાલીયાને ડભોઇ રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. પ્રાથમિક સારવાર બાદ તેઓને વધુ સારવાર અર્થે વડોદરા એસએસજી હોસ્પિટલ રિફર કરવામાં આવ્યા હતાં.

# પાણપુર પાટિયા પાસે સ્ક્રેપના ગોડાઉનમાં લાગેલી ભીષણ આગ



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના પાણપુરમાં સ્ક્રેપ ગોડાઉનમાં ગત રાત્રીના સમયે અચાનક આગ લાગી હતી. હિંમતનગર નગરપાલિકાના ફાયર વિભાગે દોઢ કલાક પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. આ અંગેની વિગત એવી છે કે, હિંમતનગરના પાણપુર પાટીયા પાસે પોલીસ ચોકીની સામે મોતીમહલ હોટલની પાછળ આવેલ અલી સ્ક્રેપ ટ્રેડર્સના ગોડાઉનમાં શનિવારે રાત્રીના સમયે અચાનક આગ લાગી હતી જેને લઈને આગના ગોટે ગોટા દુર સુધી જોવા મળ્યા હતા. આગનું વિકરાળ સ્વરૂપને લઈને આજુબાજુના લોકોના ટોળે ટોળા થઇ ગયા હતા. જેને લઈને સાજીદઅલી પઠાણના સ્ક્રેપ ગોડાઉનમાં આગ લાગવાને લઈને હિંમતનગર ફાયર નગરપાલિકામાં જાણ કરતા ફાયર વિભાગની બે ફાયર સાથેની ટીમ સ્થળ પર દોડી આવી હતી. દોઢ કલાક સુધી ૧૨ હજાર લીટરનો મારો ચલાવી આગ બુઝાવી હતી.

# ૨.૨૬ લાખના મુદ્દામાલ સાથે ૧૪ જુગારી ઝડપાયા

# કાપોદ્રામાં વાસ્તુશાસ્ત્રના પ્રમોશનની આડમાં ધમધમતું ઓનલાઈન જુગારધામ ઝડપાયું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૪

સમગ્ર ગુજરાતમાં ટીવી સ્કેનર મશીન મારફતે ઓનલાઈન વાસ્તુશાસ્ત્રના પ્રમોશનની આડમાં ધમધમતા મોટા જુગાર ધામને કાપોદ્રા પોલીસે ઝડપી પાડ્યો છે. કાપોદ્રા પોલીસે ઓનલાઈન જુગારધામને ઝડપી પાડી કુલ ૧૪ જુગારીઓની ધરપકડ કરી તેઓની પાસેથી રૂા.૨.૨૬ લાખનો મુદ્દામાલ જ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર ગુજરાતમાં વાસ્તુશાસ્ત્રના પ્રમોશનની આડમાં ધમધમતા જુગારધામમાં કાપોદ્રા પોલીસ મથકમાં ફરજ બજાવતા પીએસઆઈ એ.એલ.પંડ્યા અને ટીમને બાતમી મળી હતી કે કાપોદ્રા વિસ્તારમાં વાસ્તુયંત્ર તથા સ્ત્રી યંત્ર સહિતના યંત્રના વાસ્તુશાસ્ત્રના પ્રમોશનની વાતો કરી ઓનલાઈન જુગાર રમાડે છે. આ હકીકતના આધારે પોલીસે જુગાર ધામ ચલાવતા યુવક સહિત કુલ ૧૪ જુગારીઓને ઝડપી પાડ્યા છે. ઓનલાઈન આઈડી પાસવર્ડ આપી દરરોજ નિયમિત બેલેન્સ ચેક કરનાર ઓનેસ્ટ ટુ ઓનલાઈન માર્કેટિંગ એજન્સીના અમિતભાઈ ભટ્ટને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઓનલાઈન જુગાર રમાડતા લોકો ઓનેસ્ટ વન અને ઓનેસ્ટ ટુ એમ બે પ્રકારની અલગ-અલગ માર્કેટિંગ એજન્સી ધરાવે છે. ત્યારબાદ તેઓ ઓનલાઈન માર્કેટિંગ પ્રાઈવેટ લિમિટેડની ફ્રેન્ચાઈજીની આડમાં ભાડાની દુકાનો ફ્રેન્ચાઇઝી પર મેળવી ઓપરેટ કરે છે. તેઓ દરરોજ સમગ્ર ગુજરાતમાં તેઓની ટીવી ડિસ્પ્લે પર એક સાથે સવારમાં આઠ વાગે આઈડી પાસવર્ડથી લોગીન કરાવે છે. ત્યારબાદ વાસ્તુયંત્રના નામે દર પાંચ મિનિટે ઓનલાઈન સોફ્ટવેર દ્વારા યંત્ર વિજેતા જાહેર કરી જુગાર રમાડે છે. ઓનલાઈન જુગારમાં વિજેતા ગ્રાહકને નવ ગણી રકમ ચૂકવવામાં આવે છે. જ્યારે વિજેતા સિવાયના ગ્રાહકો પાસેથી રોકડ રકમ મેળવી નસીબ આધારિત યંત્રનો ઓનલાઈન હાર જીતનો જુગારો અખાડો ચલાવે છે. પોલીસે કાપોદ્રા પોલીસે ગાયત્રી નગર સોસાયટીમાં બિલ્ડીંગ નંબર ૧૧૪માં ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલ દુકાનમાં દરોડા પાડી આ પ્રકારનો જુગાર રમાડતા ગેંગને ઝડપી પાડી છે. પોલીસે તેઓ પાસેથી રોકડા રૂપિયા ૧,૦૪ લાખ, મોબાઈલ, ટીવી, સીપીયુ, બારકોડ, ટીગર ગન, પ્રિન્ટર, રાઉટર, અલગ અલગ યંત્રોમાં લગાવેલ રૂપિયાની બારકોડ ચિઠ્ઠીઓ, હિસાબને અલગ-અલગ ચિઠ્ઠીઓ, ભાડાની ડાયરી, ભાડા કરાર, એજન્સી કરારો અને લાઈટ બિલ મળી કુલ રૂપિયા ૨.૨૬ લાખના મુદ્દામાલ પોલીસે કર્યો છે.

## વડોદરા : રિક્ષામાંથી ગાંજાનો જથ્થો ઝડપાયો

વડોદરા, તા.૪

વડોદરામાંથી વધુ એક વખત ગાંજાનો જથ્થો પકડવામાં પોલીસને સફળતા મળી છે. રીક્ષામાં ગાંજો લઈ ફરતા રીક્ષાચાલકને પોલીસે ઝડપી પાડી પૂછપરછ હાથે કરી છે. સુભાનપુરા હાઈ ટેન્શન રોડ પર એક રીક્ષાચાલક ગાંજાનો મોટો જથ્થો લઈ ઉભો રહેતો હોવાની વિગતો મળતા એસઓજીની ટીમે વોચ રાખી હતી. પોલીસે માહિતી વાળા સ્થળે એક રીક્ષા ચાલકને તપાસતા અંદરથી રૂા.૧૬,૦૦૦ની કિંમતનો દોઢ કિલો ઉપરાંતનો ગાંજો મળી આવ્યો હતો. પોલીસની પૂછપરછ દરમિયાન કેરિયરનું નામ મહંમદ રફીક ઉર્ફે દાલ પુલાવ શાહબુદ્દીન કાઝી (કાળી તલાવડી, એકતા નગર તાંદલજા) હોવાનું ખુલ્યું હતું. અગાઉ પણ તે જંબુસર ખાતે નશીલા પદાર્થ સાથે પોલીસના હાથે પકડાયો હોવાની માહિતી જાણવા મળી છે.

# સાવરકુંડલામાં રન ફોર યુનિટી રેલી યોજાઈ

## મતદારોને ૧૦૦ ટકા મતદાન કરવા અપીલ કરાઈ



સાવરકુંડલા, તા.૪

આજરોજ સાવરકુંડલા વહીવટી તંત્ર દ્વારા ચૂંટણી પંચની સૂચના અન્વયે રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવેલ જેમાં ૧૮૦૦ ઉપર કર્મચારીઓ રન ફોર યુનિટીની રેલીમાં જોડાયા હતા. પ્રાંત અધિકારી ધારાબેન ભાલારાના અધ્યક્ષ સ્થાને આ રેલી નીકળી હતી પ્રાંત, તથા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ચીફ ઓફિસર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, પોલીસ ઈન્સપેકટર અને અન્ય અધિકારી દ્વારા નગરપાલિકા સાવરકુંડલા ખાતેથી લીલી ઝંડી આપી રેલીની શરૂઆત કરવામાં આવી જે નગરપાલિકા થી શરૂ કરી, મહુવા રોડ, રિધ્ધિ સિધ્ધિ ચોક, મણીભાઈ ચોક, ગાંધી ચોક, મેઈન બજાર, ટાવર વાળી બજાર થઈ રિધ્ધિ સિધ્ધિ ચોકમા થઈ ફરી નગર પાલિકા ખાતે રેલીની પૂર્ણા હુતી થયેલ. આ રેલીમાં વહીવટી તંત્રના તમામ અધિકારી ઓ તેમજ તાલુકા પંચાયત કચેરી, નગરપાલિકા, જીઇબીના તમામ કર્મચારી અધિકારી તેમજ શિક્ષકો, પોલીસ સ્ટાફ, એનસીસી કેડેટ, હોમગાર્ડ, આંગણવાડી વર્કર અને સ્ટાફ, smgk સંકુલનો સ્ટાફ, અન્ય સ્કૂલનો સ્ટાફ અને સાવરકુંડલા તાલુકાની તમામ સરકારી કચેરીનો સ્ટાફ ખૂબ બહોળી સંખ્યામાં હાજર રહેલ. અને રન ફોર યુનિટીની આ રેલી દ્વારા મતદારોને ૧૦૦ ટકાં મતદાન કરવા અપીલ કરી જાગૃત કરવામાં આવેલ. મણીભાઈ ચોક ખાતે મતદાન કરવા અને બીજા મતદારોને મતદાન કરવા જાગૃત કરવાના શપથ પણ લેવરાવવામાં આવ્યા હતા.

# ભરૂચ જિલ્લાના હજયાત્રીઓ માટે આજે વેક્સિન આપવાનો કાર્યક્રમ

ભરૂચ, તા.૪

ગુજરાત રાજ્ય હજ સમિતી દ્વારા પસંદગી પામેલ ભરૂચ જિલ્લાના દરેક હાજી-હજિયાણીઓ માટેનો વેક્સિન આપવાનો કાર્યક્રમ તા.૫-૦૫-૨૦૨૪ને રવિવારના રોજ સિવિલ હોસ્પિટલ, નર્સિંગ સ્કૂલ ઓડીટોરીમ હોલ, સ્ટેશનરોડ, ભરૂચ ખાતે સવારે ૮-૩૦થી ૨-૦૦વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૪માં હજ યાત્રા જનાર દરેક હજ યાત્રીઓએ આ વેક્સિન કેમ્પમાં ફરજિયાત હાજર રહી વેક્સિન લેવાની રહેશે. તમામ હાજીઓએ પાસપોર્ટ સાઈઝ ફોટા-૧ (પાછળ પોતાનું નામ અને કવર નંબર લખવાનો રહેશે), કવર નંબર લેટર અથવા કવર નંબર પ્રિન્ટ, હજ કમિટિમાં જમાં કરાવેલ ફિટનેસ સર્ટિફિકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે. આ ડોક્યુમેન્ટ્સ સાથે સમયસર હાજર રહી વેક્સિન લઈ લે એવી ભરૂચના ફિલ્ડ ટ્રેઈનરઓ અને હજ ખાદીમો તરફથી સૂચના આપવામાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે દરેક હાજીઓએ આ વેક્સિન લેવી ફરજિયાત છે. તેના વગર હેલ્થ કાર્ડ આપવામાં આવશે નહિ. ફક્ત ૫ મે, ૨૦૨૪ને રવિવારના એક જ દિવસનો વેક્સિનનો કાર્યક્રમ હોય દરેક સિલેક્ટેડ હાજી સમયસર હાજર રહી વેક્સિન લઈ લે જેથી પછીથી કોઈ હાજીને તકલીફ ન પડે.

# ભાવનગરમાં ફરી ૩ દિવસ હીટવેવની આગાહી

ભાવનગર, તા.૪

ભાવનગરમાં છેલ્લા એક સપ્તાહથી કાળઝાળ ગરમી પડી રહી છે. હીટવેવની આગાહી વચ્ચે આ સપ્તાહમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચી જતાં શહેરમાં બપોરે આકરો તડકો અને રાત્રે બફારો અનુભવાઈ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા ફરીથી ભાવનગરમાં રવિ, સોમ અને મંગળ એમ ત્રણ દિવસ હીટવેવની આગાહી કરવામાં આવી છે. દરમિયાન ભાવનગરમાં દિવસ અને રાત અને રાતનું તાપમાન ઉંચકાતા વધારે ગરમી અનુભવાઈ હતી. ભાવનગરમાં સપ્તાહના પ્રારંભમાં જ ગરમીનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચી જતાં શહેરમાં બપોરે આકરો તડકો અને રાત્રે બફારો અનુભવાઈ રહ્યો છે. અગાઉ હવામાન વિભાગ દ્વારા પાંચમી મે સુધી હીટવેવની આગાહી કરવામાં આવી હતી પરંતુ હવામાન વિભાગની નવી આગાહી પ્રમાણે શનિવારે રાહત બાદ રવિ, સોમ અને મંગળ એમ ત્રણ દિવસ હીટવેવની આગાહી કરવામાં આવી છે. ત્યારે તાપમાનનો પારો ફરીથી ૪૦ ડિગ્રીને પાર થઈ જશે એવું અનુમાન લગાવી રહ્યૂ છે

### ખેડામાં ચિક્કાર મેદનીવાળા ક્ષત્રિય સંમેલનમાં અધ્યક્ષ શેખાવતનો પડકાર !

# જો ભાજપ કોઈપણ બુથ પર ચેડાં કરે તો EVM તોડી નાખજો, શેખાવત તમારી સાથે છે

### ભાજપ જોડે ઈતિહાસ હોય તો તેના આધારે મત માંગે રામના નામે નહીં : યુવરાજસિંહ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૪

રાજપૂત સમાજમાં રોષ ફેલાયેલો છે. રોષ યથાવત્ અને રોજે-રોજ વિવિધ કાર્યક્રમો આયોજનો થઈ રહ્યા છે. ગઈકાલે જામનગર બાદ આજે ખેડા જિલ્લાના મહુધા તાલુકાના ભુમસ ગામે ક્ષત્રિય અસ્મિતા સંમેલન યોજાયું હતું. જેમાં રાષ્ટ્રીય કરણીસેનાના અધ્યક્ષ રાજ શેખાવત સહિત અન્ય ક્ષત્રિય આગેવાનોએ ઉગ્ર ભાષણ આપ્યું હતું. આ સંમેલનમાં કરણીસેના અધ્યક્ષ રાજ શેખાવતે જણાવ્યું હતું કે, જો ભારતીય જનતા પાર્ટી કોઈપણ બુથ પર ચેડા કરે તો તમારા સાથે રાજ શેખાવત ઊભો છે, સમગ્ર સમાજ ઊભો છે ઈવીએમ મશીન તોડી નાખજો. સંકલન સમિતિના પ્રદેશ પ્રવકતા કરણસિંહે જણાવ્યું હતું કે, આજે આંદોલનનો ૩૮મો દિવસ છે મહાભારતનું યુદ્ધ પણ ૧૮ દિવસે પૂરૂં થઈ ગયું હતું. એ યુદ્ધ એટલે ૧૮ દિવસે પૂરૂં થઈ ગયું કારણ કે, એ લડાઈ હથિયારોથી લડવાની હતી



પણ આપડે અહિંસક લડત આપવાની છે. રામના નામે પથરા તર્યા એમને એમ છે કે હવે બાકી રહેલી ૨૫ બેઠકમાં અમે જીતી જઈશું પણ એ નહીં થાય. આપણા જે સંમેલન થાય એમાં ૫૦ હજાર ક્ષત્રિયો ભેગા થાય છે, એ જોઈને મોટા સાહેબ ગભરાઈ જાય છે. ક્ષત્રિય સંકલન સમિતિના સભ્ય વિજયસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, રૂપાલાની ટિકિટ રદ ન કરી ત્યારે લોકો કહેતાં આ પાર્ટ-૨ શું છે ? તમે હવે જોઈ લેજો આ પાર્ટ-૨ શું છે એ અમે બતાવીશું. આ ધર્મની લડાઈ છે. અમારી લડાઈ અહિંસક અને વિનમ્રતા પૂર્વક એટલે છે કે અમારી લડાઈ ઘણી લાંબી છે. જે સરકારે અમારૂ માન નથી રાખ્યું એનું માન અમે નહીં રાખીયે. છેલ્લા દોઢ મહિનાથી આ આંદોલન ચાલી રહ્યું છે. નારી સન્માન માટે અમારે લડત ચલાવી પડી છે અને એ પણ એટલી જ ધૈર્યના ગુણધર્મ સાથે આ આંદોલન સમયે ક્યાં હિંસા નથી ફાટી, આ લડાઈ સ્વાભિમાનની લડાઈ છે. યુવા નેતા યુવરાજસિંહે જણાવ્યું હતું કે, જે લોકોનો ઈતિહાસ નથી એ લોકો ઈતિહાસ બદલવા નીકળ્યા છે. ત્યારે એમનો ઈતિહાસ આપડે મિટાવી દેવાનો છે. ભાજપ જોડે ઈતિહાસ હોય તો એના આધારે મત માંગે શ્રીરામના નામે નહીં... ભાજપ પાસે ભાષણના મુદ્દા જ નથી રહ્યા. ૨૦૨૦માં કહેતા હતા તમે અમારા પર ભરોષો રાખો પણ એજ ભરોષાની ભેસે પાડો જણ્યો છે. આપણે આપણા અપમાનનો બદલો એને બદલીને લેવાનો છે. સાત તારીખે કેસરિયા કરવાના છે. ભાજપ વિરૂદ્ધ જ મતદાન કરવાનું છે. ક્ષત્રિય સમાજના અગ્રણી મહિપાલસિહ ચૌહાણ જણાવ્યું હતું કે, રાજ્યમાં સૌથી વધારે વસ્તી ક્ષત્રિયોની ખેડા જિલ્લામાં છે અંદાજીત ૯ લાખની આસપાસ છે. ત્યારે આ સંમેલનમાં લાખોની સંખ્યામાં ક્ષત્રિયો ઉમટ્યા છે અને જે રીતે આંદોલન ચાલી રહ્યું છે તે મુજબ તમામ ક્ષત્રિયોના એક શુર મુજબ ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાનું જણાવ્યું છે. ક્ષત્રિયોના આ સંમેલનમાં મોટી સંખ્યામાં ક્ષત્રિયો ભાઈ-બહેનો સહિત સમગ્ર જિલ્લાના ક્ષત્રિયો આગેવાનો હાજર રહ્યા છે.

### રાજ્યભરમાં લોકસભા ચૂંટણીને લઈ સઘન ઝુંબેશ દરમિયાન મોટાપાયે જથ્થો ઝડપાયો

# રાજ્યમાં ૭૦૩ કરોડના ૮૬૨ કિલોગ્રામ નશાકારક પદાર્થો પકડાયા : કુલ રૂ.૯૨૮ કરોડનો મુદ્દામાલ જપ્ત

### ચૂંટણી પંચની એપ પર ૪,૫૮૧ અને પોર્ટલ પર ૧૪,૭૬૦ ફરિયાદો મળી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૪

ગુજરાતની લોકસભાની સુરત સિવાયની ૨૫ બેઠકો તેમજ વિધાનસભા પેટાચૂંટણી માટેની ૫ બેઠકો પર ૭ મેના રોજ મતદાન યોજાનાર છે. મતદાનની પ્રક્રિયા સુગમ બની રહે અને વ્યવસ્થિત મતદાન યોજાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા ઝીણવટપૂર્વક તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ આ અંગે જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન અને વીવીપેટના કમિશનિંગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. વોટર ઈન્ફોર્મેશન સ્લીપના વિતરણની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે.





તા. ૭ મેના રોજ યોજાનાર ચૂંટણી સમયે વધુ ગરમીને અનુલક્ષીને તેમજ હીટ-વેવની સ્થિતિને પહોંચી વળવા જરૂરી આવશ્યક પગલાં લેવા માટે તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. જે અંતર્ગત મતદાન કેન્દ્ર ખાતે પીવાનું પાણી, બેસવા માટે ખુરશીઓની સુવિધા, પૂરતા પ્રમાણમાં છાંયડો રહે તે માટે શેડની વ્યવસ્થા તથા શિશુ સંભાળ કેન્દ્ર સહિતની સુવિધા ઊભી કરવામાં આવશે.

ઈન્ટરનેશનલ ઈલેકશન વિઝિટર્સ પ્રોગ્રામ (IEVP)એ અન્ય દેશો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ (EMBs) સાથે આંતરરાષ્ટ્રીય સહકાર અને જોડાણ માટે ભારતના ચૂંટણી પંચનો ફ્લેગશીપ કાર્યક્રમ છે.

આ સંદર્ભે ઓસ્ટ્રેલિયા, ફિજી, કિર્ગીઝ રિપબ્લિક, મડાગાસ્કર, રશિયાના ડેલિગેશન ૫/૫/૨૦૨૪થી ૮/૫/૨૦૨૪ દરમિયાન ગુજરાતની મુલાકાત લેનાર છે.

રાજ્યમાં કાર્યરત ૭૫૬ ફ્લાઈંગ સ્કવોડ્ર્સ તથા ૧,૨૦૩ સ્ટેટીક સર્વેલન્સ ટીમ્સ દ્વારા અત્યાર સુધીમાં રૂા.૮.૧૨ કરોડ રોકડ, રૂા. ૧૭.૩૬ કરોડની કિંમતનો ૫.૭૫ લાખ લીટર જેટલો દારૂ, રૂા.૧૧૮.૭૨ કરોડની કિંમતનું ૨૧૨.૬૨ કિલો સોનું અને ચાંદી, રૂા.૭૦૩.૪૭ કરોડની કિંમતના ૮૬૨.૧૦ કિલો પ્રતિબંધિત નશાકારક પદાર્થો તથા મોટરકાર, મોટર સાઈકલ, ગોળ સહિતની રૂા.૮૦.૯૭ કરોડની અન્ય વસ્તુઓ મળી કુલ રૂા. ૯૨૮.૬૫ કરોડની વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે.

ચૂંટણીપંચની મોબાઈલ એપ પર તા.૧૬/૩/૨૦૨૪થી અત્યાર સુધીમાં આચારસંહિતાના ભંગ અંગે કુલ ૪,૫૮૧ ફરિયાદો મળી છે. જેનો તાત્કાલિક યોગ્ય નિકાલ કરવામાં આવ્યો છે.

જ્યારે પોર્ટલ પર વિવિધ કુલ ૧૪,૭૬૦ ફરિયાદો મળી છે. તો કંટ્રોલ રૂમના હેલ્પલાઈન નંબર ઉપર ૭૭૮ ફરિયાદો મળી છે.

### બનાસકાંઠામાં કોંગ્રેસના ગેનીબેન ઠાકોરના ભાજપ સરકાર પર પ્રહાર

# ૧૯૪૭માં ગોરાઓને કાઢવા ઉદ્યોગપતિઓનું ફંડિંગ હતું, હવે ચોરોને કાઢવા પ્રજા આપે છે

### ...તો ઝાંસીની રાણીના માર્ગે ચાલવું પડે તો પણ પીછેહઠ નહીં કરૂં : ગેનીબેન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકો પર ૭ મેંના રોજ મતદાન યોજાવાનું છે. ૫ તારીખે સાંજે પ્રચાર પડઘમ શાંત પડે તે પહેલા જ ભાજપ, કોંગ્રેસ સહિતના પક્ષો વધુમાં વધુ મતદારો સુધી પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા છે. બનાસકાંઠાના કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેનના સમર્થનમાં આજે લાખણીમાં જાહેરસભાનું આયોજન કરાયું હતું.જેમાં ગેની બહેને સભા પહેલા ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા.

ગેનીબેન ઠાકરે જણાવ્યું કે, સરકાર પાસે ઘણી આશા અપેક્ષા હતી. બે વખત જનતાએ અહીથી સંસદસભ્ય બનાવીને ગુજરાતમાંથી તેઓને વડાપ્રધાન બનાવ્યાં હતા. પણ ગુજરાતને પોતાના વડાપ્રધાન હોવા છતાં જે આશા અપેક્ષા હતી તે પૂર્ણ નથી થઈ. વડાપ્રધાન બનાસકાંઠામાં આવીને કહ્યું હતું કે, કોંગ્રેસ આવશે તો તમારી પાસે બે ભેંસો હશે તો એમાંથી એક ભેંસ બીજાને આપી દેશે. ત્યારે હું બનાસકાંઠાની જનતાને કહું છું કે આપણી ભેંસો આપણી પાસે જ રહેશે. અમારી ભેંસના દૂધ બનાસ ડેરીમાં ભરાવાના જ છે, આ ડેરી તમે પાટણને આપી દીધી છે તે ડેરી અમને પાછી આપો. તેમણે કહ્યું કે ચૂંટણી નજીક આવી રહી છે,૩૦૦થી વધુ સભાઓમે સંબોધી છે સમર્થનની સાથે નોટનું પણ સમર્થન જનતાએ આપ્યું છે,આ ચુંટણીમાં ૧૯૪૭ની યાદ અપાવી છે,દેશમાં ગોરાઓને કાઢવા માટે મોટા ઉદ્યોગપતિઓએ ફંડિંગ કર્યું હતું,૨૦૨૪માં લોકશાહી બચાવવા અને ચોરોને કાઢવા જનતા સમર્થન કરે છે. બનાસકાંઠા જિલ્લામાં પડેલા ૩ દુષ્કાળમાં રાજીવગાંધી અને ઈન્દિરાગાંધીએ સહાય આપી હતી, આ વિસ્તારમાં સિંચાઈના પાણી આવે તેની લડાઈ લડવામાં હું ક્યારેય પાછી પાની નહી કરૂં,અઢારેય આલમને ખાત્રી કરી છું કે તમે આજે વેત નમો છો તો કાલે હું હાથ નમીશ.કાર્યકરો, મતદારો અને પાર્ટી સાથે ગદ્દારી ના થાય એવો મે પૂરેપૂરો ખ્યાલ રાખ્યો છે.

તેમણે ઉમેર્યું કે સત્તાના માધ્યમથી ભાજપ અમારા કાર્યકરોને હેરાન કરવાનું કામ કરે છે,જો આવું થશે તો ઝાંસીની રાણીના માર્ગે ચાલવું પડે તો પણ હું પીછે હઠ નહિ કરૂં. પર્યાવરણને નુકશાન થાય તો ભલે થાય પણ નર્મદાનું પાણી બનાસ સુધી પહોંચવું જોઈએ એવું કહી નર્મદાનું પાણી અહીંયા લાવવા કરાર કર્યા હતા, લોકશાહીને કલંક લગાવવાનું કામ ભાજપ કરી રહી છે. ત્યારે ૯૦ ટકા મતદાન કરાવજો

### ભાજપની અનુસૂચિત જાતિ વિરોધી માનસિકતા છતી થતાં વ્યાપક ચર્ચા

# ભાજપ દ્વારા અનુ.જાતિના લોકો માટે પાંજરાપોળમાં અને કાછિયા પટેલો માટે વાડીમાં જમવાનું રખાતા રોષ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૪

ભરૂચમાં ભાજપનો પ્રચાર પ્રસાર ચાલી રહ્યો છે અને પ્રચાર કરનાર લોકોનો જમણવાર રાખવામાં આવે છે.

ભરૂચ નગરપાલિકાના વોર્ડ નંબર ૮માં ભાજપના હોદ્દેદારો, સ્થાનિક નગર સેવકોએ પ્રચારમાં નીકળેલા અને સ્થાનિકોની ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ આ ભોજન વ્યવસ્થામાં જાતિવાદ રાખવામાં આવતો હોવાના કારણે અનુસૂચિત જાતિના લોકોમાં રોપની લાગણી ફેલાઈ જવા પામી છે. જેમાં બિન ઉપયોગી અને ખંડેર અવસ્થામાં રહેલ પાંજરાપોળમાં અનુસૂચિત એટલે કે આદિવાસી, દલિત, સોલંકી લોકો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના પગલે જમણવારમાં છૂત અછૂત રાખવામાં આવતી હોવાના કારણે ઘણા અનુસૂચિત જાતિના લોકો જમવા ન જતા ભોજનનો બગાડ થયો હતો. પાંજરાપોળમાં અનુસૂચિત જાતિના લોકો માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી જયારે ઉજળિયાત કાછીયા પટેલના લોકો માટેનું જમવાનું કાછીયા પટેલની વાડીમાં કરવામાં આવ્યું હતું અને આ વાડી પાંજરાપોળથી માત્ર ૫૦ મીટરમાં જ આવેલી છે તો ઉજળિયાત લોકો માટે ભોજનની વ્યવસ્થા કરી અનુસૂચિત જાતિના લોકોનું અપમાન કર્યું હતું. જેના કારણે ૬૦૦ લોકો સામે ૨૦૦થી પણ ઓછા લોકો જમવા આવ્યા હોય તેવું જાણવા મળી રહ્યું છે.

કાછીયા પટેલની વાડીના સંચાલકનું પણ સ્ટિંગ ઓપરેશન કરવામાં આવ્યું હતું જેમાં તેઓએ પણ કહ્યું હતું કે ભાજપના લોકોએ વાડીમાં ભોજનની વ્યવસ્થા કરી છે. આ સંપૂર્ણ વિવાદ અનુસૂચિત જાતિ વિરોધી માનસિકતા ધરાવતા વિરોધી તત્ત્વોએ કૃત્ય કર્યું છે. જેના કારણે આ સમગ્ર બાબતે એટ્રોસિટી એક્ટ હેઠળ મામલો પોલીસ મથક અને ગાંધીનગર અનુસૂચિત આયોગ સુધી પહોંચ્યો છે. બીજેપી અનુસૂચિત જાતિ મોરચા પ્રમુખ કનુ પરમારે કહ્યું હતુ કે, આવી ઘટના બની હોય તો ચલાવી ન લેવાય.

### ‘ઈતની શક્તિ હમે દેના દાતા’ના લલકાર વચ્ચે નારી અસ્મિતાની મશાલ પ્રગટાવતા ધાનાણીનો હુંકાર

# દીકરીની કોઈ જાત કે નાત હોતી નથી, દીકરીઓએ ભલભલાના અહંકારને ઓગાળી નાંખ્યા છે : ધાનાણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

રાજકોટના બહુમાળી ભવન ચોકમાં લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ બહેનોની નારી શક્તિની અસ્મિતાની મશાલ પ્રગટાવી હતી અને બહેનોને અર્પણ કરી હતી. સ્વાભિમાન જ્યોતમાં મોટી સંખ્યામાં બહેનો અને કોંગ્રેસના મહિલા આગેવાનો જોડાયાં હતા. ‘ઇતની શક્તિ હમે દેના દાતા, મન કા વિશ્વાસ કમજોર હો ના’ ગીત પર મશાલ પ્રગટાવવામાં આવી હતી. આ સમયે દીકરીની કોઈ જાત કે નાત હોતી નથી, બે દીકરીનો બાપ છું, દીકરીઓએ ભલભલાના અહંકાર ઓગાળી નાખ્યાં છે તેમ ધાનાણીએ વક્તવ્યમાં જણાવ્યું હતું.

આ તકે પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, આ ભૂમિ પર બહેનો દીકરીઓ સ્વાભિમાનનો દીપ પ્રગટાવવા આવી છે તેઓને આવકારૂં છું. આ સમયે જ ક્ષત્રિય સમાજની બહેનોએ સ્ટેજ પરથી ઇતની શક્તિ હમે દેના દાતા ગીત લલકાર્યું હતું. આ સાથે જ બહેનો દ્વારા મશાલ સાથે મોબાઈલની ફ્લેશ લાઈટ ચાલુ કરવામાં આવી હતી. પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, આજે સરદારના ચરણોમાં વંદન કરી બહેનોના હૃદયમાં સ્વાભિમાનની જ્યોત જલાવવા આવી છે. ધાનાણીએ બાળકીને તેડી બહેનોને પૂછ્યું કે, આ દીકરીને કોઈને જાત ખબર છે ? અનાથ આશ્રમમાંથી આવેલી દીકરીની જાત કોઈને ખબર ન હતી. પ્રફુલાબેનએ દીકરીને દતક લીધી હતી. રાજકારણનો આંચળો ઘરે મૂકીને આવ્યો છું. રામાયણની સીતા હોય કે મહાભારતની દ્રૌપદી જ્યારે જ્યારે દીકરીઓ દાવ પર લાગી, ત્યારે દીકરીઓએ ભલભલાના અહંકારને ઓગાળ્યા છે. કેટલીય દીકરીઓની આંખમાં ભર ઉનાળે જે આંસુ હતા તે સત્તાના અહંકારને ઓગાળી ન શક્યા. વધુમાં જણાવ્યું હતું કેરામરાજ્ય ગુજરાતમાં પુનઃસ્થાપના માટે શક્તિના ચરણોમાં વંદન કર્યા હતા. એક પાડોશી જિલ્લાનો કાર્યકર્તા આવ્યો છે. વિશ્વનો શ્રેષ્ઠ યોદ્ધા મૂંઝાણો ત્યારે કૃષ્ણએ ભાગવતનો જન્મ કર્યો હતો. હે પાર્થ, આ યુદ્ધના મેદાનમાં આ લડાઈ અનીતિ સામે નીતિ, અસત્યની સામે સત્યની લડાઈ છે. આજે પણ ગીતા એટલા જ સાક્ષાત છે. ભારતના ભવિષ્યને વારસામાં ખુમારી આપજો. જીત મારી નહી, જીત તમારી છે. કાલે ૫ વાગ્યે પ્રચાર પૂર્ણ થવાનો છે. મારા નિવેદનથી કોઈને દુઃખ થયું હોય તો માફી માગુ છું. બહેનોએ ભાઈ પર ભરોસો રાખ્યો. નયનાબા જાડેજાએ જણાવ્યું હતું કે, દીકરી હંમેશા દીકરી જ હોય છે. દીકરીની કોઈ જાત કે નાત હોતી નથી. દીકરી વ્હાલનો દરિયો કહેવાય છે. પરેશભાઈએ જ સંદેશો આપ્યો છે કે દીકરીની કોઈ જાત નાત ન હોય. બહેન-દીકરીઓના સ્વાભિમાન ઘવાયા છે તેને લઈને આ સ્વાભિમાન જ્યોતનો કાર્યક્રમ યોજાયો છે. પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, જ્યારે આ ભૂમિ ઉપર નારી શક્તિને ડાઘ લગાડવાની કોશિશ થઈ છે, ત્યારે નારી શક્તિના સ્વરૂપે રણચંડી બની અનીતિ, અસત્ય અને અધર્મનો વિનાશ કર્યો છે. આજ મને લાગે છે. શક્તિના સ્વરૂપને પ્રગટ થવું પડે તેવી પરિસ્થિતિ રાજકોટમાં પેદા થઈ છે. આ દેશમાં સંવિધાનની સમાન અધિકાર ધરાવનારી દીકરીઓના સ્વાભિમાનનું રક્ષણ થાય, ઉડવા ખુલ્લુ આકાશ મળે અને એને પીંખનારા લોકોને પાંજરે પુરવા અમે સફળ થાય તેવી પ્રાર્થના.

# આજે NEET-UGની પરીક્ષા લેવાશે રાજ્યના ૮૦ હજાર પરીક્ષા આપશે

- રાજ્યના ૩૧ શહેરોમાં પરીક્ષાનું આયોજન, અમદાવાદના ૯ હજાર વિદ્યાર્થીઓ
- રાજ્યની મેડિકલ- ડેન્ટલની ૧૨ હજાર બેઠકો પર આ પરીક્ષાના આધારે પ્રવેશ અપાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૪

સમગ્ર દેશમાં રવિવારના રોજ મેડિકલ કોલેજોમાં પ્રવેશ નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET-UG) લેવામાં આવશે. આ પરીક્ષા માટે સમગ્ર દેશમાંથી ૨૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ અને ગુજરાતમાંથી ૮૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હોવાનું જાણવા મળે છે. આ પરીક્ષા માટે રાજ્યમાં ૩૧ જેટલા શહેરોમાં પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે સમગ્ર દેશમાં ૫૫૭ જેટલા શહેરોમાં પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુંછે. અમદાવાદમાંથી પણ ૯ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા રવિવારના રોજ ગુજરાત સહિત સમગ્ર દેશમાં મેડિકલમાં પ્રવેશ માટેની નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET-UG) લેવામાં આવશે. આ પરીક્ષા માટે રાજ્યમાંથી અંદાજે ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે, જ્યારે સમગ્ર દેશમાંથી ૨૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર હોવાનું જાણવા મળે છે. સમગ્ર દેશમાં નોંધાયેલા આંકડા જોઈએ તો, ગત વખત કરતા વ વખતે વિદ્યાર્થીઓની સંખ્યામાં તોતિંગ વધારો જોવા મળ્યો છે. આ વખતે વિદ્યાર્થીઓની સંખ્યા ૩ લાખ જેટલી વધી છે.

રવિવારના રોજ યોજાનારી NEET-UG બપોરના ૨ વાગ્યાથી ૫.૨૦ વાગ્યા દરમિયાન લેવામાં આવશે. જોકે, વિદ્યાર્થીઓએ મોડામાં મોડા સેન્ટર પર બપોરના ૧.૩૦ વાગ્યા સુધીમાં પહોંચી જવાનું રહેશે. ત્યારબાદ વિદ્યાર્થીઓને સેન્ટર પર પ્રવેશ આપવામાં આવશે નહીં. NTA દ્વારા NEET-UG માટે દેશનાં કુલ ૫૫૭ શહેર તેમજ વિદેશના ૧૪ શહેરમાં પરીક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગુજરાતમાં આ પરીક્ષા અમદાવાદ ઉપરાંત વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, ગાંધીનગર, મહેસાણા સહિતના કુલ ૩૧ શહેરમા લેવામાં આવનાર છે.

અમદાવાદ શહેરમાં કુલ ૨૧ સેન્ટર પર અંદાજે ૯ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપવા માટે હાજર રહેશે. NEET-UG પરીક્ષામાં ચાલુ વર્ષે ધોરણ-૧૨ સાયન્સમાં B ગ્રુપ સાથે પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પૈકી, CBSE બોર્ડસંલગ્ન સ્કૂલના તેમજ ગત વર્ષે જે વિદ્યાર્થીઓએ ઓછો સ્કોર પ્રાપ્ત કર્યો હોય તેવા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવતાં હોય છે. જે અંદાજ મુજબ ગુજરાતમાથી ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા હોવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે, NEET-UGના આધારે ગુજરાતમાં મેડિકલ-ડેન્ટલની અંદાજે ૧૨ હજારથી વધુ બેઠકોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

### અમદાવાદમાં DEO કચેરીને ૩૦૮ ફરિયાદ મળી

# રાઈટ ટુ એજ્યુકેશનમાં ખોટી રીતે કરાયેલા ૧૫૫ એડમિશન રદ

### RTEની પાત્રતા ન હોય તેવા પ્રવેશ મેળવનાર લોકો સામે કાર્યવાહી કરાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

સરકાર ગરીબ કે મધ્યમ વર્ગ માટે કોઈ યોજના હજી તો શરૂ કરે અને તેમના સુધી પહોંચે તે પહેલા તો કૌભાંડીઓ તૂટી જ પડે છે. યોજના જેના માટે શરૂ કરવામાં આવી હતી તે લોકો બાજુએ રહી જાય છે અને જેને આ યોજનાની કોઈ જરૂર નથી હોતી તેવા લાભ લઈ જાય છે. સરકારની આવી જ એક યોજના રાઈટ ટુ એજ્યુકેશનનું થયું છે.

હાલ રાજ્યમાં આરટીઈ હેઠળ પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે ત્યારે અમદાવાદ શહેરમાં RTEમાં ખોટી રીતે પ્રવેશ મેળવવાના કિસ્સા સામે આવ્યા છે જેમાં અમદાવાદની ચાર સ્કૂલો ઉદગમ સ્કૂલ, અમદાવાદ ઈન્ટરનેશનલ સ્કૂલ, ગ્લોબલ એશિયન સ્કૂલ, આનંદ નિકેતન સ્કૂલ જેવી શાળાઓમાં વધારે આવક ધરાવતા વાલીઓ એ RTEમાં અંતર્ગત પ્રવેશ મેળવવાનો પ્રયત્ન કર્યો છે.

ખોટી રીતે પ્રવેશ મેળવનારા દોઢસોથી લઈને ૧૫૫ જેટલા એડમિશન જિલ્લા કચેરી દ્વારા રદ કરવામાં આવ્યા છે, અમદાવાદમાં ૩૦૮ જેટલી ફરિયાદ DEO કચેરીને મળી હતી હજુ પણ ઘણા વાલીઓ એવા છે જે શાળાને ગુમરાહ કરીને ખોટા પુરાવા રજૂ કરીને જિલ્લા કચેરીને ગેરમાર્ગે દોરી રહ્યાં છે આવા વાલીઓ ઉપર જિલ્લા શિક્ષણ અધિકારીની ટીમ તમામ શાળામાં જઈને હવે ચકાસણી કરશે અને જો RTEની પાત્રતા નહીં હોય તેવા લોકો વિરૂદ્ધ કાયદેસરનાં પગલાં લેવામાં આવશે તેમજ જરૂર જણાય તો પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવશે.

### અમદાવાદના કેટલાક વિસ્તારો તથા રાજ્યના અન્ય શહેરોનો પ્રશ્ન

# મતદાર સ્લીપો ન મળવાની બૂમો ઉઠતા કોંગ્રેસની ચૂંટણીપંચમાં ફરિયાદ

અમદાવાદ,તા.૪

રાજયમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. ત્યારે અનેક વિસ્તારોમાં હજુ સુધી વોટર સ્લીપોની વહેંચણી કરવામાં આવી નથી. અમદાવાદ શહેરના વેજલપુર, જુહાપુરા, દાણીલીમડા વિસ્તારો તેમજ અન્ય શહેરો જૂનાગઢ, વેરાવળ, માગરોળમાં મતદાર સ્લીપો મળી નથી તેવી ફરિયાદો ધ્યાને આવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ચૂંટણી સંકલન સમિતિના ચેરમેન બાલુભાઈ પટેલ દ્વારા મુખ્ય ચૂંટણી અધિકારીને રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં અમદાવાદ શહેરમાંથી વેજલપુર, જુહાપુરા, દાણીલીમડા, શાહવાડી વગેરે વિસ્તારો અને જૂનાગઢ, વેરાવળ, માગરોળ સહિત અનેક વિસ્તારોમાંથી અવારનવાર અમારા કંટ્રોલરૂમમાં મતદાર સ્લીપો મળી નથી તેવી ફરિયાદો આવે છે હું સમજુ છુ કે સ્લીપો વહેંચવાનું કામ ચાલુ છે. બધી જગ્યાએ એક સાથે ના પહોંચી શકે. પરંતુ અમારો ખાસ આગ્રહ છે કે કોઈપણ મતદાર સ્લીપ મળ્યા સિવાય ન રહેવો જોઈએ. ખાસ કરીને જે સામાન્ય વર્ગ છે, મજુર વર્ગ છે, લઘુમતી વિસ્તાર છે. તેવા વિસ્તારોમાં સ્લીપો રહી જાય તો તેઓ મૂંઝવણમાં મુકાય અને મતદાન કરવાનું જ કદાચ માંડી વાળે તેવું પણ બંને આથી કોંગ્રેસનો ખાસ આગ્રહ છે કે જે વિભાગ આ વહેચણીનું કામ સંભાળતો હોય તેમને કાળજી રાખી સત્વરે કામ પતાવવા તાકીદ કરવી જરૂરી છે. તેમ વધુમાં રજૂઆત પત્રમાં જણાવ્યું છે ત્યારે આ અગત્યના કામને વેગ મળે તેવી માંગ લોકો કરી રહ્યા છે. આ સમગ્ર મામલે વેજલપુર વિધાનસભા વિસ્તારના ઈઆરઓનો સંપર્ક કરી પૂછવાનો પ્રયાસ કરાતા તેનો કોઈ સંપર્ક થઈ શકયો ન હતો.

### મે માસમાં યોજાશે પરીક્ષા ; કોલલેટર હવે ડાઉનલોડ કરી શકાશે

# ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મોકૂફ રખાયેલી પરીક્ષાઓ હવે કરાઈ જાહેર

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૪

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં નિશ્ચિત દિવસને લઈ પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. પરંતુ તે મોકૂફ રાખેલી પરીક્ષાને લઈ સંચાલન દ્વારા નવી તારીખોની જાહેરાત કરવામાં આવી છે જો કે અગાઉ રાજકીય કારણોસર આ પરીક્ષાને મોકૂફ રાખવામાં આવી હતી. તે ઉપરાંત આ પરીક્ષાના કોલલેટરને લઈ પણ વહેલી તકે માહિતી બહાર પાડવામાં આવશે તેમ જાણવા મળેલ છે. અગાઉ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આયોજિત પરીક્ષા તા.૨૦-૨૧,૨૭,૨૮ એપ્રિલ ૨૦૨૪ અને તા.૪ અને ૫ મેના રોજ રાખવામાં આવેલી પરીક્ષાને અમુક કારણોસર મોકૂફ રાખવામાં આવી છે તો તા. ૮ અને ૯મેના રોજ રાખવામાં આવેલી પરીક્ષા નિયમિત ક્રમ અનુસાર ચાલુ રાખવામાં આવી હતી. ત્યારે તેવી માહિતી આપવામાં આવી હતી કે, વહેલીતકે મોકૂફ પરીક્ષાની વિગતોને લઈ જાહેરાત કરવામાં આવશે. ત્યારે હાલમાં મળતી માહિતી મુજબ આ પરીક્ષાઓ મે માસની અંદર તારીખ ૧૧, ૧૨, ૧૩, ૧૪,૧૫, ૧૬, ૧૭ અને મેના રોજ આયોજન કરવામાં આવી છે. તે ઉપરાંત આ પરીક્ષાને લઈ કોલલેટર આજે સાં ૬-૦૦ કલાકથી સત્તાવાર વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે. આ પરીક્ષા ગ્રુપ એ તથા ગ્રુપ બીના વિદ્યાર્થીઓ માટે આયોજન કરવામાં આવી છે. તે ઉપરાંત અત્યાર સુધી ૨,૮૮,૦૦૦ ઉમેદવારોએ પરીક્ષા આપીચુક્યા છે. તો તારીખ ૮ અને ૯એ વધુ ૬૦,૦૦૦ ઉમેદવારો પરીક્ષા આપશે. તેથી કુલ ૫,૧૯,૦૦૦માં બાકી રહેલ ઉમેદવારો ૨૦મે સુધીમાં પરીક્ષા આપી શકશે. તેની સાથે આવતા સપ્તાહમાં નવી તારીખોનું અધિકૃત એલાન થશે. તેવી વધુમાં જણાવાયું છે.

# સ્કૂલના વિદ્યાર્થીઓ મતદાન બાદનો ફેમિલી ફોટો અપલોડ કરશે

### અમદાવાદ લોકસભાની ચૂંટણીમાં મતદાન વધારવા માટે નવતર પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

લોકસભાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે મતદાન વધારવા માટે છેલ્લી સમયે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેમાં અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સેલ્ફી વિથ ફેમિલી નામનો નવતર પ્રયોગ હાથ ધર્યો છે. જેમાં સ્કૂલના બાળકોને તેમની ફેમિલી સાથે મતદાન પછીનો ફોટો પાડી ઓનલાઈન અપલોડ કરવા માટે સુચના આપી છે. આ પ્રયાસમાં કે.જી.થી લઈને તમામ બાળકો કે જેઓ મતદાર નથી તેઓ પણ ફેમિલી સાથેનો ફોટો અપલોડ કરશે.

પ્રાપ્ત માહિતી અનુસાર લોકસભાની ચૂંટણીમાં મતદાન વધારવા માટેના પ્રયાસોના ભાગરૂપે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ નવતર પ્રયોગ હાથ ધર્યો છે. જેમાં બાળકોને સેલ્ફી વિથ ફેમિલી મૂકવા માટે સુચન કરાયું છે. શાળાના તમામ વિદ્યાર્થીઓ પછી તે મતદાર હોય કે ન હોય તેમણે પોતાની ફેમિલી સાથેનો મતદાન પછીનો ફોટો પાડી વેબસાઈટ પર અપલોડ કરવાનો રહેશે. આ માટે અમદાવાદની તમામ સ્કૂલોને સુચના આપવામાં આવી છે કે તેઓ પોતાના તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓ સુધી આ મેસેજ પહોંચાડે. વિદ્યાર્થીઓને પણ સેલ્ફી વિથ ફેમિલી અંગે માહિતગાર કરવામાં આવશે તો તેઓ પોતાના માતા-પિતાને મતદાન માટે પ્રેરશે.

વિદ્યાર્થીઓ દ્વારા ફોટો અપલોડ કરવાનો હોવાના લીધે માતા-પિતાને મતદાન કરવા માટે મોકલશે અને મતદાન કર્યા બાદનો ફોટો પાડીને ઓનલાઈન અપલોડ કરશે. આ પ્રયાસ થકી મતદાન વધારવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે. આમ, હવે બાળકો થકી માતા-પિતા સુધી પહોંચવાનો પ્રયાસ કરાયો છે. આ નવતર પ્રયોગના પગલે મતદાન વધે તેવી શક્યતા પણ સુત્રોએ વ્યક્ત કરી છે.

# ગાઝામાં નરસંહાર મુદ્દે ઈઝરાયેલી કંપનીઓનો વૈશ્વિક બહિષ્કાર; ઘણા દેશોમાં તેની લોકપ્રિય ફૂડ ચેન બંધ થઈ ગઈ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

સમગ્ર વિશ્વમાં વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી ઈઝરાયેલી કંપનીઓનો ગાઝામાં ચાલી રહેલા નરસંહારને લઈને પેલેસ્ટીન તરફી વૈશ્વિક બહિષ્કાર થઈ રહ્યો છે, તેનાથી ઝિઓનિસ્ટ દળોના વ્યાપારી હિતોને નુકસાન થયું છે અને લોકપ્રિય કંપનીઓ માટે અસ્તિત્વનું જોખમ ઊભું થયું છે. ઈઝરાયેલના હુમલામાં માર્યા ગયેલા નિર્દોષ પેલેસ્ટીનીઓની સંખ્યા ૩૪,૫૦૦ને વટાવી ગઈ છે ત્યારે પેલેસ્ટીન તરફી કાર્યકરો ઈઝરાયેલને સજા કરવા માટે બહિષ્કાર, વિનિમય પર પ્રતિબંધ (BDS) ચળવળને સક્રિયપણે આગળ ધપાવી રહ્યા છે.

આ બહિષ્કારની અસર સમગ્ર મધ્ય પૂર્વ અને દક્ષિણ-પૂર્વ એશિયાના મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોમાં સૌથી વધુ જોવા મળી છે, જ્યાં સ્થાનિક ઓપરેટરોની વિનંતી હોવા છતાં કે તેમના ધંધા-રોજગારો અને કેટલીક ફાસ્ટ-ફૂડ ચેન અને તેમની ફ્રેન્ચાઈઝી કાયમી બંધ થઈ છે. મલેશિયા અને ઈન્ડોનેશિયાએ ઈઝરાયેલી ઉત્પાદનોના બહિષ્કારની આગેવાની લીધી છે.

મલેશિયા અને દક્ષિણ-પૂર્વ એશિયાના અન્ય ભાગોમાં KFC માટે ફ્રેન્ચાઈઝ ધારક, QSR બ્રાન્ડ્સે જાહેરાત કરી છે કે તે સમગ્ર દેશમાં ૧૦૦થી વધુ KFC આઉટલેટ્સ અસ્થાયી ધોરણે બંધ કરી રહી છે, કારણ કે તે વ્યાપાર ખર્ચનું સંચાલન કરવા અને ઉચ્ચ સંલગ્નતા ઝોન પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે. આ પગલું ફ્રાઈડ ચિકન સંસ્થા સામે મલેશિયામાં બહિષ્કારને લીધે લેવામાં આવ્યું છે. BDS નેશનલ કમિટીના ઉત્તર અમેરિકા સંયોજક લુકાઅબુફરાહે ધ્યાન દોર્યું હતું કે BDSએ પેલેસ્ટીની માનવ અધિકારો સાથે તેમની એકતાને અમલમાં મૂકવા માટે લોકો માટે આ સૌથી અસરકારક માર્ગ છે. પરંતુ અસરગ્રસ્ત ફાસ્ટ-ફૂડ ચેઈન્સની સ્થાનિક ફ્રેન્ચાઈઝીઓએ દલીલ કરી છે કે બહિષ્કારથી માત્ર સ્થાનિક સમુદાયો અને કર્મચારીઓને જ નુકસાન થશે. QSR બ્રાન્ડ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મલેશિયાના સમુદાયમાં સકારાત્મક યોગદાન આપવું, KFC માટે બ્રાન્ડ પ્રેમ જાળવી રાખવો અને બ્રાન્ડના કર્મચારીઓનું રક્ષણ કરવું એ સંસ્થાની પ્રાથમિકતા છે. મલેશિયામાં તેના ૧૮,૦૦૦ કર્મચારીઓમાંથી લગભગ ૮૫% મુસ્લિમ છે અને તેમણે તેમના મલેશિયન મૂળ અને ઈમાનદારી અને સખત મહેનત સાથે મલેશિયાના અર્થતંત્રને મજબૂત બનાવ્યું છે. કેએફસીએ મલેશિયામાં તેની કામગીરી ઘટાડી છે, યુએસ સાથે જોડાયેલા વ્યવસાયોના સતત પેલેસ્ટીન તરફી બહિષ્કારના મહિનાઓ પછી તેની લગભગ ૨૦% રેસ્ટોરન્ટ્સ અસ્થાયી ધોરણે બંધ કરી દીધી છે. QSR બ્રાન્ડએ દેશભરમાં ૧૦૮ આઉટલેટની કામગીરી સ્થગિત કરી રહી છે. તેણે વધતા વ્યાપાર ખર્ચનું સંચાલન કરવા અને વધુ વ્યસ્ત KFC સ્ટોર્સ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે અસ્થાયી ધોરણે આઉટલેટ્સ બંધ કરવા માટે સક્રિય પગલાં લીધાં છે. કંપનીએ જણાવ્યું હતું. કુઆલાલંપુરના જાલાન ઈપોહ, જાલાન સુલતાન અને તમન મેલાવતી વિસ્તારોના આઉટલેટ્સ અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા હતા. સ્ટોર્સના કામદારોએ જણાવ્યું હતું કે ઓછા ગ્રાહકોને કારણે આ એક અઠવાડિયા પહેલા બંધ થઈ ગયા હતા. KFC લક્ષ્યાંકિત કંપનીઓની BDS યાદીમાં ન હોવા છતાં, ઘણા મલેશિયનો કોઈપણ અમેરિકન ફાસ્ટ-ફૂડ ઑપરેટરને KFC સહિત ઈઝરાયેલ સાથે સંબંધિત ગણે છે. ઑક્ટોબર ૨૦૨૩માં બહિષ્કાર શરૂ થયો ત્યારથી, KFCએ તેની બ્રાન્ડિંગ વ્યૂહરચના બદલી છે.

કેદાહ રાજ્યમાં, ૧૧ આઉટલેટ્સ બંધ કરી દીધા છે અને તેમના સ્ટાફના પગારમાં ઘટાડો કર્યો છે. કેએફસી અને કેટલીક અન્ય યુ.એસ.-સ્થિત બ્રાન્ડ્સ જેમ કે સ્ટારબક્સ અને મેકડોનાલ્ડ્સને પણ ઝિઓનિસ્ટ ઈઝરાયેલ સાથે તેમની કથિત




લિંકને કારણે બહિષ્કારનો સામનો કરવો પડી રહ્યો છે. મલેશિયામાં ૪૦૦ સ્ટારબક્સ સ્ટોરની માલિકી ધરાવતા બર્જાયા ફૂડએ ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં ૮.૯૫ મિલિયન યુએસ ડૉલરની ખોટ નોંધાવી હતી, જેમાં માલિક વિન્સેન્ટ ટેન કંપનીને ખાનગી લેવાનું વિચારે છે. QSR સિંગાપોર, બ્રુનેઈ અને કંબોડિયામાં KFC રેસ્ટોરન્ટ્સ તેમજ મલેશિયા અને સિંગાપોરમાં ૪૮૦થી વધુ પિઝા હટ સ્ટોર્સ પણ ચલાવે છે.

ઉત્તર-પૂર્વ કેલન્ટન રાજ્ય લગભગ ૮૦% અથવા ૨૧ જેટલા આઉટલેટ્સ અસરગ્રસ્ત છે, જેણે તેમની કામગીરી અટકાવી દીધી છે, ત્યારબાદ જોહોરમાં ૧૫ આઉટલેટ્સ છે. મલેશિયામાં સૌથી વધુ ઔદ્યોગિક રાજ્ય સેલંગોર, ૧૧ શાખાઓ અસ્થાયી રૂપે બંધ છે. ઑક્ટોબરમાં તેની ઈઝરાયેલ ફ્રેન્ચાઈઝીએ જાહેરાત કરી હતી કે તેણે ઈઝરાયેલી સેનાને હજારો સૈનિકોને મફત ભોજન આપ્યું છે તે પછી મેકડોનાલ્ડ્સના વેચાણમાં ઘટાડો થયો હતો. મેકડોનાલ્ડ્સને મધ્ય પૂર્વમાં બહિષ્કારની સૌથી વધુ અસર થઈ છે, મલેશિયા અને ઈન્ડોનેશિયા જેવા બજારો અને ફ્રાન્સના ભાગોમાં જ્યાં મુસ્લિમ વસ્તી વધુ છે ત્યાં અસર થઈ છે. મેકડોનાલ્ડ્સે જણાવ્યું છે કે મધ્ય પૂર્વમાં યુદ્ધની અસર જાપાન, લેટિન અમેરિકા અને યુરોપમાં સકારાત્મક તુલનાત્મક વેચાણને સરભર કરે છે.

તુર્કીએ ગાઝામાં દેશની ચાલી રહેલી સૈન્ય કાર્યવાહીને ટાંકીને ઈઝરાયેલમાં તમામ આયાત અને નિકાસ સ્થગિત કરી દીધી હતી અને જ્યાં સુધી ઈઝરાયેલી સરકાર ગાઝામાં માનવતાવાદી સહાયના પ્રવાહને મંજૂરી ન આપે ત્યાં સુધી આ પગલાં ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી.

નોંધપાત્ર વિકાસમાં, અલ-કુદ્સ અને પેલેસ્ટીન માટે સંસદીય સભ્યોની લીગની પાંચમી કોન્ફરન્સની સમાપ્તિની ઘોષણા, જે ૨૬થી ૨૮ એપ્રિલ દરમિયાન ઈસ્તંબુલમાં તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપતૈયપ એર્દોગન અને ગ્રાન્ડ નેશનલ એસેમ્બલીના સ્પીકરની ભાગીદારી સાથે યોજાઈ હતી. તુર્કી, નુમાનકુર્તુલમુસ, ઈઝરાયેલ સામે વૈશ્વિક બહિષ્કાર આંદોલનને સમર્થન આપ્યું છે.

વૈશ્વિક બહિષ્કાર ચળવળને સમર્થન આપનાર સહભાગીઓ ઈઝરાયેલના કબજાને આ ક્ષેત્રમાં શાંતિ માટે સૌથી મોટો અવરોધ માને છે અને કહે છે કે, ઝિઓનિસ્ટ વિચારધારા વિશ્વ શાંતિ માટે સૌથી મોટો ખતરો છે અને તે તમામ માનવતાવાદી મૂલ્યોનું ઉલ્લંઘન કરે છે. આ ઘોષણામાં યુ.એસ. અને કેટલાક પશ્ચિમી દેશો દ્વારા ઈઝરાયેલને લશ્કરી અને આર્થિક રીતે ટેકો આપવાના પ્રયાસોની નિંદા કરવામાં આવી હતી અને ગાઝાના રહેવાસીઓને પૂરતા ખોરાક, પીવાના પાણી અને તબીબી સહાય માટે હાકલ કરવામાં આવી હતી. ઘોષણામાં ઉલ્લેખિત મુદ્દાઓમાં નિર્દોષ લોકોને બચાવવા, ગુનાખોરી અને વિનાશને રોકવા માટે પેલેસ્ટીન સામેના યુદ્ધને તાત્કાલિક સમાપ્ત કરવાની હાકલનો સમાવેશ થાય છે.

# અમેરિકા પછી હવે કેનેડા, ફ્રાન્સ, મેક્સિકો, ઓસ્ટ્રેલિયામાં પેલેસ્ટીન તરફી વિદ્યાર્થીઓનો વિરોધ પ્રસર્યો

(એજન્સી) તા.૪

યુ.એસ. વિદ્યાર્થીઓ પરના ક્રેકડાઉન અને ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધથી વધતા જતા મૃત્યુઆંક વચ્ચે કેનેડા, ફ્રાન્સ, મેક્સિકો અને ઑસ્ટ્રેલિયા સહિત વિશ્વભરના ઘણા દેશોમાં પેલેસ્ટીન તરફી વિદ્યાર્થીઓ વિરોધ ઉગ્ર બન્યો છે. શુક્રવારે કેટલાક વિદ્યાર્થીઓએ ફ્રાન્સની રાજધાની પેરિસમાં સાયન્સ પો યુનિવર્સિટીની મુખ્ય ઈમારતોમાં ત્યાં રાતે ધરણા કર્યા હતા. વિરોધીઓમાંના એક જેકે, ઈઝરાયેલ સાથેના યુદ્ધ અને શૈક્ષણિક સંબંધો અંગે સંસ્થાના નેતૃત્વ અને વિદ્યાર્થીઓ વચ્ચેની ચર્ચાના સંદર્ભમાં રોઈટર્સને એક ટેક્સ્ટ સંદેશમાં કહ્યું કે, "નેતૃત્વ સાથેની વાટાઘાટોમાં કોઈ પ્રગતિ થઈ રહી નથી." સાયન્સ પોના ડિરેક્ટરે ગુરૂવારે ઈઝરાયેલી યુનિવર્સિટીઓ સાથે શાળાઓના સંબંધોની સમીક્ષા કરવાની વિરોધીઓની માંગને નકારી કાઢી હતી. પ્રદર્શનકારીઓ વતી એક વિદ્યાર્થીએ જણાવ્યું કે, ઓછામાં ઓછા એક વ્યક્તિએ ભૂખ હડતાલ કરી છે. સ્થાનિક અખબાર લે પેરિસિયન અને રેડિયો ફ્રાન્સ ઈન્ટર દ્વારા ટાંકવામાં આવેલા આંતરિક મેમો અનુસાર, ચર્ચા તણાવ ઘટાડવામાં નિષ્ફળ થયા પછી સાયન્સ પો યુનિવર્સિટી શુક્રવારે દિવસ માટે બંધ કરવામાં આવી હતી અને તેના સ્ટાફને ઘરેથી કામ કરવા માટે કહેવામાં આવ્યું હતું. ચુનંદા રાજકીય વિજ્ઞાન યુનિવર્સિટી આ અઠવાડિયે ઘણી ફ્રેન્ચ શાળાઓમાં પેલેસ્ટીન તરફી વિરોધની લહેરનું કેન્દ્ર બની હતી. કેનેડામાં યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો, કોલંબિયા યુનિવર્સિટી ઓફ ઓટાવા અને મેકગિલ યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ બ્રિટીશમાં વિદ્યાર્થીઓએ દેશના કેટલાક મોટામાં પેલેસ્ટીન તરફી શિબિરો ઉભા કર્યા છે. તેઓ ઈઝરાયેલ સાથેના સંબંધો ધરાવતા જૂથોમાંથી યુનિવર્સિટીઓને અલગ કરવાની માંગ કરે છે. ક્વિબેકના પ્રીમિયર ફ્રાક્રોઈસ લેગૉલ્ટે ગુરૂવારે કહ્યું હતું કે, મોન્ટ્રીયલના મેકગિલ ખાતેના છાવણીને તોડી પાડવી જોઈએ. લેગોલ્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "અમે ઈચ્છીએ છીએ કે કેમ્પને તોડી પાડવામાં આવે. અમને પોલીસ પર વિશ્વાસ છે તેમને તેમનું કામ કરવા દો." કાયદા અમલીકરણ ગુરૂવારે સાંજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. ગુરૂવારે સવારે, ટોરોન્ટો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ શાળાના ડાઉનટાઉન કેમ્પસમાં એક છાવણીની સ્થાપના કરી હતી જ્યાં લગભગ ૧૦૦ વિરોધીઓ ડઝનેક તંબુઓ સાથે એકઠા થયા હતા. આયોજકોની માંગણી છે કે, જ્યાં સુધી યુનિવર્સિટી તેના રોકાણો જાહેર ન કરે, ઈઝરાયેલી રંગભેદ, કબજો અને પેલેસ્ટીનના ગેરકાયદેસર વસાહતને ટકાવી રાખતા અને કેટલીક ઈઝરાયેલી શૈક્ષણિક સંસ્થાઓ સાથેના સંબંધો તોડી નાખે ત્યાં સુધી આ છાવણી રહેશે. ગુરૂવારે પણ ડઝનેક પ્રો-પેલેસ્ટીની વિદ્યાર્થીઓએ દેશની સૌથી મોટી મેક્સિકોની નેશનલ ઓટોનોમસ યુનિવર્સિટીની હેડ ઓફિસની સામે ધામા નાખ્યા, 'પેલેસ્ટીન દીર્ઘજીવંત રહો'ના નારા લગાવ્યા હતા. તેઓએ તેમની સરકારને ઈઝરાયેલ સાથેના રાજદ્વારી અને વ્યાપારી સંબંધો તોડવા વિનંતી કરી અને યુ.એસ.માં તેમના સમકક્ષો માટે તેમનો ટેકો જાહેર કર્યો હતો. ફિલોસોફીના ૧૯ વર્ષીય એક વિદ્યાર્થી વેલેન્ટિનો પીનોએ કહ્યું, "અમે અહીં પેલેસ્ટીનને પેલેસ્ટીનમાં રહેલા લોકોને અને યુનાઈટેડ સ્ટેટ્સમાં વિદ્યાર્થી શિબિરોને સમર્થન આપવા માટે છીએ."

ઓસ્ટ્રેલિયામાં પણ શુક્રવારે પેલેસ્ટીનના સમર્થનમાં વિરોધ જોવા મળ્યો હતો. યુનિવર્સિટી ઓફ સિડની ખાતે, સેંકડો પ્રો-પેલેસ્ટીની વિરોધીઓ ઈઝરાયેલના ડઝનેક સમર્થકોને મળ્યા હતા જેઓ પેલેસ્ટીન તરફી શિબિરને બળજબરીથી તોડી પાડવાની હાકલ કરી રહ્યા છે. પેલેસ્ટીની તરફી પ્રદર્શનકારીઓએ દસ દિવસથી યુનિવર્સિટી ઓફ સિડનીની ગોથિક સેન્ડસ્ટોન ઈમારતની સામે છાવણી કરી છે, જે ઓસ્ટ્રેલિયન એકેડેમિયાનો




ગઢ છે. તેઓ સિડની યુનિવર્સિટી પાસે ઈઝરાયેલી સંસ્થાઓ સાથેના સંબંધોને તોડી નાખવા અને શસ્ત્ર કંપનીઓના ભંડોળને નકારવાની પણ માંગ કરે છે. શિબિરના આયોજકોએ કહ્યું કે તેઓ યુએસ વિરોધથી પ્રેરિત છે. ૨૪ વર્ષીય કલા અને વિજ્ઞાનના વિદ્યાર્થી અને આયોજકોમાંના એક, ડીગલાન ગોડવિને જણાવ્યું હતું કે, "ન્યુ યોર્કની કોલંબિયા યુનિવર્સિટીએ અમને અમારી પોતાની શિબિર સ્થાપવા માટે પ્રેરણા આપી છે." તેમણે એ પણ નોંધ્યું કે "કોલંબિયા યુનિવર્સિટીમાં વિરોધ પ્રદર્શન, પોલીસ ક્રેકડાઉન અને સામૂહિક ધરપકડનું દશ્ય એ પણ એક ચેતવણી જ હતી. કોલંબિયા, હવે એક ચેતવણી છે જેને સરકાર પેલેસ્ટીની વિરોધીઓને નીચે પાડવા માટે ઘાતક, ઘાતકી બળનો ઉપયોગ કરવા તૈયાર છે." પેલેસ્ટીન તરફી પ્રદર્શનો ૧૭ એપ્રિલના રોજ ન્યુયોર્ક સિટીમાં કોલંબિયા યુનિવર્સિટીમાં શરૂ થયા હતા અને આ સદીના અન્ય કોઈપણ કરતા વિપરીત વિદ્યાર્થીઓના આંદોલનમાં યુ.એસ.ના અન્ય કેમ્પસમાં ફેલાઈ ગયા હતા. એસોસિએટેડ પ્રેસે અહેવાલ આપ્યો છે કે, તાજેતરના અઠવાડિયામાં સમગ્ર દેશમાં કોલેજ કેમ્પસમાં પેલેસ્ટીન તરફી વિરોધ પ્રદર્શન દરમિયાન યુએસ પોલીસે લગભગ ૨,૨૦૦ લોકોની ધરપકડ કરી હતી. વિદ્યાર્થીઓ ગાઝા પર ઈઝરાયેલના નરસંહાર યુદ્ધનો અંત લાવવા અને ઈઝરાયેલી શાસનને ટેકો આપતી કંપનીઓમાંથી શાળાઓને અલગ કરવાની માંગ કરી રહ્યા છે. પેલેસ્ટીની પ્રતિકાર ચળવળ હમાસ દ્વારા ઈઝરાયેલી શાસનના દાયકાઓના જવાબમાં કબજે કરનાર એન્ટિટી સામે આશ્ચર્યજનક ઓપરેશન અલ-અક્સા સ્ટ્રોમ ચલાવ્યા પછી ઈઝરાયેલે ઓકટોબર ૭ના રોજ ગાઝા પર યુદ્ધ શરૂ કર્યું હતું. જેમાં પેલેસ્ટીનીઓ સામે રક્તપાત અને વિનાશની લાંબી ઝુંબેશ ચલાવી હતી. તેલ અવીવે, ગાઝા માટે પાણી, ખોરાક અને વીજળી પણ અવરોધિત કરી છે, દરિયાકાંઠાની પટ્ટી માનવતાવાદી કટોકટીમાં ડૂબી ગઈ છે. આક્રમણની શરૂઆતથી તેલ અવીવ શાસને ઓછામાં ઓછા ૩૪,૫૯૬ પેલેસ્ટીનીઓને મારી નાખ્યા છે અને ૭૭,૮૧૬ અન્ય ઘાયલ કર્યા છે.

# ગાઝામાં દરરોજ ઓછામા ઓછાં ૩૭ બાળકો તેમની માતા ગુમાવે છે : UNRWA







(એજન્સી) નવી દિલ્હી, તા.૪

૭ ઓકટોબર, ૨૦૨૩ના રોજ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધની શરૂઆત થઈ ત્યારથી ગાઝા પટ્ટીમાં દરરોજ સરેરાશ ૩૭ પેલેસ્ટીની બાળકો તેમની માતા ગુમાવે છે. એજન્સી અહેવાલ અનુસાર પટ્ટીમાં ૧૦,૦૦૦થી વધુ મહિલાઓના મોત થયા છે અને ૧૯,૦૦૦ ઘાયલ થયા છે. ગાઝા પટ્ટીમાં ૧,૫૫,૦૦૦થી વધુ સગર્ભા અથવા સ્તનપાન કરાવતી સ્ત્રીઓ માટે જીવનની સ્થિતિ ભયાવહ છે, કારણ કે તેમને પાણી અને સ્વચ્છતા પુરવઠો મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અડધા વર્ષથી વધુ સમયથી ઈઝરાયેલ ગાઝા પર યુદ્ધમાં વ્યસ્ત છે, જેના કારણે દરિયાકાંઠાના વિસ્તારમાં વ્યાપક મૃત્યુ અને વિનાશ થઈ રહ્યો છે. ૭ ઓકટોબરથી ગાઝામાં ૩૪,૬૦૦થી વધુ પેલેસ્ટીની માર્યા ગયા છે અને ૭૭,૮૦૦થી વધુ ઘાયલ થયા છે જેમાંથી



મોટાભાગની મહિલાઓ અને બાળકો છે.

# ૨૧૦ દિવસ પહેલા ઈઝરાયેલી હુમલા શરૂ થયા ત્યારથી ગાઝામાં ૧૦,૦૦૦ લોકો ગુમ થયા

(એજન્સી) તા.૪

પેલેસ્ટીની પ્રદેશોના સ્થાનિક અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગયા વર્ષે ૭ ઓકટોબરથી ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના હુમલાને કારણે લગભગ ૧૦,૦૦૦ લોકો કાં તો ગુમ છે અથવા કાટમાળમાં ફસાયેલા છે. ગાઝામાં સરકારી મીડિયા ઓફિસે એક નિવેદનમાં જણાવ્યું કે, "૭ ઓકટોબરથી ઈઝરાયેલી દળોએ ગાઝા પટ્ટીમાં ૩,૦૭૦ નરસંહાર કર્યા છે." નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ઈઝરાયેલી દળોના હુમલામાં કુલ ૧૪,૯૪૪ બાળકો અને ૯,૮૪૯ મહિલાઓના મોત થયા છે. ગાઝામાં મૃત્યુ પામેલા પેલેસ્ટીનીઓની સંખ્યા ૩૪,૬૨૨ પર પહોંચી ગઈ છે, જ્યારે હોસ્પિટલમાં દાખલ ઘાયલોની કુલ સંખ્યા ૭૭,૮૬૭ છે. તે ભારપૂર્વક જણાવે છે કે ગાઝામાં ઈઝરાયલી હુમલાઓના સંપર્કમાં આવેલા લોકોમાંથી ૭૨% મહિલાઓ અને બાળકો હતા. તેમાં જણાવવામાં આવ્યું છે કે અવરોધિત વિસ્તારમાં કુપોષણ અને પ્રવાહીના અભાવને કારણે અત્યાર સુધીમાં લગભગ ૩૦ બાળકોના મોત થયા છે. ઈઝરાયેલી દળોએ ચાલુ હુમલાથી ૭૫,૦૦૦ ટનથી વધુ વિસ્ફોટકોનો ઉપયોગ કર્યો છે, નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, હુમલા ગાઝાના આરોગ્ય ક્ષેત્રને લક્ષ્યાંક બનાવે છે, જેમાં આશરે ૪૯૨ આરોગ્ય સંભાળ કર્મચારીઓ અને ૬૮ નાગરિક સંરક્ષણ કર્મચારીઓ મૃત્યુ પામ્યા છે. મીડિયા ઓફિસે જણાવ્યું કે, ઈઝરાયેલી સૈનિકો દ્વારા હોસ્પિટલો પર દરોડા પાડવામાં આવ્યા છ સામૂહિક કબરોમાંથી ૪૭૧ પેલેસ્ટીનીઓના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. તેણે એમ પણ જણાવ્યું કે લગભગ ૧૧,૦૦૦ ઘાયલોની હાલત ગંભીર છે અને તેમને વિદેશમાં સારવારની જરૂર છે, જ્યારે ૧૦,૦૦૦ કેન્સરના દર્દીઓને અપૂરતી આરોગ્ય સંભાળને કારણે મૃત્યુનું જોખમ છે. નિવેદનમાં



જણાવવામાં આવ્યું છે કે ગાઝામાં ડોક્ટરોએ ચેપી રોગોના આશરે ૧૦,૯૫,૦૦૦ કેસ અને હેપેટાઈટિસ છના ૨૦,૦૦૦થી વધુ કેસોનું નિદાન કર્યું છે, જે ઈઝરાયેલના આક્રમણને કારણે નાગરિકોના સામૂહિક વિસ્થાપન તરફ નિર્દેશ કરે છે. નિવેદન અનુસાર, આરોગ્ય સંભાળના અભાવને કારણે લગભગ ૬૦,૦૦૦ સગર્ભા સ્ત્રીઓ જોખમમાં છે, તેમજ દવાના અભાવને કારણે ૩,૫૦,૦૦૦ લોકો લાંબા ગાળાના રોગોથી પીડિત છે. તેણે જણાવ્યું હતું કે ઈઝરાયેલી દળોએ તેમના હુમલા શરૂ કર્યા ત્યારથી ગાઝામાં ૫,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓને અટકાયતમાં લીધા છે. નિવેદનમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે ઈઝરાયેલી સૈનિકોએ ૩૧૦ આરોગ્ય કર્મચારીઓ અને ૨૦ પત્રકારોની અટકાયત કરી છે, જ્યારે ગાઝાની ૨૦,૩૦,૦૦૦ વસ્તીમાંથી ૨૦ લાખ લોકો વિસ્થાપિત થયા છે. તે કહે છે કે ઈઝરાયેલના હુમલાથી ગાઝા પટ્ટીમાં અત્યાર સુધીમાં ૩૩ અબજ ડોલરનું સીધું નુકસાન થયું છે.

# પેલેસ્ટીન તરફી વિદ્યાર્થીઓએ પ્રિન્સટન યુનિવર્સિટીમાં ભૂખ હડતાળ શરૂ કરી

(એજન્સી) વોશિંગ્ટન, તા.૪

પ્રિન્સટન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના એક જૂથે શુક્રવારના રોજ ન્યૂ જર્સીની આઈવી લીગ સ્કૂલમાં તેમની માંગણીઓ પૂરી કરવા માટે વહીવટકર્તાઓ પર દબાણ કરવા માટે ભૂખ હડતાળ શરૂ કરી હતી. વિરોધમાં ભાગ લેનાર એક વિદ્યાર્થીએ ટ્વિટર પર પોસ્ટ કરેલા વીડિયોમાં જણાવ્યું હતું, આ હડતાલ ઈઝરાયેલથી વિભાજન અને વિનિવેશ માટેની અમારી માંગણીઓને સંતોષવા માટે વહીવટીતંત્રના ઈનકારનો પ્રતિસાદ છે. તેણે કહ્યું, અમે યુનિવર્સિટી વહીવટીતંત્રની ધાકધમકી અને દમનની યુક્તિઓથી ચુપ રહેવાનો ઈનકાર કરીએ છીએ. અમે પેલેસ્ટીનના લોકો સાથે એકતામાં સંઘર્ષ કરીએ છીએ. અમે તેમની મુક્તિ માટે અમારા શરીરને સમર્પિત કરીએ છીએ. તે સ્પષ્ટ નથી કે વિદ્યાર્થીઓ કેટલા સમય સુધી ભૂખ હડતાળ કરશે, પરંતુ નવા વિદ્યાર્થીઓ માટે સાઈન-અપ શીટ જણાવે છે કે લોકો સંપૂર્ણ ૭ દિવસની ભૂખ હડતાલ માટે જોડાઈ શકે છે. જે વિદ્યાર્થીઓએ જાહેરાત કરી હતી તેઓએ જણાવ્યું હતું કે, તેઓ જ્યાં સુધી નીચેની માંગણીઓ સંતોષવામાં ન આવે ત્યાં સુધી વિરોધ કરશે. સહભાગીઓ ૨૪ કલાકની શિફ્ટ પણ પસંદ કરી શકે છે, જેમાં તેઓ ખાશે નહીં. પાણી અને ઈલેક્ટ્રોલાઈટ્સની મંજૂરી છે. માંગણીઓમાં જાહેરાત, વિનિવેશ અને ઈઝરાયેલનો સંપૂર્ણ શૈક્ષણિક અને સાંસ્કૃતિક બહિષ્કાર, વિરોધીઓ માટે સંપૂર્ણ માફી અને તમામ પ્રતિબંધો અને વિદ્યાર્થીઓની હકાલપટ્ટીને ઉલટાવી દેવાની ચર્ચા કરવા માટે વિદ્યાર્થીઓ સાથે બેઠકનો સમાવેશ થાય




છે. વિરોધનો તાજેતરનો તબક્કો ૩૦ એપ્રિલના રોજ પ્રિન્સટન યુનિવર્સિટીમાંથી ૧૨ અને પ્રિન્સટન થિયોલોજિકલ સેમિનરીમાંથી એક સહિત ૧૩ વિદ્યાર્થીઓની ધરપકડ અને વહીવટી બિલ્ડીંગમાં કેમ્પસમાં ધરણા કરતી વખતે તેમના પર ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યા પછી આવ્યો હતો. કોલંબિયા યુનિવર્સિટીએ ન્યુયોર્ક પોલીસ વિભાગને કેમ્પસના લૉન પર છાવણી ગોઠવનારા વિદ્યાર્થીઓના જૂથને બળજબરીથી બહાર કાઢવા માટે કહ્યું તે પછી રાષ્ટ્રવ્યાપી દેખાવોએ ગયા મહિને વેગ પકડ્યો હતો. ૧૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ વિરોધીઓએ ઝડપથી અનુકૂલન કર્યું અને બીજી ધરણા કરી હતી, જે મંગળવારે હટાવવામાં આવી હતી.

# ગાઝાના પ્રસિદ્ધ ડોક્ટરનું ઈઝરાયેલની જેલમાં અત્યાચાર બાદ મૃત્યુ

(એજન્સી) તા.૪

રોઈટર્સ અહેવાલ મુજબ, એક વરિષ્ઠ પેલેસ્ટીની ડોક્ટરનું ચાર મહિનાથી વધુની અટકાયત પછી ઈઝરાયેલી જેલમાં મૃત્યુ થયું હતું, પેલેસ્ટીની કેદી સંગઠનોએ તેમના મૃત્યુ માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવ્યું હતું.

સંગઠનોએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, ગાઝાની સૌથી મોટી તબીબી સુવિધા અલ શિફા હોસ્પિટલના હાડકાંના રોગના વડા અદનાન અલ-બુર્શને ઉત્તર ગાઝાની અલ-અવદા હોસ્પિટલમાં કામ કરતી વખતે અસ્થાયી રૂપે ઈઝરાયેલી દળો દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા હતા.



સંગઠને તેમના મૃત્યુને 'હત્યા' ગણાવ્યું અને કહ્યું કે, તેમનું શરીર હજુ પણ ઈઝરાયેલના કબજામાં છે.

ઈઝરાયેલના સૈન્ય પ્રવક્તાએ જણાવ્યું હતું કે, જેલ સેવાએ ૧૯ એપ્રિલના રોજ બુર્શને મૃત જાહેર કર્યા હતા, રાષ્ટ્રીય સુરક્ષાના કારણોસર તેમને ઓફર જેલમાં અટકાયતમાં રાખવામાં આવ્યો હતો. પ્રવક્તાએ મૃત્યુના કારણ અંગે ટિપ્પણી કરી ન હતી.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન સહિતના તબીબી જૂથોએ ગાઝા આરોગ્યસંભાળ કામદારો પરના હુમલાઓને રોકવા માટે વારંવાર હાકલ કરી છે, ઈનસિક્યોરિટી ઈન્સાઈટના અંદાજ મુજબ, ગાઝા સંઘર્ષમાં અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બુર્શના મૃત્યુ પછી ૭ ઓકટોબરથી ઈઝરાયેલ દ્વારા માર્યા ગયેલા તબીબી ક્ષેત્રના કર્મચારીઓની સંખ્યા વધીને ૪૯૬ થઈ ગઈ છે. જેમાં અન્ય ૧૫૦૦ કર્મચારીઓ ઘાયલ થયા હતા, જ્યારે ૩૦૯ની ધરપકડ કરવામાં આવી હતી.

ઈઝરાયેલ હમાસ પર લશ્કરી હેતુઓ માટે હોસ્પિટલોનો ઉપયોગ કરવાનો આરોપ મૂકે છે અને ઈઝરાયેલે કહ્યુ કે, હોસ્પિટલમાં લડવૈયાઓની હાજરીને કારણે તેમની સામેની કાર્યવાહીને ન્યાયી છે. હમાસ અને તબીબી સ્ટાફ આરોપોને નકારે છે. પેલેસ્ટીની બોર્ડર્સ એન્ડ ક્રોસિંગ એજન્સીએ જણાવ્યું હતું કે, અગાઉ ઈઝરાયેલી સત્તાવાળાઓએ ૬૪ પેલેસ્ટીનીઓને મુક્ત કર્યા હતા જેમને ગાઝામાં તેમના લશ્કરી આક્રમણ દરમિયાન ઈઝરાયેલ દ્વારા નિયંત્રિત કરમ અબુ સાલેમ ક્રોસિંગ દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

કેદીઓના સંગઠનોએ જણાવ્યું હતું કે, તેમાંથી એક વ્યક્તિનો મૃતદેહ પરત કર્યો હતો જે અટકાયતમાં મૃત્યુ પામ્યો હતો. અન્ય એક મુક્ત કરાયેલ કેદી ગંભીર હાલતમાં હતો અને આગમન પર તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

યુએન એજન્સીના કેટલાક કર્મચારીઓ સહિત છેલ્લા મહિનાઓમાં ઈઝરાયેલ દ્વારા મુક્ત કરાયેલા ડઝનેક પેલેસ્ટીનીઓએ અટકાયત દરમિયાન તેમની સાથે અત્યાચારના વર્તન તેમજ તેમની સાથે ખોરાક અને ઊંઘની વંચિતતા જેવા ખરાબ વર્તન કર્યા હોવાની જાણ કરી હતી. બે નવા મૃત્યુથી યુદ્ધની શરૂઆતથી ઈઝરાયેલી કસ્ટડીમાં મૃત્યુ પામેલા કેદીઓનો આંકડો ૧૮ પર આવ્યો છે.

યુએન પેલેસ્ટીની રેફ્યુજી એજન્સીએ ૪ એપ્રિલ સુધીમાં ઈઝરાયેલી સત્તાવાળાઓ દ્વારા કરમ અબુ સાલેમ ક્રોસિંગ દ્વારા અટકાયતમાં લેવામાં આવેલા ૧૫૦૬ લોકોની મુક્તિનું દસ્તાવેજીકરણ કર્યું છે, જેમાં ૪૩ બાળકો અને ૮૪ મહિલાઓનો સમાવેશ થાય છે. ગાઝામાં ઈઝરાયેલની લશ્કરી કાર્યવાહી હમાસના ૭ ઓકટોબરના હુમલાથી શરૂ થઈ હતી, જેમાં ૧૨૦૦ લોકો માર્યા ગયા હતા અને ૨૫૩ને બંધક બનાવ્યા હતા. પેલેસ્ટીની ચિકિત્સકોના જણાવ્યા અનુસાર, અનુગામી ઈઝરાયેલી બોમ્બમારાથી ૩૩,૦૦૦થી વધુ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે અને ગાઝાના ૨૩ લાખ લોકોમાંથી મોટાભાગના લોકો વિસ્થાપિત થયા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# શા માટે ૨૦૨૪ એ ૧૯૭૭ પછી ભારતની સૌથી મહત્ત્વપૂર્ણ ચૂંટણી છે

દેશની ૧૮મી સામાન્ય ચૂંટણીમાં ભારતીયોએ મતદાન કરવાનું શરૂ કરી દીધું છે. અગાઉની ૧૭ ચૂંટણીઓમાંથી, બે ખાસ કરીને મહત્વપૂર્ણ હતી. એક પ્રથમ સામાન્ય ચૂંટણી હતી, જે ૧૯૫૧-૧૯૫૨માં યોજાઈ હતી. સંશયવાદીઓ દ્વારા તે કવાયતની વ્યાપકપણે મજાક ઉડાવવામાં આવી હતી જેઓ માનતા હતા કે ભારતીયો ખૂબ ગરીબ છે, ખૂબ વિભાજિત છે અને તેમના નેતાઓને પસંદ કરવાનો અધિકાર આપવા માટે ખૂબ અભણ છે.

એક મહારાજા, જે અનિચ્છા સાથે ભારતીય સંઘમાં જોડાયા હતા, તેમણે મુલાકાતે આવેલા અમેરિકન દંપતીને કહ્યું હતું કે અભણની ભૂમિમાં સાર્વત્રિક મતાધિકારને મંજૂરી આપતું કોઈપણ બંધારણ "પાગલપણું" છે. મદ્રાસના એક તંત્રીએ ફરિયાદ કરી કે "ખૂબ જ મોટી બહુમતી (પહેલીવાર) મતનો ઉપયોગ કરશેઃ ઘણાને ખબર નથી કે મત શું છે, તેઓએ શા માટે મત આપવો જોઈએ અને કોને મત આપવો જોઈએ; આ સમગ્ર સાહસને ઈતિહાસના સૌથી મોટા જુગાર તરીકે ગણવામાં આવે તેમાં કોઈ આશ્ચર્ય નથી." અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંગઠન સાપ્તાહિક, ઓર્ગેનાઈઝર, ઉચ્ચાધિકારથી ટિપ્પણી કરે છે કે "પંડિત નહેરુ ભારતમાં સાર્વત્રિક પુખ્ત મતાધિકારની નિષ્ફળતાની કબૂલાત કરવા માટે જીવશે."

બેંક ATMના ભાડાની આવક સાથે આણંદ રેલવે સ્ટેશન પાસે M. 9409078632

**પલોટ વેચવાનો છે**
ફઝેલ પાર્કમાં ફ્રન્ટ સાઈડ, જૂની શરતનો 400 + વારનો, મોકાનો પ્લોટ આપવાનો છે 9377786444

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK, 140 વારનો હવાઉજાસ વાળો, પહેલો માળ, અમન એપાર્ટમેન્ટ, સૈયદવાડાના નાકે, ખાનપુર 9825720928

**અરજન્ટ વેચવાનું છે**
3 BHK ફ્લેટ દારે સલામ ટાઈટલ ક્લિયર ટોપ લોકેશન નવું બાંધકામ 90 લાખ Akik Faooqui 9099421218 9099521218 Anis

**વોશિંગ મશીન વેચવાના છે**
છ નંગ, સેકન્ડ હેન્ડ, ફનલોડ, બંધ-ચાલુ કંડીશનમાં 9879784786

**Office For Sale**
580 Sq.ft Sun west Ashram Road Broker 9825415296

**Office For Sale**
670 sq.ft. old building Mithakhali Muslim Society Broker 9825415296

**Flat For Sale**
2 BHK Al-BURUJ Broker 9825415296

**Flat For Sale**
2/3 BHK, New building Broker 9825415296

**PLOT FOR SALE**
DHOLKA Broker 9825415296

**ફ્લેટ વેચવાનો છે**
1.5 BHK, 70 વાર, શાહપુર ચકલા, મોમનાવાડ 9909974031

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**ડુપ્લેક્ષ ભાડે આપવાનો છે**
2 BHK બે માળ ફોર વ્હીલ પાર્કિંગ જગ્યા હવા ઉજાસવાળું, પ્રાઈમ લોકેશન, ક્લાસિક પાર્કની સામે, સરકારી/કંપનીના કર્મચારી/નોકરિયાત માટે પ્રથમ પસંદગી, દલાલ માફ જુહાપુરા અમદાવાદ 9726768256

**વેચાણ આપવાનું છે**
4 BHK ફ્લેટ જથે માળે 240 વાર ફુલ્લી ફર્નિશ્ડ, ફુલ્લી ફર્નિચર સાથે ઘાંચી હોલ પાસે (1.35 CR) ગુલુચાચા 8141837313

જમીન-પ્લોટ-ગોડાઉન-દુકાન-બંગ્લોઝ-ટેનામેન્ટ-ફ્લેટ-ડુપ્લેક્ષ ભાડે-લે-વેચ સરખેજ-જુહાપુરા 8141837313 ગુલુચાચા

**હેવી ડિપોઝિટમાં આપવાનું છે**
(12 લાખ) 2 BHK- ફ્લેટ (125 વાર) વિશાલા પાસે 8141837313 ગુલુચાચા

**પ્રોપર્ટી ઓનર્સ**
ભાડે જોઈએ છે કોર્પોરેટ જોબ ફેમિલીઓ માટે 10,000-25,000 સુધી 9375963024

**ફુલ્લી ફર્નિશ્ડ 1 BHK ફ્લેટ ભાડે**
8000/રૂા + મેન્ટેનન્સ, કાદરી પાર્ટી પ્લોટ રોડ, અમદાવાદ (વિઝિટ ચાર્જ-૨૫૦/-રૂ) 9925445806

**ફ્લેટ વેચાણ આપવાનો છે**
2 BHK સેમી ફર્નિશ્ડ, 8મો માળ, પાલડી 9377786444

**તાત્કાલિક ભાડે આપવાના છે**
બાજુંબાજું 3 BHK (૨ ફેમિલી લાયક) ફ્લેટ પાલડી, કાગદીવાડમાં તાત્કાલિક સંપર્ક કરો wtsp : 9327646982 www.yourpropertysolution.in

ભાડાની આવકવાળી પ્રોપર્ટી ખરીદવા-વેચવા તથા અમદાવાદ કે ગુજરાતની કોઈપણ પ્રોપર્ટી ભાડે લે-વેચ માટે તાત્કાલિક સંપર્ક કરો WhatsApp 9327646982 www.yourpropertysolution.in

25000ની ચાલુ ભાડાની મહિનાની આવકવાળો 3 BHK ફ્લેટ પાલડી તથા 2 BHK જુહાપુરામાં તાત્કાલિક વેચવાનો છે. તાત્કાલિક સંપર્ક કરો 9327646982 www.yourpropertysolution.in

**ભાડે જોઈએ છે ફ્લેટ**
2/3 બેડરૂમ, જુહાપુરા, સરખેજ, દલાલ માફ 9377766742

**નરીમનપુરા**
1500 વારનો પ્લોટ N.A. ફુલ ટાઈટલ ક્લિયર રોડ ટચ પાર્ટી પ્લોટ/કાર વર્ક શોપ માટે બેસ્ટ 8000111855

**ટાઈટલ/દસ્તાવેજ પ્લોટ વેચાણ**
325 વાર નેટ, રોશન પાર્ક અલ-ફારૂક સોસાયટી પાસે, અમીન એસ્ટેટ 9376110059

**ટાઈટલ/દસ્તાવેજ દુકાનો વેચાણ**
મોતી બેકરી પાછળ, વિશાલા સર્કલ TP85માં અમીન એસ્ટેટ 9376110059

**1/2/3/ BHKફ્લેટ વેચાણ/ભાડે**
સરખેજ, પાલડી, કોચરબ, સિટી અમીન એસ્ટેટ 9376110059

**વેર હાઉસ-ખેડા હાઈવે**
3100 sq.ft. ચાલુ ભાડાની આવક સાથે વેચાણ આપવાનું છે Broker 9825415296

**લગ્ન વિષયક**

**લગ્ન વિષયક**
**યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો**
**19th Anniversary Special Offer**
ન્યુ મેમ્બરશીપ લો અથવા રિન્યુ કરાવો અને + 1 મહિનાની મેમ્બરશીપ તદ્દન FREE...FREE...FREE મેળવો ઓફર ફક્ત 31 May સુધી જ છે. Doctor/Engineer/C.A./Ph.D/M.Phil/Master Graduate/Government Employee/NRI/Business Familyના મુસ્લિમ યુવક-યુવતીઓના 6000થી વધુ Biodata જોવા અને વાલીઓને રૂબરૂ મળવા સંપર્ક કરો. 9825091851 www.ummbonline.com

લગ્નોત્સુક મુસ્લિમ યુવક-યુવતીઓના જીવનસાથીની શોધ જ્યાં પૂરી થાય છે Alhamdulilla : યુનિવર્સલ મુસ્લિમ મેરેજ બ્યુરો-ગાંધીનગર ઝુલેખા અન્સારી પ્લોટ 805 પંચશીલ પાર્ક, "હીર-કમલ" ફ્લેટની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર મળવાનો સમય 10-00 am to 6-00 pm રવિવાર : એપોઈન્ટમેન્ટથી 8980611162

સુન્ની સૈયદ વિધુર યુવક (બે બાળકોના પિતા) ઉ.વ.૪૩ માટે વિધુર કે ડાયવોર્સી નિ:સંતાન યુવતીઓના વાલીઓ સંપર્ક કરે 9925551905

**મુસ્લિમ મેરેજ બ્યુરો**
SSCથી ડોક્ટર, એન્જિનિયર, NRI યુવક-યુવતીઓનો ૨૧૯મો પસંદગી સમારંભ. ૧૨-૦૫-૨૦૨૪ રવિવારે સવારે ૧૧:૦૦. અંજુમને ઈસ્લામ હાઈસ્કૂલ, ગોલલીમડા. ૧૦૦૦થી વધુ બાયોડેટા જોવા માટે, દર સોમવારે રાત્રે ૮:૦૦થી ૧૦:૦૦ મુસ્લિમ મેરેજ બ્યુરો C/O સુલતાન એહમદ મુસ્લિમ યતીમખાના GPO સામે, સલાપસ રોડ, અમદાવાદ.

Beautiful educated Girl 21 from reputed family looking Business-man & reputed family only. Urgent Whatsapp 9327071001

**રિશ્તા મુસ્લિમ મેરેજ બ્યુરો**
15 વર્ષોથી સર્વોત્તમ સર્વિસ આપતું ગુજરાતનું એકમાત્ર મેરેજ બ્યુરો અમદાવાદ - 9375007734 ભરૂચ : 8320769719 www.rishtaforyou.com

સુન્ની મુસ્લિમ ૪૫ વર્ષ તલાકસુદા MCA અભ્યાસ વેલસેટ સારી આવક ધરાવતા યુવક માટે મુસ્લિમ યુવતી આવકાર્ય, 9898098504

**ગુજરાત ટુડે**
**આપની ટચૂકડી જાxખ નીચેના સેન્ટર ઉપર પણ આપી શકો છો**
**ગુજરાત ટુડે બ્યુરો સીટી ઓફિસનું સરનામું ઉસ્માની મંઝીલ, ખાનપુર ચકલા, અમદાવાદ**
**કિસ્મત બુક સ્ટોર : ૧૯૦/એ/૩, બાવરચી એસ્ટેટ, બુખારીસાહબ દરગાહ, જમાલપુર ક્રોસ રોડ, અમદાવાદ. મો.૯૮૨૫૦૭૫૬૮૯**
**જુહાપુરા ઓફિસ : ફિરદોસ સિમેન્ટ બેંક ઓફ બરોડાની સામે, સરખેજ જુહાપુરા રોડ, મો.9998880330**

# એક સમયે મિકેનિક તરીકે કામ કરનાર આ તમિલ અભિનેતા હવે પ્રતિ ફિલ્મ ૧૦૦ કરોડ કમાય છે

(એજન્સી) હૈદરાબાદ, તા.૪

ઘણા ભારતીય કલાકારો કે જેઓ સ્ટાર બન્યા અને ઉદ્યોગ પર રાજ કરી રહ્યા છે તેઓ મનોરંજન ઉદ્યોગમાં પ્રવેશતા પહેલાં વિચિત્ર નોકરીઓ કરતા હતા. આ યાદીમાં અન્ય એક અભિનેતા જોડાયા છે જેમણે ધો.૧૦ પૂરૂં કરતાં પહેલાં જ કોલેજ છોડી દીધી હતી. આ અભિનેતાએ એક સમયે મિકેનિક તરીકે કામ કર્યું હતું અને પછી કપડાની દુકાનમાં સેલ્સમેન તરીકે કામ કર્યું હતું. આ સ્ટાર બનેલ અભિનેતા હવે ફિલ્મ દીઠ જંગી ફી લે છે. તેઓ બીજું કોઈ નહીં પણ અજિતકુમાર છે.



અજિતકુમાર એક પ્રખ્યાત તમિલ અભિનેતા છે જેમણે ઘણી હિટ ફિલ્મોમાં પોતાના અભિનયથી દર્શકોને પ્રભાવિત કર્યા છે. એનફિલ્ડમાં કામ કરતા એક પારિવારિક મિત્ર દ્વારા અજિતે એપ્રેન્ટિસ તરીકે નોકરી મેળવી અને મિકેનિક બનવા માટે છ મહિનાની તાલીમ લીધી. જો કે, અજિતે આ નોકરી છોડી દીધી કારણ કે, તેમના પિતા ઈચ્છતા હતા કે તેઓ સારી નોકરી કરે. ત્યારપછી તેઓ અન્ય ફેમિલી ફ્રેન્ડના ગાર્મેન્ટ એક્સપોર્ટ બિઝનેસમાં એપ્રેન્ટિસ તરીકે જોડાયા. આખરે તેઓ એક બિઝનેસ ડેવલપર તરીકે વિકસિત થયા અને તેની અંગ્રેજી કુશળતા સુધારવા માટે સેલ્સ અસાઈનમેન્ટ માટે નિયમિતપણે દેશભરમાં પ્રવાસ કરતા હતા. અભિનેતાએ પોતાનો કાપડનો વ્યવસાય પણ શરૂ કર્યો જ્યાં તેઓ અન્ય ત્રણ ભાગીદારો સાથે કાપડ વેચતા. જો કે, ધંધો સારો ન ચાલ્યો અને અજિતને બીજી નોકરી શોધવી પડી. આ સમય દરમિયાન અજિતે તેમના કામની સાથે મોડલિંગ પણ કરવાનું શરૂ કર્યું. પીસી શ્રીરામે તેમને હર્ક્યુલસ સાયકલ અને મોટર કંપની માટે કોમર્શિયલ શૂટ કરતી વખતે જોયો અને આમ તેમણે એન વીદુ એન. કનાવરમાં એક મિનિટની ભૂમિકા સાથે તેની અભિનય કારકિર્દીની શરૂઆત કરી. એક ઈન્ટરવ્યુમાં અભિનેતાએ ખુલાસો કર્યો કે તેમને ફિલ્મ માટે તેની પ્રથમ પગાર તરીકે ૨૫૦૦ રૂપિયા મળ્યા હતા.

અભિનેતાએ પાછળથી સહાયક અભિનેતા તરીકે ઘણી ફિલ્મોમાં અભિનય કર્યો હતો પરંતુ મુખ્ય ભૂમિકા તરીકે તેની સૌથી વધુ વ્યવસાયિક રીતે સફળ ફિલ્મ રોમેન્ટિક થ્રિલર અસાઈ હતી અને તે પછી તેમણે પાછળ વળીને જોયું નથી. અજિતે એવી ઘણી ફિલ્મો કરી છે જેણે ૧૦૦ કરોડથી વધુની કમાણી કરી છે જેમ કે આરંભમ, વીરમ, વેદાલમ વગેરે.

આજે તેઓ તમિલ સિનેમાના સૌથી લોકપ્રિય અભિનેતાઓમાંના એક છે અને અહેવાલો મુજબ, અભિનેતા પ્રતિ ફિલ્મ ૧૦૪ કરોડ રૂપિયાની કમાણી કરે છે. જેનાથી તેઓ સૌથી વધુ કમાણી કરનારા તમિલ કલાકારોમાંનો એક બને છે.

# ભારતીય મદ્રેસામાં ધાર્મિક અને મુખ્ય પ્રવાહના શિક્ષણનું એકીકરણ અંગેની સંભાવનાઓ અને પડકારો માટે વર્કશોપનું આયોજન

(એજન્સી) તા.૪

આ વર્ષે ૧લી અને ૨જી મે, ૨૦૨૪ના રોજ બે દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનાર-કમ-વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભારતીય મદરેસાઓમાં ધાર્મિક અને મુખ્ય પ્રવાહના શિક્ષણના એકીકરણ પર ચર્ચા કરવામાં આવી હતી. નવી દિલ્હીમાં સેન્ટર ફોર રિસર્ચ દ્વારા આયોજિત હૈદરાબાદ સ્થિત એવરેસ્ટ એજ્યુકેશનલ એન્ડ વેલ્ફેર સોસાયટીના સહયોગથી જામિયા હમદર્દ (JH) ખાતે મદરેસા એજ્યુકેશન, ડિપાર્ટમેન્ટ ઓફ ઈસ્લામિક સ્ટડીઝ દ્વારા આ કાર્યક્રમમાં સમગ્ર ભારત અને વિદેશની વિવિધ મદ્રેસાઓમાંથી નિષ્ણાતો, વિદ્વાનો અને પ્રતિનિધિઓ આવ્યા હતા.



વર્કશોપની શરૂઆત પ્રશ્નોની શ્રેણી સાથે થઈ હતી જેમાં દરેક લોકોએ ચર્ચાઓમાં માર્ગદર્શન આપવા માટે ૧૨ પ્રશ્નોની

## ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના જનરલ સેક્રેટરી અને જમીયતુલ-હિદયા, જયપુરના રેક્ટર મૌલાના મોહમ્મદ ફઝલુર રહીમ મુજદ્દીદીએ 'ઉલમા'ની આર્થિક ભૂમિકા અંગેની ચિંતાઓ અને શૈક્ષણિક પ્રયાસોની સાથે આર્થિક સુસંગતતા જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો

યાદી આપવામાં આવી હતી. ઈસ્લામિક સ્ટડીઝના આસિસ્ટન્ટ પ્રોફેસર અને JH ખાતે મદરેસા એજ્યુકેશન સેન્ટર ફોર રિસર્ચના ડાયરેક્ટર ડૉ. વારિસ મતીન મઝહરીએ પરિચયાત્મક નોંધ સાથે મદરેસાઓમાં ધાર્મિક અને સમકાલીન શિક્ષણને એકીકૃત કરવાની શક્યતાની વાત કરી હતી. સહભાગીઓએ વિવિધ પ્રદેશોમાંથી મદ્રેસા અને શાળાઓનું પ્રતિનિધિત્વ કર્યું હતું. વિદેશી પ્રતિનિધિઓએ મદ્રેસામાં વિષયો અને કૌશલ્ય તાલીમના મિશ્રણના મહત્વ પર ભાર મૂક્યો હતો. આ અભિગમનો હેતુ વિદ્યાર્થીઓને ધાર્મિક જ્ઞાન અને દુન્યવી જ્ઞાન બંનેની વ્યાપક સમજ પૂરી પાડવાનો છે. કેટલાક મીડિયા આઉટલેટ્સ દ્વારા પ્રચારિત ખોટી માન્યતાઓથી વિપરીત, ઘણા વિષયો પહેલેથી જ મદરેસા અભ્યાસક્રમનો ભાગ છે અથવા એકીકૃત કરવામાં આવ્યા છે.

આ ચર્ચાઓમાં મુસ્લિમ સમુદાયની જરૂરિયાતોને પહોંચી વળવામાં અને દેશના શૈક્ષણિક લેન્ડસ્કેપમાં યોગદાન આપવામાં મદ્રેસાઓની ભૂમિકા પર વાત કરવામાં આવી હતી. પ્રકાશ પાડ્યો હતો. ખાસ કરીને બિન-મુસ્લિમ વિદ્યાર્થીઓને આકર્ષવા માટે મદરેસાના અભ્યાસક્રમને વિસ્તૃત કરવા માટે સૂચનો કરવામાં આવ્યા હતા મુસ્લિમોને વ્યાપક રીતે માર્ગદર્શન આપવા માટે સક્ષમ વિદ્વાનોને લઈને વિશિષ્ટ અભ્યાસક્રમો, ખાસ કરીને ધાર્મિક અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવા પર સર્વસંમતિ થઈ હતી.

સહભાગીઓએ અસરકારક સંદેશાવ્યવહાર અને ભાષાના અવરોધોને દૂર કરવા માટે ગણિત, અંગ્રેજી અને હિન્દી જેવા આવશ્યક વિષયોનો સમાવેશ કરવાની હિમાયત કરી હતી. વધુમાં, મદરેસા સ્નાતકો માટે રોજગારી ક્ષમતા વધારવા માટે ઓનલાઈન અભ્યાસક્રમો અને ટૂંકા ગાળાના કૌશલ્ય પ્રશિક્ષણ કાર્યક્રમોની દરખાસ્તો કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં પ્રતિષ્ઠિત ઉપસ્થિતોમાં જમીયતુલ ફલાહ, આઝમગઢના મૌલાના તાહિર મદની; અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી (AMU)ના પ્રો. ઓબેદુલ્લા ફહાદ; મૌલાના મોહમ્મદ અફઝલ કૈમુરી કાસમી; મૌલાના આઝાદ નેશનલ ઉર્દુ યુનિવર્સિટી (MANUU)ના પ્રો. ફહીમ અખ્તર નદવી; શાહીન ગ્રુપમાંથી ડૉ. અબ્દુલ કાદીર; જામિયા મિલિયા ઈસ્લામિયા (JMI)ના ડૉ. જુનૈદ હરિસ; જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી (JNU)માંથી ડૉ. મોહમ્મદ અજમલ; એમજે એચિવર્સ એકેડમીમાંથી ડૉ. મંઝર ઈમામ; અને દારૂલ ઉલૂમ વક્ફ, દેવબંદના મૌલાના નૌશાદ નૂરીનો સમાવેશ થાય છે.

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના જનરલ સેક્રેટરી અને જમાઈ-તુલ-હિદયા, જયપુરના રેક્ટર મૌલાના મોહમ્મદ ફઝલુરરહીમ મુજદ્દીદીએ 'ઉલામા'ની આર્થિક ભૂમિકા અંગેની ચિંતાઓ માટે વાત કરી હતી અને શૈક્ષણિક પ્રયાસોની સાથે આર્થિક સુસંગતતા જાળવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. વર્કશોપમાં વિવિધ ધર્મશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં મુખ્ય મદ્રેસાઓ સાથે ચર્ચાઓ શેર કરવાની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી અને મદરેસા સિસ્ટમમાં શૈક્ષણિક પ્રથાઓને વધારવા માટેના સહયોગી પ્રયાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# જમ્મુ અને કાશ્મીર માટે ગ્રેપ્લિંગ કમિટીના અધ્યક્ષ તરીકે સાનિયા કાદરીને નિયુક્ત કરવામાં આવ્યા

## નવા નિયુક્ત અધ્યક્ષ તરીકે કાદરીની જવાબદારીઓમાં જમ્મુ અને કાશ્મીરમાં રમતગમતની કામગીરીની દેખરેખ અને સલાહ આપવાનો સમાવેશ થાય છે

(એજન્સી) તા.૪

જમ્મુ અને કાશ્મીર રાજ્યમાં ગ્રેપલિંગ સ્પોર્ટ્સ કમ્યુનિટી માટે, સાનિયા કાદરીને આ પ્રદેશ માટે ગ્રૅપ્લિંગ કમિટિ ઓફ ઈન્ડિયાના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે. નવા નિયુક્ત અધ્યક્ષ તરીકે, કાદરીની જવાબદારીઓમાં જમ્મુ અને કાશ્મીરમાં રમતગમતની કામગીરીની દેખરેખ અને સલાહ આપવાનો સમાવેશ થશે. કાદરી આ પ્રદેશમાં રમતગમતના વિકાસ માટે પરિપ્રેક્ષ્ય અને વ્યૂહાત્મક માર્ગદર્શન આપશે તેવી અપેક્ષા છે.



કાદરીની નિમણૂક જમ્મુ અને કાશ્મીરમાં ગ્રેપલર્સ ટેલેન્ટને પ્રોત્સાહન આપવા અને તેમાં સુધારો કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. તેણીના કાર્યક્ષેત્રમાં રાજ્યની અંદરના તમામ પ્રદેશોને આવરી લેવામાં આવશે, અને આ વ્યાપક કવરેજ અને પાયાના સ્તરે ગ્રેપલિંગ સ્પોર્ટ્સના વિકાસ માટે સમર્થન સુનિશ્ચિત કરશે. તેણીની નિમણૂક પર સાનિયા કાદરીએ જમ્મુ અને કાશ્મીરમાં રમતગમતની પ્રગતિમાં યોગદાન આપવાની તક આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેણીએ વાઈબ્રન્ટ ગ્રેપલિંગ સમુદાયને ઉત્તેજન આપવા અને મહત્વાકાંક્ષી એથ્લેટ્સ માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બંને પ્લેટફોર્મ પર શ્રેષ્ઠ તકો ઊભી કરવા માટેની તેમની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

સાનિયા કાદરીને જમ્મુ અને કાશ્મીર માટે ગ્રેપલિંગ કમિટીના અધ્યક્ષ તરીકે નિમણૂક કરવાનો નિર્ણય આ પ્રદેશમાં રમતગમત માટે ઉપલબ્ધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંસાધનોને મજબૂત કરવાના સંકલિત પ્રયાસને પ્રતિબિંબિત કરે છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેમના નેતૃત્વ હેઠળ, જમ્મુ અને કાશ્મીરમાં સમુદાય શ્રેષ્ઠતા અને સર્વસમાવેશકતા તરફ નોંધપાત્ર પ્રગતિ કરશે.

# 'લોકોને હવે ખબર પડી ગઈ છે કે, PM મોદીને અને તેમની સરકારને મણિપુરમાં મૃત્યુ પામેલા લોકો માટે જરા પણ સહાનુભૂતિ નથી' : મલ્લિકાર્જુન ખડગે

## ખડગેએ કહ્યું કે, PMનું રાજ્યની સરહદમાં પગ ન મૂકવો એ 'તેમના કદની અસમર્થતા અને સંપૂર્ણ ઉદાસીનતા' દર્શાવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

કોંગ્રેસે શુક્રવારે મણિપુરની સ્થિતિને લઈને મોદી સરકાર પર ઉદાસીન અને પસ્તાવાહીન હોવાનો આરોપ લગાવ્યો હતો.

X પરની એક પોસ્ટમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ લખ્યું કે, મણિપુર બરાબર એક વર્ષ પહેલા ૩ મે, ૨૦૨૩ના રોજ સળગવા લાગ્યું હતું.

તેણે X પર એક પોસ્ટમાં આરોપ મૂક્તા લખ્યું, 'મણિપુરમાં માનવતા નાશ પામી, ઉદાસીન મોદી સરકાર અને અયોગ્ય ભાજપ રાજ્ય સરકારના ક્રૂર સંયોજને રાજ્યને વર્ચ્યુઅલ રીતે બે ભાગમાં વહેંચી દીધું છે. એક તો પસ્તાવા વિનાના પીએમ મોદીએ આ સરહદી રાજ્યમાં પગ મૂક્યો નથી, કારણ કે, તે તેમની રેન્કની અક્ષમતા અને સંપૂર્ણ ઉદાસીનતાને છતી કરે છે. તેમના અહંકારને લીધે એક સુંદર રાજ્યના સામાજિક માળખાને નુકસાન પહોંચ્યું છે.'

ખડગેએ નોંધ્યું હતું કે, મણિપુરના તમામ સમુદાયોના લોકો હવે જાણી ગયા છે કે, કેવી રીતે ભાજપે તેમનું જીવન દયનીય બનાવ્યું છે.

કોંગ્રેસના વડાએ કહ્યું, 'પૂર્વોત્તરના લોકો હવે જાણી ગયા છે કે, કહેવાતા વિકાસ વિશે મોદી સરકારની ડંફાસોથી આ પ્રદેશમાં માનવતાનો અવાજ ડૂબી ગયો છે. ભારતના લોકો હવે જાણી ગયા છે કે, પીએમ મોદી અને તેમની સરકાર પાસે મણિપુરમાં અસંખ્ય લોકોના જીવો માટે જરા પણ સહાનુભૂતિ નથી.'

તેમણે દાવો કર્યો હતો કે, ૨૨૦થી વધુ લોકો માર્યા ગયા છે, ૬૦,૦૦૦ લોકો વિસ્થાપિત થયા છે અને મહિલાઓ અને બાળકો સહિત હજારો લોકો હજુ પણ શિબિરોમાં પડી રહ્યા છે.

તેમણે આરોપ લગાવ્યો કે, 'મહિલાઓ પર બળાત્કાર થયો, પરેડ કરવામાં આવી અને ભયાનક હિંસા થઈ, પરંતુ પીએમ ચૂપ રહ્યા. માત્ર આક્રોશ પછી પીએમએ ઓગસ્ટ ૨૦૨૩માં લિપ-સર્વિસ ચૂકવવાની તસ્દી લીધી, જે હવે હોલો ફરી વળે છે.'

આપણા સુરક્ષા જવાનો શહીદ થઈ રહ્યા છે. બે સમુદાયોના પોલીસ તાલીમાર્થીઓએ એકબીજા પર ગોળીબાર કર્યો અને હથિયારો અને દારૂગોળો લૂંટી લેવામાં આવ્યો, તેમણે દાવો કર્યો.

તેમણે કહ્યું, જાન્યુઆરીમાં આપણે જોયું કે, કેવી રીતે એક સશસ્ત્ર જૂથે ભારે રક્ષિત કાંગલા કિલ્લામાં એક મીટિંગમાં હાજરી આપવા માટે સાંસદો/ધારાસભ્યોને દબાણ કર્યું હતું, જ્યાં @INCManipur પ્રમુખ પર નિર્દયતાથી હુમલો કરીને તેમના ઉપર ત્રાસ ગુજારવામાં આવ્યો હતો.

ખડગેએ દાવો કર્યો કે, મણિપુરમાં શાસન જેવું છે નહીં અને કાયદો અને વ્યવસ્થા પડી ભાંગી છે.

કોંગ્રેસ અધ્યક્ષે ઉત્તર પૂર્વીય રાજ્યની સ્થિતિ પર વડાપ્રધાન અને તેમની સરકારના મૌન પર સવાલ ઉઠાવતા આરોપ લગાવ્યો કે, 'ઉદાસીની ઊંડી લાગણી સાથે અમે અસંખ્ય નિર્દોષ જીવનોને અમારી શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ, જેમનો આ અકલ્પનીય હિંસાએ ભોગ લીધો છે અને જેઓ હજુ પણ પીડાઈ રહ્યા છે અને શાંતિ સ્થપાય તેની આશા રાખી રહ્યા છે. ભાજપની ચૂપકીને કારણે શાંતિ મણિપુરથી દૂર જતી રહી છે.'

કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે વડાપ્રધાન પર મણિપુરના લોકોને રામભરોસે છોડી દેવાનો અને રાજ્યનું સંચાલન ગૃહપ્રધાનને આઉટસોર્સ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે આરોપ મૂક્યો હતો કે, 'તેઓ નિરાશાજનક રીતે અપૂરતા, અસંવેદનશીલ અને અસમર્થ સાબિત થયા છે. આજથી બરાબર એક વર્ષ પહેલાં મણિપુરમાં તનાવ ફાટી નીકળ્યો હતો. સાચુ કહીએ તો શાસક ભાજપની ઉદ્ધત અને વિભાજનકારી રાજનીતિને કારણે જ ફાટી નીકળ્યો હતો. સેંકડો લોકો માર્યા ગયા છે, હજારો લોકો વિસ્થાપિત થયા છે અને મણિપુરના સમુદાયો હવે એકબીજા પ્રત્યે ઊંડી શંકામાં જીવે છે. સુરક્ષા દળો પર છાશવારે હુમલો



કરવામાં આવે છે. આશ્ચર્યજનક એ છે કે, માત્ર પંદર મહિના પહેલા જ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને તેના સાથી પક્ષોને ૩જી મે, ૨૦૨૩ના રોજ આ જનાદેશ સંપૂર્ણ રીતે ભાજપની પોતાની (ખોટી) ગણતરીઓ અને ચાલાકીને કારણે ઉડી ગયો હતો. આ સિવિલ વોર જેવી પરિસ્થિતિ વચ્ચે પણ વડાપ્રધાન તેમના મૌનથી વકતૃત્વ ધરાવે છે.

રમેશે મોદીની ટીકા કરતા કહ્યું કે, તેઓ તેમના પ્રચાર માટે આસામ, ત્રિપુરા અને અરૂણાચલપ્રદેશ ગયા હોવા છતાં થોડી વાર માટે પણ તેમણે મણિપુરની મુલાકાત લીધી નથી.

કોંગ્રેસના નેતાએ આરોપ લગાવ્યો કે, આજે મણિપુરની સ્થિતિ મોદી સરકારની 'બ્લફ એન્ડ રૂલ'ની નીતિનું પરિણામ છે, જેણે પૂર્વોત્તરમાં તેની ક્રિયાઓ દર્શાવી છે.

તેમણે કહ્યું કે, 'તે એક ટૂંકી દૃષ્ટિની નીતિ છે જે લાંબા સમય સુધી સ્ટ્રિંગિંગ સમુદાયો અને હિતધારકોને તેમની ચિંતાઓને અર્થપૂર્ણ રીતે સંબોધિત કર્યા વિના પ્રાથમિકતા આપે છે. તેમણે મણિપુરના સામાજિક માળખાને તોડી નાખ્યું છે અને હવે તે નાગાલેન્ડને પણ અલગ કરી રહ્યા છે. પૂર્વી નાગાલેન્ડમાં લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં મતદાન માટેના છ જિલ્લાઓમાં મતદાનની સંખ્યા શૂન્ય રહી હતી. ચૂંટણી પંચ પણ સંખ્યામાં સુધારો લાવી શક્યું ન હતું. PMએ જે ટ્રેલર્સ વિશે વાત કરી છેઃ મણિપુર પોતે જ એક ટ્રેલર છે કે, ભાજપ અમારી અદ્‌ભૂત વિવિધતા માટે શું કરશે.

મણિપુરના લોકોનું દર્દ અને વ્યથા એ ભારતના લોકોનું દર્દ અને વ્યથા છે. રાહુલ ગાંધીએ છેલ્લા વર્ષમાં બે વાર મણિપુરની મુલાકાત લીધી છે અને ૧૪મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ ઈમ્ફાલમાં ભારત જોડો ન્યાય યાત્રાની શરૂઆત થઈ હતી. એક દિવસ જ્યારે આપણે મણિપુર સમાજના તમામ વર્ગોના લોકો સાથે સહાનુભૂતિ અનુભવીએ છીએ અને આશા રાખીએ છીએ કે, શાંતિ અને સામાજિક સૌહાર્દ ફરી એકવાર ફરી પાછા આવશે.'

# મણિપુરની ઘટનાના એક વર્ષ પછી ૨૨૬ મૃત, ૧,૫૦૦ ઘાયલ, ૬૦,૦૦૦ વિસ્થાપિત અને ૨૮ લાપતા

## ગયા વર્ષે ૩ મેના રોજ મણિપુરમાં મેઈતેઈ અને કુકી સમુદાયો વચ્ચે લાંબા સમયથી ચાલતો તણાવ હિંસામાં ફેરવાઈ ગયો હતો, જેમાં ત્રણ દિવસમાં ઓછામાં ઓછા ૫૨ લોકોનાં મોત થયા હતા

(એજન્સી) તા.૪

૩ મેને 'કુકી-ઝો જાગૃતિ દિવસ' તરીકે મનાવવા માટે ચુરાચંદપુરમાં 'શોક સભા', મણિપુરમાં ઈમ્ફાલમાં વિવિધ જૂથોના 'ચીન-કુકી નાર્કો ટેરરિસ્ટ એગ્રેશનના ૩૬૫ દિવસ' પર એક મીટિંગ વંશીય સંઘર્ષના એક વર્ષને શુક્રવારે રાજ્યમાં અલગ-અલગ રીતે ઉજવશે. છેલ્લા એક વર્ષ દરમિયાન દોષની લીટી લોકોના દિલોમાં કેટલી ઊંડી અંકાઈ છે તે દેખાય રહી છે. જેનો ગ્રાફ સતત વધતો ગયો છે. પાછલા એક વર્ષમાં અહીં ઓછામાં ઓછા ૨૨૬ લોકોના જીવ ગયા છે. આ મૃતકોમાંથી ૨૦ તો મહિલાઓ અને આઠ બાળકો છે. લગભગ ૧૫૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે, લગભગ ૬૦,૦૦૦ લોકો રાજ્યમાં જ વિસ્થાપિત થયા છે અને ઓછામાં ઓછા ૧૩,૨૪૭ આવાસો નષ્ટ અથવા નાશ પામ્યા છે. ઓછામાં ઓછા ૨૮ લોકો ગુમ થયા હોવાનું જણાય છે અથવા તો તેમનું અપહરણ કે હત્યા કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. આ સંઘર્ષના પ્રથમ સપ્તાહની અંદર જ્યારે વ્યાપક હિંસા અને આગચંપીના બનાવો વધી ગયા તે પછી સુરક્ષા દળોએ મેઈટીઓને, કુકી-ઝોમીની બહુમતિ વાળી વસ્તી ચુરાચંદપુર, કાંગપોકપી અને મોરેહમાંથી ખસેડીને મેઈટી-બહુમતી વસ્તી ધરાવતી ખીણમાં લઈ જવામાં આવ્યા હતા. તેવી જ રીતે ઈમ્ફાલ અને અન્ય મૈતેઈના બહુમતીવાળા વિસ્તારોમાંથી ખસેડીને, કુકી-ઝોમિસને તેમની બહુમતી ધરાવતા વિસ્તારો ચુરાચંદપુર અને કાંગપોકપીમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યારે ઘણા લોકો રાજ્ય છોડીને પડોશી મિઝોરમ અથવા દેશના અન્યત્ર રાજ્યોમાં ભાગી ગયા હતા. જો કે શરૂઆતના દિવસોમાં કેટલાક લોકો ત્યાં જ રહીને તૈનાત સુરક્ષા વચ્ચે તેમના ઘરોની રક્ષા કરી રહ્યાં હતા. ઉદાહરણ તરીકે ૨૪ કુકી-ઝોમીઓ ન્યુ લેમ્બુલેનમાં રહેવાનું ચાલુ રાખ્યું અને સરહદી શહેર મોરેહના લગભગ ૪૦૦ મેઈટીઓએ પડોશી મ્યાનમારમાં આશ્રય મેળવ્યો હતો. હવે આવા લોકોને પણ તેમના બહુમતિ વાળા વિસ્તારોમાં ખસેડવામાં આવ્યા છે. સામાજિક અને વસ્તીવિષયક વિભાજન સતત વધતું રહ્યું છે અને સતત સંઘર્ષના મુખ્ય સ્થળો તળેટી વિસ્તારો છે જ્યાં મૈતેઈ-બહુમતી ખીણ પ્રદેશો કુકી-ઝોમી બહુમતી પહાડી વિસ્તારોને મળે છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે, સમય જતાં હવે હિંસાઓ ઓછી થઈ રહી છે. લગભગ ૪૦ દિવસ સુધી હિંસાની ઘટનાઓ બંધ રહી હતી. જો કે ૧૩ એપ્રિલથી કાંગપોકપી જિલ્લામાં બે માણસોની હત્યા અને અંગછેદન અને બિષ્ણુપુર જિલ્લામાં CRPF ચોકી પરના હુમલામાં બે CRPF જવાનોની હત્યા સાથે ફરીથી હિંસક ઘટનાઓમાં વધારો થયો છે. આ સીઆરપીએફ કર્મચારીઓનો એ ૧૬ કેન્દ્રીય સુરક્ષા અને રાજ્ય પોલીસ કર્મચારીઓની હત્યામાં સમાવેશ થાય છે, જેમને ઓન ડ્યુટી અથવા ઓફ ડ્યુટી વખતે મારી નંખાયા છે. આ સંઘર્ષમાં સુરક્ષા કર્મચારીઓ પ્રત્યેની તેમની શંકા અને દુશ્મનાવટ પણ વ્યાખ્યાયિત થઈ રહી છે. ખાસ કરીને આસામ રાઈફલ્સ સામે Meitei સમુદાયના પૂર્વગ્રહના આક્ષેપો; અને કુકી-ઝોમીસના મણિપુર પોલીસ કમાન્ડો સામે એવાં આક્ષેપો કરવામાં આવી રહ્યાં છે. કાયદો અને વ્યવસ્થાના પરિપ્રેક્ષ્યમાં સૌથી મોટો પડકાર બંને બાજુના નાગરિકોએ લૂંટેલા હથિયારોનો વ્યાપ છે. એક પોલીસ અધિકારીના અંદાજ મુજબ સંઘર્ષ દરમિયાન સુરક્ષા સંસ્થાઓ પાસેથી લૂંટવામાં આવેલા લગભગ ૨,૦૦૦ શસ્ત્રો મળી આવ્યા છે, જ્યારે અન્ય ૪,૦૦૦ શસ્ત્રો હજુ પણ નાગરિકો પાસે છે. જો કે, અધિકારીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "સુરક્ષા એ ઉકેલનો માત્ર એક



ભાગ છે". રાજ્યમાં હાલમાં સશસ્ત્ર બદમાશો અને આતંકવાદી જૂથોના કાર્યકર્તાઓ જેવા બિન-રાજ્ય કલાકારો પાસે રહેલી કાયદેસરતાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, "લોકપ્રતિનિધિઓ દ્વારા વાતચીતથી ઉકેલ આવવો જોઈએ... વાતચીત વિના હજુ પણ આ લોકોના કકરાટ ચાલુ જ રહેશે. જનતાએ સમજવાની જરૂર છે કે, અમે આ સશસ્ત્ર બદમાશોનો સામનો કરી શકીએ છીએ પરંતુ જનતા વચ્ચે આવી જાય છે અને જો અમે અમારૂં સંપૂર્ણ બળ ગોઠવીને આ પ્રયાસને ચાલુ રાખીયે છીએ, તો અમને ડર છે કે તેનાથી નાગરિક વસ્તીને ભારે નુકસાન થશે." અધિકારીએ આ અઠવાડિયાની શરૂઆતમાં એક ઘટના તરફ ધ્યાન દોર્યું જેમાં મોટી સંખ્યામાં આવેલી મહિલાઓ, આર્મીએ અટકાયતમાં લીધેલા ૧૧ પુરૂષોને મુક્ત કરાવ્યા અને તેમની પાસેથી જપ્ત કરાયેલા હથિયારો પરત કરવાની માંગ કરી હતી. આસામ રાઈફલ્સના એક અધિકારીએ પણ સંઘર્ષના રાજકીય ઉકેલની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, જ્યારે કાયદો અને વ્યવસ્થાને અવરોધીત કરવા બદલ સોશિયલ મીડિયા પરની ખોટી માહિતીને તણાવ ફેલાવવા માટે જવાબદાર ગણી હતી. બંને તરફના વિભાજનકારીઓના જૂથો દાવો કરે છે કે, ફક્ત કેન્દ્ર સરકારની જ ઓફર આ સંઘર્ષનો ઉકેલ છે. મણિપુર વિધાનસભાના ૧૦ કુકી-ઝોમી ધારાસભ્યો સાથે ગયા વર્ષના મે મહિનાથી, કુકી-ઝોમી જૂથો દાવો કરી રહ્યા છે કે, તેમના માટે એકમાત્ર સ્વીકાર્ય ઉકેલ મણિપુરથી અલગ વહીવટ છે. ચુરાચંદપુર સ્થિત કુકી-ઝોમી સંસ્થા, ઈન્ડિજિનિયસ ટ્રાઈબલ લીડર્સ ફોરમના સચિવ, મુઆન ટોમ્બિંગે જણાવ્યું હતું કે, "કેન્દ્રએ અમારા મુદ્દાને સારી રીતે જાણીને હલ કરવો પડશે કે અમે એક વહીવટ હેઠળ સાથે રહી શકતા નથી. અમે આ જ રસ્તા માટે તેમના પર દબાણ કરીશું, આમાં કોઈ સમાધાન થઈ શકશે નહીં. તે ખૂબ જ સ્પષ્ટ છે કે, મણિપુર સરકાર આ કરશે નહીં. તેના વિશે કંઈપણ હોય, પરંતુ અમે કેન્દ્ર સરકાર સાથે અમારી રાજકીય માંગણી માટે દબાણ કરવાનું ચાલુ રાખીને અમે અમારી જમીનનો બચાવ કરવાનું ચાલુ રાખીશું." બીજી તરફ મૈતેઈના હિતોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા COCOMIના પ્રવક્તા ખુરૈજામ અથોબાએ જણાવ્યું હતું કે, આગળનો એકમાત્ર રસ્તો એ છે કે કેન્દ્ર, કુકી-ઝોમી બળવાખોર જૂથો સામે કડક પગલા લઈને તેમની સાથે યુદ્ધવિરામ સમાધાન સ્થગિત કરે. તેમણે કહ્યું, "૨૦૦૮માં જૂથો સાથેના ઓપરેશન્સ કરારના સસ્પેન્શન પર હસ્તાક્ષર સાથે, કુકી આતંકવાદીઓને સશક્ત કરવામાં આવ્યા છે જેણે સમગ્ર સંઘર્ષને ઉત્તેજિત કર્યો છે. જ્યાં સુધી આનો ઉકેલ ન આવે ત્યાં સુધી સંઘર્ષ ચાલુ રહેશે."

સ્પોર્ટ્સ ટુડે

# હાર્દિક પંડ્યા થાકેલો અને દબાણમાં દેખાઈ રહ્યો છે : ફિન્ચ-ગ્રીમ સ્મિથ

મુંબઈ, તા.૪
પૂર્વ ક્રિકેટર એરોન ફિન્ચ અને ગ્રીમ સ્મિથનું માનવું છે કે ભારતીય ઉપકપ્તાન હાર્દિક પંડ્યા થાકેલો, હતાશ અને દબાણમાં દેખાઈ રહ્યો છે તથા તેના નેતૃત્વમાં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયનસ આ સિઝનમાં ઝઝૂમી રહી છે. શુક્રવારે વાનખેડે સ્ટેડિયમમાં પંડ્યાને ફરી હુટીંગનો સામનો કરવો પડ્યો જે ટીમ માટે નિરાશાજનક મુકાબલો રહ્યો. જેમાં કોલકાતા નાઈટ રાઈડર્સે તેને ૨૪ રને પરાજય આપ્યો. ફિન્ચે કહ્યું કે તે આ સમયે ઘણો નિરાશ અને થાકેલો દેખાઈ રહ્યો છે. એવું લાગી રહ્યું છે કે તે ઘણું દબાણ અનુભવી રહ્યો છે. હું પોતે એવી સ્થિતિમાં રહ્યો છું જ્યાં તમે વ્યક્તિગત રૂપથી કંઈ પણ પ્રયાસ કરો પણ તે અસરકારક થતો દેખાતો નથી જ્યારે ટીમ સારૂં કરતી નથી તો એવી સ્થિતિમાં રહેવું ઘણું મુશ્કેલ હોય છે. એક કપ્તાન તરીકે તમે ટીમના પ્રદર્શનની પૂરી જવાબદારી લો છો અને આવી જગ્યાએ હોવું ઘણું મુશ્કેલ છે. દ.આફ્રિકાના મહાન કપ્તાન ગ્રીમ સ્મિથે કહ્યું કે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ હાર્દિક પંડ્યાના નેતૃત્વમાં ભ્રમિત લાગી રહી છે. તેમણે કહ્યું કે હાર્દિક વાસ્તવમાં ઝઝૂમી રહ્યો છે. તે દબાણમાં દેખાઈ રહ્યો છે. બેટિંગ લાઈનઅપમાં પણ તે ભ્રમિત દેખાઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કપ્તાન શેન વોટ્સને પણ પંડ્યાની કેપ્ટનશીપના નિર્ણયોની ટીકા કરી અને કહ્યું કે મુંબઈ ઈન્ડિયન્સે પોતાના સર્વશ્રેષ્ઠ બોલરને નહીં ઉતારી કેકેઆરને મેચમાં પુનરાગમન કરાવી દીધું જ્યારે ટીમે ૫૭ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. તેમણે કહ્યું કે નમન ધીરને બોલિંગ કરાવતા રહેવું જ્યારે કેકેઆરનો સ્કોર પાંચ વિકેટે ૫૭ રન હતો. આ બહુ મોટી ભૂલ હતી. તેમણે કહ્યું કે તે સમયે બુમરાહે ફક્ત એક ઓવર ફેંકી હતી. એટલા માટે તેમણે વેંકટેશ અને મનીષ પાંડેની ભાગીદારી તોડવાનો પ્રયાસ કરવો જોઈતો હતો પણ તેમણે એવું કર્યું નહીં અને ભાગીદારી બનવા દીધી.

### ટી-૨૦ વિશ્વકપ માટે ઉત્સાહ વધી રહ્યો છે

# ભારત-પાકિસ્તાન મેચની ટિકિટોની કિંમત આસમાને પહોંચી, ૨.૦૮ લાખમાં વેચાઈ : રિપોર્ટમાં દાવો

નવી દિલ્હી, તા.૪
ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ માટે ઉત્સાહ વધી રહ્યો છે. નવમી જૂને ન્યુયોર્કમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના હાઈવોલ્ટેજ મુકાબલા માટે ટિકિટોની કિંમત લગભગ બમણી થઈ ગઈ છે. મીડિયા અહેવાલો મુજબ ટિકિટોના ભાવ સાતમા આસમાને પહોંચી ગયા છે અને ટિકિટ ૨.૦૮ લાખમાં વેચાઈ રહી છે. મુખ્યત્વે બે રાષ્ટ્રો વચ્ચેની ભૌગોલિક-રાજકીય તંગદિલીના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ વધુ રોમાંચક બને છે. બંને કટ્ટર હરીફો ૨૦૧૨-૧૩થી દ્વિપક્ષીય સિરીઝ રમ્યા નથી અને આઈસીસી ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સામે ભારતનું વર્ચસ્વ રહ્યું છે. ડેઈલી જંગના અહેવાલ મુજબ ડોલર દીઠ કિંમતો પહેલા ૧૩૦૦ હતી અને હવે વધીને ૨૫૦૦ થઈ ગઈ છે. સંયુક્ત રાજય અમેરિકા (યુએસએ)માં ભારતીય અને પાકિસ્તાની મુળના લોકોની હાજરીના કારણે ટિકિટોના ભાવમાં વધારો થવાની સંભાવના છે. જ્યારે ભારતે ચાર રિઝર્વ સાથે પોતાના ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી દીધી છે જ્યારે પાકિસ્તાને હજુ સુધી પોતાની ટીમની જાહેરાત કરી નથી. વિશ્વકપ પહેલા મેન ઈન ગ્રીન આયરલેન્ડ અને ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ટી-૨૦ સિરીઝ રમવા માટે તેયાર છે. આ બે સિરીઝ બાદ પાકિસ્તાન ટી-૨૦ વિશ્વકપની ટીમની જાહેરાત કરશે.

# હાર્દિકે બહાર નથી કર્યો, લાચારીમાં ઈમ્પેક્ટ પ્લેયર બન્યો રોહિત શર્મા

મુંબઈ, તા.૪
આઈપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સનો પૂર્વ કપ્તાન રોહિત શર્મા ઈમ્પેક્ટ પ્લેયરના રૂપમાં રમવા ઊતર્યો. કોલકાતા નાઈટ રાઈડર્સ વિરૂદ્ધ મેચ પહેલા ટોસ દરમ્યાન જ્યારે કપ્તાન હાર્દિકે આ જણાવ્યું તો પ્રશંસક માટે ચોંકાવનારૂં હતું. સોશિયલ મીડિયા પર આના માટે હાર્દિક પંડ્યાને ટ્રોલ પણ કરાયો પણ હવે આનું સાચું કારણ સામે આવ્યું છે. જેના કારણે રોહિત શર્માને ઈમ્પેક્ટ પ્લેયરના રૂપમાં રમવું પડ્યું. મુંબઈ ઈન્ડિયન્સના લેગ સ્પિનર પીયુષ ચાલવાએ જણાવ્યું કે ઓપનિંગ બેટસમેન રોહિત શર્માને પીઠમાં થોડી તકલીફ હોવાના કારણે કોલકાતા નાઈટ રાઈડર્સ વિરૂદ્ધ મેચમાં ઈમ્પેક્ટ પ્લેયર તરીકે રમવું પડ્યું હતું. ચાવલાએ વાનખેડે સ્ટેડિયમમાં મેચ બાદ મીડિયા સાથે વાતચીતમાં આ વાતનો ખુલાસો કર્યો હતો. રોહિત ૧૨ બોલમાં ૧૧ રન જ બનાવી શક્યો. રોહિત ક્રીઝ પર સેટ થતો દેખાઈ રહ્યો હતો. તેણે એક સિક્સર પણ ફટકારી હતી પણ સુનીલ નારાયણ વિરૂદ્ધ સિક્સર ફટકારવાના પ્રયાસમાં તેને પેવેલિયન પરત ફરવું પડ્યું. આ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને કેકેઆર સામે ૨૪ રનથી હારનો સામનો કરવો પડ્યો. આનાથી પાંચ વખતની ચેમ્પિયન ટીમ આ વર્ષની આઈપીએલમાંથી લગભગ બહાર થઈ ગઈ છે.

# હાર્દિક પંડ્યાનું મેદાનમાં ફરી ખરાબ વર્તન હવે બુમરાહ પર ગુસ્સે થયો

મુંબઈ, તા.૪
હાર્દિક પંડ્યા અવાર-નવાર પોતાના વ્યવહારને લઈ ચર્ચામાં રહે છે. આઈપીએલ ૨૦૨૪ની શરૂઆતમાં રોહિત શર્માની ફિલ્ડ પ્લેસમેન્ટને તે સતત બદલી રહ્યો હતો. રોહિતને સતત અહીંયાથી ત્યાં ભાગવું પડતું હતું. ગત સિઝનમાં ગુજરાત ટાઈટન્સની કેપ્ટનશીપ દરમ્યાન હાર્દિકે કોચ છોડવા પર મોહંમદ શમી સાથે ખરાબ વર્તન કર્યું હતું. માહોલ એટલો ગરમ થઈ ગયો હતો કે ફ્રેન્ચાઈઝી માલિકોને વચ્ચે આવવું પડ્યું હતું. હવે તે જસપ્રીત બુમરાહ પર ગુસ્સે થઈ ગયો છે. હાર્દિક પંડ્યા કેપ્ટનશીપ મળ્યા બાદ અલગ જ ટશનમાં છે. કોલકાતા નાઈટ રાઈડર્સ વિરૂદ્ધ મેચ દરમ્યાન મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય બોલર બુમરાહ પર ગુસ્સે થઈ ગયો હતો. હાર્દિક તે સમયે બોલિંગ કરી રહ્યો હતો. સર્કલમાં ફિલ્ડિંગ કરી રહેલા બુમરાહને હાર્દિકે પાછળ જવા માટે કહ્યું હતું. બુમરાહ જઈ રહ્યો હતો કે હાર્દિક જલ્દી જવા માટે બૂમો પાડવા લાગ્યો જ્યારે હાર્દિક પંડ્યા અકળાયો તો બુમરાહનો ચહેરો જોવા લાયક હતો. બુમરાહ પુરી રીતે નિરાશ દેખાઈ રહ્યો હતો. બુમરાહ હસીને બીજી તરફ જોવા લાગ્યો. આ ઘટના કોલકાતા નાઈટ રાઈડર્સની ઈનિંગની ૧૭મી ઓવરમાં ઘટી હતી. તે ઓવરમાં હાર્દિક પંડ્યાની જોરદાર ધોલાઈ થઈ હતી. ચાર ઓવરના સ્પેલમાં ૪૪ રન આપ્યા અને બે વિકેટ ઝડપી.

# ડેવિડ વોર્નર ૭૦ ટકા ભારતીય અને ૩૦ ટકા ઓસ્ટ્રેલિયન છે : મૈકગર્ગ

નવી દિલ્હી, તા.૪
દિલ્હી કેપિટલ્સના યુવા પાવર હિટર જેક ફ્રેઝર મેક ગર્ગ દિલ્હીના ઓપનિંગ બેટસમેન ડેવિડ વોર્નર સાથેના પોતાના સંબંધો વિશે વાત કરે છે. તેણે કહ્યું કે વોર્નર તે સૌથી નિઃસ્વાર્થ લોકોમાંથી એક છે જેમને હું કયારેક મળ્યો છું. તેમની પાસે હંમેશા બધા માટે સમય હોય છે. તે ૨૪/૭ તમારી મદદ કરવા માંગે છે. બસ તેમના રૂમમાં જાવ અને દરેક સવારે કોફી પીવો. તેણે કહ્યું કે તે ઓસ્ટ્રેલિયનથી વધારે ભારતીય છે. આ જ વાત હું તેમને કહું છું હું તેમને કહું છું કે તે ૭૦ ટકા ભારતીય છે અને ૩૦ ટકા ઓસ્ટ્રેલિયન છે. આઈપીએલના અનુભવ વિશે વાત કરતા ૨૨ વર્ષીય મેકગર્ગે કહ્યું કે વાસ્તવમાં આમાં હોવા અને આને બાહરી દૃષ્ટિકોણથી જોવું અને તેના વિશે સાંભળવામાં અંતરે ઘણી સારી રીતે સંયોજન કરી લીધું છે. મેં અત્યાર સુધી આવું કર્યું નથી. રમત રમવાની કોઈ આશા છે પણ હાલ રમવામાં સક્ષમ હોવું ઘણી સારી વાત છે.



આગામી લોકસભા ચૂંટણી અનુસંધાને નડિયાદ ટાઉન પોલીસ દ્વારા પોલીસ સ્ટેશનથી નડિયાદ શહેરના અલગ-અલગ વિસ્તારમાં પોલીસ સ્ટાફ અને ચંદીગઢ પોલીસના જવાનોને સાથે રાખી ટાઉન વિસ્તારમાં ફૂટ-પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. તે તસવીરમાં નજરે પડે છે.

# ભેસ્તાન ત્રણ રસ્તા પાસે એમ.ડી. ડ્રગ્સ સાથે ૭ ઝડપાયા : ૨૪.૭૧ લાખનો મુદ્દામાલ જપ્ત

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૪
ભેસ્તાન ચાર રસ્તા પાસેથી પોલીસે બાતમીના આધારે એમ.ડી. ડ્રગ્સ સાથે સાત જણાને ઝડપી પાડી તેમની પાસેથી ૩.૬૬ ગ્રામ એમ.ડી ડ્રગ્સ, બે કાર, મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૨૪.૭૧ લાખનો મુદ્દામાલ કબજે કરી ડ્રગ્સ આપનાર બે જણાને વોન્ટેડ બતાવ્યા છે. ભેસ્તાન પોલીસને બાતમી મળી હતી કે ભેસ્તાન ચાર રસ્તા પાસેથી કેટલાક લોકો એમ.ડી. ડ્રગ્સ સાથે આવી રહ્યાં છે. આ હકીકતના આધારે પોલીસે ભેસ્તાન ચાર રસ્તા પાસે વોચ ગોઠવી અભય જનાર્દન યાદવ (રહે, રિદ્ધી સિદ્ધી સોસાયટી બારડોલી), મુસ્કાન અકીલ અસાંરી (ઉં.વ.૨૫.ધંધો મેકઅપ આર્ટીસ્ટ, રહે, અતિક પાર્ક ઉન પાટીયા), ખુશી રાજીત પાંડે (ઉં.વ.૨૦ ધંધો ડાન્સિંગ. રહે,.ઉમિયાધામ બંગ્લોઘ પાલ), અરમાન ઉર્ફે ચોટલી અક્ષર ખાન પઠાણ (ઉં.વ.૨૮.રહે, તિરુપિત સોસાયટી ઉન પાટીયા), રૂબી અજય વિશ્વકર્મા (રહે. તુલસી ધામ સોસાયટી પાંડેસરા), અસ્ફાક નજરખાન ખાન (ઉં.વ.૨૭.ધંધા વેપાર.રહે, તિરુપતિ નગર ઉન પાટીયા) અને મો.જુનેદ અલ્તાફ હુસેન કડીયા (ઉં.વ.૨૯. અજુર્મનગર રૂસ્તમપુરા)ને ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂપિયા ૩૬,૬૦૦ની કિંમતનો ૩.૬૬ ગ્રામ એમડી ડ્રગ્સ, મોબાઈલ નંગ-૬, બે ફોરવ્હીલ, રોકડા મળી કુલ રૂપિયા ૨૫,૭૧,૪૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીઓની પૂછપરછમાં ડ્રગ્સ કાલુ વોરાજી અને સમીર પાસેથી લાવ્યા હોવાની કબુલાત કરતા બંને જણાને વોન્ટેડ બતાવ્યા હતા.

# ભાવનગર : મંદિરે દર્શન કર્યા બાદ યુવાને અગ્નિસ્નાન કરતા ચકચાર

ભાવનગર, તા.૪
ભાવનગર જિલ્લાના ઘોઘા તાબેના આલપરા ગામમાં આવેલ મંદિરમાં ભાવનગરના ઘોઘારોડ વિસ્તારમાં આવેલ શ્રમજીવી સોસાયટીના યુવકે અગ્નિસ્નાન કરી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ભાવનગર અને ઘોઘા પંથકમાં ચકચાર સાથે અરેરાટી જગાવનાર આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ ભાવનગરના ઘોઘારોડ શ્રમજીવી સોસાયટીમાં રહેતા અને મકાન લે-વેચનો વ્યવસાય કરતા ગોવિંદભાઈ ધનજીભાઈ ધાપા (ઉં.વ.૪૬) ગઈકાલે રાત્રે તેમનું બાઈક લઈને ઘોઘા તાલુકાના આલાપર ગામમાં આવેલ તેમના કુળદેવી મંદિરે દર્શન કરવા માટે ગયા હતા અને દર્શન કરીને મંદિર પરિસરની અંદર જ શરીરે જવલનશીલ પ્રવાહી છાંટીને અગ્નિસ્નાન કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાના પગને સ્થાનિક લોકો મંદિરે દોડી ગયા હતા અને યુવકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ યુવાન ઢળી પડ્યો હતો. આ ઘટનાની જાણ થતાં ઘોઘા પી.એસ.આઈ સહિતનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી. મૃતક યુવાન મકાન લે-વેચનો ધંધો કરતો હોવાનું તેમજ આર્થિક સંકળામણના કારણે તેમણે આત્મહત્યા કરી હોવાનું મૃતકના ભાઈ ઓમપ્રકાશભાઈ ધનજીભાઈ ધાપાએ ઘોઘા પોલીસમાં જાહેર કર્યું છે.

**CHANGE OF NAME**
I Have Changed My Old Name **BHUTAWALA MAHERUNNISABEN DAUD** To Change & New Name & I Will Be Known As New Name **Bhutawala Mehrunnisha Haji Daud Yusuf** Which Please Note.
Address, Bhutawala street, At. Tankariya, Ta & Dist. Bharuch

## ફોર્મેટ સી-૨

(રાજકીય પક્ષો માટે - ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની છેલ્લી તારીખ પછીના દિવસથી મતદાન દિવસ પૂર્વેના ૨ બે દિવસ સુધીમાં વેબસાઈટ અખબારો અને ટીવીમાં પ્રસિદ્ધ કરવા માટે)
**(પક્ષ દ્વારા ઊભા રાખવામાં આવેલ ઉમેદવારોના ગુનાહિત પૂર્વ ઈતિહાસ વિશે એકરાર)**
(રિટ પિટિશન (દીવાની) નં.૫૩૬/૨૦૧૧ (પબ્લિક ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશન અને અન્યો વિરૂદ્ધ ભારત સંઘ અને અન્યો)માં નામદાર સર્વોચ્ચ અદાલતના તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના ચુકાદા મુજબ)
રાજકીય પક્ષનું નામ : **ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ**
ચૂંટણીનું નામ : **લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪**
રાજ્યનું નામ : **ગુજરાત**

| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | મત વિભાગનું નામ | ઉમેદવારનું નામ | પડતર ફોજદારી કેસો | | ફોજદારી ગુનાઓ માટે સાબિત થયેલ કેસોની વિગતો | | |
| | | | અદાલતનું નામ, કેસ નં અને કેસ(સો)ની સ્થિતિ | સંબંધિત અધિનિયમોની કલમ (મો) અને ગુના (ઓ)નું સંક્ષિપ્ત વર્ણન | અદાલતનું નામ અને હુકમ (મો)ની તારીખ (ખો) | ગુના (ઓ)નું વર્ણન અને આપવામાં આવેલ સજા | મહત્તમ આપવામાં આવેલ સજા |
| ૧. | ૦૨ બનાસકાંઠા | ગેનીબેન નગાજી ઠાકોર | ગુજરાત હાઈકોર્ટમાં સી.આર. એમ.એ ૨૨૯૨૨/૨૦૧૬, સી.આર.પી.સી.ની કલમ ૪૮૨ હેઠળ ચાલી રહેલ છે. | ઈ.પી.કો. કલમ ૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબ આપઘાતની દુષ્પ્રેરણા અને ધમકી આપવા બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૨. | ૦૩-પાટણ | ચંદનજી તલાજી ઠાકોર | બીજા પ્રિ.સી.સી. જજ અને એડી. ચીફ. જ્યુ. મેજી. સિધ્ધપુર સી.સી. નં. ૬૯૫ / ૨૦૨૩ ચાલી રહેલ છે. | આઈ.પી.સી. ૧૮૮ અને આર.પી. એક્ટ ૧૯૫૧ની કલમ ૧૨૬(૨) જાહેરનામા ભંગ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૩. (૧) | ૦૭-અમદાવાદ પૂર્વ | હિંમતસિંહ પ્રહલાદસિંહ પટેલ | પંદરમાં એડી. મેટ્રો. મેજી. અમદાવાદ સી.સી. નં. ૩૯૨૭ / ૨૦૦૩ | આઈ.પી.સી. ૧૮૮, ૪૨૭ મુજબ મિલકતને નુકશાન અને જાહેરનામા ભંગ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૨) | | | બારમાં એડી. મેટ્રો. મેજી. અમદાવાદ સી.સી. નં. ૮૪૩૪૬ / ૨૦૧૯ | આઈ.પી.સી. ૧૮૮, ૧૪૩, ૩૪૧, ૨૯૦, ૧૩૫(૧) મુજબ જાહેરનામા ભંગ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૪. (૧) | ૧૩-જૂનાગઢ | હિરાભાઈ અરજણભાઈ ઈ.જોટવા | આઠમાં ચીફ જ્યુ. મેજિ. વેરાવળ (૧) સી.સી. નં. ૧૭ / ૨૦૧૯ (૨) સી.સી. નં.૧૦૪૪/૨૦૧૫ ચાલી રહેલ છે. | ઈ.પી.કો. ૫૦૬ (૨) ધમકી આપવા બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૨) | | | | ઈ.પી.કો ૧૪૩, ૧૪૯, ૩૨૩, ૪૫૨, ૫૦૬ (૨) પી.પી. ડેમેજ એક્ટ ૩ (૨) e, ટોલ ટેક્ષ વિરોધ બાબતે | | | |
| ૫. (૧) | ૨૧ – છોટાઉદેપુર (એસ.ટી.) | સુખરામભાઈ હરીયાભાઈ રાઠવા | ચીફ. જ્યુ. મેજી. ગાંધીનગર સી.સી. નં. ૨૧૬૮ / ૨૦૨૨ ચાલી રહેલ છે. | ઈ.પી.કો. ૫૦૦, ૧૧૪ અને ૧૨૦(બી) બાબતે બદનક્ષીની ફરિયાદ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૬. (૧) | ૨૬-વલસાડ (એસ.ટી.) | અનંતકુમાર હસમુખભાઈ પટેલ | જે.એમ. એફ.સી. ખેરગામ ૧/૨૦૨૪ ચાર્જશીટ થયેલ છે. | એફ.આઈ.આર.નં ૧૧૮૨૨૦૦૪૨૨૦૫૬૧/૨૦૨૨, ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૪૧, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૩૪, ૧૨૦(બી), ડેમેજ ટુ પી.પી. કલમ ૩, ૫ અને જી.પી. એક્ટ ૧૩૫ બાબત | બીજા જે.એમ.એફ.સી. અને ચીફ જ્યુ. મેજિ. નવસારી તા.૨૭/૩/૨૦૨૩ | ઘેરાવ કરવાના ગુના બદલ રૂા. ૯૯નો દંડ કરવામાં આવેલ છે. | લાગુ પડતું નથી |
| (૨) | | | | ખેરગામ પો.સ્ટે. એફ.આઈ. આર. નં. ૧૧૮૨૨૦૦૪૨૨૦૫૬૦/૨૦૨૨ ઈ.પી.કો. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૩(એ), ૩૯૫, ૪૫૦, ૪૩૬, ૪૨૭, ૫૦૪, ૩૪, ૧૨૦(બી), ઈન્ડિયન ફ્લેગ એક્ટ ૨૦૦૨ની કલમ-૨ અને જી.પી. એક્ટ ૧૩૫ બાબતે ફરિયાદની તપાસ ચાલુ છે. | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૩) | | | | ખેરગામ પો.સ્ટે. એફ.આઈ. આર. નં. ૧૧૮૨૨૦૦૪૨૨૦૫૬૬ / ૨૦૨૨ઈ.પી.કો૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૫૧,૧૫૨, ૧૫૩(એ),૧૮૬,૨૨૮,૩૦૭,૩૩૨,૩૩૭,૩૪૧, ૩૫૨, ૩૫૩, ૪૨૭, ૪૪૦, ડેમેજ ટુ પી.પી. કલમ ૩, ૫ અને જી.પી. એક્ટ ૧૩૫ બાબતે ફરિયાદની તપાસ ચાલુ છે. | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૪) | | | બીજા એડિ. ચીફ. જ્યુ. મેજિ. નવસારી તરફથી પ્રોસીડિંગ્સ ડ્રોપ કરવામાં આવેલ છે. | એફ.આઈ.આર. નં. ૧૧૮૨૨૦૨૧૨૨૧૬૧૬ / ૨૦૨૨ | | | |

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રકાશિત.

## ફોર્મેટ સી-૨

(રાજકીય પક્ષો માટે - ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની છેલ્લી તારીખ પછીના દિવસથી મતદાન દિવસ પૂર્વેના ૨ બે દિવસ સુધીમાં વેબસાઈટ, અખબારો અને ટીવીમાં પ્રસિદ્ધ કરવા માટે
**પક્ષ દ્વારા ઊભા રાખવામાં આવેલ ઉમેદવારોના ગુનાહિત પૂર્વ ઈતિહાસ વિશે એકરાર**
(રિટ પિટિશન (દીવાની) નં.૫૩૬/૨૦૧૧ (પબ્લિક ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશન અને અન્યો વિરૂદ્ધ ભારત સંઘ અને અન્યો)માં નામદાર સર્વોચ્ચ અદાલતના તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના ચુકાદા મુજબ)
રાજકીય પક્ષનું નામ : **ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ**
ચૂંટણીનું નામ : **ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણી - ૨૦૨૪**
રાજ્યનું નામ : **ગુજરાત**

| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | મત વિભાગનું નામ | ઉમેદવારનું નામ | પડતર ફોજદારી કેસો | | ફોજદારી ગુનાઓ માટે સાબિત થયેલ કેસોની વિગતો | | |
| | | | અદાલતનું નામ, કેસ નં. અને કેસ(સો)ની સ્થિતિ | સંબંધિત અધિનિયમોની કલમ (મો) અને ગુના (ઓ)નું સંક્ષિપ્ત વિવરણ | અદાલતનું નામ અને હુકમ (મો)ની તારીખ (ખો) | ગુના (ઓ)નું વર્ણન અને આપવામાં આવેલ સજા | મહત્તમ આપવામાં આવેલ સજા |
| ૧ | ૮૫-માણાવદર | હરીભાઈ ગોવિંદભાઈ કણસાગરા | ચીફ જ્યુ.મેજિ. કોર્ટ રાજકોટ CC ૩૪૫/૨૦૨૪ | ઈ.પી.કો. કલમ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૩૮૪, ૧૨૦(બી) મુજબ, આક્ષેપો રહેણાંક હેતુ માટેનો પ્લોટના ખોટા દસ્તાવેજ બનાવી વેચાણ કરવા માટે ઉપયોગ કરવા બદલ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રકાશિત

સ્પોર્ટ્સ ટુડે

# હાર્દિક પંડ્યા થાકેલો અને દબાણમાં દેખાઈ રહ્યો છે : ફિન્ચ-ગ્રીમ સ્મિથ

મુંબઈ, તા.૪
પૂર્વ ક્રિકેટર એરોન ફિન્ચ અને ગ્રીમ સ્મિથનું માનવું છે કે ભારતીય ઉપકપ્તાન હાર્દિક પંડ્યા થાકેલો, હતાશ અને દબાણમાં દેખાઈ રહ્યો છે તથા તેના નેતૃત્વમાં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયનસ આ સિઝનમાં ઝઝૂમી રહી છે. શુક્રવારે વાનખેડે સ્ટેડિયમમાં પંડ્યાને ફરી હુટીંગનો સામનો કરવો પડ્યો જે ટીમ માટે નિરાશાજનક મુકાબલો રહ્યો. જેમાં કોલકાતા નાઈટ રાઈડર્સે તેને ૨૪ રને પરાજય આપ્યો. ફિન્ચે કહ્યું કે તે આ સમયે ઘણો નિરાશ અને થાકેલો દેખાઈ રહ્યો છે. એવું લાગી રહ્યું છે કે તે ઘણું દબાણ અનુભવી રહ્યો છે. હું પોતે એવી સ્થિતિમાં રહ્યો છું જ્યાં તમે વ્યક્તિગત રૂપથી કંઈ પણ પ્રયાસ કરો પણ તે અસરકારક થતો દેખાતો નથી જ્યારે ટીમ સારૂં કરતી નથી તો એવી સ્થિતિમાં રહેવું ઘણું મુશ્કેલ હોય છે. એક કપ્તાન તરીકે તમે ટીમના પ્રદર્શનની પૂરી જવાબદારી લો છો અને આવી જગ્યાએ હોવું ઘણું મુશ્કેલ છે. દ.આફ્રિકાના મહાન કપ્તાન ગ્રીમ સ્મિથે કહ્યું કે મુંબઈ ઈન્ડિયન્સની ટીમ હાર્દિક પંડ્યાના નેતૃત્વમાં ભ્રમિત લાગી રહી છે. તેમણે કહ્યું કે હાર્દિક વાસ્તવમાં ઝઝૂમી રહ્યો છે. તે દબાણમાં દેખાઈ રહ્યો છે. બેટિંગ લાઈનઅપમાં પણ તે ભ્રમિત દેખાઈ રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ કપ્તાન શેન વોટ્સને પણ પંડ્યાની કેપ્ટનશીપના નિર્ણયોની ટીકા કરી અને કહ્યું કે મુંબઈ ઈન્ડિયન્સે પોતાના સર્વશ્રેષ્ઠ બોલરને નહીં ઉતારી કેકેઆરને મેચમાં પુનરાગમન કરાવી દીધું જ્યારે ટીમે ૫૭ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. તેમણે કહ્યું કે નમન ધીરને બોલિંગ કરાવતા રહેવું જ્યારે કેકેઆરનો સ્કોર પાંચ વિકેટે ૫૭ રન હતો. આ બહુ મોટી ભૂલ હતી. તેમણે કહ્યું કે તે સમયે બુમરાહે ફક્ત એક ઓવર ફેંકી હતી. એટલા માટે તેમણે વેંકટેશ અને મનીષ પાંડેની ભાગીદારી તોડવાનો પ્રયાસ કરવો જોઈતો હતો પણ તેમણે એવું કર્યું નહીં અને ભાગીદારી બનવા દીધી.

# ડેવિડ વોર્નર ૭૦ ટકા ભારતીય અને ૩૦ ટકા ઓસ્ટ્રેલિયન છે : મૈકગર્ગ

નવી દિલ્હી, તા.૪
દિલ્હી કેપિટલ્સના યુવા પાવર હિટર જેક ફ્રેઝર મેક ગર્ગ દિલ્હીના ઓપનિંગ બેટસમેન ડેવિડ વોર્નર સાથેના પોતાના સંબંધો વિશે વાત કરે છે. તેણે કહ્યું કે વોર્નર તે સૌથી નિઃસ્વાર્થ લોકોમાંથી એક છે જેમને હું ક્યારેક મળ્યો છું. તેમની પાસે હંમેશા બધા માટે સમય હોય છે. તે ૨૪/૭ તમારી મદદ કરવા માંગે છે. બસ તેમના રૂમમાં જાવ અને દરેક સવારે કોફી પીવો. તેણે કહ્યું કે તે ઓસ્ટ્રેલિયનથી વધારે ભારતીય છે. આ જ વાત હું તેમને કહું છું હું તેમને કહું છું કે તે ૭૦ ટકા ભારતીય છે અને ૩૦ ટકા ઓસ્ટ્રેલિયન છે. આઈપીએલના અનુભવ વિશે વાત કરતા ૨૨ વર્ષીય મેકગર્ગે કહ્યું કે વાસ્તવમાં આમાં હોવા અને આને બાહરી દૃષ્ટિકોણથી જોવું અને તેના વિશે સાંભળવામાં અંતરે ઘણી સારી રીતે સંયોજન કરી લીધું છે. મેં અત્યાર સુધી આવું કર્યું નથી. રમત રમવાની કોઈ આશા છે પણ હાલ રમવામાં સક્ષમ હોવું ઘણી સારી વાત છે.

### ટી-૨૦ વિશ્વકપ માટે ઉત્સાહ વધી રહ્યો છે

# ભારત-પાકિસ્તાન મેચની ટિકિટોની કિંમત આસમાને પહોંચી, ૨.૦૮ લાખમાં વેચાઈ : રિપોર્ટમાં દાવો

નવી દિલ્હી, તા.૪
ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ માટે ઉત્સાહ વધી રહ્યો છે. નવમી જૂને ન્યુયોર્કમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના હાઈવોલ્ટેજ મુકાબલા માટે ટિકિટોની કિંમત લગભગ બમણી થઈ ગઈ છે. મીડિયા અહેવાલો મુજબ ટિકિટોના ભાવ સાતમા આસમાને પહોંચી ગયા છે અને ટિકિટ ૨.૦૮ લાખમાં વેચાઈ રહી છે. મુખ્યત્વે બે રાષ્ટ્રો વચ્ચેની ભૌગોલિક-રાજકીય તંગદિલીના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ વધુ રોમાંચક બને છે. બંને કટ્ટર હરીફો ૨૦૧૨-૧૩થી દ્વિપક્ષીય સિરીઝ રમ્યા નથી અને આઈસીસી ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સામે ભારતનું વર્ચસ્વ રહ્યું છે. ડેઈલી જંગના અહેવાલ મુજબ ડોલર દીઠ કિંમતો પહેલા ૧૩૦૦ હતી અને હવે વધીને ૨૫૦૦ થઈ ગઈ છે. સંયુક્ત રાજ્ય અમેરિકા (યુએસએ)માં ભારતીય અને પાકિસ્તાની મુળના લોકોની હાજરીના કારણે ટિકિટોના ભાવમાં વધારો થવાની સંભાવના છે. જ્યારે ભારતે ચાર રિઝર્વ સાથે પોતાના ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી દીધી છે જ્યારે પાકિસ્તાને હજુ સુધી પોતાની ટીમની જાહેરાત કરી નથી. વિશ્વકપ પહેલા મેન ઈન ગ્રીન આયરલેન્ડ અને ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ટી-૨૦ સિરીઝ રમવા માટે તૈયાર છે. આ બે સિરીઝ બાદ પાકિસ્તાન ટી-૨૦ વિશ્વકપની ટીમની જાહેરાત કરશે.

# હાર્દિકે બહાર નથી કર્યો, લાચારીમાં ઈમ્પેક્ટ પ્લેયર બન્યો રોહિત શર્મા

મુંબઈ, તા.૪
આઈપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સનો પૂર્વ કપ્તાન રોહિત શર્મા ઈમ્પેક્ટ પ્લેયરના રૂપમાં રમવા ઊતર્યો. કોલકાતા નાઈટ રાઈડર્સ વિરૂદ્ધ મેચ પહેલા ટોસ દરમ્યાન જ્યારે કપ્તાન હાર્દિકે આ જણાવ્યું તો પ્રશંસક માટે ચોંકાવનારૂં હતું. સોશિયલ મીડિયા પર આના માટે હાર્દિક પંડ્યાને ટ્રોલ પણ કરાયો પણ હવે આનું સાચું કારણ સામે આવ્યું છે. જેના કારણે રોહિત શર્માને ઈમ્પેક્ટ પ્લેયરના રૂપમાં રમવું પડ્યું. મુંબઈ ઈન્ડિયન્સના લેગ સ્પિનર પીયુષ ચાવલાએ જણાવ્યું કે ઓપનિંગ બેટસમેન રોહિત શર્માને પીઠમાં થોડી તકલીફ હોવાના કારણે કોલકાતા નાઈટ રાઈડર્સ વિરૂદ્ધ મેચમાં ઈમ્પેક્ટ પ્લેયર તરીકે રમવું પડ્યું હતું. ચાવલાએ વાનખેડે સ્ટેડિયમમાં મેચ બાદ મીડિયા સાથે વાતચીતમાં આ વાતનો ખુલાસો કર્યો હતો. રોહિત ૧૨ બોલમાં ૧૧ રન જ બનાવી શક્યો. રોહિત ક્રીઝ પર સેટ થતો દેખાઈ રહ્યો હતો. તેણે એક સિક્સર પણ ફટકારી હતી પણ સુનીલ નારાયણ વિરૂદ્ધ સિક્સર ફટકારવાના પ્રયાસમાં તેને પેવેલિયન પરત ફરવું પડ્યું. આ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને કેકેઆર સામે ૨૪ રનથી હારનો સામનો કરવો પડ્યો. આનાથી પાંચ વખતની ચેમ્પિયન ટીમ આ વર્ષની આઈપીએલમાંથી લગભગ બહાર થઈ ગઈ છે.

# હાર્દિક પંડ્યાનું મેદાનમાં ફરી ખરાબ વર્તન હવે બુમરાહ પર ગુસ્સે થયો

મુંબઈ, તા.૪
હાર્દિક પંડ્યા અવાર-નવાર પોતાના વ્યવહારને લઈ ચર્ચામાં રહે છે. આઈપીએલ ૨૦૨૪ની શરૂઆતમાં રોહિત શર્માની ફિલ્ડ પ્લેસમેન્ટને તે સતત બદલી રહ્યો હતો. રોહિતને સતત અહીંયાથી ત્યાં ભાગવું પડતું હતું. ગત સિઝનમાં ગુજરાત ટાઈટન્સની કેપ્ટનશીપ દરમ્યાન હાર્દિકે કોચ છોડવા પર મોહંમદ શમી સાથે ખરાબ વર્તન કર્યું હતું. માહોલ એટલો ગરમ થઈ ગયો હતો કે ફ્રેન્ચાઈઝી માલિકોને વચ્ચે આવવું પડ્યું હતું. હવે તે જસપ્રીત બુમરાહ પર ગુસ્સે થઈ ગયો છે. હાર્દિક પંડ્યા કેપ્ટનશીપ મળ્યા બાદ અલગ જ ટશનમાં છે. કોલકાતા નાઈટ રાઈડર્સ વિરૂદ્ધ મેચ દરમ્યાન મુંબઈ ઈન્ડિયન્સના મુખ્ય બોલર બુમરાહ પર ગુસ્સે થઈ ગયો હતો. હાર્દિક તે સમયે બોલિંગ કરી રહ્યો હતો. સર્કલમાં ફિલ્ડિંગ કરી રહેલા બુમરાહને હાર્દિકે પાછળ જવા માટે કહ્યું હતું. બુમરાહ જઈ રહ્યો હતો કે હાર્દિક જલ્દી જવા માટે બૂમો પાડવા લાગ્યો જ્યારે હાર્દિક પંડ્યા અકળાયો તો બુમરાહનો ચહેરો જોવા લાયક હતો. બુમરાહ પુરી રીતે નિરાશ દેખાઈ રહ્યો હતો. બુમરાહ હસીને બીજી તરફ જોવા લાગ્યો. આ ઘટના કોલકાતા નાઈટ રાઈડર્સની ઈનિંગની ૧૭મી ઓવરમાં ઘટી હતી. તે ઓવરમાં હાર્દિક પંડ્યાની જોરદાર ધોલાઈ થઈ હતી. ચાર ઓવરના સ્પેલમાં ૪૪ રન આપ્યા અને બે વિકેટ ઝડપી.

## દબાણ કરનારા ભાજપના ધારાસભ્યો તથા ક્રાઈમ બ્રાન્ચ પોલીસ હોવાનું નિવેદન !

# અમિત શાહના ગાંધીનગરમાં ત્રણ ઉમેદવારોનો ઉમેદવારી પાછી ખેંચવા દબાણ કરાયાનો આરોપ

ગાંધીનગર, તા.૪
ભાજપના સ્થાનિક રાજકારણીઓ અને કેટલાક કિસ્સાઓમાં, ગુજરાત પોલીસે તેમને ઉમેદવારી પાછી ખેંચવા દબાણ કર્યું હોવાના ગાંધીનગર બેઠકના ઉમેદવારોએ આક્ષેપો કર્યા છે.

ગાંધીનગરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો હતો. તેમાં ૩૯ વર્ષીય જિતેન્દ્ર ચૌહાણ રડતા દેખાતા હતા, તેમણે ફરિયાદ કરી હતી કે મને ઉઠાવી જઈને ‘‘અમિત શાહના લોકો’’ દ્વારા ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાંથી ઉમેદવારી પાછી ખેંચી લેવા દબાણ કરવામાં આવ્યું હતું. ચૌહાણે કહ્યું કે, ‘‘સંભવ છે કે મારી હત્યા થઈ જશે.’’ ‘‘હું મારા દેશવાસીઓને અપીલ કરું છુંઃ આ રાષ્ટ્રને બચાવો; તે જોખમમાં છે.’’ બીજા દિવસે ચૌહાણે પોતાનું નામાંકન પાછું ખેંચ્યું. ચૌહાણે મીડિયાને કહ્યું હતું કે, ‘‘મે ઉમેદવારી પાછી ખેંચી લીધી કારણ કે મારા પર દબાણ કરવામાં આવ્યું હતું.’’ ‘‘આ દબાણ અમદાવાદના બાપુનગરના ભાજપના ધારાસભ્ય દિનેશસિંહ કુશવાહ તરફથી કરવામાં આવ્યું હતું.’’ ચૌહાણ સહિત ગાંધીનગરમાં ત્રણ ઉમેદવારોએ મીડિયાને જણાવ્યું હતું કે તેઓને રેસમાંથી બહાર થવા માટે દબાણનો સામનો કરવો પડ્યો હતો. ત્રણેય સ્થાનિક ભાજપના રાજકારણીઓ અથવા પક્ષ સાથે સંકળાયેલા લોકો પર ધાકધમકીનો આરોપ લગાવે છે. તેમાંથી બેએ એવો પણ દાવો કર્યો હતો કે ગુજરાત પોલીસે તેમને નામાંકન પાછું ખેંચવા દબાણ કર્યું હતું. બીજી તરફ ભાજપના રાજકારણીઓએ આરોપોને નકારી કાઢ્યા હતા. લોકસભાની ચૂંટણીમાંથી અત્યાર સુધીમાં ગાંધીનગરમાંથી ચૌહાણ સહિત ૧૬ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી છે તેમાંથી ૧૨ અપક્ષ છે અને ચાર નાના રાજકીય પક્ષોના છે. ચૌહાણે આક્ષેપ કર્યો હતો કે, "મને કહેવામાં આવ્યું હતું કે તમને જેટલા રૂપિયા જોઈતા હોય તે બોલો પણ ‘‘મારે પૈસા જોઈતા ન હતા. અન્યોએ કોઈપણ ધાકધમકીનો ઈનકાર કર્યો હતો. તેમના પાછા ખેંચવાના કારણોમાં પ્રચાર ભંડોળના અભાવથી માંડીને બીજેપીમાં જોડાવું, વગેરેનો સમાવેશ થાય છે.

૨૦ એપ્રિલની સવારે, ચૌહાણે ફેસબુક પર તેનો વીડિયો અપલોડ કર્યો તેના એક દિવસ પહેલા, અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં સુમિત્રા મૌર્યના ઘરે એક ડઝનથી વધુ માણસો પ્રવેશ્યા હતા, એમ તેના એક પાડોશીએ જણાવ્યું હતું. જ્યારે પુરુષો પહોંચ્યા, ત્યારે તેમને માત્ર બે બાળકો જ મળ્યા - ‘‘સવારના ૧૧ વાગ્યા હતા અને હું મારા નોમિનેશન માટે ગાંધીનગરમાં હતી’’ તેમણે મને કહ્યું. ‘‘તેઓએ તેમને (મારી દીકરીઓને) મારા ઠેકાણા વિશે પૂછ્યું અને કહ્યું કે તેઓ મને મળવા અને મારી સાથે વાત કરવા માગે છે. તેઓ તરત જ ચાલ્યા ગયા પરંતુ તેનાથી મારી દીકરીઓ ખૂબ ડરી ગઈ.’’ મૌર્યના પાડોશી વિનોદ પાંડેએ તે દિવસે તેના ઘરે પુરુષોને જોયા હતા. ‘‘જ્યારે તેઓ ગયા, ત્યારે હું દીકરીઓ પાસે ગયો અને તેમને કહ્યું કે ગભરાશો નહીં,’’ તેણે કહ્યું. ‘‘મેં પછીથી સાંભળ્યું કે આ માણસો ઈચ્છે છે કે તેણી ચૂંટણીમાંથી ખસી જાય.’’ મૌર્યએ કહ્યું કે તે દિવસે તેને અને તેના પતિને શ્રેણીબદ્ધ ફોન કોલ્સ મળ્યા. અમારી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજેશ મૌર્યએ અમને થોડા દિવસો માટે શહેર છોડી દેવાનું સૂચન કર્યું.’’ ૨૧ એપ્રિલે સોમનાથથી બનાવેલા વીડિયોમાં સુમિત્રાએ આરોપ મૂક્યો હતો કે આ શખ્સો ‘‘ક્રાઈમ બ્રાન્ચ પોલીસ’’ના હતા. ૨૨ એપ્રિલે પ્રજાતંત્ર આધાર પાર્ટીના રાજેશ મૌર્યએ ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારીને પત્ર લખ્યો હતો. તેમના પત્રમાં ૨૦ અને ૨૧ એપ્રિલના રોજની ઘટનાઓનો ક્રમ જણાવવામાં આવ્યો હતો અને આરોપ મૂક્યો હતો કે સોમનાથમાં સુમિત્રાને ધમકાવનારાઓ ગુજરાત પોલીસની ક્રાઈમ બ્રાન્ચના હતા. સુમિત્રા મૌર્ય ગાંધીનગરની રેસમાંથી પીછેહઠ કરી નથી. પરંતુ ચૌહાણે કે જેમણે વીડિયો બનાવ્યો હતો તેઓ ખસી ગયા છે. તેમણે કહ્યું કે,"ઉમેદવારી પછી ખેંચ્યા પછી મારા બે ક્લાયન્ટ્સે મારી સાથેના કરારો રદ કરી દીધા છે,’’ ‘‘તેઓ ડરી ગયા. મને ડર છે કે મારો ધંધો બંધ થઈ જશે.’’ ૨૧ એપ્રિલના રોજ ચૌહાણે આરોપ લગાવ્યો હતો કે ક્રાઈમ બ્રાન્ચના ચાર માણસો અમદાવાદમાં દરેક જગ્યાએ તેમનો પીછો કરતા હતા. ‘‘તેઓએ મને કહ્યું, ’તમારી અને તમારા બાળકોની સંભાળ રાખો. રાજનીતિ એ તમારો વ્યવસાય નથી.’ જ્યારે હું ઘરે પાછો આવ્યો ત્યારે મને લાગ્યું કે તેઓ મને નજરકેદ કરવા માગે છે. અપક્ષ ઉમેદવાર જયેન્દ્ર રાઠોડે પણ મીડિયાને જણાવ્યું હતું કે ગાંધીનગર ઉત્તરના ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય અશોક પટેલે તેમની ઉમેદવારી પાછી ખેંચવા માટે તેમના પર દબાણ કર્યું હતું. તેમણે આક્ષેપ કર્યો હતો કે ગાંધીનગર મેદાનમાં અન્ય બે અપક્ષ ઉમેદવારો સુરેન્દ્ર શાહ અને નરેશ પ્રિયદર્શી ને તેમની જેમ ઉમેદવારી પાછા ખેંચવાની ફરજ પડી હતી. અમે ચૌહાણને પૂછ્યું કે બીજેપી જેટલો મજબૂત પક્ષ જ્યારે અમિત શાહ લડે છે ત્યારે તેમની ઉમેદવારી વિશે શા માટે ચિંતા કરે છે ? જવાબમાં તેમણે કહ્યું કે,"મત જીતવા એ ગૌણ વસ્તુ છે. પરંતુ જ્યારે ચૂંટણીમાં દેશના ગૃહમંત્રીની સામે એક નાનો માણસ ઊભો રહે છે, ત્યારે મંત્રીનું સ્વાભિમાન ઘવાય છે. ‘‘હું જાણું છું કે અમારા જેવા ગરીબ લોકો રાજકારણમાં આવતા નથી. હું એટલું જ કહેવા માંગુ છું કે આ દેશમાં લોકશાહી ખતમ થઈ ગઈ છે. બંધારણ સમાપ્ત થઈ ગયું છે.’’


## ફોર્મેટ સી-૨

(રાજકીય પક્ષો માટે - ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની છેલ્લી તારીખ પછીના દિવસથી મતદાન દિવસ પૂર્વેના ૨ બે દિવસ સુધીમાં વેબસાઈટ અખબારો અને ટીવીમાં પ્રસિદ્ધ કરવા માટે)

(પક્ષ દ્વારા ઊભા રાખવામાં આવેલ ઉમેદવારોના ગુનાહિત પૂર્વ ઈતિહાસ વિશે એકરાર)

(રિટ પિટિશન (દીવાની) નં.૫૩૬/૨૦૧૧ (પબ્લિક ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશન અને અન્યો વિરૂદ્ધ ભારત સંઘ અને અન્યો)માં નામદાર સર્વોચ્ચ અદાલતના તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના ચુકાદા મુજબ)

રાજકીય પક્ષનું નામ : ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ
ચૂંટણીનું નામ : લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪
રાજ્યનું નામ : ગુજરાત

| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | મત વિભાગનું નામ | ઉમેદવારનું નામ | પડતર ફોજદારી કેસો | | ફોજદારી ગુનાઓ માટે સાબિત થયેલ કેસોની વિગતો | | |
| | | | અદાલતનું નામ, કેસ નં અને કેસ(સો)ની સ્થિતિ | સંબંધિત અધિનિયમોની કલમ (મો) અને ગુના (ઓ)નું સંક્ષિપ્ત વર્ણન | અદાલતનું નામ અને હુકમ (મો)ની તારીખ (ખો) | ગુના (ઓ)નું વર્ણન અને આપવામાં આવેલ સજા | મહત્તમ આપવામાં આવેલ સજા |
| ૧. | ૦૨ બનાસકાંઠા | ગેનીબેન નગાજી ઠાકોર | ગુજરાત હાઈકોર્ટમાં સી.આર. એમ.એ ૨૨૯૨૨/૨૦૧૬, સી.આર.પી.સી.ની કલમ ૪૮૨ હેઠળ ચાલી રહેલ છે. | ઈ.પી.કો. કલમ ૩૦૬, ૫૦૬(૨), ૧૧૪ મુજબ આપઘાતની દુષપ્રેરણા અને ધમકી આપવા બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૨. | ૦૩-પાટણ | ચંદનજી તલાજી ઠાકોર | બીજા પ્રિ.સી.સી. જજ અને એડી. ચીફ. જ્યુ. મેજી. સિધ્ધપુર સી.સી. નં. ૬૯૫ / ૨૦૨૩ ચાલી રહેલ છે. | આઈ.પી.સી. ૧૮૮ અને આર.પી. એક્ટ ૧૯૫૧ની કલમ ૧૨૬(૨) જાહેરનામા ભંગ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૩. (૧) | ૦૭-અમદાવાદ પૂર્વ | હિંમતસિંહ પ્રહલાદસિંહ પટેલ | પંદરમાં એડી. મેટ્રો. મેજી. અમદાવાદ સી.સી. નં. ૩૯૨૭ / ૨૦૦૩ | આઈ.પી.સી. ૧૮૮, ૪૨૭ મુજબ મિલકતને નુકશાન અને જાહેરનામા ભંગ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૨) | | | બારમાં એડી. મેટ્રો. મેજી. અમદાવાદ સી.સી. નં. ૮૪૩૪૬ / ૨૦૧૯ | આઈ.પી.સી. ૧૮૮, ૧૪૩, ૩૪૧, ૨૯૦, ૧૩૫(૧) મુજબ જાહેરનામા ભંગ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૪. (૧) | ૧૩-જૂનાગઢ | હિરાભાઈ અરજણભાઈ ઈ.જોટવા | આઠમાં ચીફ જ્યુ. મેજિ. વેરાવળ (૧) સી.સી. નં. ૧૭ / ૨૦૧૯ (૨) સી.સી. નં.૧૦૪૪/૨૦૧૫ ચાલી રહેલ છે. | ઈ.પી.કો. ૫૦૬ (૨) ધમકી આપવા બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૨) | | | | ઈ.પી.કો. ૧૪૩, ૧૪૯, ૩૨૩, ૪૫૨, ૫૦૬ (૨) પી.પી. ડેમેજ એક્ટ ૩ (૨) e, ટોલ ટેક્ષ વિરોધ બાબતે | | | |
| ૫. (૧) | ૨૧– છોટાઉદેપુર (એસ.ટી.) | સુખરામભાઈ હરીયાભાઈ રાઠવા | ચીફ. જ્યુ. મેજી. ગાંધીનગર સી.સી. નં. ૨૧૬૮ / ૨૦૨૨ ચાલી રહેલ છે. | ઈ.પી.કો. ૫૦૦, ૧૧૪ અને ૧૨૦(બી) બાબતે બદનક્ષીની ફરિયાદ બાબતે | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| ૬. (૧) | ૨૬ - વલસાડ (એસ.ટી.) | અનંતકુમાર હસમુખભાઈ પટેલ | જે.એમ. એફ.સી. ખેરગામ ૧/૨૦૨૪ ચાર્જશીટ થયેલ છે. | એફ.આઈ.આર.નં ૧૧૮૨૨૦૦૪૨૨૦૫૬૧/૨૦૨૨, ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૪૧, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૩૪, ૧૨૦(બી), ડેમેજ ટુ પી.પી. કલમ ૩, ૫ અને જી.પી. એક્ટ ૧૩૫ બાબત | બીજા જે.એમ.એફ.સી. અને ચીફ જ્યુ. મેજિ. નવસારી તા.૨૭/૩/૨૦૨૩ | ઘેરાવ કરવાના ગુના બદલ રૂા. ૯૯નો દંડ કરવામાં આવેલ છે. | લાગુ પડતું નથી |
| (૨) | | | | ખેરગામ પો.સ્ટે. એફ.આઈ. આર. નં. ૧૧૮૨૨૦૦૪૨૨૦૫૬૦/૨૦૨૨ ઈ.પી.કો. ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૫૩(એ), ૩૯૫, ૪૫૦, ૪૩૬, ૪૨૭, ૫૦૪, ૩૪, ૧૨૦(બી), ઈન્ડિયન ફ્લેગ એક્ટ ૨૦૦૨ની કલમ-૨ અને જી.પી. એક્ટ ૧૩૫ બાબતે ફરિયાદની તપાસ ચાલુ છે. | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૩) | | | | ખેરગામ પો.સ્ટે. એફ.આઈ. આર. નં. ૧૧૮૨૨૦૦૪૨૨૦૫૬૬ / ૨૦૨૨ઈ.પી.કો૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯,૧૫૧,૧૫૨, ૧૫૩(એ),૧૮૬,૨૨૮,૩૦૭,૩૩૨,૩૩૭,૩૪૧, ૩૫૨, ૩૫૩, ૪૨૭, ૪૪૦, ડેમેજ ટુ પી.પી. કલમ ૩, ૫ અને જી.પી. એક્ટ ૧૩૫ બાબતે ફરિયાદની તપાસ ચાલુ છે. | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |
| (૪) | | | બીજા એડિ. ચીફ. જ્યુ. મેજિ. નવસારી તરફથી પ્રોસીડિંગ્સ ડ્રોપ કરવામાં આવેલ છે. | એફ.આઈ.આર. નં. ૧૧૮૨૨૦૨૧૨૨૧૬૧૬ / ૨૦૨૨ | | | |

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રકાશિત.

## ફોર્મેટ સી-૨

(રાજકીય પક્ષો માટે - ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની છેલ્લી તારીખ પછીના દિવસથી મતદાન દિવસ પૂર્વેના ૨ બે દિવસ સુધીમાં વેબસાઈટ, અખબારો અને ટીવીમાં પ્રસિદ્ધ કરવા માટે

પક્ષ દ્વારા ઊભા રાખવામાં આવેલ ઉમેદવારોના ગુનાહિત પૂર્વ ઈતિહાસ વિશે એકરાર

(રિટ પિટિશન (દીવાની) નં.૫૩૬/૨૦૧૧ (પબ્લિક ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશન અને અન્યો વિરૂદ્ધ ભારત સંઘ અને અન્યો)માં નામદાર સર્વોચ્ચ અદાલતના તા.૨૫મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના ચુકાદા મુજબ)

રાજકીય પક્ષનું નામ : ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ
ચૂંટણીનું નામ : ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણી - ૨૦૨૪
રાજ્યનું નામ : ગુજરાત

| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ નં. | મત વિભાગનું નામ | ઉમેદવારનું નામ | પડતર ફોજદારી કેસો | | ફોજદારી ગુનાઓ માટે સાબિત થયેલ કેસોની વિગતો | | |
| | | | અદાલતનું નામ, કેસ નં. અને કેસ(સો)ની સ્થિતિ | સંબંધિત અધિનિયમોની કલમ (મો) અને ગુના (ઓ)નું સંક્ષિપ્ત વિવરણ | અદાલતનું નામ અને હુકમ (મો)ની તારીખ (ખો) | ગુના (ઓ)નું વર્ણન અને આપવામાં આવેલ સજા | મહત્તમ આપવામાં આવેલ સજા |
| ૧ | ૮૫-માણાવદર | હરીભાઈ ગોવિંદભાઈ કણસાગરા | ચીફ જ્યુ.મેજિ. કોર્ટ રાજકોટ CC ૩૪૫/૨૦૨૪ | ઈ.પી.કો. કલમ ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૩૮૪, ૧૨૦(બી) મુજબ, આક્ષેપો રહેણાંક હેતુ માટેનો પ્લોટના ખોટા દસ્તાવેજ બનાવી વેચાણ કરવા માટે ઉપયોગ કરવા બદલ | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી | લાગુ પડતું નથી |

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રકાશિત

# તેલંગાણામાં કોલેજના મુસ્લિમ વિદ્યાર્થીને તેના સહાધ્યાયી વિદ્યાર્થીઓએ માર માર્યો : દેશમાં મુસ્લિમો વિરૂદ્ધ વધતી નફરતની ઘટનાઓ

## ગુજરાતના વડોદરાથી લઈને તેલંગાણાના વાનાપર્થી સુધી યુવાન મુસ્લિમોને કોઈ કારણ વગર માર મારવામાં આવ્યો હતો અને હુમલો કરવામાં આવ્યો હતો

(એજન્સી) તા.૪

દેશમાં લઘુમતીઓ અને દલિતો સામે નફરતની હિંસાની ઘટનાઓ તાજેતરના ભૂતકાળમાં સતત જોવા મળી રહી છે. અમે આ ઘટનાઓ પર સતત નજર રાખીએ છીએ. નીચેની ઘટનાઓ ૨૦મી એપ્રિલથી ૨૪મી એપ્રિલની વચ્ચે ગુજરાત, તેલંગાણા અને ઉત્તરપ્રદેશમાં બની હતી.

વોશિંગ્ટન સ્થિત એક રિસર્ચ ગ્રૂપ દ્વારા બહાર પાડવામાં આવેલા રિપોર્ટ અનુસાર ભારતમાં મુસ્લિમ વિરોધી નફરતના ભાષણની ઘટનાઓમાં સમયાંતરે વધારો થયો છે. ૨૦૨૩માં તેઓ વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળાની તુલનામાં ૨૦૨૩ના અંતમાં ૬૨% વાડી હતી. આ રિપોર્ટમાં ૨૦૨૩માં મુસ્લિમોને નિશાન બનાવતી કુલ ૬૬૮ અપ્રિય ભાષણની ઘટનાઓનું પણ દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. તેમાંથી ૨૫૫ ઘટનાઓ વર્ષના પ્રથમ છ મહિનામાં બની હતી, જ્યારે ૪૧૩ ઉત્તરાર્ધમાં બની હતી. યુનાઈટેડ નેશન્સે ચેતવણી આપી છે કે દ્વેષયુક્ત ભાષણને રોકવામાં ન કરવામાં આવે તો વાસ્તવિક હિંસા થઈ શકે છે.



**વાનપર્થી, તેલંગાણા :-** પોલીટેકનિક કોલેજમાં, એક યુવાન મુસ્લિમને સાંજે તેની રોજની નમાઝ અદા કરવા માટે તેના છ સાથી વિદ્યાર્થીઓએ માર માર્યો હતો. આ વિદ્યાર્થી, મોહમ્મદ માસુમ ૧૯ વર્ષનો વિદ્યાર્થી છે. આ ઘટના ૨૪ એપ્રિલે તેલંગાણાના વાનપર્થી જિલ્લાની કેડીઆર સરકારી પોલિટેકનિક કોલેજમાં બની હતી. માસુમને હુમલાખોરોએ અટકાવ્યો હતો, જેમાં તેના સાથી વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો, જેમાં લોકેશ નામનો એક વિદ્યાર્થી હતો, જેણે તેની ટોપી જમીન પર ફેંકી દીધી હતી એટલું જ નહીં પણ આ યુવાન વિદ્યાર્થીને માર માર્યો હતો.

માસુમ મદદ માટે બૂમો પાડીને અન્ય વિદ્યાર્થીઓનું ધ્યાન આકર્ષિત કરવામાં સફળ રહ્યો હતો, ત્યારબાદ આ હુમલાખોરો ભાગી ગયા હતા. બાદમાં તેને મસ્જિદના ઈમામે સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. વાનપર્થી પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે અને હુમલા સાથે જોડાયેલા એક શંકાસ્પદની ધરપકડ કરી લીધી છે.

**વડોદરા, ગુજરાત :-** ૨૦ એપ્રિલે ગુજરાતના વડોદરામાં મોડી રાત્રે લગભગ ૨:૧૫ વાગ્યે, ૨૬ વર્ષીય મોહમ્મદ ફૈઝાન અમીરૂદ્દીન શેખને પોલીસ અધિકારીઓ દ્વારા કથિત રીતે માર મારવામાં આવ્યો અને હુમલો કરવામાં આવ્યો હતો. એક અહેવાલ મુજબ, ફૈઝાનને અધિકારીઓ સાથે મતભેદ થયા પછી આ ઘટના હિંસક બની હતી. પોલીસના આ કાર્ય વિરૂદ્ધ ફૈઝાન તેમની પીસીઆર વાનની સામે ઊભો રહ્યો અને તેનો રસ્તો રોકી દીધો, જેના પગલે ભીડ એકઠી થવા લાગી હતી. પોલીસ કર્મચારીઓએ કાર ડ્રાઈવ કરી અને ફૈઝાનને લગભગ ૧૦૦ ફૂટ સુધી પાછળ ધકેલી દીધો અને તે વાનની નીચે આવી ગયો હતો. ફૈઝાનની હાલત ગંભીર છે અને ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. આ ત્રણ પોલીસકર્મીઓ - મોહમ્મદ સલીમ, રઘુવીર ભરતભાઈ અને ડ્રાઈવર કિશન પરમારને ફરજ પરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને તેમની સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. ફૈઝાને પોતે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી છે.

ડિવિઝનના મદદનીશ પોલીસ કમિશનર ડીજે ચાવડાએ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે, PCR વાનમાં સવાર કર્મચારીઓએ શારીરિક બળનો ઉપયોગ કર્યો હતો અને તે ઘાયલ થયો હતો. ફૈઝાને ફરજ પરના પોલીસ કર્મચારીઓ પર હુમલો કર્યો હતો. અમે બે એફઆઈઆર નોંધી છે અને ઘટનાની તપાસ કરી રહ્યા છીએ.

**ગાઝિયાબાદ, ઉત્તરપ્રદેશ :-** અન્ય એક દુઃખદ ઘટનામાં, યુપી પોલીસનો એક પોલીસ અધિકારી ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં કુર્તા-પાયજામા પહેરેલા એક યુવાન છોકરાને હિંસક રીતે મારતો વીડિયોમાં ઝડપાયો હતો. વીડિયો ફૂટેજમાં ઈન્સ્પેક્ટર ભાનુ પ્રકાશ ડ્રાઈવરને વાળથી ખેંચીને બેરહેમીપૂર્વક માર મારતો જોવા મળ્યો હતો. આ વીડિયોને લઈને લોકોના આક્રોશ બાદ પોલીસે લોકોને કહ્યું છે કે અધિકારી વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. મદદનીશ પોલીસ કમિશનર (ACP)ને આ મામલે તપાસ શરૂ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. આ યુવાનનું નામ સોહેલ હોવાનું સામે આવ્યું હતું. **(સૌ.: સબરંગઈન્ડિયા.કોમ)**

# પશ્ચિમ બંગાળની એવી ૪ બેઠકો જ્યાં લઘુમતીઓનું વર્ચસ્વ છે ત્યાં પક્ષોનો વારસો અને લોકપ્રિયતા દાવ પર છે

## માલદા ઉત્તર, માલદા દક્ષિણ, જાંગીપુર અને મુર્શિદાબાદ દેશના કેટલાક એવા મતદાર ક્ષેત્રોમાંથી એક છે જ્યાં લઘુમતી વસ્તી બહુમતીમાં છે

(એજન્સી) તા.૪

૨૦૨૪ની ચૂંટણીના ત્રીજા તબક્કામાં પશ્ચિમ બંગાળમાં માલદા ઉત્તર, માલદા દક્ષિણ, જાંગીપુર અને મુર્શિદાબાદ આ તમામ મતવિસ્તારોમાં રાજકીય પક્ષો અન્ય પક્ષોને હરાવવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. લોકસભાની આ બેઠકોમાં એક વાત સામાન્ય છે કે આ ચારેય બેઠકો દેશના એવા થોડા મતવિસ્તારોમાંથી છે જ્યાં લઘુમતી વસ્તી બહુમતીમાં છે. આ બેઠકોના જિલ્લાઓ બાંગ્લાદેશની સરહદ ધરાવે છે, અને મુસ્લિમ વસ્તી હિન્દુઓ કરતાં વધુ છે. ૨૦૧૧માં હાથ ધરવામાં આવેલી ભારતની છેલ્લી વસ્તીગણતરીમાં અવિભાજિત માલદા જિલ્લાની લગભગ ૪૦ લાખની વસ્તીના ૫૧%થી વધુ મુસ્લિમોનો સમાવેશ થાય છે. બિનસત્તાવાર અંદાજો હવે તે સંખ્યા લગભગ ૬૯% ગણે છે. અહીના લઘુમતીઓ માટે 'બરકતદા' એક મહાન વ્યક્તિ છે. કોંગ્રેસના દિગ્ગજ નેતાને તેમના મૃત્યુના ૧૮ વર્ષ પછી પણ યાદ કરવામાં આવે છે. તેઓ પાંચ વખત ધારાસભ્ય, આઠ વખત સાંસદ હતા. કોંગ્રેસે ગની ખાનના મૃત્યુ પછી, તેમના ભાઈ અબુ હાસેમ ખાન ચૌધરી, અથવા 'દલુદા' સાથે આ વારસો જાળવી રાખવાનું ચાલુ રાખ્યું, અને ૨૦૦૬માં અવિભાજિત માલદા લોકસભા બેઠક જીતી હતી, અને વિભાજન પછી, ૨૦૦૯, ૨૦૧૪ અને ૨૦૧૯માં માલદા દક્ષિણમાંથી તેઓ જીત્યા હતા. તેઓ હાલમાં ૮૬ વર્ષના છે અને અસ્વસ્થ છે, અને તેમના પુત્ર, ઈશા ખાન ચૌધરી હવે કોંગ્રેસના ઉમેદવાર છે.

ઈશાનો સામનો ભારતીય જનતા પાર્ટી (BJP)ના શ્રી રૂપા મિત્રા ચૌધરી અને પશ્ચિમ બંગાળની સત્તાધારી ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના શાહનવાઝ અલી રાયહાન સામે છે. રાજ્યમાં તેમના



ગઠબંધન મુજબ ડાબેરીઓ ઈશાને સમર્થન આપી રહ્યા છે. મિત્રા ચૌધરી મહિલા અધિકાર કાર્યકર્તા છે અને તેમના સામાજિક કાર્ય માટે નિર્ભયા દીદી તરીકે ઓળખાય છે. તે માલદા જિલ્લાના દક્ષિણ બલુચર બટ્ટલાની છે. ભાજપ મતદારોના ભારે ધ્રુવીકરણ પર આધાર રાખે છે. ધાર્મિક મુદ્દાઓ અહીં સંવેદનશીલ રહ્યા છે. બરકતની ભત્રીજીએ કોંગ્રેસના ઉમેદવાર તરીકે ૨૦૦૯ અને ૨૦૧૪માં માલદા ઉત્તરમાં જીત મેળવી હતી. હાલમાં તે રાજ્યસભામાં ટીએમસીના સાંસદ છે. કોંગ્રેસ કે ટીએમસીએ ગની ખાનના પરિવારના કોઈ સભ્યને અહીં મેદાનમાં ઉતાર્યા નથી. TMCએ IPS અધિકારી પ્રસૂન બેનર્જીને પસંદ કર્યા છે, જેમણે ચૂંટણી પહેલા સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. ભાજપે ફરીથી ખગેનમુર્મુ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. માલદાના દક્ષિણમાં મુર્શિદાબાદ જિલ્લો આવેલો છે જ્યાં છેલ્લી વસ્તીગણતરીમાં ૨૦૧૧માં તેની ૭૧ લાખથી વધુ વસ્તીના ૬૬.૨૭% મુસ્લિમો હતા. અહીં મુર્શિદાબાદ અને જાંગીપુરના મતવિસ્તાર આવેલા છે. અનુમાન મુજબ મુસ્લિમ વસ્તી અગાઉના ૭૨% છે. ટીએમસી ઉમેદવાર અબુ તાહેર ખાને ૨૦૧૯માં અહીં કોંગ્રેસમાંથી તેમના નજીકના હરીફને હરાવીને જીત મેળવી હતી. ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં, છ વિભાગો ટીએમસીના હાથમાં ગયા હતા, અને એક ભાજપ પાસે છે. જો કે, મુર્શિદાબાદની ૫,૫૮૯ બેઠકો ધરાવતી ગ્રામ પંચાયતોમાંથી ૧,૧૪૨ કોંગ્રેસ પાસે છે અને ૫૬૩ સીપીઆઈ(એમ) પાસે છે. શાસક ટીએમસીએ ૩,૦૯૦ બેઠકો અને ભાજપે ૫૩૦ બેઠકો જીતી હતી. બાકીની બેઠકો અપક્ષો સહિત અન્યને મળી હતી.

કેટલાક મતદાન નિરીક્ષકોના મતે, ચૌધરીએ તત્કાલીન કટ્ટર હરીફ ડાબેરી મોરચા પાસેથી જાંગીપુર છીનવી લેવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. પ્રણવ મુખર્જીએ ૨૦૦૪માં સીપીઆઈ (એમ)ના વર્તમાન સાંસદ અબુલહસનત ખાનને ૩૬ હજારથી વધુ મતોથી હરાવ્યા હતા. તેઓ ફરીથી ૨૦૦૯માં જીત્યા પરંતુ જ્યારે તત્કાલીન શાસક યુપીએએ તેમને રાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવાર તરીકે જાહેર કર્યા ત્યારે તેમણે પદ છોડ્યું હતું.

# અમેઠી અને રાયબરેલી અંગેના નિર્ણય સાથે કોંગ્રેસનો ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં પ્રચાર પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે

(એજન્સી) તા.૪

અમેઠી અને રાયબરેલીની લોકસભા બેઠકો માટેના ઉમેદવારો અંગેની કોંગ્રેસની જાહેરાત નામાંકન ફાઈલ કરવાની અંતિમ તારીખ પૂરી થાય તે પહેલાં જ આવી હતી. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી પરિવારના ગઢ રાયબરેલીથી ચૂંટણી લડશે. આ સીટ તાજેતરમાં રાહુલની માતા, પાર્ટીના પૂર્વ વડા સોનિયા ગાંધી દ્વારા ખાલી કરવામાં આવી હતી, જેઓ હવે રાજ્યસભામાં છે. લોકોની અપેક્ષાથી વિપરીત પ્રિયંકા ગાંધી વાડ્રાએ ચૂંટણી મેદાનથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે. અમેઠી, જે રાહુલની મૂળ લોકસભા બેઠક છે અને જ્યાંથી તેઓ ૨૦૧૯માં ભાજપની સ્મૃતિ ઈરાની સામે હારી ગયા હતા, ત્યાં આ વખતે ગાંધી પરિવારના વફાદાર કિશોરી લાલ શર્મા મેદાનમાં છે. એવું માનવામાં આવતું હતું કે રાહુલ આ ચૂંટણીમાં અમેઠીમાં પાછા ફરશે, અને પ્રિયંકા રાયબરેલીથી ચૂંટણી લડશે. જો કે, પાર્ટીના સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રિયંકા ચૂંટણી નહીં લડવાના પોતાના સંકલ્પમાં અડગ છે અને દેશભરમાં પાર્ટી માટે પ્રચાર પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેણીએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને પોતાનો નિર્ણય અગાઉથી જ જણાવી દીધો હોવાનું જાણવા મળે છે. તેણી પર નેતાઓ અને કાર્યકરો દ્વારા બેમાંથી કોઈ એક બેઠક પરથી ચૂંટણી લડવા માટે ભારે દબાણ હતું, પરંતુ તેણીએ સ્પષ્ટ કહ્યું હતું કે તેણી આ ચૂંટણીમાં તેની ભૂમિકા માત્ર પક્ષના પ્રચારક તરીકે જ નિભાવવા માંગે છે. રાયબરેલીથી રાહુલને ચૂંટણી મેદાનમાં ઉતારવાનો નિર્ણય એટલા માટે છે કે અમેઠીથી ચૂંટણી લડવાથી ભાજપે તેમને હરાવવા માટે આ મતવિસ્તારમાં તમામ તાકાત લગાવશે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાના જણાવ્યા અનુસાર, રાહુલને ઈરાની સાથેના મુકાબલામાં રોકી લેવામાં આવ્યા હોત, જે મીડિયાની હેડલાઈન્સમાં આવી ગઈ હોત અને ચૂંટણી માટે પાર્ટીના મોટા અભિયાન અને અમેઠીના પૂર્વ સાંસદ પોતાના પ્રચારથી વિચલિત થઈ ગયા હોત. પાર્ટીએ



આ નિર્ણય એટલા માટે લીધો છે કારણ કે તે સંપૂર્ણપણે વાકેફ છે કે ભાજપ આ પરિસ્થિતિનો ઉપયોગ રાહુલને અમેઠીની હરીફાઈમાંથી ભાગી ગયેલા વ્યક્તિ તરીકે કરશે. તેમણે એમ પણ કહ્યું કે જો પ્રિયંકાએ પણ ચૂંટણી લડી હોત તો ભાજપે વંશવાદી રાજકારણનો પ્રચાર કરવા માટે કોંગ્રેસ અને ગાંધી પરિવાર પર હુમલો વધુ તીવ્ર બનાવ્યો હોત. પાર્ટી એ પણ અપેક્ષા રાખે છે કે ભાજપ રાહુલ વાયનાડના લોકો સાથે દગો કરવા વિશે વાત કરશે. જો કે, પાર્ટી કહે છે કે રાહુલ માટે ઉત્તર ભારતની સીટ પરથી ચૂંટણી લડવી મહત્વપૂર્ણ છે, અને રાયબરેલી પણ તેની પકડમાંથી બહાર ન જાય તે સુનિશ્ચિત કરવું મહત્વપૂર્ણ હતું, તેથી એ સ્વાભાવિક છે કે તેમણે ત્યાંથી લડવું જોઈએ. આ બે બેઠકો પર નિર્ણય મુખ્યત્વે ગાંધી પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો. અમેઠીમાં લાંબા સમયથી પરિવારના પ્રતિનિધિ તરીકે રહેલા શર્માને ઈરાનીનો સામનો કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, સોનિયા ૨૦૦૪માં અમેઠીથી રાયબરેલીમાં ગયા હતા અને રાહુલ માટે ચૂંટણીમાં પ્રવેશ કરવા માટે આ બેઠક છોડી દીધી હતી. તાજેતરમાં રાજ્યસભાના સભ્ય તરીકે ચૂંટાયા પહેલા તેણી રાયબરેલીનું પ્રતિનિધિત્વ કરતા હતા.

# ઈન્દોરમાં સુરત મોડલનું અનુસરણ કરવાનો પ્રયાસ? SUCIના ઉમેદવાર પર ભાજપ દ્વારા ચૂંટણી ન લડવા માટે દબાણ કરવામાં આવ્યું

## સુરતમાં બનેલી ઘટનાઓને પરિણામે ભાજપના એક સાંસદ ચૂંટણી વિના જીતી ગયા છે ત્યારે ઘણાને આશ્ચર્ય થયું હતું પરંતુ જ્યારે ઈન્દોરમાં કોંગ્રેસના ઉમેદવારે પીછેહઠ કરી અને ભાજપમાં જોડાયા ત્યારે ધ વાયરે શોધી કાઢ્યું હતું કે SUCI (સામ્યવાદી) સાથે જોડાયેલા ઓછામાં ઓછા એક ઉમેદવાર પર દબાણ અને ધાકધમકી આપવામાં આવી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

સુરતમાં અને પછી ઈન્દોરમાં ઘટનાઓ, સમાન ન હોવા છતાં, તેના સમાન પરિણામો આવ્યા છે, જેના પરિણામે વિપક્ષી ઉમેદવારોએ મેદાન છોડી દીધું છે. સુરતમાં કોંગ્રેસ સાથે સંકળાયેલા ઉમેદવારોના બે નામાંકન નામંજૂર થયા બાદ અન્ય તમામ અપક્ષ ઉમેદવારો પણ રેસમાંથી ખસી ગયા હતા. સુરતમાં, રવિવારે એક ડમી ઉમેદવાર સહિત કોંગ્રેસના ઉમેદવારોના નામાંકન નાટકીય રીતે નકારી કાઢવામાં આવ્યા બાદ, બાકીના બધાએ નામાંકન પાછું ખેંચી લીધું હતું, જેના કારણે મુકેશ દલાલને બિનહરીફ લોકસભાના સાંસદ તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

ઈન્દોરમાં કોંગ્રેસના ઉમેદવારે પીછેહઠ કરી અને ભાજપમાં જોડાયા. પરંતુ ધ વાયર દ્વારા કરવામાં આવેલી માહિતી અને પૂછપરછથી વધુ ભયંકર ઘટનાક્રમ સામે આવ્યો છે.

અજિત સિંહ પંવાર, ઈન્દોરના સોશ્યલિસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઈન્ડિયા (સામ્યવાદી)નું પ્રતિનિધિત્વ કરતા ઉમેદવાર છે અને તેમના સહયોગીઓ કહે છે કે તેઓ પર સરકારી અધિકારીઓ અને ભાજપના વ્યક્તિઓ દ્વારા કથિત રીતે દબાણ કરવામાં આવ્યું હતું. ભારતીય જનતા પાર્ટી સાથે કથિત રીતે સંકળાયેલા લોકોએ મધ્યપ્રદેશની ઈન્દોર લોકસભા સીટ પરથી સોશ્યલિસ્ટ યુનિટી સેન્ટર ઓફ ઈન્ડિયા (કમ્યુનિસ્ટ)ના ઉમેદવાર પંવારને નામાંકન પાછું ખેંચી લેવા માટે, ભાજપના ઉમેદવાર શંકર લાલવાણીને બિનહરીફ ચૂંટવા માટે ધમકી આપી હતી. ધ વાયર સાથે વાત કરતા, પંવારે આક્ષેપ કર્યો હતો કે સરકારી અધિકારીઓ જેઓ પ્રત્યક્ષ કે આડકતરી રીતે ભાજપ સાથે સંકળાયેલા છે, તેમણે ૨૯ એપ્રિલ, ૨૦૨૪ પહેલા, ઈન્દોરમાં નામાંકન પાછું ખેંચવાની છેલ્લી તારીખ પહેલાં તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે તેને ૨૭ અને ૨૮ એપ્રિલે અજાણ્યા નંબરો પરથી સેંકડો કોલ આવતા હતા.

મને સમજાયું કે ઈન્દોરમાં પણ સુરતની જેમ જ કંઈક થઈ રહ્યું છે અને તેણે આવી કોઈ વાત કરવાની વિનંતીને સ્વીકારવાની ના પાડી. ત્યારપછી તેમને અજાણ્યા નંબરો પરથી કોઈ કોલ આવ્યો ન હતો. પોલીસ અધિકારીએ મને બીજેપીના લોકોને મળવાની વિનંતી કરવા માટે ફરીથી ફોન કર્યો. પરંતુ મેં ના પાડી. ઈન્દોરના એક બીજેપી કોર્પોરેટર SUCI કાર્યકરના ઘરે ગયા, અને તેમને ધમકાવ્યો હતો. SUCIના કાર્યકરે નામ ન આપવાની શરતે ધ વાયરને જણાવ્યું હતું કે, આ કોર્પોરેટર અચાનક મારા ઘરે આવ્યા હતા, અને મને ૨૯ એપ્રિલે તેમની સાથે કલેક્ટર કચેરીમાં આવવા કહ્યું હતું. ત્યાં



સુધીમાં મને પહેલેથી જ ખબર પડી ગઈ હતી કે કોંગ્રેસના ઉમેદવાર અક્ષયકાંતિ બામ પોતાનું નામાંકન પાછું ખેંચી ભાજપમાં જોડાઈ ગયા છે. તેથી મેં ના પાડી હતી. તેણે કહ્યું કે મારી જે પણ માંગણીઓ હશે તે પૂરી કરવામાં આવશે. પરંતુ જ્યારે મેં ના પાડી તો તેણે મને ગંભીર પરિણામોની ધમકી આપી. પણ હું અનુભવી રાજકીય કાર્યકર છું. મેં તરત જ મારા નેતાઓને જાણ કરી. પંવારે કહ્યું કે આરએસએસના જૂના કાર્યકર્તાઓ પણ ઈન્દોરમાં ભાજપની આવી યુક્તિઓની નિંદા કરી રહ્યા છે. ભાજપ માટે ઈન્દોર સૌથી સુરક્ષિત બેઠકોમાંથી એક છે. તેમ છતાં, તેમના નેતાઓ આવી અધમ ચાલનો આશરો લઈ રહ્યા છે. મારા એજન્ટને કહેવામાં આવ્યું હતું કે ભાજપના કેટલાક ટોચના નેતાઓ ગુના (ઈન્દોરથી લગભગ ૩૦૦ કિલોમીટર દૂર) આવવા માટે તૈયાર છે. મને મારા જાણકારોના સૂત્રો દ્વારા કહેવામાં આવ્યું હતું કે ભાજપના નેતાઓએ ૧૩ અપક્ષ ઉમેદવારોને તેમના નામાંકન પાછું ખેંચવા માટે રાજી કર્યા છે. પરંતુ મેં હટવાનો ઈન્કાર કર્યો હોવાથી, તેઓએ તેમની યોજના ટાળી દીધી અને અપક્ષોને ચૂંટણી મેદાનમાં રહેવા દીધા હતા.

SUCI (સામ્યવાદી)એ મધ્યપ્રદેશમાં છ ઉમેદવારો ઉભા રાખ્યા છે. પાર્ટીની સ્ટેટ કમિટીના સચિવાલયના સભ્ય સુનીલ ગોપાલે જણાવ્યું કે બીજેપી કાર્યકર્તાઓએ ૨૭ અને ૨૮ એપ્રિલે ઈન્દોર અને ગુના પ્રદેશોમાં એસયુસીઆઈના કેટલાક કાર્યકરોનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. શરૂઆતમાં, અમે સમજી શક્યા નહીં. જોકે, એકવાર કોંગ્રેસના બામે તેમનું નામાંકન પાછું ખેંચ્યું, પછી અમને સમજાયું કે પંવાર એક સંગઠિત પક્ષના એકમાત્ર ઉમેદવાર છે. બાકીના બધા અપક્ષ હતા. હવે, અમે ભાજપ સાથે સીધી હરીફાઈમાં છીએ.

ગોપાલે કહ્યું કે જ્યારે તે ૨૯ એપ્રિલે ઈન્દોરના કલેક્ટર કચેરીની મુલાકાતે ગયા ત્યારે તેણે કેટલાક અપક્ષોને તેમના નામાંકન પત્રોને ગેરકાયદેસર રીતે અસ્વીકાર સામે વિરોધ કરતા જોયા હતા.

ગોપાલે કહ્યું કે તેમની પાર્ટી ચૂંટણી મેદાનમાં અન્ય ઉમેદવારો સામે ભાજપ દ્વારા દબાણની રણનીતિનો ઉપયોગ કરવા સામે ભારતના ચૂંટણી પંચમાં ફરિયાદ કરવાની યોજના બનાવી રહી છે. અમે ટૂંક સમયમાં ECIમાં અમારી ફરિયાદ નોંધાવીશું.

સુરતમાં કોંગ્રેસના નિલેશ કુંભાણીની ઉમેદવારી પાછી ખેંચવાના છેલ્લા દિવસે ચૂંટણી અધિકારી દ્વારા નામાંકન નામંજૂર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભાજપે મેદાનમાં રહેલા અન્ય તમામ અપક્ષ ઉમેદવારોને તેમના નામાંકન પાછું ખેંચવા માટે સમજાવ્યા, જેના કારણે ભાજપના મુકેશ દલાલ બિનહરીફ ચૂંટાયા છે. ઈન્દોરમાં, કોંગ્રેસના ઉમેદવાર અક્ષયકાંતિ બામે પોતાનું નામાંકન પાછું ખેંચી લીધું હતું અને પાછી ખેંચવાની છેલ્લી તારીખે ભાજપમાં જોડાયા હતા.

૨૦૧૯માં ઈન્દોરમાં ભાજપને ૧૦ લાખથી વધુ વોટ મળ્યા હતા અને સુરતમાં પણ ચૂંટણીમાં સૌથી વધુ વોટ મળ્યા હતા. પૂર્વ ચૂંટણી કમિશનર, અશોક લવાસાએ કહ્યું કે, "LFP" તરીકે ઓળખાતું લેવલ-પ્લેઈંગ ફિલ્ડ, કોઈપણ લોકશાહી માટે જરૂરી છે.

રાજકીય પક્ષો અને ઉમેદવારોએ સુનિશ્ચિત કરવું જોઈએ કે તેમના સમર્થકો અન્ય પક્ષો દ્વારા આયોજિત સભાઓ અને સરઘસોમાં અવરોધ ઊભો ન કરે અથવા તોડફોડ ન કરે. રાજકીય પક્ષના કાર્યકર્તાઓ અન્ય રાજકીય પક્ષ દ્વારા આયોજિત જાહેર સભાઓમાં મૌખિક અથવા લેખિતમાં પ્રશ્નો મૂકીને અથવા તેમના પોતાના પક્ષની પત્રિકાઓનું વિતરણ કરીને ખલેલ પહોંચાડશે નહીં. એક પક્ષ દ્વારા બીજા પક્ષ દ્વારા જ્યાં સભાઓ યોજવામાં આવે છે તે સ્થળોએ સરઘસ કાઢવામાં આવશે નહીં. એક પક્ષ દ્વારા જારી કરાયેલા પોસ્ટરો બીજા પક્ષના કાર્યકરો દ્વારા દૂર કરવામાં આવશે નહીં.

# ગૂગલે તેના હોમપેજ પર રંગીન ડૂડલ મૂકી ભારતની પ્રથમ મહિલા કુસ્તીબાજ હમીદા બાનુને શ્રદ્ધાંજલિ અર્પણ કરી

## "ભારતની પ્રથમ મહિલા કુસ્તીબાજ" બાનુની જીતની યાદમાં તેણીને શ્રદ્ધાંજલિ આપવા માટે ગૂગલે ગઈકાલે તેના હોમપેજ પર એક રંગીન ડૂડલ મૂક્યું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

૧૯૫૪માં આ દિવસે જ હમીદા બાનુએ પ્રખ્યાત રેસલર બાબા પહેલવાનને માત્ર એક મિનિટ ૩૪ સેકન્ડમાં હરાવ્યો હતો. જ્યારે બાબા પહેલવાન વ્યાવસાયિક કુસ્તીમાંથી નિવૃત્તિ લેવાનું યોગ્ય માનતા હતા, ત્યારે બાનુની કારકિર્દી આંતરરાષ્ટ્રીય અખાડામાં વિસ્તરી અને વિશ્વભરમાં તેમની જીતની જાણ થઈ હતી. બાનુની જીતની યાદમાં અને "ભારતની પ્રથમ મહિલા કુસ્તીબાજ" તરીકે તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે ગૂગલે શનિવારે તેના હોમપેજ પર એક રંગીન ડૂડલ મૂક્યું હતું. ઉત્તર પ્રદેશના અલીગઢ નજીક ૧૯૦૦ના દાયકાની શરૂઆતમાં કુસ્તીબાજોના પરિવારમાં જન્મેલી, બાનુ કુસ્તીના વાતાવરણમાં મોટી થઈ, તેણીએ તેના સમગ્ર કારકિર્દી દરમિયાન જે ૧૯૪૦ અને ૧૯૫૦ના દાયકામાં ૩૦૦થી વધુ સ્પર્ધાઓ જીતી હતી, એ પણ તે સમયે જ્યારે એથ્લેટિક્સમાં મહિલાઓની ભાગીદારીને સ્વીકારવામાં આવતી ન હતી. તેમ છતાં બાનુ કોઈપણ રીતે પુરૂષો સાથે સ્પર્ધા કરતી હતી. ગૂગલે એક પોસ્ટમાં લખ્યું કે, બાનુએ તમામ પુરૂષ કુસ્તીબાજોને ખુલ્લો પડકાર જારી કર્યો હતો, જે કુસ્તીમાં તેને હરાવે તેની સાથે તે લગ્ન કરવા તૈયાર થઈ જશે. આંતરરાષ્ટ્રીય મેચોમાં બાનુએ સફળતા સાથે વધુ પ્રશંસા મેળવી હતી. આમાંની એક મેચ રશિયન મહિલા કુસ્તીબાજ વેરા ચિસ્ટિલિન સામેની હતી, જેને તેણીએ બે મિનિટની અંદર હરાવી દીધી હતી. વર્ષો સુધી અખબારોની હેડલાઈન્સ રહેનાર બાનુને "અલીગઢની એમેઝોન" તરીકે ઓળખવામાં આવી. તેમણે જીતેલી કુસ્તીઓ તેમની આહાર



યોજના અને તેમની તાલીમની પદ્ધતિ વ્યાપકપણે આવરી લેવામાં આવી હતી. અહેવાલ મુજબ તેમનું વજન ૧૦૮ કિલો હતું અને તેમનુ કદ ૫ ફૂટ ૩ ઈંચનું હતું. બ્રિટિશ મીડિયા આઉટલેટે અહેવાલ મુજબ, તેમના દૈનિક આહારમાં ૫.૬ લિટર દૂધ, ૨.૮ લિટર સૂપ, ૧.૮ લિટર ફળોનો રસ, એક મરઘી, લગભગ ૧ કિલો મટન અને બદામ, અડધો કિલો માખણ, ૬ ઈંડા, બે મોટી બ્રેડ અને બે પ્લેટ બિરયાનીનો સમાવેશ થતો હતો. રોઈટર્સે નોંધ્યું હતું કે, તે નવ કલાક માટે સૂતી હતી અને છ કલાક કુસ્તી માટે તાલીમ લેતી હતી. "તેના સમયની અગ્રેસર" બાનુએ માત્ર સાથી કુસ્તીબાજોને જ નહીં પરંતુ તેમના સમયના કાયદાઓ સામે લડ્યા હતા. ગૂગલની નોંધ મુજબ, "હમીદા બાનુ તેમના સમયની એક અગ્રીણ કુસ્તીબાજ હતી અને તેમની નિર્ભયતાને સમગ્ર ભારતમાં અને સમગ્ર વિશ્વમાં યાદ કરવામાં આવે છે. તેમની રમતગમતની સિદ્ધિઓની બહાર તેમને હંમેશા પોતાની જાત સાથે સાચા રહેવા માટે જાણવામાં આવે છે."

### અનુસૂચિત જાતિ વિરોધી માનસિકતા છતી થઈ

# ભાજપના પ્રચાર બાદ અનુ.જાતિના લોકો માટે પાંજરાપોળમાં કાછિયા પટેલો માટે વાડીમાં જમણવાર રખાતા રોષની લાગણી

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૪

ભરૂચમાં ભાજપનો પ્રચાર પ્રસાર ચાલી રહ્યો છે અને પ્રચાર કરનાર લોકોનો જમણવાર રાખવામાં આવે છે. જેના ભાગરૂપે વોર્ડ નંબર ૮માં આલી કાછીયાવાડ વિસ્તારમાં અનુસૂચિત જાતિના લોકો માટે પાંજરાપોળમાં જયારે ઉજળિયાત કાછીયા પટેલોની ભોજન વ્યવસ્થા તેમની વાડીમાં કરવામાં આવતા જાતિવાદની માનસિકતા સામે અનુસૂચિત જાતિના લોકોમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે.

ભરૂચ નગરપાલિકાના વોર્ડ નંબર ૮માં ભાજપના હોદ્દેદારો, સ્થાનિક નગર સેવકોએ પ્રચારમાં નીકળેલા અને સ્થાનિકોની ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ આ ભોજન વ્યવસ્થામાં જાતિવાદ રાખવામાં આવતો હોવાના કારણે લોકોમાં ઉકળતો ચરૂ જોવા મળી રહ્યો છે. જેમાં બિન ઉપયોગી અને ખંડેર અવસ્થામાં રહેલ પાંજરાપોળમાં અનુસૂચિત એટલે કે આદિવાસી, દલિત, સોલંકી લોકો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેના પગલે જમણવારમાં છૂત અછૂત રાખવામાં આવતી હોવાના કારણે ઘણા અનુસૂચિત જાતિના લોકો જમવા ન જતા ભોજનનો બગાડ થયો હતો.

પાંજરાપોળમાં અનુસૂચિત જાતિના લોકો માટે ભોજન વ્યવસ્થા કરવામાં આવી હતી જયારે ઉજળિયાત કાછીયા પટેલના લોકો માટેનું જમવાનું કાછીયા પટેલની વાડીમાં કરવામાં આવ્યું હતું અને આ વાડી પાંજરાપોળથી માત્ર ૫૦ મીટરમાં જ આવેલી છે તો ઉજળિયાત લોકો માટે ભોજનની વ્યવસ્થા કરી અનુસૂચિત જાતિના લોકોનું અપમાન કર્યું હતું. જેના કારણે ૬૦૦ લોકો સામે ૨૦૦થી પણ ઓછા લોકો જમવા આવ્યા હોય તેવું જાણવા મળી રહ્યું છે.

સમગ્ર સ્ટિંગ ઓપરેશનમાં પાંજરાપોળના સંચાલકે જાતે કબુલ્યું છે કે પાંજરાપોળમાં તથા વાડીમાં અલગ ભોજનની વ્યવસ્થાના કારણે વિવાદ હોય અને એટલા માટે જ અનુસૂચિત જાતિના લોકો જમવા આવ્યા નથી. કાછીયા પટેલની વાડીના સંચાલકનું પણ સ્ટિંગ ઓપરેશન કરવામાં આવ્યું હતું જેમાં તેઓએ પણ કહ્યું હતું કે ભાજપના લોકોએ વાડીમાં ભોજનની વ્યવસ્થા કરી છે. આ સંપૂર્ણ વિવાદ અનુસૂચિત જાતિ વિરોધી માનસિકતા ધરાવતા વિરોધી તત્ત્વોએ કૃત્ય કર્યું છે. જેના કારણે આ સમગ્ર બાબતે એટ્રોસિટી એક્ટ હેઠળ મામલો પોલીસ મથક અને ગાંધીનગર અનુસૂચિત આયોગ સુધી પહોંચ્યો છે.

**આવી ઘટના બની હોય તો ચલાવી ન લેવાય : બીજેપી અનુસૂચિત જાતિ મોરચા પ્રમુખ કનુ પરમાર**

વોર્ડ નંબર ૮માં અનુસૂચિત જાતિ વિષે ભોજન વ્યવસ્થા અલગ અલગ કરી છે તે ગંભીર બાબત છે અને આ બાબતની પુષ્ટિ કરીશું અને અમે સમાજના હિતમાં નિર્ણય કરીશું. હાલ અમને માહિતી મળી છે અને અમે અમારા ભાજપના મોવડી મંડળને જાણ કરી કાર્યવાહી કરાવીશુંનું કનુ પરમારે જણાવ્યું હતું.

**ભોજન વ્યવસ્થા અલગ અલગ કરી હોવાના કારણે લોકો જમવા આવ્યા નથી : પાંજરાપોળ સંચાલક**

ગઈકાલે રાત્રીએ ભાજપ દ્વારા ભોજનની વ્યવસ્થા પાંજરાપોળમાં કરવામાં આવી હતી અને ખંડેર જેવા પાંજરાપોળમાં અનુસૂચિત જાતિના લોકો માટે ભોજનની વ્યવસ્થા કરી હતી.જયારે સામે આવેલ કાછીયા પટેલ વાડીમાં કાછીયા પટેલ સમાજના લોકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી અને ભાજપ દ્વારા જાતિવાદ રાખવામાં આવતો હોવાના કારણે લોકો ભોજન કરવા આવ્યા ન હતા. તેવું પાંજરાપોળના સંચાલકના નિવેદનમાં સામે આવ્યું છે.

**સંચાલન કરનારાઓની પૂછપરછ ચાલી રહી છે : જિલ્લા પ્રમુખ મારૂતીસિંહ અટોદરિયા**

ભરૂચ જિલ્લામાં ભાજપના હોદ્દેદારોની અનુસૂચિત જાતિની વિરોધી માનસિકતા વોર્ડ નંબર ૮ આલી કાછીયાવાડથી સામે આવી છે જેમાં કેટલાક લોકોનું પાંજરાપોળમાં અને કાછીયા પટેલોનું તેમની વાડીમાં ભોજન વ્યવસ્થા કરવાનો વિવાદ સામે આવ્યો છે જેમાં જે પણ લોકોએ આયોજન કર્યું છે તે લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

### દબાણ કરનારા ભાજપના ધારાસભ્યો તથા ક્રાઈમ બ્રાન્ચ પોલીસ હોવાનું નિવેદન !

# અમિત શાહના ગાંધીનગરમાં ત્રણ ઉમેદવારોનો ઉમેદવારી પાછી ખેંચવા દબાણ કરાયાનો આરોપ

ગાંધીનગર, તા.૪

તેઓ દાવો કરે છે કે ભાજપના સ્થાનિક રાજકારણીઓ અને કેટલાક કિસ્સાઓમાં, ગુજરાત પોલીસે તેમને ઉમેદવારી પાછી ખેંચવા દબાણ કર્યું હતું. એક ઉમેદવાર હજુ મેદાનમાં છે. ૨૧ એપ્રિલના રોજ ભારતીય જનતા પાર્ટીએ સુરત લોકસભામાં બિનહરીફ જીત મેળવી હોવાથી તે સાંજે ગાંધીનગરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો હતો. તેમાં ૩૯ વર્ષીય જિતેન્દ્ર ચૌહાણ રડતા દેખાતા હતા, તેમણે ફરિયાદ કરી હતી કે મને ઉઠાવી જઈને "અમિત શાહના લોકો" દ્વારા ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાંથી ઉમેદવારી પાછી ખેંચી લેવા દબાણ કરવામાં આવ્યું હતું. ચૌહાણે કહ્યું કે, "સંભવ છે કે મારી હત્યા થઈ જશે." "હું મારા દેશવાસીઓને અપીલ કરું છું: આ રાષ્ટ્રને બચાવો; તે જોખમમાં છે." બીજા દિવસે ચૌહાણે પોતાનું નામાંકન પાછું ખેંચ્યું. ચૌહાણે મીડિયાને કહ્યું હતું કે, "મે ઉમેદવારી પાછી ખેંચી લીધી કારણ કે મારા પર દબાણ કરવામાં આવ્યું હતું." "આ દબાણ અમદાવાદના બાપુનગરના ભાજપના ધારાસભ્ય દિનેશ સિંહ કુશવાહ તરફથી કરવામાં આવ્યું હતું." હાલમાં ચાલી રહેલી ચૂંટણીમાં, પાર્ટીએ ૫ લાખથી વધુ મતોના માર્જિન સાથે ગુજરાતની ૨૬ બેઠકો પર કબજો કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. શાહ આ વખતે પણ રાજયની રાજધાનીથી ચૂંટણી લડી રહ્યા છે. આ મતવિસ્તારમાં ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ મતદાન થશે. ચૌહાણ સહિત ગાંધીનગરમાં ત્રણ ઉમેદવારોએ મીડિયા ને જણાવ્યું હતું કે તેઓને રેસમાંથી બહાર થવા માટે દબાણનો સામનો કરવો પડ્યો હતો. ત્રણેય સ્થાનિક ભાજપના રાજકારણીઓ અથવા પક્ષ સાથે સંકળાયેલા લોકો પર ધાકધમકીનો આરોપ લગાવે છે. તેમાંથી બેએ એવો પણ દાવો કર્યો હતો કે ગુજરાત પોલીસે તેમને નામાંકન પાછું ખેંચવા દબાણ કર્યું હતું. બીજી તરફ ભાજપના રાજકારણીઓએ આરોપોને નકારી કાઢ્યા હતા. ગુજરાતના પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાયને પ્રશ્નો મોકલ્યા. જો તેમના તરફથી અમને પ્રતિસાદ મળે તો આ આ અંગે અમે વધુ જાણકારી પૂરી પાડીશું. લોકસભાની ચૂંટણીમાંથી અત્યાર સુધીમાં ગાંધીનગરમાંથી ચૌહાણ સહિત ૧૬ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી છે તેમાંથી ૧૨ અપક્ષ છે અને ચાર નાના રાજકીય પક્ષોના છે. ચૌહાણે આક્ષેપ કર્યો હતો કે, "મને કહેવામાં આવ્યું હતું કે તમને જેટલા રૂપિયા જોઈતા હોય તે બોલો પણ "મારે પૈસા જોઈતા ન હતા. પરંતુ મારી પાસે ઉમેદવારી પાછી ખેંચવાના મારા કારણો છે. મારે ત્રણ દીકરીઓ છે અને મારે તેમની સંભાળ રાખવી જોઈએ. જો મને કંઈક થઈ જશે, તો તેઓ કેવી રીતે બચશે?" અન્યોએ કોઈપણ ધાકધમકીનો ઈનકાર કર્યો હતો. તેમના પાછા ખેંચવાના કારણોમાં પ્રચાર ભંડોળના અભાવથી માંડીને બીજેપીમાં જોડાવું, વગેરેનો સમાવેશ થાય છે.

૨૦એપ્રિલની સવારે, ચૌહાણે ફેસબુક પર તેનો વીડિયો અપલોડ કર્યો તેના એક દિવસ પહેલા, અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં સુમિત્રા મૌર્યના ઘરે એક ડઝનથી વધુ માણસો પ્રવેશ્યા હતા, એમ તેના એક પાડોશીએ જણાવ્યું હતું. જ્યારે પુરુષો પહોંચ્યા, ત્યારે તેમને માત્ર બે બાળકો જ મળ્યા - "સવારના ૧૧ વાગ્યા હતા અને હું મારા નોમિનેશન માટે ગાંધીનગરમાં હતી" તેમણે મને કહ્યું. "તેઓએ તેમને (મારી દીકરીઓને) મારા ઠેકાણા વિશે પૂછ્યું અને કહ્યું કે તેઓ મને મળવા અને મારી સાથે વાત કરવા માગે છે. તેઓ તરત જ ચાલ્યા ગયા પરંતુ તેનાથી મારી દીકરીઓ ખૂબ ડરી ગઈ." મૌર્યના પાડોશી વિનોદ પાંડેએ તે દિવસે તેના ઘરે પુરુષોને જોયા હતા. "જ્યારે તેઓ ગયા, ત્યારે હું દીકરીઓ પાસે ગયો અને તેમને કહ્યું કે ગભરાશો નહીં," તેણે કહ્યું. "મેં પછીથી સાંભળ્યું કે આ માણસો ઈચ્છે છે કે તેણી ચૂંટણીમાંથી ખસી જાય." મૌર્યએ કહ્યું કે તે દિવસે તેને અને તેના પતિને શ્રેણીબદ્ધ ફોન કોલ્સ મળ્યા. "ત્યાં એવા પુરુષો હતા જેમણે મને તેમના બોસ સાથે વાત કરવાનું કહ્યું," તેમણે કહ્યું. "તેઓ મને કહેશે નહીં કે તેઓ કોણ છે. તેઓએ પૂછ્યું કે હું શા માટે ચૂંટણી લડી રહી છું અને કહ્યું કે મારે હટી જવું જોઈએ. મૌર્યએ જણાવ્યું હતું કે આ લોકો નજીકમાં રહેતી તેની સાસુને પણ મળ્યા હતા. "હું સાંજે ૭ વાગ્યે ઘરે પાછી ફરી અને અમારી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજેશ મૌર્યએ અમને થોડા દિવસો માટે શહેર છોડી દેવાનું સૂચન કર્યું." ૨૧ એપ્રિલે સોમનાથથી બનાવેલા વીડિયોમાં સુમિત્રાએ આરોપ મૂક્યો હતો કે આ શખ્સો "ક્રાઈમ બ્રાન્ચ પોલીસ"ના હતા. ૨૨ એપ્રિલે પ્રજાતંત્ર આધાર પાર્ટીના રાજેશ મૌર્યએ ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારીને પત્ર લખ્યો હતો. તેમના પત્રમાં ૨૦ અને ૨૧ એપ્રિલના રોજની ઘટનાઓનો ક્રમ જણાવવામાં આવ્યો હતો અને આરોપ મૂક્યો હતો કે સોમનાથમાં સુમિત્રાને ધમકાવનારાઓ ગુજરાત પોલીસની ક્રાઈમ બ્રાન્ચના હતા. સુમિત્રા મૌર્ય ગાંધીનગરની રેસમાંથી પીછેહઠ કરી નથી. પરંતુ ચૌહાણે કે જેમણે વીડિયો બનાવ્યો હતો તેઓ ખસી ગયા છે .ચૌહાણ કે જેઓ રાજકારણી બનવાની મહત્વાકાંક્ષા રાખે છે. તેમણે કહ્યું કે,"ઉમેદવારી પછી ખેંચ્યા પછી મારા બે ક્લાયન્ટ્સે મારી સાથેના કરારો રદ કરી દીધા છે," "તેઓ ડરી ગયા. મને ડર છે કે મારો ધંધો બંધ થઈ જશે." ૨૧ એપ્રિલના રોજ ચૌહાણે આરોપ લગાવ્યો હતો કે ક્રાઈમ બ્રાન્ચના ચાર માણસો અમદાવાદમાં દરેક જગ્યાએ તેમનો પીછો કરતા હતા. "તેઓએ મારા ૧૦ પ્રસ્તાવકોમાંથી ચારને હેરાન પણ કર્યા" "તેઓએ મને કહ્યું, 'તમારી અને તમારા બાળકોની સંભાળ રાખો. રાજનીતિ એ તમારો વ્યવસાય નથી.' જયારે હું ઘરે પાછો આવ્યો ત્યારે મને લાગ્યું કે તેઓ મને નજરકેદ કરવા માગે છે.

ચૌહાણે આરોપ લગાવ્યો કે ભાજપના ધારાસભ્ય દિનેશ સિંહ કુશવાહે પણ તેમને ચૂંટણી ન લડવા દબાણ કર્યું હતું. ચૌહાણે સમજાવ્યું કે, "કુશવાહ મારા જેવા હિન્દીભાષી પૃષ્ઠભૂમિમાંથી આવે છે". "તે મારા બિરાદરીના છે અને મારા ઘણા સંબંધીઓને જાણે છે. તેથી મારે આ કરવું પડ્યું."

૪૦ વર્ષીય અપક્ષ ઉમેદવાર જયેન્દ્ર રાઠોડે પણ મીડિયાને જણાવ્યું હતું કે ગાંધીનગર ઉત્તરના ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય અશોક પટેલે તેમની ઉમેદવારી પાછી ખેંચવા માટે તેમના પર દબાણ કર્યું હતું. "તેના લોકોએ કહ્યું કે મારે એડજસ્ટ થવું જોઈએ," તેણે કહ્યું. "તેઓ જાણે છે કે અમિત શાહ આખરે જીતશે પણ તેઓ ઈચ્છતા ન હતા કે હું મતનું વિભાજન કરું." ગાંધીનગરમાં અમિત શાહ માટે ભાજપના ડમી ઉમેદવાર અશોક પટેલે રાઠોડના આરોપોને નકારી કાઢતા કહ્યું હતું કે, "હું તેમને ઓળખતો પણ નથી," તેણે કહ્યું. "જ્યારે કોઈ ઉમેદવાર પોતાની ઉમેદવારી પાછી ખેંચે છે, ત્યારે તે પોતે કલેક્ટર પાસે જાય છે. તેણે પોતે જ કર્યું હશે. કોઈ તેને ત્યાં ખેંચી ન શકે." રાઠોડને પણ ભાજપમાં જોડાવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ તેમણે ના પાડી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે ગાંધીનગર મેદાનમાં અન્ય બે અપક્ષ ઉમેદવારો સુરેન્દ્ર શાહ અને નરેશ પ્રિયદર્શી ને તેમની જેમ ઉમેદવારી પાછા ખેંચવાની ફરજ પડી હતી. અમે ચૌહાણને પૂછ્યું કે બીજેપી જેટલો મજબૂત પક્ષ જયારે અમિત શાહ માટે લડે છે ત્યારે તેમની ઉમેદવારી વિશે શા માટે ચિંતા કરે છે. જવાબમાં તેમણે કહ્યું કે,"મત જીતવા એ ગૌણ વસ્તુ છે. પરંતુ જયારે ચૂંટણીમાં દેશના ગૃહમંત્રીની સામે એક નાનો માણસ ઊભો રહે છે, ત્યારે મંત્રીનું સ્વાભિમાન ઘવાય છે. "હું જાણું છું કે અમારા જેવા ગરીબ લોકો રાજકારણમાં આવતા નથી. હું એટલું જ કહેવા માંગુ છું કે આ દેશમાં લોકશાહી ખતમ થઈ ગઈ છે. બંધારણ સમાપ્ત થઈ ગયું છે."

### જૂનાગઢ ખાતે યોજાયેલ ક્ષત્રિય અસ્મિતા સંમેલનમાં

# આગામી ૭મીએ ભાજપ વિરોધી મતદાન કરવા મોબાઈલની ફલેશ લાઈટ કરી ક્ષત્રિયોએ શપથ લીધા

## રાજપૂત સમાજનું આંદોલન ૨૪ માર્ચથી શરૂ થયું છે પરંતુ વડાપ્રધાન મોદીએ અત્યાર સુધી આ બાબતે એક પણ નિવેદન ન આપતા ક્ષત્રિયોમાં રોષની લાગણી

જૂનાગઢ,તા.૪

રાજકોટ લોકસભા સીટના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાના રાજા મહારાજાઓ વિશેના નિવેદનને લઈ ક્ષત્રિય સમાજમાં રોષ ભભૂકી ઉઠયો છે. ત્યારે જૂનાગઢ ગોલ્ડન ફાર્મ પાર્ટી પ્લોટ ખાતે જૂનાગઢ જિલ્લા ક્ષત્રિય મહાસંમેલન યોજાયું હતું. જેમાં જૂનાગઢ શહેર તેમજ જિલ્લાના તમામ રાજપૂત ક્ષત્રિય સમાજના અલગ અલગ સંગઠનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ લોકસભા સીટના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ કરેલા વિવાદિત નિવેદનને લઈ આગામી ૭ તારીખના રોજ ભાજપ વિરોધી મતદાન કરવા મોબાઈલની ફલેશ લાઈટ કરી શપથ લીધા હતા. જૂનાગઢ રાજપૂત કરણી સેના શહેર પ્રમુખ મયુરધ્વજસિંહ રાણાએ જણાવ્યું હતું કે આજે જિલ્લાના તમામ ક્ષત્રિય સમાજ બહોળી સંખ્યામાં આ મહાસંમેલનમાં હાજર રહ્યો હતો. રાજપૂત સમાજનું આંદોલન ૨૪ માર્ચથી શરૂ છે, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અત્યાર સુધી આ બાબતે એક પણ નિવેદન આપ્યું નથી. જે મામલે પણ ક્ષત્રિયોમાં ખુબ જ રોષ છે. જેને લઈ આગામી ૭ તારીખે સો એ સો ટકા ભાજપ વિરોધી મતદાન થાય તેવી પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. ક્ષત્રિય અગ્રણી પ્રતાપ ખુમાણે જણાવ્યું હતું કે આજે જૂનાગઢ ખાતે ક્ષત્રિય અસ્મિતા સંમેલન યોજાયું હતું. લોકશાહી ઢબેથી આટલા દિવસોથી આ વિરોધ ચાલી રહ્યો છે. હવે જયારે ગણતરીના દિવસો જ મતદાનને બાકી રહ્યા છે. ત્યારે તમામ પક્ષના નેતૃત્વ હેઠળ એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. તે માટે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં સભાઓ ગજવી હતી. આ સભાઓમાં નોંધવા જેવી બાબત એ હતી કે, આ સભાઓમાં રાજકોટ લોકસભા સીટના ભાજપના ઉમેદવારનો કયાંય પણ ઉલ્લેખ કર્યો નથી. તે ઉમેદવાર આ સભાઓમાં સ્ટેજ પર પણ જોવા મળ્યા નથી. ક્ષત્રિય અગ્રણીઓએ જણાવ્યું કે થોડા દિવસોથી મીડિયામાં એવું ચર્ચામાં આવે છે કે રાહુલ ગાંધીએ દક્ષિણની એક સભામાં રાજા મહારાજાઓ વિશે નિવેદન કર્યું હતું. પરંતુ મારૂ પોતાનું અંગત એવું માનવું છે કે રાહુલ ગાંધીને આપણા કલ્ચરની ખબર નથી. રાહુલ ગાંધીએ દુંદ સ્કૂલનું કલ્ચર છે. ત્યારે રાહુલ ગાંધીએ આપેલું નિવેદન જનરલ હતું. જેની સામે રાજકોટ સીટના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ આપેલું નિવેદન અસ્મિતાને લગતું નિવેદન છે. ત્યારે રૂપાલાના નિવેદન સામે રાહુલ ગાંધીના નિવેદનની સરખામણી કરી શકાય નહીં. રાજકોટ લોકસભા સીટ એ એપી સેન્ટર છે. ત્યાં સૌથી વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. રાજકોટ લોકસભા સીટના તમામ બુથ પર ક્ષત્રિય યુવાનોની કમિટી બનાવવામાં આવી છે. આગામી ૭ મેએ ઉભરો આવશે અને તેનું રિઝલ્ટ ૪ જૂને આવશે.

# ફૈઝાનને જીવલેણ ઈજાઓ પહોંચાડનાર પોલીસકર્મીઓ તપાસમાં સહકાર આપતા નથી ?

## બેરહેમીપૂર્વક માર મારનાર ૩ પોલીસકર્મીઓ સામે હત્યાના પ્રયાસની કલમ સહિતનો ગુનો નોંધાયો હતો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૪

વડોદરા શહેરના સ્ટેશન વિસ્તારમાં ઈંડાની લારી ધારક જોડે પોલીસ કર્મીઓ દ્વારા ઈંડાની લારી ધારકને માર મારવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતુ. આ ઘટનામાં ઈંડાની લારી ચલાવનાર શખ્સ પોલીસની ગાડી જોડે ઘસડાયો હતો. અને તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તે હાલ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બીજી તરફ આ ઘટનાના આરોપી પોલીસ જવાન મોહંમદ મુબશિર સલીમ, રઘુવિર ભરતભાઈ અને કિશન પરમાર સામે સયાજીગંજ હત્યાના ગુનો નોંધવામાં આવ્યો છે. તમામની અટકાયત બાદ આરોપીઓને કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટ સમક્ષ ત્રણ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી, જો કે કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. સુત્રો જણાવી રહ્યા છે કે, પોલીસ દ્વારા લારી ધારકને મારવા માટે લાકડી સિવાય અન્ય કોઈ સાધનનો ઉપયોગ કર્યો હતો કે કેમ સહિતના સવાલોના જવાબ મેળવવા અંગે તપાસ કરવામાં આવશે. પરંતુ આરોપીઓ કાયદાના જાણકાર હોવાથી તપાસમાં સહકાર આપતા નથી.

# સમલાયા-ગાંગડિયા રોડ પર ડમ્પરની અડફેટે બે સગાભાઈના કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૪

વડોદરાના સાવલીમાં ડમ્પરચાલકે બાઈકચાલકને અડફેટે લેતાં બે સગા ભાઈના ઘટના સ્થળે મોત થયા છે.

મહત્ત્વનું છે કે, બાઈકચાલક યુવક તેના નાના ભાઈને મામાના ઘરે મૂકવા જતો હતો, ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. બંને સગા ભાઈના મોત થતા પરિવારમાં માતમ છવાયો છે.

આ ઘટના અંગે મળતી માહિતી મુજબ વડોદરાના સાવલી લાટના ગામે રહેતા ૨૧ વર્ષીય ધર્મકુલ રાજેન્દ્રસિંહ પરમાર તેના ૧૭ વર્ષીય નાના ભાઈ તુષાર રાજેન્દ્રસિંહ પરમારને મામાના ઘરે મુકવા જઈ રહ્યો હતો. આ દરમિયાન સમલાયા-ગાંગડિયા રોડ પર ફુલ સ્પીડમાં આવતા ડમ્પરચાલકે તેમની બાઈકને અડફેટે લીધી હતી. જેમાં બંને સગાભાઈ હવામા ફંગોળાઈ જમીન પર પટકાતા હતા. બંને ભાઈઓને ગંભીર ઈજા થતાં તેમનું ઘટનાસ્થળે મોત થયું હતું.

આ ગોઝારા અકસ્માતના બાદ લોકોના ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. અકસ્માત અંગેની જાણ સાવલી પોલીસને થતા કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. બંને સગા ભાઈઓના મૃતદેહને સાવલી જન્મોત્રી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માત સર્જી ઘટના સ્થળે ડમ્પર મૂકી ફરાર થઈ ગયેલા ડમ્પરચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ખંભાતમાં ભાજપની જાહેરસભામાં

# કોળી સમાજ વિશે અભદ્ર ટિપ્પણી કરનાર નાણામંત્રી જાહેરમાં માફી માંગે

## ધોળકા તાલુકાના કોળી સમાજના આગેવાનો દ્વારા પ્રાંત અધિકારીને આવેદન આપી ભાજપ વિરૂદ્ધ મતદાન કરવાની ચીમકી

ધોળકા,તા.૪

અખિલ ભારતીય કોળી સમાજના અમદાવાદ જિલ્લા પ્રમુખ અશોકભાઈ રાઠોડ તથા ધોળકા તાલુકાના કોળી સમાજના દિગ્ગજ આગેવાનો લઘરા દાદા અને જશુભાઈ સોલંકીની આગેવાનીમાં ધોળકા તાલુકાના કોળી સમાજના આગેવાનોએ આજે ધોળકાના પ્રાંત અધિકારી હિતેશકુમાર જોશીને એક આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવાયું છે કે રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ ભારતીય જનતા પાર્ટીની ચૂંટણી સભામાં કોળી સમાજ વિશે અભદ્ર ટિપ્પણી કરી કોળી સમાજનું અપમાન કર્યું છે. તે બદલ તેમણે જાહેરમાં માફી મંગાવી જોઈએ અને ધારાસભ્ય પદેથી તેમણે રાજીનામુ આપવું જોઈએ. આ આવેદનપત્ર આપતાં અગાઉ કોળી સમાજના આગેવાનો તળપદા બોર્ડિંગ ખાતે એકઠા થયા હતા અને ત્યાંથી ધોળકા તાલુકા સેવા સદન બિલ્ડીંગમાં પહોંચ્યા હતા. જયાં પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું. ત્યારબાદ મીડિયા સમક્ષ આગેવાનોએ જણાવ્યું હતું કે જો નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ કોળી સમાજની માફી નહીં માંગે તો આગામી ચૂંટણીમાં કોળી સમાજ ભાજપ વિરૂધ્ધ મતદાન કરશે.

# અંકલેશ્વરમાં જીપીસીબીની મંજૂરી વગર રાસાયણિક ડ્રમનું વોશિંગ કરતો ભંગારિયો ઝડપાયો

અંકલેશ્વર, તા.૪

અંકલેશ્વરમાં જીપીસીબીની મજૂરી વગર રાસાયણિક ડ્રમનું વોશિંગ કરી વેચાણ કરતો ભંગારીયો ઝડપાઈ જવા પામ્યો છે. ભરૂચ એસ.ઓ.જી પોલીસે ચોક્કસ માહિતી આધારે તાપી હોટલ નજીક ગુલશન બેરલ નામના ભંગારના ગોડાઉનમાંથી ૧૫૦૦ બેરલ મળી આવ્યા હતા. જીપીસીબીએ સ્થળ તપાસ કરી સેમ્પલ પણ લીધા હતા. જીઆઈડીસી પોલીસ મથકે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ હેઠળ ગુનો દાખલ કરાયો હતો. ભરૂચ એસ.ઓ.જી પોલીસ ની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી આધારે તાપી હોટલ નજીક ગુલશન બેરલ નામના પ્લાસ્ટિક ભંગારના ગોડાઉનમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. જ્યાં રાસાયણિક બેરલની સફાઈ કરવામાં આવી રહી હતી. તેમજ ૧૫૦૦ જેટલા અંદાજિત બેરલ મળી આવ્યા હતા. પોલીસે ગોડાઉન સંચાલક મહંમદ આમીર ચૌધરી પાસે બેરેલ ધોવા અને વેચવા અંગે જરૂરી સમકક્ષ અધિકારીની પરવાનગી લેટર માંગતા તેણે ગલ્લા-તલ્લા કરી ઉડાઉ જવાબ આપતા આ અંગે જીપીસીબીને એસ.ઓ.જી પોલીસે જાણ કરી હતી. જીપીસીબીની ટીમ સ્થળ પર દોડી આવી હતી અને જરૂરી સેમ્પલ લીધા હતા તેમજ બેરલ વોશિંગ અને તેના વેસ્ટ નિકાલ અંગે ગોડાઉન સંચાલક દ્વારા જીપીસીબીમાંથી જરૂરી કોઈ મંજૂરી લીધી ના હોવાનું જણાવ્યું હતું જે આધારે એસ.ઓ.જી પોલીસે ગોડાઉન સંચાલક મહંમદ આમીર ચૌધરીની ધરપકડ કરી હતી. તેમજ ૧૫૦૦ બેરલ સીઝ કરી આ અંગે જીઆઈડીસી પોલીસ મથકે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ની કલમ ૭,૮,૧૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

# વડાલીના વેડાછાવણી ધડાકામાં સંડોવાયેલ આરોપીના ૬ દિવસના રિમાન્ડ મંજૂર

## પાર્સલમાં બ્લાસ્ટ થતાં બેનાં મોત નીપજયા હતા

હિંમતનગર,તા.૪

વડાલી તાલુકાના વેડાછાવણી ગામે બે દિવસ અગાઉ પ્રેમ પ્રકરણની અદાવત રાખીને એક યુવાને મ્યુઝીક સીસ્ટમમાં સ્ફોટક પદાર્થો ફીટ કરીને પાર્સલ રૂપે મોકલાયા બાદ ટેસ્ટીંગ કરતી વખતે થયેલા ધડાકામાં બે જણાના મોત નિપજયા હતા અને અન્ય બેને ઈજા થયાની ફરીયાદ વડાલી પોલીસ સ્ટેશનમાં નોંધાયા બાદ શનિવારે ધડાકામાં સંડોવાયેલ એક શખ્સને કોર્ટમાં રજુ કર્યો હતો. જયાં ન્યાયાધિશે ૬ દિવસના રિમાન્ડ મંજુર કરતાં તપાસ કરતાં અધિકારીએ તેનો કબ્જો લઈ વધુ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

આ પ્રકરણમાં તપાસ કરનાર એસઓજીના પીઆઈ એ.જી.રાઠોડના જણાવાયા મુજબ વેડાછાવણીના ધડાકા પ્રકરણમાં મુખ્ય ભુમિકા ભજવનાર જયંતિ વણઝારાને સ્થાનિક પોલીસ તથા એલસીબી અને એસઓજીના સહકારથી ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ એસઓજીના પીઆઈ એ.જી.રાઠોડે સ્ટાફ સાથે તેને વડાલી કોર્ટમાં રજુ કર્યો હતો. જયાં ન્યાયાધિશે ૬ દિવસના એટલે કે તા.૧૦ મેના રોજ બપોરે ૩ વાગ્યા સુધીના રિમાન્ડ મંજુર કર્યા છે. ઉલ્લેખનીય છે કે ધડાકામાં સંડોવાયેલ જયંતિ વણઝારાએ ધો.૧૨ આર્ટસનો અભ્યાસ કર્યો હોવા છતાં તેણે ઈલેકટ્રીકની કામગીરીનો અનુભવ ધરાવતો હોવાથી મ્યુઝીક સીસ્ટમમાં સ્ફોટક પદાર્થવાળુ પાર્સલ જીતેન્દ્ર વણઝારાને મોકલી આપ્યુ હતુ. અને તે પછી થયેલા ધડાકામાં બે જણાના મોત નિપજયા હતા.

# અંકલેશ્વરની એચ.બી. રોડ લાઈન્સ એન્ડ વોટર સપ્લાઈ ટ્રાન્સપોર્ટમાં ટેન્કર સાફ કરવા ઉતરેલ બેનાં મોત

## અન્ય બેની ગંભીર હાલત : FSLની મદદથી સાયન્ટિફિક તપાસ શરૂ




અંકલેશ્વર, તા.૪

અંકલેશ્વરની એચ.બી. રોડ લાઈન્સ એન્ડ વોટર સપ્લાઈ ટ્રાન્સપોર્ટમાં ટેન્કર સાફ કરવા ઉતરેલા એક પછી એક ૪ ડ્રાઈવરને ગેસની અસર થઈ હતી. જે પૈકી એક ડ્રાઈવરનું સ્થળ પર જ મોત નીપજયું હતું જયારે અન્ય ૩ કામદારોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જયાં સારવાર હેઠળ વધુ એક કામદારનું મોત નીપજયું છે. જીઆઈડીસી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી એફ.એસ.એલની મદદથી સાયન્ટિફિક તપાસ શરૂ કરી હતી. બનાવની વિગતો અનુસાર ગત ૨ મેના રોજ અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ માધવ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં પ્લોટ નંબર ૧ અને ૨ પર આવેલ એચ.બી રોડ લાઈન્સ એન્ડ વોટર સપ્લાય ટ્રાન્સપોર્ટમાં ડ્રાઈવર સુનિલ રાજારામ પણ ટેક્રરની ટાંકીમાં ઉતરતા તેને ગેસ લાગતા ચક્કર આવતા ટેક્રરની ટાંકીમાં પડી બેભાન થઈ ગયો હતો. તેને બહાર કાઢવા ભાવિન હરિ શ્યામ પાલ પણ અંદર ઉતરતા તેને ગેસ અસર થઈ હતી અને ચક્કર આવી અંદર પડી ગયો હતો. બંને બહાર કાઢવા રાહુલ હરિરામ પાલ અને રજુ સુરેશ મિસ્ત્રી પણ બહાર કાઢવા ગયા હતા તેમને પણ ગેસની અસર થઈ હતી. જે પૈકી સુનિલ રાજારામ પાલનું સ્થળ પર ગેસની અસરથી મોત થયું હતું. જ્યારે અન્ય ત્રણ ઈસમો સારવાર ખસેડવામાં આવ્યા હતા. જે પૈકી બે દિવસની સારવાર બાદ ભાવિન હરિ શ્યામ પાલનું પણ મોત નીપજયું હતું. ઘટના અંગે જીઆઈડીસી પોલીસ મથકે ગિરજાશંકર હરિ શ્યામ પાલએ જીઆઈડીસી પોલીસ મથકે જાણ કરતા પોલીસ દ્વારા પ્રાથમિક અકસ્માતે મોતનો ગુનો નોંધી એફ.એસ.એલ.ની મદદથી વધુ તપાસ આરંભી હતી.

### સુરતમાં એસીબી સમક્ષ સરેન્ડર કર્યું

# કતાર ગામમાં ૧૫ લાખના લાંચ કેસમાં ૧૦ દિવસથી ફરાર ASIની ધરપકડ : એક દિવસના રિમાન્ડ મંજૂર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

રાજ્યમાં લાંચિયા અધિકારીઓ સામે એસીબીએ લાલ આંખ કરી છે. તાજેતરમાં ધંધુકાના નાયબ કાર્યપાલ ઈજનેર પોતાની ઓફિસમાં જ રૂા.૧.૨૦ લાખની લાંચ લેતા ઝડપાયા હતા. ત્યારે કતારગામ વિસ્તારમાં ૧૫ લાખના લાંચ કેસમાં ૧૦ દિવસથી ફરાર એએસઆઈએ સરેન્ડર કરતા એસીબીએ તેની ધરપકડ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

કરોડોની છેતરપિંડીમાં ઝડપાયેલા વેપારીના ભાગીદારને છોડવા અને તેમની ઓફિસનો સામાન, ડાયમંડ પરત કરવા માંગેલા રૂા.૧૫ લાખ પૈકીના રૂા.૫ લાખ લેતા એએસઆઈના ભાઈને એસીબીએ ૧૦ દિવસ પેહલા કતારગામ અલકાપુરી સર્કલ બ્રિજ વિસ્તારમાંથી ઝડપી લેતા એએસઆઈ ફરાર થઈ ગયો હતો.

ઈકો સેલે બે અઠવાડીયા અગાઉ કરોડોની છેતરપિંડીમાં કતારગામના વેપારીની ધરપકડ કરી હતી ત્યારે તેના ભાગીદારને પણ ઝડપ્યો હતો અને તેને છોડવા અને તેમની ઓફિસનો સામાન, ડાયમંડ પરત કરવા ઈકો સેલના એએસઆઈ સાગર સંજયભાઈ પ્રધાને રૂા.૧૫ લાખની લાંચ માંગી હતી. રૂા.૧૫ લાખમાંથી રૂા.૫ લાખ આપવા ગત ૨૩ એપ્રિલના રોજ એએસઆઈ સાગર પ્રધાને ભાગીદારને કહ્યું હતું. જો કે, ભાગીદારે આ અંગે સુરત એસીબીનો સંપર્ક કરી ફરિયાદ આપતા એસીબી સુરત એકમના મદદનીશ નિયામક અને નવસારી એસીબીના સ્ટાફે છટકું ગોઠવી કતારગામ અલકાપુરી સર્કલ બ્રિજ નીચે મુંબઈ તડકા ફાસ્ટ ફુટ એન્ડ ચાઈનીઝ દુકાનની સામે એએસઆઈ સાગર પ્રધાનના કહેવાથી તેના ભાઈ ઉત્સવે ભાગીદાર પાસેથી લાંચની રકમ રૂા.૫ લાખ સ્વીકારતા સમયે જ એસીબી ત્રાટકી હતી અને તેને ઝડપી લીધો હતો.

એસીબીના છટકાની જાણ થતા એએસઆઈ સાગર પ્રધાન ફરાર થઈ ગયો હતો.એસીબીએ આ અંગે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. દરમિયાન, છેલ્લા ૧૦ દિવસથી ફરાર એએસઆઈ સાગર પ્રધાને ગતસાંજે એસીબીમાં સરેન્ડર કરતા એસીબીએ તેની ધરપકડ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.હવે એસીબી એએસઆઈ સાગર પ્રધાનની પૂછપરછના આધારે આટલી મોટી રકમની લાંચમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ? તે અંગે તપાસ કરવામાં આવશે.

# ભાજપ દ્વારા 'સ્ક્રિપ્ટેડ' હતું : મમતા બેનરજીએ સંદેશખાલી કાવતરાં પાછળ ભાજપનો હાથ હોવાનો આરોપ મૂક્યો

(એજન્સી) તા.૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ શનિવારે ભાજપ પર સંદેશખાલી ઘટનાની 'સ્ક્રિપ્ટિંગ' કરવાનો આરોપ મૂક્યો અને પ્રશ્ન કર્યો કે શા માટે રાજ્યપાલ સી.વી. આનંદ બોઝ પર લાગેલા જાતીય સતામણીના આરોપોના મુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મૌન છે? મમતા બેનરજીએ કહ્યું કે સંદેશખાલી કાવતરાંની પટકથા ભાજપ દ્વારા જ તૈયાર કરવામાં આવી હતી અને આ સંપૂર્ણ કાવતરાં પાછળ ભાજપનો જ હાથ હતો.

મમતા બેનરજીએ નાદિયા જિલ્લાના ચકદાહમાં આયોજિત એક ચૂંટણીમાં મોટો દાવો કરતાં કહ્યું કે 'સંદેશખાલીની સમગ્ર ક્રિયા પૂર્વ આયોજિત હતી,ભાજપે તેને સારી રીતે લખી હતી. સત્ય બહાર આવ્યું છે. હું લાંબા સમયથી આ કહેતી આવી છું. મેં આખો વીડિયો જોયો નથી. હું ચોક્કસપણે તેને જોઈશ. બેનરજીએ કહ્યું, 'વડાપ્રધાન મોદીએ સંદેશખાલીને લઈને 'સંદેશ' આપ્યો, પરંતુ કેન્દ્રીય પ્રતિનિધિ (રાજ્યપાલ)ની જાતીય સતામણીના મુદ્દે તેઓ મૌન રહ્યા.



શનિવારે તૃણમૂલ કોંગ્રેસે સોશિયલ મીડિયા ... કરવામાં આવ્યો હતો કે સંદેશખાલી એપિસોડ એ લોકસભા ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળને બદનામ કરવા માટે ભાજપ દ્વારા રચાયેલું કાવતરું હતું.

આ વીડિયોમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભાજપના મંડળ અધ્યક્ષે આરોપ મૂક્યો હતો કે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં અધ્યક્ષ સુવેન્દુ અધિકારીએ ભાજપના નેતાઓને નિર્દેશ આપ્યો હતો કે તેઓ સ્થાનિક મહિલાઓને ઉશ્કેરે અને તેમને તૃણમૂલ કોંગ્રેસના ત્રણ નેતાઓ સામે આરોપબાજી કરવા મનાવે. જેમાં એક શાહજહાં શેખનો પણ સમાવેશ થતો હતો જેમના પર દુષ્કર્મનો આરોપ મૂકવામાં આવ્યો છે. જોકે હજુ સુધી આ વીડિયોની પુષ્ટી થઈ શકી નથી.

# જમ્મુ-કાશ્મીરમાં સલામતી દળોના બે વાહન પર આતંકવાદીઓના ગોળીબારમાં એક જવાન શહીદ, ૪ ઘાયલ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૪

જમ્મુ અને કાશ્મીરના પૂંચ જિલ્લામાં શનિવારે આતંકવાદીઓ દ્વારા તેમના કાફલા પર ગોળીબાર કરાતાં ભારતીય વાયુસેના (IAF)નો એક શહીદ થયો હતો જ્યારે ચાર અન્ય ઘાયલ થયા હત તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ હુમલો સુરનકોટના સનાઈ ગામમાં થયો હતો. ઈજાગ્રસ્ત જવાનોને ઉધમપુરની કમાન્ડ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં એકનું મોત નીપજ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સ્થાનિક રાષ્ટ્રીય રાઇફલ્સ યુનિટે તે વિસ્તારને ઘેરી લીધો હતો અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું જ્યાં હુમલો થયો હતો. IAFએ જણાવ્યું હતું કે, સેના અને પોલીસ આ ઘટનામાં સામેલ આતંકવાદીઓ સામેની કાર્યવાહીમાં રોકાયેલા હતા. ભારતીય વાયુ દળે ટ્વિટમાં કહ્યું કે, "જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં શાહસિતાર નજીક IAF વાહનના કાફલા પર આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. સ્થાનિક લશ્કરી એકમો દ્વારા હાલમાં આ વિસ્તારમાં કોર્ડન અને સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. કાફલાને સુરક્ષિત કરવામાં આવ્યો છે અને વધુ તપાસ ચાલુ છે.'' ભારતીય વાયુસેનાના ગરૂડ સ્પેશિયલ ફોર્સ જે વિસ્તારમાં હુમલો થયો છે ત્યાં તૈનાત છે. આઈએએફે શનિવારે મોડી રાત્રે જણાવ્યું કે, ''આતંકવાદીઓ સાથેના ગોળીબારમાં એરફોર્સ જવાનોએ વળતો ગોળીબાર કરીને વળતો સામનો કર્યો હતો. આ પ્રક્રિયામા પાંચ IAF કર્મચારીઓને ગોળી વાગતા ઈજાઓ થઈ હતી અને તાત્કાલિક તબીબી સારવાર માટે તેમને નજીકની સૈન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. એક એરફોર્સ જવાનનું બાદમાં મૃત્યુ થયું હતું. સ્થાનિક સુરક્ષા દળો દ્વારા આગળની કાર્યવાહી ચાલુ છે.''

# નૂહ ગેંગરેપ, ડબલ મર્ડર કેસ : CBI કોર્ટે ચાર દોષિતોને ફાંસીની સજા સંભળાવી

## સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કોર્ટે આરોપી પર કુલ રૂ.૮.૨૦ લાખનો દંડ પણ ફટકાર્યો છે

(એજન્સી) તા.૪

સીબીઆઈની વિશેષ અદાલતે હરિયાણાના પંચકુલામાં ૪ મેના રોજ ૨૦૧૬ના નૂહ ગેંગરેપ અને ડબલ મર્ડર કેસમાં ચાર દોષિતોને ફાંસીની સજા સંભળાવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૧૦એપ્રિલના રોજ કોર્ટે હેમત ચૌહાણ, અયાન ચૌહાણ, વિનય અને જય ભગવાનને ૨૪-૨૫ ઓગસ્ટ, ૨૦૧૬ની વચ્ચેની રાત્રે હરિયાણાના નૂહમાં બનેલી બેવડી હત્યા, ગેંગરેપ અને લૂંટ માટે દોષી ઠેરવ્યા હતા. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કોર્ટે આરોપી પર કુલ રૂ.૮.૨૦ લાખનો દંડ પણ ફટકાર્યો છે.

આરોપીઓએ એક મહિલા અને સગીર બાળકી સાથે તેમના ઘરે સામૂહિક બળાત્કાર કર્યો હતો અને ત્યારબાદ તેમના કબજામાંથી ઘરેણાં અને રોકડ લૂંટી લીધી હતી. હરિયાણા પોલીસે અલગ-અલગ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી. સીબીઆઈએ રાજ્ય સરકારના સંદર્ભ પર તપાસ હાથ ધરી હતી. એજન્સીએ ૨૪ જાન્યુઆરી, ૨૦૧૮ અને ૨૯ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ દોષિત આરોપીઓ સામે બે ચાર્જશીટ દાખલ કરી હતી, જે દરમિયાન તેણે વૈજ્ઞાનિક અને ફોરેન્સિક પુરાવા એકત્રિત કર્યા અને તેનું વિશ્લેષણ કર્યું હતું.

ટ્રાયલ કોર્ટે ઉપરોક્ત ચાર આરોપીઓને કલમ 120B, 302, 307, 376-D, 323, 459, 460 IPC અને POSCO એક્ટ ૨૦૧૨ની કલમ ૬ હેઠળ દોષિત ઠેરવ્યા હતા. સીબીઆઈએ વતી વિગતવાર દલીલો રજૂ કરવામાં આવી હતી અને દોષિતોને મહત્તમ સજા માટે વિનંતી કરી હતી.

# ભાજપે સંદેશખાલીમાં મહિલાઓને TMC નેતાઓ વિરૂદ્ધ આરોપો કરવા માટે પૈસા ચૂકવ્યા છે : TMCના સ્ટિંગ ઓપરેશનના વીડિયોમાં દાવો

## મુખ્યમંત્રી મમતા બેનરજીએ આરોપ લગાવ્યો કે બંગાળના પ્રગતિશીલ વિચાર અને સંસ્કૃતિ પ્રત્યે તિરસ્કાર માટે બાંગ્લા-બિરોધીઓએ રાજ્યને બદનામ કરવાનું ષડયંત્ર રચ્યું છે

(એજન્સી) તા.૪

તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ શનિવારે એક વિડિયો જાહેર કરીને આરોપ લગાવ્યો હતો કે ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતા સુવેન્દુ અધિકારીએ સંદેશખાલીનું કાવતરૂં ઘડ્યું હતું અને સ્થાનિક TMC નેતાઓને ફસાવવા માટે મહિલા ગ્રામજનોને પૈસા આપ્યા હતા જેથી કરીને ભાજપને લોકસભા ચૂંટણી પહેલા ફાયદો મળી શકે. ૩૨-મિનિટના આ વીડિયોમાં, ગંગાધર કોયલ નામનો એક વ્યક્તિ જાસૂસી કેમેરા પર રેકોર્ડ કરવામાં આવ્યો હતો જેમાં કથિત રીતે વર્ણવવામાં આવ્યું હતું કે કેવી રીતે અધિકારીએ ભાજપના કાર્યકર્તાઓને ટીએમસીના મજબૂત નેતાઓને ફસાવવા અને તેમની ધરપકડ કરવા સૂચના આપી હતી જેથી પક્ષ TMCના ગઢમાં જીતી શકે. વીડિયોમાં કોયલની ઓળખ સંદેશખાલી-૨ માં બીજેપીના મંડલ પ્રમુખ તરીકે થઈ હતી. આ વ્યક્તિએ અજાણ્યા માણસો સાથે વાત કરતી વખતે વીડિયોમાં કહ્યું કે, અમે તે સુવેન્દુ દાની સૂચના મુજબ કરાવ્યું. તેણે અમને મદદ કરી. સુવેન્દુ દાએ અમને સલાહ આપી હતી કે જો અમે TMCLના મજબૂત નેતાઓની ધરપકડ ન કરી શકીએ તો અમે ચૂંટણી લડાઈ લડી શકીશું નહીં. સ્વતંત્ર રીતે આ વિડિયોની અધિકૃતતાની ખાતરી થઈ નથી.

કોયલ જેની સાથે વાત કરી રહ્યો હતો તેમાંથી એક વ્યક્તિને કહ્યું કે, મને મહિલાઓને બળાત્કારની ફરિયાદો નોંધાવવા માટે સમજાવવા કહેવામાં આવ્યું અને મેં તે કરાવ્યું હતું. સ્ત્રીઓને જે કરવાનું કહેવામાં આવ્યું હતું તે તેઓએ કર્યું. અમે મહિલાઓને કહ્યું કે જો તમે બળવાન લોકોની ધરપકડ નહીં કરી શકો તો તેઓ તમને ગ્રામજનોને શાંતિથી રહેવા દેશે નહીં. તમે બધાને મારી નાખવામાં આવશે. ફેબ્રુઆરીમાં ઉત્તર ૨૪ પરગણામાં સંદેશખાલી ખાતે હિંસક વિરોધ ફાટી નીકળ્યો હતો જેમાં મહિલા ગ્રામજનોએ જાતીય શોષણ અને ગેરકાયદેસર જમીન હડપ કરવાના આરોપમાં ટીએમસીના પ્રબળ નેતા શેખ શાહજહાં અને તેના સહાયકોની ધરપકડની માંગ કરી હતી.

આ વ્યક્તિ કહે છે કે, મહિલાઓને એવું જણાવવા માટે કહેવામાં આવ્યું હતું કે ઓછામાં ઓછા ૬-૭ મહિના પહેલા તેમની સાથે બળાત્કાર થયો હતો. માટે તબીબી પરીક્ષણો થશે નહીં અને તેમના નિવેદનો પૂરતા હશે. શાહજહાંની પોલીસે ૨૯ ફેબ્રુઆરીએ ધરપકડ કરી હતી અને કલકત્તા હાઈકોર્ટના આદેશ પર સીબીઆઈને સોંપવામાં આવી હતી. સીબીઆઈ હવે જાતીય શોષણ અને જમીન પચાવી પાડવાના આરોપોની તપાસ કરી રહી છે. કોયલે કહ્યું કે, મહિલાઓને પૈસા આપવામાં આવ્યા હતા. અધિકારીએ પૈસા મોકલી આપ્યા હતા. એક મહિલા નર્વસ થઈ ગઈ હતી. તેણીને અધિકારી દ્વારા પૈસા મોકલવામાં આવ્યા હતા. મારી પાસે એવા અહેવાલો હતા કે પૈસાની વહેંચણીમાં કેટલીક વિસંગતતાઓ હતી અને દરેકને રૂા.૨,૦૦૦ ચૂકવવામાં આવ્યા હતા. જો કે, કોયલે મીડિયાને જણાવ્યું હતું કે આ તેની વિરૂદ્ધનું કાવતરૂં છે અને આ વીડિયો ડોક્ટરેડ છે. આ મારી વિરૂદ્ધ એક ષડયંત્ર છે. મને ફસાવવામાં આવી રહ્યો છે. વીડિયો અને મારો અવાજ સંપાદિત કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ મારી પાર્ટી, અધિકારી અને સંદેશખાલીની મહિલાઓ વિરૂદ્ધ ષડયંત્ર છે. હું સીબીઆઈ




તપાસની માંગણી કરૂં છું.

ભાજપે આ ચૂંટણીમાં ટીએમસી સામે સંદેશખાલીને મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સહિત ભાજપના ટોચના નેતાઓ સંદેશખાલી અશાંતિને લઈને દરેક ચૂંટણી રેલીમાં ટીએમસી પર પ્રહારો કરી રહ્યા છે. આ વીડિયો સામે આવતાની સાથે જ ટીએમસીએ વળતો પ્રહાર કર્યો છે કે ભાજપ રાજ્યને બદનામ કરવાનું કાવતરૂં કરી રહ્યું છે.

અધિકારીએ પત્રકારોને કહ્યું કે, મને ખબર નથી કે તે ટીએમસીના કોઈ કાર્યકર્તાનો અવાજ છે કે કોઈ અન્ય વ્યક્તિનો અવાજ છે. તે મિમિક્રી હોઈ શકે છે. આ ટીએમસીના માણસો છે જેમની ઓળખ ભાજપના કાર્યકર્તાઓ તરીકે કરવામાં આવી છે. ટીએમસી સારી રીતે જાણે છે કે તે હારી જવાની છે અને તેથી તે અમારા નેતાઓને બદનામ કરવા માટે આવી વાર્તાઓ બનાવી રહી છે.

સીબીઆઈએ ૨૬ એપ્રિલના રોજ સંદેશખાલીના એક ઘરમાંથી હથિયારો જપ્ત કર્યા હતા અને ઘરમાંથી મળેલા કેટલાક બોમ્બને ડિફ્યુઝ કરવા માટે એનએસજીને મદદ કરવી પડી હતી. એક મહિલા, જેની ઓળખ જાતીય શોષણનો કથિત ભોગ બનનાર તરીકે કરવામાં આવી હતી, તે આ આ વીડિયોમાં કથિત રીતે કહેતી જોવા મળી હતી કે તેને એક દસ્તાવેજ પર સહી કરવાનું કહેવામાં આવ્યું હતું. તેણીએ દસ્તાવેજ વાંચ્યા વિના સહી કરી હતી.

ટીએમસીના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીએ કોલકાતામાં એક પ્રેસ કોન્ફરન્સને જણાવ્યું હતું કે, ભાજપ ૨૦૨૧ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં જનતાના જનાદેશને પચાવી શક્યું નથી. તમે ટીએમસીના કોઈપણ નેતાની ધરપકડ કરી શકો છો પરંતુ તમે બંગાળને કેમ બદનામ કરી રહ્યા છો ? કોયલે પોતે વીડિયોમાં કહ્યું છે કે સંદેશખાલીની મહિલાઓને આરોપો લગાવવા માટે રૂા.૨,૦૦૦ ચૂકવવામાં આવ્યા હતા. તમે દિલ્હીમાં માત્ર રૂા.૨,૦૦૦માં મહિલાઓની ઈજ્જત વેચી દીધી છે. ભાજપના મંડલ પ્રમુખ કહી રહ્યા છે કે બળાત્કારના બનાવટી આરોપો લગાવવામાં આવ્યા હતા. આજે રાષ્ટ્રીય મહિલા આયોગ અને એસસી અને એસટી કમિશન ક્યાં છે ? આજે ન્યાયતંત્ર શું કહેશે ? ક્યારેય વિચાર્યું ન હતું કે રાજકારણ આટલા નીચા સ્તરે જઈ શકે છે. ગઈકાલે પણ વડાપ્રધાન મોદીએ સંદેશખાલી મુદ્દે ટીએમસી પર પ્રહારો કર્યા હતા. મીડિયા અને ન્યાયતંત્ર પણ આ માટે જવાબદાર છે. તેમણે એમ પણ કહ્યું કે જો આગામી ૪૮ કલાકમાં બીજેપીના રાષ્ટ્રીય નેતાઓ માફી નહીં માંગે તો તે ષડયંત્ર પાછળ તેમનો હાથ હોવાનું સ્વીકારવામાં આવશે.

# મારી પાસે નથી પોતાનું ઘર કે નથી પોતાની સાયકલ; છેલ્લા ૨૫ વર્ષમાં નથી મારા પર ભ્રષ્ટાચારનો કોઈ ડાઘ : PM મોદી

## મોદીએ વિરોધ પક્ષના નેતાઓ પર વારસદારો માટે સંપત્તિ એકત્ર કરવાનો આરોપ લગાવ્યો હતો

(એજન્સી) તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૨૫ વર્ષમાં ગુજરાતના મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન તરીકે તેમના પર ભ્રષ્ટાચારનો કોઈ ડાઘ લાગ્યો નથી અને ના તેમણે કોઈ સંપત્તિ એકઠી કરી છે. ઝારખંડમાં ચૂંટણી પ્રચારને સંબોધતા વડાપ્રધાને કહ્યું, ''મુખ્યમંત્રી અને વડા પ્રધાન તરીકે છેલ્લા ૨૫ વર્ષમાં મારા પર ભ્રષ્ટાચારનો કોઈ ડાઘ નથી. મારી પાસે પોતાનું ઘર કે સાયકલ પણ નથી પરંતુ, ભ્રષ્ટ ઝારખંડ મુક્તિ મોરચા અને કોંગ્રેસના નેતાઓએ તેમના બાળકો માટે મોટી સંપત્તિ એકઠી કરી લીધી છે.'' વડાપ્રધાને આરોપ લગાવ્યો કે, વિપક્ષી પાર્ટીના નેતાઓ તેમના બાળકોના વારસા માટે બધું એકત્ર કરી રહ્યા છે. વડાપ્રધાને કહ્યું કે, જનતાએ તેમના મતની શક્તિનો અહેસાસ કરવો જોઈએ અને તેનાથી જ તે કલમ ૩૭૦ નાબૂદ કરવામાં અને આતંકનો સફાયો કરવામાં સક્ષમ બન્યા છે. પાકિસ્તાન કોંગ્રેસના 'શેહજાદા' વડાપ્રધાન બને તે માટે પ્રાર્થના કરી રહ્યું છે. કોંગ્રેસની સરકારમાં, બોમ્બ વિસ્ફોટ થતા હતા, **આતંકવાદી**ઓ ગોળીઓ ચલાવતા હતા અને સરકાર તેમને પ્રેમ પત્રો મોકલતી હતી. પાકિસ્તાન પ્રેમ પત્રો કરતાં વધુ આતંકવાદીઓને મોકલતું હતું. તમારા એક મતે મને એટલી શક્તિ આપી કે, મેં સત્તા પર આવતાની સાથે જ કહ્યું, 'બસ હવે બહુ થયું'. આ નવું ભારત છે. 'ઘરમાં ઘુસીને મારે છે'. સર્જિકલ સ્ટ્રાઈક અને બાલાકોટની સ્ટ્રાઈકએ પાકિસ્તાનને હચમચાવી નાખ્યું હતું. એક સમય એવો હતો જ્યારે આતંકવાદી હુમલા પછી, કોંગ્રેસની નબળી સરકાર આખી દુનિયા સમક્ષ રડતી હતી. હવે દુનિયાભરમાં પાકિસ્તાન 'બચાવો, બચાવો'ના નારા લગાવીને રડી રહ્યું છે. પાકિસ્તાનના નેતાઓ, કોંગ્રેસના શહેજાદા વડાપ્રધાન બને તેવી પ્રાર્થના કરી રહ્યાં છે પણ ભારતના સક્ષમ મતદારો એક સક્ષમ સરકાર માંગે છે. મોદીએ કહ્યું કે, તેમના જીવનના અનુભવોએ છેલ્લા ૧૦ વર્ષોમાં કલ્યાણકારી યોજનાઓને પ્રેરણા આપી છે. "જ્યારે હું લાભાર્થીઓને મળું છું, ત્યારે મને આનંદના આંસુ આવે છે."

# સર્જિકલ સ્ટ્રાઈકથી હચમચી ગયેલા પાકિસ્તાની નેતાએ પ્રાર્થના કરી કે કોંગ્રેસના શહેજાદા ભારતના વડાપ્રધાન બને : મોદી

(એજન્સી) તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ભારપૂર્વક કહ્યું કે સર્જિકલ સ્ટ્રાઈક અને હવાઈ હુમલાથી હચમચી ગયેલા પાકિસ્તાનમાં હવે કોંગ્રેસના શહેજાદા ભારતના વડાપ્રધાન બને તેવી પ્રાર્થનાઓ થવા લાગી છે. ત્યાંના નેતાઓ હવે રાહુલ ગાંધી અને કોંગ્રેસ માટે દુવાઓ કરવા લાગ્યા છે. મોદીએ આ ટિપ્પણી પલામુમાં એક ચૂંટણી સભાને સંબોધતા કરી હતી. આ દરમિયાન તેમણે કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી સામે નિશાન તાકવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, તેમણે આ દરમિયાન રાહુલ ગાંધીનું નામ લીધું નહોતું અને કહ્યું કે પાકિસ્તાન હવે તેમને વડાપ્રધાન બનતા જોવા માગે છે પરંતુ ભારત એક મજબૂત વડાપ્રધાન ઈચ્છે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, ''એવી પરિસ્થિતિ હતી જ્યારે આતંકવાદી હુમલા પછી કોંગ્રેસ સરકાર વિશ્વભરમાં જઈને રડતી હતી. એ જમાનો ગયો જ્યારે આપણે દુનિયામાં જઈને રડ્યા. આજે સ્થિતિ એવી છે કે પાકિસ્તાન દુનિયામાં રડી રહ્યું છે. 'બચાવો-બચાવો'ની બૂમો પાડવી. આજે પાકિસ્તાનના નેતાઓ કોંગ્રેસના આ રાજકુમારને વડાપ્રધાન બનાવવા માટે પ્રાર્થના કરી રહ્યા છે, પરંતુ એક મજબૂત ભારત હવે મજબૂત સરકાર ઈચ્છે છે.'' ન બનતા જોવા માગે છે પરંતુ ભારત એક મજબૂત વડાપ્રધાન ઈચ્છે છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ઝારખંડના પલામુમાં ચૂંટણી રેલીમાં કહ્યું, ''તમે મારા જીવનને સારી રીતે જાણો છો. હું ગરીબીનું જીવન જીવીને આવ્યો છું. હું ગરીબીમાં જીવ્યો છું. ગરીબોનું જીવન કેટલું મુશ્કેલ હોય છે તે અનુભવીને હું અહીં આવ્યો છું. તેથી છેલ્લા ૧૦ વર્ષમાં ગરીબોના કલ્યાણ માટેની દરેક યોજનાની પ્રેરણા મારા પોતાના જીવનના અનુભવમાંથી જન્મી છે. ગરીબી જે લોકોએ જોઈ છે તે જ આ આંસુ સમજી શકે છે. જેણે તેની માતાને ધુમાડામાં ખાંસી ન જોઈ હોય તે આ આંસુ ક્યારેય સમજી શકતો નથી. જેણે પોતાની માતાને પેટ બાંધીને સૂતી જોઈ નથી, જેણે પોતાની માતાને પાણીની ગરબડી પીને ભૂખ છીપાવતી જોઈ નથી, જેણે પોતાની માંદગીને છુપાવતા જોઈ નથી, જેણે તેના અભાવે તેનું દુઃખ અને અપમાન જોયું નથી. શૌચાલય, મોદીના આ આંસુનો અર્થ નહીં સમજાય, પરંતુ કોંગ્રેસના આ રાજકુમારો મોદીના આંસુમાં પોતાની ખુશી શોધી રહ્યા છે. કહેવાય છે કે મોદીના આંસુ સારા લાગે છેપ તેઓ ગર્વથી કહે છે કે તેમના ઘરમાં ઘણા વડાપ્રધાન હતા. તેઓ ચાંદીના ચમચાથી ખાતા રહ્યા. ગરીબો, દલિતો અને આદિવાસીઓના ઝૂંપડામાં ફોટા પડાવતા રહ્યા પરંતુ ગરીબો માટે કંઈ કર્યું નહીં. તેમણે કહ્યું, ''મોદીનો જન્મ એક મિશન માટે થયો હતો. જેએમએમ-કોંગ્રેસના નેતાઓએ ભ્રષ્ટાચાર દ્વારા જંગી સંપત્તિ એકઠી કરી. મારી પાસે મારી પોતાની એક સાયકલ પણ નથી તેઓ પોતાના બાળકોને વારસામાં આપવા માટે બધું એકઠું કરે છે પણ મારા બધા વારસદાર તમે જ છો. તમારા બાળકો અને પૌત્રો મારા વારસદાર છે. હું તમારા બાળકોને વારસા તરીકે વિકસિત ભારત આપવા માંગુ છુંપ જેથી તમને મારા પરિવાર અને આવા કરોડો પરિવારોને જે સામનો કરવો પડ્યો હતો તેનો સામનો ન કરવો પડે.

# પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સામેની ફરિયાદમાં સાક્ષીઓની પોલીસ પૂછપરછ કરશે, રાજભવનથી સીસીટીવી ફૂટેજ મગાવ્યાં

(એજન્સી) તા.૪

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝ પર રાજભવનની એક કરાર આધારિત મહિલા કર્મચારીએ જાતીય સતામણીનો આરોપ લગાવ્યો છે. તેણે પોલીસ સ્ટેશનમાં આ અંગે લેખિત ફરિયાદ નોંધાવી છે. પ.બંગાળની સરકારના આ મામલે વિરોધ બાદ કોલકાતા પોલીસે પણ ફરિયાદને ધ્યાનમાં લેતા તપાસ ટીમ બનાવી છે. શનિવારે એક વરિષ્ઠ પોલીસ અધિકારીને ટાંકીને એક મીડિયા એજન્સીએ જણાવ્યું કે પોલીસે એક તપાસ ટીમ બનાવી છે જે આગામી થોડા દિવસોમાં આ કેસમાં કેટલાક સંભવિત સાક્ષીઓ સાથે વાત કરશે. પોલીસે રાજભવનને પણ વિનંતી કરી છે કે CCTV ફૂટેજ ઉપલબ્ધ થાય ત્યારે તેને શેર કરે. બંધારણના અનુચ્છેદ ૩૬૧ હેઠળ વર્તમાન રાજ્યપાલ સામે કોઈ કાયદાકીય કાર્યવાહી થઈ શકે નહીં. રાજભવન દ્વારા એક નિવેદન પણ બહાર પાડવામાં આવ્યું છે, જેમાં રાજ્યપાલ બોસે રાજભવનમાં પોલીસના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. બોસ કહે છે કે પોલીસ તેમના રાજકીય આકાઓને ખુશ કરવા માટે ચૂંટણી દરમિયાન ગેરકાયદેસર રીતે તપાસ કરી શકે છે. અહેવાલ અનુસાર મહિલાનો આરોપ છે કે તે ૨૪ માર્ચે રાજ્યપાલ પાસે કાયમી નોકરીની વિનંતી સાથે ગઈ હતી. પછી રાજ્યપાલે છેડતી કરી. જ્યારે ગુરૂવારે ફરીથી આવું જ થયું, ત્યારે તે ફરિયાદ લઈને રાજભવનની બહાર તૈનાત પોલીસ અધિકારી પાસે ગઈ. રાજ્યપાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર મહિલાના આરોપોને નકારી કાઢ્યા છે. તેમણે કહ્યું, 'આ મને બદનામ કરવાનું ષડયંત્ર છે. મારા પર પાયાવિહોણા આક્ષેપો કરવામાં આવ્યા છે. સત્યનો વિજય થશે. જો કોઈ મને બદનામ કરીને ચૂંટણીમાં ફાયદો મેળવવા માંગતું હોય તો ભગવાન મને આશીર્વાદ આપે. હું ભ્રષ્ટાચાર અને હિંસા સામેની લડાઈને રોકી શકતો નથી. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સાગરિકા ઘોષે મહિલાના આરોપોને લઈને એક વીડિયો નિવેદન જાહેર કર્યું છે. તેમણે કહ્યું છે કે બંગાળના ગવર્નર સીવી આનંદ બોઝ પર ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. જ્યારે એક મહિલા રાજભવન ગઈ ત્યારે રાજ્યપાલ સીવી આનંદ બોઝે તેની સાથે છેડતી, જાતીય સતામણી અને ગેરવર્તણૂક કરી. મહિલા હવે પોલીસ સ્ટેશન પહોંચી છે, જ્યાં તે પોતાની ફરિયાદ નોંધાવી રહી છે. તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોલકાતા પહોંચી રહ્યા છે ત્યારે આ ગંભીર આરોપો લગાવવામાં આવી રહ્યા છે. મોદીજી રાજભવનમાં જ રોકાશે. શું મોદીજી રાજ્યપાલ પાસે સ્પષ્ટતા માંગશે ? શું મોદીજી પૂછશે કે રાજભવનમાં આવી ઘટના કેવી રીતે બની ? રાજ્યપાલ પર લાગેલા આરોપો અંગે બીજેપી નેતા શુભેન્દુ અધિકારીએ કહ્યું કે એ જોવાનું રહેશે કે આરોપો સાચા છે કે પછી કોઈ ષડયંત્ર છે. ૨૬,૦૦૦ શિક્ષકોએ નોકરી ગુમાવી, સંદેશખાલી મુદ્દે તૃણમૂલ ઘેરાયું. આ ફરિયાદ રાજકીય ષડયંત્ર છે કે કેમ તે જોવું રહ્યું. જો આ વાત સાચી હશે તો કેન્દ્ર સરકાર ચોક્કસ પગલાં લેશે.

# બે દિવસથી ગુમ કોંગ્રેસ નેતાનો બળેલો મૃતદેહ તામિલનાડુમાં મળ્યો

(એજન્સી) તા.૪

તામિલનાડુ કોંગ્રેસ નેતાનો બળેલો મૃતદેહ જે બે દિવસથી ગુમ હતા, તેમનો મૃતદેહ તેમની માલિકી વાળા ખેતરમાં મળી આવ્યો છે. ત્યાર બાદ પોલીસે મૃત્યુની તપાસ માટે ત્રણ વિશેષ ટીમોની રચના કરી છે. જે નેતાનો મૃતદેહ શનિવારે તિરૂનેલવેલીમાં મળ્યો તેમનું નામ કે.પી. કે જયકુમાર છે. તે કોંગ્રેસની તિરૂનેલવેલી પૂર્વ જિલ્લા એકમના અધ્યક્ષ હતા. પોલીસે જણાવ્યું કે જયકુમાર ગુમ થઈ ગયા હતા. અને તેમના પુત્રએ બીજા દિવસે ફરિયાદ નોંધાવી હતી. મૃત્યુ પહેલા આપેલુ એક નિવેદન પણ મળી આવ્યું છે અને પોલીસ આ વાતની તપાસ કરી રહી છે કે શું આ તેમણે જ લખ્યું હતું અત્યાર સુધી આ સ્પષ્ટ નથી કે જયકુમારની હત્યા કરવામાં આવી હતી કે તેમણે આત્મહત્યા કરી છે. જો તેને સમર્થન થાય છે કે જયકુમારે મૃત્યુ પહેલા નિવેદન લખ્યું હતું તો એક મોટો મામલો બની શકે છે કારણ કે દસ્તાવેજમાં કેટલાક હાઈ પ્રોફાઈલ નામોની યાદી છે અને તેની પર તેમને ડરાવવા ધમકાવવા અને પૈસાની છેતરપિંડી કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. પોલીસ સુપ્રિટેન્ડન્ટ અને સિસબરાસને જણાવ્યું કે તમામ દષ્ટિએ મામલાની તપાસ માટે ત્રણ વિશેષ ટીમો રચવામાં આવી છે. રહસ્યમય મૃત્યુ અંગે એઆઈએડીએમકેએ રાજ્યમાં સત્તાધારી ડીએમકે સરકાર પર હુમલો કર્યો છે. આ કહેતા કે આ ઘટના રાજ્યમાં કાયદા વ્યવસ્થાની ગંભીર સ્થિતિના સંકેત આપે છે. અન્નાદ્રમુક પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી એડાપડ્ડીના પલાનીસ્વામીએ જવાબદાર લોકોની તાત્કાલિક ધરપકડની માંગ કરી. તામિલનાડુ કોંગ્રેસ પ્રમુખ કે. સેલ્વાયેરૂન્થાગઈ, જો શ્રીપેરેબુકર ધારાસભ્ય પણ છે તેમણે જયકુમારના અવસાન પર શોક વ્યકત કર્યો છે.

# અહેમદ પટેલે મને ખમ્મામની રાજનીતિમાં દખલ ન કરવાની સલાહ આપી હતી : તેલંગાણાના મુખ્યમંત્રી

(એજન્સી) હૈદરાબાદ,તા.૪

ખમ્મમ ક્ષેત્રના લોકોને અત્યંત પ્રબુદ્ધ લડવૈયાઓ તરીકે વર્ણવતા મુખ્ય પ્રધાન એ રેવંત રેડ્ડીએ કહ્યું કે તેમને પૂર્વ સાંસદ અહેમદ પટેલ દ્વારા સાવચેત રહેવાની અને ખમ્મામમાં રાજકારણમાં સ્થાનિકો સાથે દખલ ન કરવાની સલાહ આપવામાં આવી હતી. શનિવારે ખમ્મામમાં કોંગ્રેસ જન જથારા સભાને સંબોધતા, રેવંતે કહ્યું કે પાર્ટી હાઈકમાન્ડે પૂર્વ મુખ્યમંત્રી વાયએસ રાજશેખર રેડ્ડીને આ જ સલાહ આપી હતી જ્યારે તેમણે ૨૦૦૪માં મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો.

કોંગ્રેસે તેલંગાણાના ૫ સરહદી ગામોને ફરીથી આંધ્રપ્રદેશમાં જોડવાનું વચન આપ્યું છે. તેમણે કહ્યું કે પાર્ટી હાઈકમાન્ડે તેમને કહ્યું હતું કે તેઓ અગાઉના રાજ્યના કુલ ૨૩ જિલ્લાઓમાંથી માત્ર ૨૨ જિલ્લાના મુખ્યપ્રધાન બનવા જઈ રહ્યા છે, અને ખમ્મમના લોકોનું નેતૃત્વ પોતાના ઉકેલો શોધી કાઢશે. તેમણે કહ્યું કે અહેમદ પટેલે તેમને લોકોને સહકાર આપવાની સલાહ આપી હતી, પરંતુ તેમની રાજકીય બાબતોમાં દખલ ન કરવાની સલાહ આપી હતી.

તેમણે રમૂજમાં કહ્યું કે, હું ઘણીવાર ભટ્ટી વિક્રમાર્કાને કહું છું કે અમે ખમ્મમના એક વ્યક્તિ સિવાય અન્ય કોઈનો પણ સામનો કરી શકીએ છીએ. તેથી જ આજે પણ હું ખમ્માના રાજકારણમાં હસ્તક્ષેપ ન કરવાનો પ્રયાસ કરું છું, અને દૂર રહીને નમસ્તે કહેવાનું પસંદ કરીશ. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે દેશના લોકો કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને વડાપ્રધાન તરીકે જોવા માંગે છે અને ૧૩ મેની લોકસભાની ચૂંટણીને ગુજરાત અને તેલંગાણાની ટીમો વચ્ચેની લડાઈ ગણાવી હતી.

તેમણે કહ્યું કે BRSએ ભાજપની આગેવાની હેઠળની સરકારના ખેડૂત વિરોધી કાયદાઓને સમર્થન આપ્યું હતું અને નાગરિકતા (સુધારા) અધિનિયમ અને ટ્રિપલ તલાક પર પ્રતિબંધ મૂકવાના બિલને પણ સમર્થન આપ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે બીઆરએસ અને ભાજપે કોંગ્રેસને હરાવવા માટે કાવતરું ઘડ્યું છે અને તેઓએ લોકોને ખમ્મમ અને મહબૂબાબાદ મતવિસ્તારમાંથી જૂના પક્ષના ઉમેદવારોને ચૂંટીને તેમના ષડયંત્રને અસફળ બનાવવા માટે હાકલ કરી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કોંગ્રેસના ઉમેદવાર દેશમાં સૌથી વધુ બહુમતી સાથે ખમ્મમ બેઠક જીતશે.

ઉલ્લેખનીય છે કે, ૧૯૬૯માં ખમ્મમમાં રવિન્દ્રનાથ દ્વારા કરવામાં આવેલી ભૂખ હડતાલ અને આ પ્રદેશના લોકોના બલિદાનને કારણે તેલંગાણા ચળવળનો પાયો નાખવામાં આવ્યો હતો. રવિન્દ્રનાથે 'જય તેલંગાણા'નો નારો આપ્યો હતો. જે આ ચળવળ માટે પ્રેરણા હતું, અને વિશ્વને પણ પ્રેરણા આપી હતી.

# ૨૩ દેશોના ચૂંટણી સંસ્થાઓના પ્રતિનિધિઓ લોકસભા ચૂંટણીનું નિરીક્ષણ કરવા ભારતની મુલાકાતે

(એજન્સી) તા.૪

આ ઈવેન્ટનો ઉદ્દેશ્ય વિદેશી ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓને ભારતની ચૂંટણી પ્રણાલી તેમજ વિશ્વની સૌથી મોટી લોકશાહી દ્વારા ઉપયોગમાં લેવાતી શ્રેષ્ઠ પદ્ધતિઓથી પરિચિત થવાનો છે. ભારતના ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૨૩ દેશોની ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ (EMBs)ના ૭૫ અધિકારીઓનું એક પ્રતિનિધિમંડળ દેશમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણી દરમિયાન વિશ્વની સૌથી મોટી ચૂંટણી પ્રક્રિયાનું નિરીક્ષણ કરવા માટે ભારતની મુલાકાત લેશે. આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓની સહભાગિતાના સ્કેલ અને તીવ્રતાના સંદર્ભમાં આ પ્રથમ ઈવેન્ટ છે. મુલાકાતી પ્રતિનિધિઓ ભૂટાન, મોંગોલિયા, ઓસ્ટ્રેલિયા, મેડાગાસ્કર, ફિજી, કિર્ગીઝ રિપબ્લિક, રશિયા, મોલ્ડોવા, ટ્યુનિશિયા, સેશેલ્સ, કંબોડિયા, નેપાળ, ફિલિપાઈન્સ, શ્રીલંકા, ઝિમ્બાબ્વે, બાંગ્લાદેશ, કઝાકિસ્તાન, જ્યોર્જિયા, ચિલી, ઉઝબેકિસ્તાન, માલદીવ્સ, પપુઆ ન્યુ ગુનીયા અને નામિબિયા જેવા દેશોનું પ્રતિનિધિત્વ કરે છે. ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ફોર ઈલેક્ટોરલ સિસ્ટમ્સ (IFES)ના સભ્યો અને ભૂટાન અને ઈઝરાયેલની મીડિયા ટીમો પણ ભાગ લેશે. ECI અનુસાર કાર્યક્રમ ૪ મેથી શરૂ થશે અને ૯ મેના રોજ સમાપ્ત થશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદેશી ચૂંટણી વ્યવસ્થાપન સંસ્થાઓ (EMBs)ને ભારતની ચૂંટણી પ્રણાલી તેમજ વિશ્વની સૌથી મોટી લોકશાહી દ્વારા ઉપયોગમાં લેવાતી શ્રેષ્ઠ પદ્ધતિઓથી પરિચિત કરાવાનો છે. ૫ મેના રોજ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર અને ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ દ્વારા પ્રતિનિધિઓને સંબોધિત કરવામાં આવશે. પ્રતિનિધિઓ વિવિધ મતવિસ્તારોમાં મતદાન અને સંબંધિત તૈયારીઓનું નિરીક્ષણ કરવા માટે નાના જૂથોમાં મહારાષ્ટ્ર, ગોવા, ગુજરાત, કર્ણાટક, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશ એમ છ રાજ્યોની મુલાકાત લેશે. ECIએ કહ્યું કે, તે ચાલી રહેલી લોકસભા ચૂંટણી ૨૦૨૪ દરમિયાન ચૂંટણી મુલાકાતીઓના કાર્યક્રમ (IEVP)નું આયોજન કરીને આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપી રહ્યું છે.

# સુરત અને ઈન્દોર બાદ કોંગ્રેસના પુરીના લોકસભા ઉમેદવાર સુચરિતા મોહંતીએ પાર્ટીની ટિકિટ પરત કરી

## કોંગ્રેસના પૂર્વ સાંસદ બ્રજમોહન મોહંતીની પુત્રી સુચરિતા મોહંતીએ કહ્યું, 'તેમની પાસે ચૂંટણી લડવાના પૈસા નથી'

(એજન્સી) ભુવનેશ્વર, તા.૪

પુરી લોકસભા મતવિસ્તાર માટે કોંગ્રેસના ઉમેદવાર સુચરિતા મોહંતીએ પાર્ટી પાસે ભંડોળના અભાવનો આક્ષેપ કરીને ચૂંટણી લડવાનો ઈનકાર કર્યો છે અને પાર્ટીની ટિકિટ પરત કરી દીધી છે. કોંગ્રેસના પૂર્વ સાંસદ બ્રજમોહન મોહંતીની પુત્રી મોહંતીએ શુક્રવારે AICCના મહાસચિવ (સંગઠન) કે.સી. વેણુગોપાલને મોકલેલા એક મેઈલમાં દાવો કર્યો હતો કે, પુરી લોકસભા ક્ષેત્રમાં પાર્ટીએ ફંડિંગનો ઈનકાર કર્યો હોવાથી, તેમના પ્રચારને ભારે ફટકો પડ્યો છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, AICC ઓડિશાના પ્રભારી અજોય કુમારે સ્પષ્ટપણે, તેમને પોતાના સંસાધનોથી લડવા કહ્યું હતું. તેમણે ઉલ્લેખ કર્યો કે, "૧૦ વર્ષ પહેલાં જ્યારે મેં ચૂંટણીની રાજનીતિમાં પ્રવેશ કર્યો ત્યારે હું એક પગારદાર વ્યાવસાયિક પત્રકાર હતી મેં પુરીમાં મારા પ્રચારમાં મારી પાસે જે હતું તે બધું આપી દીધું છે. મેં પ્રગતિશીલ રાજકારણ માટેના મારા અભિયાનને સમર્થન આપવા માટે જાહેર દાનની ઝુંબેશનો પ્રયાસ કર્યો, જેની કોઈ બહુ સફળતા મળી નથી. મેં પણ અંદાજિત ઝુંબેશ ખર્ચમાં લઘુત્તમ ઘટાડો કરવાનો પ્રયાસ કર્યો હતો." તે પોતાની રીતે ભંડોળ એકત્ર કરી શકતાં ન હોવાથી, કોંગ્રેસ નેતાએ પુરી લોકસભા મતવિસ્તારમાં પ્રભાવી ઝુંબેશ માટે ભંડોળ માટે પક્ષના કેન્દ્રીય નેતૃત્વ સહિત તમામ વરિષ્ઠ નેતાઓનો સંપર્ક કર્યો હતો. તેમણે AICCને તેમના મેઈલમાં જણાવ્યું હતું કે, "તે સ્પષ્ટ છે કે પુરીમાં વિજયી ઝુંબેશમાંથી માત્ર ભંડોળની તંગી જ અમને રોકી રહી છે. મને અફસોસ છે કે, પાર્ટીના ભંડોળ વિના પુરીમાં પ્રચાર કરવાનું શક્ય બનશે નહીં. તેથી હું આ સાથે, પાર્ટીની પુરી લોકસભા મતવિસ્તાર ટિકિટ પરત કરૂં છું." જો કે મોહંતીએ કહ્યું કે તે હંમેશા કોંગ્રેસની વફાદાર કાર્યકર રહેશે અને તેના નેતા રાહુલ ગાંધી છે. સુચરિતાને પુરી લોકસભા સીટ માટે ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રા અને બીજેડીના ઉમેદવાર અરૂપ પટનાયક પૂર્વ મુંબઈ પોલીસ કમિશનર સામે મેદાનમાં ઉતારવામાં આવી છે.

# પોલીસ કોઈ પુરાવા ન આપી શકી છતાં કેનેડાના શીખ રાજનેતા જગમીત સિંહનો આરોપ : નિજ્જરની હત્યામાં ભારતનો હાથ

(એજન્સી) તા.૪

કેનેડાના રાજનેતા જગમીત સિંહે ભારત પર મોટો આરોપ લગાવ્યો છે. તેમનું કહેવું છે કે ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા પાછળ ભારત સરકારનો હાથ છે, કારણ કે પોલીસે હત્યાના કેસમાં ૩ ભારતીયોની ધરપકડ કરી છે. જો કે, કેનેડિયન પોલીસે ત્રણેય આરોપીઓ ભારત સરકાર સાથે જોડાયેલા હોવાના કોઈ પુરાવા આપ્યા નથી. કેનેડાની ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના જગમીત સિંહે દાવો કર્યો હતો કે ભારત સરકારે ૨૦૨૩માં સરેમાં નિજ્જરને મારવા માટે હત્યારાઓને રાખ્યા હતા. કેનેડાની ધરતી પર કેનેડિયન નાગરિકની હત્યા કરવા માટે ભારત સરકારે હત્યારાઓને ભાડે રાખ્યા હતા, જેમાંથી ત્રણની ધરપકડ કરવામાં આવી હતી. જગમીત સિંહે પોતાના એક્સ એકાઉન્ટ પર લખ્યું કે, ભારત સરકારે હત્યારાઓની મદદથી કેનેડિયન નાગરિકની કેનેડાની ધરતી પર હત્યા કરાવી, તે પણ એક પૂજા સ્થળ પર. આજે આ કેસમાં ૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. હું સ્પષ્ટ કરી દઉં કે જો કોઈ ભારતીય એજન્ટ અથવા ભારત સરકારની વ્યક્તિ આ મામલામાં સંડોવાયેલી જોવા મળે તો તેની સામે કેનેડાના કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે. કેનેડામાં લોકશાહી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા માટે હરદીપ સિંહ નિજ્જરને ન્યાય મળવો જરૂરી છે. જગમીત સિંહ કેનેડાની ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના નેતા છે. જગમીતની એનડીપી પાર્ટીનું પીએમ જસ્ટિન ટ્રુડોની પાર્ટી સાથે ગઠબંધન છે. ગયા વર્ષે જસ્ટિન ટ્રુડોએ પણ નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. આ મુદ્દે ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં તણાવ હતો. હવે કેનેડા પોલીસે નિજ્જરની હત્યાના મામલામાં ૩ લોકોની ધરપકડ કરી છે, જે બાદ મામલો ફરી ગરમાયો છે. જો કે, પોલીસે હત્યા કેસમાં એવા કોઈ પુરાવા રજૂ કર્યા નથી જે ભારત સાથેની કડી સ્થાપિત કરી શકે. કેનેડિયન પોલીસે જણાવ્યું કે ત્રણ આરોપીઓના નામ કરણપ્રીત સિંહ, કમલપ્રીત સિંહ અને કરણ બ્રાર છે. પોલીસે જણાવ્યું કે, તમામ શકમંદો ભારતીય નાગરિકો અને કેનેડાના અસ્થાયી નિવાસી હતા. પોલીસે જણાવ્યું હતું કે જે દિવસે નિજ્જરની હત્યા કરવામાં આવી હતી તે દિવસે ત્રણેય કથિત રીતે શૂટર, ડ્રાઈવર અને ડિટેક્ટીવ તરીકે અલગ-અલગ ભૂમિકા ભજવી હતી. તેના ભારત સરકાર સાથે સંબંધ છે કે કેમ તેની પણ અધિકારીઓ તપાસ કરી રહ્યા છે. જો કે, ભારત સરકારે હજુ સુધી ધરપકડ અંગે કોઈ ટિપ્પણી કરી નથી.

### બનાસકાંઠામાં યોજાયેલી જાહેરસભામાં કોંગ્રેસનાં સ્ટાર પ્રચારક પ્રિયંકા ગાંધીનો મોદી પર પલટવાર !

# તમારા મોદી તો 'શહેનશાહ' કે જેઓ ચૂંટણી ભારતમાં અને વાત કરે છે પાકિસ્તાનની

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ૭ મેના રોજ ગુજરાતમાં મતદાન થવાનું છે. એને પગલે કોંગ્રેસ અને ભાજપના નેતાઓ ઠેર-ઠેર પ્રચાર કરી રહ્યા છે. ઉમેદવારોને જિતાડવા માટે સ્ટાર પ્રચારકો સભાઓ ગજવી રહ્યા છે. ત્યારે આજે પ્રિયંકા ગાંધી ફરી એકવાર ગુજરાતમાં પ્રચાર કરવા આવ્યા હતા. બનાસકાંઠા અને પાટણ લોકસભા બેઠક પર લાખણીમાં આજે પ્રિયંકા ગાંધીએ જાહેરસભા સંબોધી હતી. આ તકે તેમણે વડાપ્રધાન મોદી અને ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધીને શેહઝાદા કહ્યા હતા એનો પણ જવાબ આપતા મોદીને શહેનશાહ કહ્યા હતા. કોંગ્રેસ ભેંસની પણ ચોરી કરી લેશેના મોદીના નિવદેનનો પણ જવાબ

## પપ વર્ષ કોંગ્રેસની સરકાર હતી, કોની ભેંસની ચોરી કરી ? પહેલાં તેઓ ખોટું બોલતા હતા, હવે તેઓ અજીબ વાતો કરે છે : પ્રિયંકા

આપીને કહ્યું હતું કે ૫૫ વર્ષ કોંગ્રેસની સરકાર હતી બતાવો, અમે કોની ભેંસ ચોરી કરી?.

તેમણે કહ્યું કે, તમે બધાએ વેક્સિન લગાવી છે ને. સર્ટીફિકેટ પણ મળ્યુ છે આ સર્ટીફિકેટમાં શહેનસાહનો ચહેરો હતો. આ વેક્સિનને એક કંપનીએ બનાવી હતી અને તે કંપની પાસે પણ ફંડ લીધુ હતું. આજે રિપોર્ટમાં સામે આવ્યું છે કે વેક્સિનના કારણે કેટલાક લોકોને હાર્ટ એટેક આવી શકે છે, એક બે વર્ષમાં કેટલાય લોકોને હાર્ટ એટેક આવ્યા છે. જે કંપનીઓમાં તેઓએ રેડ પાડી હતી તેની પાસેથી પણ ફંડ લીધુ છે અને રેડ બંધ કરી છે. કેસ કર્યા ફંડ લીધુ અને કેસ બંધ કર્યા. ગૌ માસ સપ્લાય કંપની પાસેથી પણ ફંડ લીધુ છે. આ ભષ્ટ્રાચાર જ કહેવાય ને. એક જમાનામાં ચોરી છુપીથી ભષ્ટ્રાચાર થતો હતો આજે ખુલ્લેઆમ સ્કિમ હેઠળ ભષ્ટ્રાચાર થઈ રહ્યો છે. અને કહે છે કે ખુદ ઈમાનદાર છે બાકી બધા નેતા ભષ્ટ્ર છે.

પ્રિયંકા ગાંધીએ વધુ પ્રહાર કરતા જણાવ્યું હતું કે, મોદી એક સ્કિમ લાવ્યા હતા, તે સ્કિમનું નામ હતુ ઈલેક્ટોરલ બોન્ડ. જે પણ કોઈ રાજનીતીક પાર્ટીને ફંડ આપશે તેનું નામ ગુપ્ત રાખવામાં આવશે આ સ્કિમ હતી. કોઈને ખબર ન પડવી જોઈએ કે અદાણી અને અંબાણીએ કેટલુ ફંડ આપ્યું છે. હવે આ મામલે કોઈએ કેસ કર્યો હતો. જેથી સુપ્રિમ કોર્ટમાં કેસ આવ્યો અને જજે આ કેસ જોયો તો કહ્યું કે, આ તો બહુ જ ખોટી સ્કિમ છે. રાજનીતીક પાર્ટી જનતાની સેવા કરે છે અને તેને જેઓએ ફંડ આપ્યું હોય તે જનતાને ખબર હોવી જોઈએ. મોદીજીની સરકારે સૌથી પહેલા તો કહ્યું કે લીસ્ટ અમને નથી મળતું. ઘણું મુશ્કિલ છે લીસ્ટ કાઢવું. પણ ન્યાયાધીશે ખખડાવ્યા તે બાદ લીસ્ટ આવ્યું હતુ. અને લીસ્ટમાં ઘણાના નામ આવ્યા, ગુજરાતમાં જે બ્રિજ ધરાશાયી થયો હતો તે બ્રિજ બનાનારા પાસે પણ ફંડ લીધુ હતું.

ભાજપે આજે પોતાની પાર્ટીને સૌથી ધનવાન પાર્ટી બનાવી છે, આખી દુનિયામાં સૌથી વધુ ધનવાન પાર્ટી ભાજપા બની છે. તેઓએ ૬૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો છે. પણ આ ખર્ચો તમારી સમસ્યાને હલ કરવા માટે નહીં પણ પોતાની પાર્ટીને મજબુત બનાવવા માટે. દરેક શહેરમાં તેઓએ મોટી મોટી ઓફિસ બનાવી છે અને બદનામ અમને કર્યા છે.

## સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ધનવાન પાર્ટી ભાજપ બની છે, વિકાસની વાતો પણ કોઈનો વિકાસ થયો નથી

સબકા સાથ સબકા વિકાસની વાતો કરે છે, પણ કોઈનો વિકાસ થયો છે. બસ મોટા મોટા ઈવેન્ટ કરી રહ્યા છે. આજે મીડિયામાં પણ મોદીજીએ શું પહેર્યું છે કઈ જગ્યાએ જવાના છે બસ એજ આવે છે. એક સમયે મીડિયા પીએમને અનેક સવાલો કરતી હતી અને આજે બધા ચુપ છે. કોંગ્રેસ સમયે મીડિયા PMને ૧૦ સવાલ કરતી હતી, પણ આજે ટીવીમાં ૭૦ કરોડ બેરોજગારના નહીં મોદીજીના પહેરવેશના સમાચાર આવે છે

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હમણા તેઓ ગુજરાતમાં આવ્યા હતા, ચૂંટણી ભારતમાં છે અને તેઓ વાત કરી રહ્યા છે પાકિસ્તાનની. તમને કહેવામાં આવી રહ્યું છે કે, સાવધાન રહો કોંગ્રેસ એક એક્સરેની મશીન લઈ આવી રહી છે, આ મશીનથી તમારા ઘરમાંથી મંગલસૂત્ર લઈ લેશે, તમારૂ સોનું લઈ લેશે. વડાપ્રધાન થઈને આવી વાતુ કરી રહ્યા છે. પહેલા ખોટુ જ બોલતા હતા અને હવે તો અજીબ વાતો કરી રહ્યા છે કે, તમારી બે ભેંસો છે તો એક ભેંસ કોંગ્રેસ ચોરી લેશે. ૫૫ વર્ષ સુધી કોંગ્રેસની સરકાર હતી આ દેશમાં તમે બતાવો શું ક્યારેય અમે કોઈની ભેંસની ચોરી કરી હતી, કોઈના દાગીનાની ચોરી કરી હતી શું. મોદી સરકારે સરકારી કંપનીઓને પ્રાઈવેટ બનાવવાનો પ્રયાસ કર્યો છે. આ તમામ કામ જે તેઓ કરી રહ્યા છે તે બધુ ખરબપતિઓ માટે છે, જ્યારે દેશના જે ગરીબો છે તેઓને બસ પાંચ કિલો રાશન આપી દે છે અને મોટી મોટી વાતો કરે છે. કોઈ રોજગાર આપવાની વાત નહીં, અમને કહે છે કે, ૭૦ વર્ષમાં કોંગ્રેસે શું બનાવ્યું? હું તમને પુછું છું કે તેઓએ ૧૦ વર્ષમાં શું બનાવ્યું?

એક જમાનામાં ખેતીમાંથી પણ રોજગારી મળતી હતી, પણ આજે ખેડૂતને જ કમાણી નથી થતી તો તેઓ મજૂરોને નથી રાખી શકતા એટલે ખેતીમાંથી પણ રોજગારી ઘટી રહી છે. આજે ૭૦ કરોડ લોકો બેરોજગાર છે આપણા દેશમાં તમે તમારા બાળકને ફી ભરીને ભણાવો છો, જે બાદ તેઓ નોકરી માટે પરીક્ષા આપવા જાય છે ત્યારે પેપર ફુટી જાય છે, એક બાદ એક પેપર લીંક થઈ રહ્યા છે, યુવાઓને નોકરીઓ નથી મળતી. ૧૦ વર્ષમાં ૧૪થી વધુ પેપર લીંક થયા છે. કેન્દ્ર સરકારમાં ૩૦ લાખ પદ ખાલી છે, પણ તે પદને ભરવામાં નથી આવતા. તેમ જણાવતા તેમણે કહ્યું કે, ખેતીના તમામ સામાન પર આજે જીએસટી લગાવવમાં આવ્યું છે, પણ અમારી સરકાર બનશે તો ખેતીના સામાન પરથી જીએસટીને હટાવીશું. જે પરિવારની સૌથી મોટી મહિલા છે તેને ૮ હજાર રૂપિયા દર મહિને આપવામાં આવશે. જેટલી પણ સરકારી નોકરી છે તેમાં ૫૦ ટકા મહિલાઓને નોકરી મળશે.

અમૂલ, બનાસડેરી આ કોંગ્રેસના જમાનામાં શરૂ થઈ છે, અને આજે ભાજપના નેતા આના પર કબજો જમાવવાની કોશીષ કરે છે, ત્યા મોદી સરકારે જેઓએ મહિલાઓનું અપમાન કર્યું છે અત્યાચાર કર્યા છે તેઓનો સાથ આપ્યો છે. ઓલિમ્પિકમાં મહિલાઓ મેડલ લઈને આવી ત્યારે મોદીજીએ તેઓની સાથે ફોટા પાડ્યાં પણ જ્યારે તે મહિલાઓ સાથે અત્યાચાર થયા અને તેઓ રોડ પર ઉતરી ત્યારે તેઓની મદદ કરી ન હતી.

અહિં રાજપૂત સમાજની મહિલાઓનું કેવું અપમાન થયું છે, પણ મોદીજીએ શું તેને હટાવ્યાં? તમારી માંગ ખાલી તે ઉમેદવારને હટાવવાની હતી, પણ તેને ન હટાવ્યાં. હું વચન આપું છું કે જો અમારી સરકાર બની તો દેશભરમાં અમે તમારી વાતને રજૂ કરશું અને આ પ્રકારનું અપમાન અમે નહીં થવા દઈએ અને એક બાજુ તમારા શહેનશાહ નરેન્દ્ર મોદી. જેઓ મહેલોમાં રહે છે. તેનો ચહેરો જોયો છે એક ડાગ નથી ચહેરા પર. તેઓ કિલોમીટર સુધી પદયાત્રા કરી છે, કન્યાકુમારીથી કાશ્મિર સુધી લોકોની સમસ્યાઓને સાંભળવા માટે પદયાત્રા કરી છે. ખેડૂતો આંદોલન કરે છે, પણ તેમ છતાં પ્રધાનમંત્રી તેઓની પાસે જતા નથી. જ્યારે ચૂંટણી આવે છે અને ખેડૂતો આંદોલન કરે છે, ત્યારે તેઓ કાનૂન બદલી નાખે છે

આજના જે વડાપ્રધાન છે તેને ગુજરાતની જનતાએ બધુ આપ્યું પણ તેઓ મોટા ઉદ્યોગપતિઓ અને બીજા દેશના વડાપ્રધાન સાથે જોવા મળે છે, પણ ક્યારેય ગરીબોના ઘરે કે ખેડૂતોના ઘરે જતા હોય તેમ જોયું છે? પહેલાના વડાપ્રધાન ગામડામાં આવતા હતા અને ઘરોમાં પણ આવતા હતા. ત્યારે જો કોઈ વિકાસના કામો થયા ન હોય તો જનતા સવાલો કરતી હતી. આ રાજનિતિ હતી એક જમાનામાં. તેઓ સંવિધાનને બદલવા માગે છે

## જ્યાં મહિલાઓનું અપમાન થયું ત્યાં અપમાન કરનારાને તેઓએ સાથ આપ્યો છે : પ્રિયંકા

છે. મોદીજી ગુજરાત છોડી વારાણસીથી જ કેમ લડે છે ચૂંટણી? ગુજરાતમાં કેમ ચૂંટણી નથી લડતા. તમારા સમર્થનથી જ તેઓને સન્માન મળ્યું તેઓ વડાપ્રધાન બન્યા હતા. પણ હવે તેઓ તમને ભૂલી ગયા છે. તેમ જણાવતા વધુ પ્રહાર કરતા તેમણે ઉમેર્યુ કે, જ્યા જ્યા મહિલાઓનું અપમાન થયું કેમ સમજી શકશે તમારી સમસ્યાઓને. આજે તમામ જગ્યાએ મોંઘવારી છે, તેલ, સબજી, પેટ્રોલ-ડિઝલ તમામ જગ્યાએ મોંઘવારી છે. ખેતીના તમામ સામાન પર જીએસટી છે.

તેઓ મારા ભાઈને શેહજાદા કહે છે, હુ તેઓને કહેવા માગું છું કે, આ જ શેહજાદા ૪ હજાર તેનો મતલબ છે કે, તમને જેટલા અધિકાર આપવામાં આવ્યાં છે તેને કમજોર કરવા માગે છે, વડાપ્રધાને ૧૦ વર્ષમાં જો કોઈ કામ કર્યું હોય તો તે એ કામ છે કે તેઓએ જનતાના અધિકારને કમજોર કર્યું છે. ભાજપના નેતાએ કહ્યું હતું કે, જો ભાજપ ફરી જીતશે તો સંવિધાન બદલી નાખીશું.



### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બોડેલી, વાંસદામાં જાહેર સભામાં કોંગ્રેસ પર કર્યા પ્રહાર

# કોંગ્રેસ એક નંબરની આદિવાસી વિરોધી પાર્ટી છે, જ્યાં સુધી ભાજપ છે કોઈ અનામતને હાથ ન લગાવી શકે

### ઈન્ડિયા ગઠબંધનમાં વડાપ્રધાન ૧-૧ વર્ષ બનવાની વાત, તો કંઈ આ કરિયાણાની દુકાન છે ? : શાહ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૪

લોકસભાની ચૂંટણીના મતદાનને હવે માત્ર ત્રણ દિવસની જ વાર છે. ત્યારે રાજયમાં બરાબરનો ચૂંટણી માહોલ જામ્યો છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતના પ્રવાસે છે. તેમણે બોડેલી તથા વાંસદામાં જનમેદનનીને સંબોધન કર્યું હતું. એમાં તેમણે INDIA ગઠબંધનન અને રાહુલ ગાંધી પર આકરા પ્રહાર કર્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રીએ કોંગ્રેસ પાર્ટીને આદિવાસી વિરોધી પાર્ટી ગણાવી હતી. જ્યારે અમિત શાહે બોડેલીથી કહ્યું- 'જ્યાં સુધી ભાજપ છે ત્યાં સુધી કોઈ અનામતને હાથ લગાવી નહીં શકે'.



તેમણે જણાવ્યું હતુ કે કોંગ્રેસ પાર્ટી આદિવાસી વિરોધી પાર્ટી છે. ૧૯૯૮ સુધી દેશમાં આદિવાસી કલ્યાણ મંત્રાલય નહોતું. અલટ બિહારી વાજપેયી પ્રધાનમંત્રી બન્યા તો આદિવાસી કલ્યાણ મંત્રાલય બનાવ્યું. એમને વડાપ્રધાન કોને બનાવવા એજ નક્કી નથી, પણ આપણે તો ડંકાની ચોટ પર નક્કી જ છે નરેન્દ્રભાઇ વડાપ્રધાન બનશે. ન કરે નારાયણ અને જો એ લોકો જીતે તો કંઇ પણ ન કરી શકે. આ લોકો પાસે નેતા પણ નથી અને સત્ય પણ નથી. મોદી સાહેબે ચંદ્રયાન લોન્ચ કરીને ચંદ્ર પર ઉતાર્યું અને સોનિયા બેને રાહુલયાન ૨૦-૨૦ વાર લોન્ચ કર્યું પણ બધે ફેલ ગયું. ૭૦-૭૦ વર્ષ સુધી કોંગ્રેસ પાર્ટીએ અયોધ્યામાં રામ મંદિરને લટકતુ રાખ્યું. તમે ૨૬ સીટો આપી તો ૫ જ વર્ષમાં કેસ જીત્યો, મંદિર બનાવ્યું અને પ્રાણપ્રતિષ્ઠા પણ કરી. જેમાં તેઓ એમની પેલી વોટ બેંકથી ડરે છે એટલે ન આવ્યા હવે રાહુલબાબા એમ રહે છે કે ભાજપને ૪૦૦ મળશે તો અનામત જતી રહેશે. રાહુલબાબા તમારમાં અક્કલ નથી પણ વલસાડવાળાઓમાં છે. ૨૦૧૪ અને ૨૦૧૯માં મોદી સાહેબ પાસે બંધારણ બદલવાની સત્તા હતી પણ નરેન્દ્રભાઇએ ક્યારેય અનામતને હાથ નથી અડાડ્યો. હું તમને મોદીની ગેરન્ટી આપું છે કે જ્યાં સુધી ભાજપ છે ત્યાં સુધી આ કોંગ્રેસને અમે અનામત નહીં હટાવવા દઇએ. રાહુલ બાબા જુઠ્ઠાણા ફેલાવવાનું બંધ કરો. કોરોનાની વેક્સિન આપીને નરેન્દ્રભાઇએ લોકોના જીવ બચાવ્યા ત્યારે રાહુલબાબા કહેતા હતા કે રસી ન લેતા. એ ભાઇ-બેન બંને રાતના અંધારામાં જઇને રસી મુકાવી આવ્યા. એમની અફવાઓના કારણે ઘણા લોકોએ રસી ન લીધી અને જીવ ખોયો. આ લોકો આદિવાસીઓના જીવ લેવા માંગે છે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ પાર્ટી નકસલવાદ પેદા કરવા માગે છે, પણ આપણે થવા દેવાનું નથી. ધવલ સામે કોંગ્રેસે કોને ઉમેદવાર મૂક્યો ? એમનો ઉમેદવાર કેટલાય વખતથી કોંગ્રેસમાં છે, કોઇ અન્યને મોકો કોંગ્રેસને ન આપ્યો. બોડેલીમાં સભા સંબોધતા અમિત શાહે કોંગ્રેસ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી રાહુલ બાબાના નેતૃત્વમાં ચૂંટણી લડે છે, અમેઠી છોડીને રાય બરેલી ગયા. રાહુલ બાબા પ્રોબ્લેમ સીટમાં નથી, પ્રોબ્લેમ તમારામાં છે. રાય બરેલીમાં પણ તમે પ્રચંડ બહુમતીથી હારવાના છો તમે ગમે ત્યાં ભાગો જનતા તમને શોધે છે. બાબા સાહેબ આંબેડકર બંધારણમાં લખીને ગયા હતા, આદિવાસીઓની જેટલી વસ્તી હોય તે પ્રમાણે બજેટમાં હિસ્સેદારી આપવી. ભારતનું બંધારણ આવ્યા પછી નરેન્દ્ર મોદીએ ગુજરાતના બજેટમાં ૧૪% આદિવાસી વસ્તીને સમર્પીત કર્યા. કોંગ્રેસ એક નંબરની આદિવાસી વિરોધી પાર્ટી છે.

# લોકતંત્રને બચાવો, દેશને બચાવો, સંવિધાન ખતરામાં છે : પંજાબના મુખ્યમંત્રીના ભાજપ પર પ્રહારો

### ભાજપનો ચારસો પારનો નારો બદલાઈ ગયો અને મંગળસૂત્ર પર આવી ગયો કબ્રસ્તાન અને સ્મશાનની વાતો કરે છે

વાગરા,તા.૪

લોકસભાની ચૂંટણીને આડે માત્ર ગણતરીના કલાકો જ બાકી રહયા છે.તેવા ટાણે વિવિધ રાજકીય પક્ષો છેલ્લી ઘડીનો ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. જેને પગલે પંથકમાં રાજકીય ચહલ-પહલ તેજ બની જવા પામી છે. ભરૂચ લોકસભા બેઠક પર ઈન્ડિયા ગઠબંધન તરફથી ઉમેદવારી કરનાર ચૈતર વસાવાના સમર્થનમાં વાગરા નગરમાં રોડ શો યોજ્યો હતો. જેમા પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ખાસ ઉપસ્થિત રહ્યા હતા.જેમણે ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. ભગવંત માનએ રોડ શોમાં બોલતા જણાવ્યુ હતું કે આખા ભારતની નજર ભરૂચની સીટ પર છે. સુરતની સીટને લઈને તંજ કસતા કહ્યું કે એમને જબરજસ્તી જીતવાની આદત થઈ ગઈ છે. લોક તંત્રને બચાવો, દેશને બચાવો, સંવિધાન ખતરામાં છે. પ્રથમ બે રાઉન્ડમાં એમની હવા નીકળી ગઈ છે. ભાજપનો ચારસો પારનો નારો બદલાઈ ગયો અને મંગળ સૂત્ર પર આવી ગયો છે. વિકાસ કરતા નથી, રોજગારી આપતા નથી અને સ્મશાન અને કબ્રસ્તાનની વાત કરે છે. અમે નફરતની રાજનીતિ નથી કરતા. અરવિંદ કેજરીવાલને અંદર એટલે કર્યા છે કે એ ભાજપાના સુપડાં સાફ કરી નાંખશે. અમે દિલ્હીમાં અને પંજાબમાં ભાજપને સાફ કર્યું છે. ભાજપએ ભારતીય જુમલા પાર્ટી છે. ઉપસ્થિત લોકોને તેમણે પુછ્યુ કે પંદર લાખ ખાતામાં આવી ગયા,મારા ખાતામાં પણ નથી આવ્યા. આમ આદમી પાર્ટી કામની રાજનીતિ કરે છે, નામની નહિ. દિલ્હીમાં અને પંજાબમાં વીજળી મફત મળે છે. મશીનમાં ચૈતર વસાવા એક નંબર પર છે અને આવશે પણ એક નંબર.

રોડ શો દરમીયાન ચૈતર વસાવાએ ચૂંટણીના દિવસે વધુમાં વધુ મતદાન કરવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે કોંગ્રેસના જિલ્લા પ્રમુખ રાજેન્દ્રસિંહ રણા,પરિમલસિંહ રણા, મહંમદ અલી પટેલ, સુલેમાનભાઈ જોલવા, સંદીપ માંગરોલા, આપના ગોપાલ ઈટાલીયા, શેરખાન પઠાણ, જાબીર પટેલ, સુરેશભાઈ પરમાર સહિતના આગેવાનો અને આસપાસ ના ગામના કાર્યકરો રોડ શોમાં ઉપસ્થિત રહ્યા હતા.






### ડીસા નજીક કહેવાતા ગૌરક્ષકોનો આતંક

# પશુઓને ગૌશાળા લઈ જતી ટ્રકોને અટકાવી ગૌરક્ષકોનો એસઆરપીના જવાનો પર હુમલો

### એસઆરપી જવાનો સાથે જીભાજોડી કરી, ગણવેશ ફાડી હુમલો કરતા ચકચાર : ત્રણ ગૌરક્ષકોની અટકાયત

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૪

રાજ્યમાં સમયાંતરે ગૌરક્ષકો પશુધનની હેરાફેરી બાબતે પોતાના લખણ ઝળકાવતા રહે છે. જીવદયાના નામે ગૌરક્ષો હાઈવે પર સવાયા પોલીસની ભૂમિકા ભજવી વાહનચાલકો પર પોતાનો રોફ જમાવે છે. હાઈવે પરથી પસાર થતા વાહનોમાં ઢોર લઈ જતા પશુમાલિક કે અન્યને કોઈપણ જાતની પૃચ્છા કર્યા વિના આ કહેવાતા ગૌરક્ષકો હાથમાં કાયદો લઈ વાહનોના કલીનર, ચાલક કે મજૂરને ઢોરમાર મારી લોહીલુહાણ કરી નાખે છે. કેટલીક વખત તો મોતને ઘાટ ઉતારી નાંખે છે. જેમાં હાઈકોર્ટના હુકમના આધારે ગૌશાળાએ લઈ જતા પશુ ભરેલ ગાડીઓનું રક્ષણ કરતા એસઆરપી જવાનો પર ડીસા નજીક ગૌરક્ષકોએ હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે.

રખડતાં પશુઓના ત્રાસને લઈ આ પશુઓને પકડી ગુજરાતની અલગ અલગ ગૌશાળાઓને સોંપવામાં આવી રહ્યાં છે. ત્યારે આ પશુઓ સહીસલામત પહોંચે એ માટે ગુજરાત હાઈકોર્ટે પશુઓને પકડવાની કામગીરી દરમિયાન તેમજ ગૌશાળામાં પહોંચાડતી વખતે સુરક્ષા પૂરી પાડવા માટે એસઆરપી જવાનોને રક્ષણ માટે હુકમ કર્યો હતો. એના આધારે અમદાવાદ શહેરમાંથી અલગ અલગ વિસ્તારમાંથી પકડેલાં ૩૧ પશુને ૪ ટ્રક મારફત ડીસાના જૂનાડીસા પાસે આવેલી રાધેક્રિષ્ના ગૌશાળા ખાતે પહોંચાડવામાં આવી રહ્યાં હતા.તે દરમ્યાન જૂનાડીસા ફાટક પાસે આ પશુઓ ભરેલી ટ્રક સુરક્ષાકર્મીઓ સાથે પસાર થઈ રહી હતી. એ સમયે સની દશરથ પ્રજાપતિ, અનિલસિંહ રાજપૂત અને અશોક ભાટી સહિત ત્રણ શખ્સો પશુઓ ભરેલી ટ્રકોને રોકાવી એસઆરપી જવાનો સાથે બબાલ કરી હતી તેમજ તેઓ જીવદયાપ્રેમીઓ હોવાનું કહી આ પશુઓ કતલખાને લઈ જઈ રહ્યા હોવાનું કહી હંગામો મચાવ્યો હતો અને એસઆરપી જવાનોનો ગણવેશ ફાડી ઝપાઝપી કરી સુરક્ષા કરી રહેલા એસઆરપી ગ્રુપના રવીન્દ્રસિંહ ભમરસિંહ ચાવડા, ફાલ્ગુનભાઈ ગોળ અને પૂનમભાઈ ગોકળભાઈ મોદીએ તેમને ખૂબ જ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, તેમ છતાં પણ આ ત્રણેય શખસે સુરક્ષા કર્મીઓ સાથે બોલાચાલી કરી તેમનો ગણવેશ ફાડી ઝપાઝપી કરી ગાળો ભાંડી હુમલો કર્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ ડીસા તાલુકા પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોંચી હતી અને હુમલો કરનારા ત્રણેય શખ્સની અટકાયત કરી તેમની સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

**અખબારી કાગળના ભાવમાં સતત અસહ્ય વધારો**

| તારીખ | | કિલોગ્રામ દીઠ ભાવ |
|---|---|---|
| ૫ એપ્રિલ-૨૦૧૨ | રૂ. | ૨૬.૦૦ |
| ૧૬ ડિસેમ્બર-૨૦૧૨ | રૂ. | ૨૬.૦૦ |
| ૧૫ માર્ચ-૨૦૧૩ | રૂ. | ૨૫.૦૦ |
| ૨૪ માર્ચ-૨૦૧૩ | રૂ. | ૨૫.૦૦ |
| ૧૦ જૂન-૨૦૨૧૩ | રૂ. | ૨૬.૫૦ |
| ૧૦ ઓગસ્ટ-૨૦૧૩ | રૂ. | ૨૮.૦૦ |
| ૧૯ ઓક્ટોમ્બર-૨૦૧૩ | રૂ. | ૨૮.૭૫ |
| ૨૫ માર્ચ-૨૦૧૪ | રૂ. | ૩૧.૦૦ |
| ૧૦ માર્ચ ૨૦૨૦ | રૂ. | ૩૪.૨૫ |
| ૧૬ એપ્રિલ૨૦૨૧ | રૂ. | ૪૯.૫૦ |
| ૩૦ માર્ચ ૨૦૨૨ | રૂ. | ૭૦.૦૦ |
| ૫ એપ્રિલ ૨૦૨૨ | રૂ. | ૭૨.૦૦ |
| ૩૦ ડિસેમ્બર-૨૦૨૩ | રૂ. | ૫૨.૦૦ |
| ૨૮ એપ્રિલ-૨૦૨૪ | રૂ. | ૫૨.૦૦ |
| ૦૫ મે-૨૦૨૪ | રૂ. | ૫૨.૦૦ |


હાર્દિક અભિનંદન

માશા અલ્લાહ... માશા અલ્લાહ... માશા અલ્લાહ...



હઝરત મૌલાના હબીબ અહમદ પઠાણ સાહબ

ઇસા ફાઉન્ડેશન એજ્યુકેશન ઇન્ડિયા પબ્લિક ટ્રસ્ટ, મોહતમીમ જામીઆ ફૈઝાનુલ કુર્આનના સર્વે સર્વા મોહતરમ મૌલાના હબીબ અહમદ પઠાણ સાહેબ ની જામેઅહ હુસૈનિયહ એજ્યુકેશન એન્ડ મેડીકલ ટ્રસ્ટ, રાંદેરની શાખ (Branch) જામેઅહ દારૂલ કુર્આન તથા ક્રિએટીવ ઇંગ્લિશ સ્કુલ સરખેજ અહમદાબાદના વહીવટી સભ્ય તરીકે નિમણુંક થવા બદલ ખુબ ખુબ અભિનંદન... માશા અલ્લાહ...

શુભેચ્છક : જહાંગીરખાન એમ. પઠાણ તે હોટલ રોયલ હાઇનેસ વાળા

ઠે. હાઇનેસ હોટલ પ્રા.લિ. C/o. હોટલ રોયલ હાઇનેસ, જુની રૂપાલી સિનેમાની બાજુમાં, સીદી સૈયદની જાળીવાળી મસ્જીદની પાછળ, લાલ દરવાજા, અમદાવાદ. મો.: 9726124412




● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS

ગુજરાત ટુડે
તા.૫-૫-૨૦૨૪
રવિવાર
મેઘધનુષ

# અમદાવાદ અને ગાંધીનગરમાં છે રાષ્ટ્રીય સ્તરની એકથી એક ચડિયાતી યુનિવર્સિટીઓ, ખોલો ઉજ્જવળ કારકિર્દીના દ્વાર

લેખાંક -૧

મિત્રો હવે ટૂંક સમયમાં જ ધોરણ-૧૨ના પરિણામો આવશે અને શાળાકીય શિક્ષણ પૂર્ણ કરીને કારકિર્દીનો સૌથી મહત્ત્વનો અને ગંભીર વળાંક એટલે કે કોલેજનું શિક્ષણ શરૂ થશે ત્યારે દરેક વિદ્યાર્થીઓ એક આશા અને અરમાનો સાથે પોતાના રસના વિષયમાં આગળ અભ્યાસ કરતા હોય છે. ઉચ્ચ કારકિર્દી બનાવીને નામ અને દામ બનાવે તેવા સપના જોતા હોય છે. ઘણા વિદ્યાર્થીઓ ગુજરાત બહાર કે પછી દેશ બહાર અભ્યાસ કરીને ત્યાં સેટલ થવા માટે ઈચ્છતા હોય છે. મુખ્ય ધ્યેય એવો હોય છે કે સારું શિક્ષણ મળે અને પછી વિદેશમાં સેટલ થઈને સારી લાઈફ સ્ટાઈલ જીવી શકાય. પરંતુ મિત્રો જો હું તમને ગુજરાતમાં જ અને ખાસ કરીને અમદાવાદ અને ગાંધીનગર ખાતે આવેલી એવી ખ્યાતનામ સંસ્થાઓના પરિચય કરાવું કે જ્યાં પ્રવેશ મેળવવો તે જ એક ગર્વની વાત છે, બીજું કે ગુજરાત બહારના લોકો અહિં પ્રવેશ મેળવવા માટે પુષ્કળ મહેનત કરતા હોય છે અને અહિં અભ્યાસ કર્યા પછી વિદેશ સેટલ થવાના પણ ચાન્સીસ વધી જાય છે.

મિત્રો બીજી અગત્યની વાત જણાવું કે, પાછલા દસથી પંદર વર્ષમાં અત્રે એવી એવી સંસ્થાઓ બની છે કે દરેક પ્રકારના શિક્ષણ એટલે કે સ્પોર્ટસથી લઈને સ્પેસ સુધીના તમે મેળવી શકો છો. વિશાળ કેમ્પસ, સારામાં સારી હોસ્ટેલ વ્યવસ્થા, ફુડ, સમૃદ્ધ લાઈબ્રેરી અને માળખાકીય સુવિધાયુક્ત આ સંસ્થાઓ એવી છે કે ઘણા વિદ્યાર્થીઓને તો ઘરની પણ યાદ નથી આવતી અને એક ધ્યેય લઈને અહિ અભ્યાસમાં પ્રવૃત્ત થઈ જાય છે. તો ચાલો આજે તમને અમદાવાદ અને ગાંધીનગરમાં આવેલી પ્રિમિયમ શૈક્ષણિક સંસ્થાઓનો પરિચય કરાવું. મિત્રો ખાસ ધ્યાન રાખજો કે આવી સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે ધ્યેય રાખવો અને જો ના મળે તો જ બીજી સંસ્થા તરફ જોવું. કારણ કે અહિની કેટલીક સંસ્થાઓમાં પ્રવેશ મળે એટલે સમજી લો બેડો પાર થઈ ગયો. ચાલો વધુ વિગતો લેખના આગામી ભાગમાં જાણીએ.

**ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ-અમદાવાદ (આઈઆઈએમ-એ)**

આઈઆઈએમ-એ આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ મેનેજમેન્ટ સંસ્થા છે. એટલે કે જો તમે મેનેજમેન્ટ ક્ષેત્રે ટોચની કારકિર્દી બનાવવા માગતા હોવ તો આના જેવી ઉત્તમ સંસ્થા ગુજરાતમાં ક્યાંય નથી. અરે દેશમાં ટોચની મેનેજમેન્ટ સ્કૂલ તરીકે પ્રખ્યાત છે. તેના પાસ આઉટ સ્ટુડન્ટસ આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં ટોચના હોદ્દા ઉપર હોય છે. એટલું જ નહિ વિદેશમાં સ્થાયી થઈને ખૂબ નામ અને દામ મેળવે છે. અહિં અલગ-અલગ પ્રકારના મેનેજમેન્ટના કોર્ષ થાય છે. આથી જો તમે મેનેજમેન્ટમાં કારકિર્દી બનાવવા માંગતા હોવ તો અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી આ સંસ્થાની મુલાકાત લઈ લેવી.

દેશમાં ટોપના મેનેજમેન્ટ પ્રોફેશનલ્સ અને તે ક્ષેત્રમાં સંશોધનો કરવા માટે ભારતમાં સૌ પ્રથમ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ કોલકતા ખાતે વર્ષ ૧૯૬૦માં શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૯૬૧માં અમદાવાદ અને પછીના વર્ષોમાં બેંગ્લોર, લખનૌ, કોઝીકોડ અને ઈંદોર ખાતે આ સંસ્થાઓ શરૂ કરવામાં આવી હતી. હાલમાં દેશના કુલ અનેક શહેરોમાં આઈઆઈએમ છે. દેશના ટોચની કોર્પોરેટ અને આંતરરાષ્ટ્રીય કંપનીના મેનેજરો, સીઈઓ, પ્રેસિડેન્ટ કક્ષાના યુવાનો અને યુવતી આઈઆઈએમમાંથી અભ્યાસ કરેલા હોય છે. માત્ર દેશ જ નહિ પરંતુ આતરાષ્ટ્રીય દૃષ્ટિઓ પણ તેઓની જબરજસ્ત ડિમાન્ડ હોય છે. દેશની કોઈપણ આઈઆઈએમ સ્વાયત્ત સંસ્થાઓ છે અને સરકારનો ચંચુપાત હોતો નથી. વિશ્વના શ્રેષ્ઠ નિષ્ણાતો દ્વારા અહિં અભ્યાસ કરાવવામાં આવે.

જો અમદાવાદના આઈઆઈએમની વાત કરીએ તો તેની સ્થાપના અંતરિક્ષ વિજ્ઞાની ડો. વિક્રમ સારાભાઈ અને ઉદ્યોગપતિ કસ્તુરભાઈ લાલભાઈના પ્રયાસોના કારણે કરવામાં આવી હતી. હાલ વસ્ત્રાપુર ખાતે તેના બે કેમ્પસ આવેલા છે. મહાનુભાવોમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન, જાણિતા ક્રિકેટ કોમેન્ટેટર હર્ષ ભોગલે, જાણિતા લેખક કે જેમના પુસ્તકો પરથી ' ટુ સ્ટેટ્સ' જેવી ફિલ્મો બની હતી તેવા ચેતન ભગત, દેશના પૂર્વ મુખ્ય આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણિયન સહિતના ચહેરાઓનો સમાવેશ થાય છે. અહિં સ્નાતકોત્તર કે જેને માસ્ટર ડિગ્રી કહેવાય છે તેવા, ડોક્ટરેટના અને એક્ઝીક્યુટીવ કક્ષાના અનેક અભ્યાસક્રમો ભણાવવામાં આવે છે. રાષ્ટીય સ્તરે પ્રવેશ પરીક્ષા આપવી પડે છે જેનું નામ છે Common Admission Test (CAT).



> **મિત્રો જો હું તમને ગુજરાતમાં જ અને ખાસ કરીને અમદાવાદ અને ગાંધીનગર ખાતે આવેલી એવી ખ્યાતનામ સંસ્થાઓના પરિચય કરાવું કે જ્યાં પ્રવેશ મેળવવો તે જ એક ગર્વની વાત છે, બીજું કે ગુજરાત બહારના લોકો અહીં પ્રવેશ મેળવવા માટે પુષ્કળ મહેનત કરતા હોય છે અને અહીં અભ્યાસ કર્યા પછી વિદેશ સેટલ થવાના પણ ચાન્સીસ વધી જાય છે. પાછલા દસથી પંદર વર્ષમાં અત્રે એવી એવી સંસ્થાઓ બની છે કે દરેક પ્રકારના શિક્ષણ એટલે કે સ્પોર્ટસથી લઇને સ્પેસ સુધીના તમે મેળવી શકો છો. વિશાળ કેમ્પસ, સારામાં સારી હોસ્ટેલ વ્યવસ્થા, ફૂડ, સમૃદ્ધ લાઇબ્રેરી અને માળખાકીય સુવિધાયુક્ત આ સંસ્થાઓ એવી છે કે ઘણા વિદ્યાર્થીઓને તો ઘરની પણ યાદ નથી આવતી અને એક ધ્યેય લઇને અહીં અભ્યાસમાં પ્રવૃત્ત થઇ જાય છે.**

**નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન (NID)**

અમદાવાદમાં પાલડી વિસ્તારમાં ટાગોર હોલની સામે આવેલી સંસ્થા નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડિઝાઈન એટલે કે એનઆઈડી વિશ્વની ટોચની ડિઝાઈન વિશે જ્ઞાન આપતી શૈક્ષણિક સંસ્થાઓ પૈકી એક છે અને તેમાં પ્રવેશ મેળવવો તે ગર્વ અને ગૌરવની વાત છે. તેની સ્થાપના ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૬૧માં કરવામાં આવી હતી. અહિં બેચલર ઓફ ડિઝાઈન, માસ્ટર ઓફ ડિઝાઈન સહિતના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. આ ઉપરાંત લાંબા ગાળાના અને ટૂંકાગાળાના અનેક કોર્ષ

**હેલ્લો સ્ટુડન્ટ્સ**

**- સાહેબ સોની**

ચલાવવામાં આવે છે. જેમાં અભ્યાસ કરનાર વિશ્વના ટોચના ડિઝાઈન પ્રોફેશનલ્સ તૈયાર થાય છે.

કોઈપણ જાતની રચનાત્મક ડિઝાઈન પછી તે કોઈ વસ્તુની હોય, ફર્નિચરની હોય તેની પાછળ એનઆઈડીમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓનું ભેજુ હોઈ શકે છે. અલગ-અલગ ૨૦ પ્રકારની ડિઝાઈનના વિષયો ઉપર અહિં શિક્ષણ આપવામાં આવે છે. જેમાં કાપડ અને પોશાકની ડિઝાઈન, એનિમેશન ડિઝાઈન, ફિલ્મ અને વિડીયો કોમ્યુનિકેશન, સીરામીક અને ગ્લાસ ડિઝાઈન, ફર્નિચર અને ઈન્ટીરીયર ડિઝાઈન, ગ્રાફિક ડિઝાઈન, ડીજીટલ ગેમ ડિઝાઈન, ઈન્ફોર્મેશન ડિઝાઈન અને પ્રોડક્ટ ડિઝાઈનનો સમાવેશ થાય છે.

ઉદાહરણ આપું કે કોઈ મોટી સંસ્થાની બિલ્ડીંગનું ઈન્ટીરીયર ડિઝાઈન કે કોઈ પ્રખ્યાત કંપનીનો લોગો કે જે ચોક્કસ સંદેશ આપતો હોય અથવા તો આપણા ચલણી સિક્કાઓ અને નોટોની ડિઝાઈન પાછળ એનઆઈડીના વિદ્યાર્થીઓનું ભેજું હોય છે. લોકોનું જીવન ધોરણ સરળ બને, સ્ટાઈલીશ લાગે અને સાંપ્રત સમયમાં ઉપયોગી હોય તેવી દરેક ક્ષેત્રની ડિઝાઈનોનું જ્ઞાન એનઆઈડી ખાતે આપવામાં આવે છે. અહિં ભણેલા વિદ્યાર્થીઓને તોતીંગ પગારની નોકરી મળે છે અને ઘણાં તો સીધો જ વ્યવસાય ચાલું કરીને લાખો-કરોડો રૂપિયાની કમાણી કરતા હોય છે. ગુજરાતમાં અમદાવાદ ઉપરાંત ગાંધીનગર ખાતે તેનું કેમ્પસ છે. આ ઉપરાંત કર્ણાટકમાં બેંગ્લોર, આંધ્ર પ્રદેશમાં વિજયવાડા અને હરિણામાં કુરુક્ષેત્ર ખાતે એનાઈડી છે. અહિ પ્રવેશ મેળવવા માટે રાષ્ટ્રીય સ્તરે પ્રવેશ પરીક્ષા યોજવામાં આવે છે તેનું નામ છે ડિઝાઈન એપ્ટીટ્યુટ ટેસ્ટ (ડેટ) આપવાની રહે છે અને મેરીટના આધારે પ્રવેશ મળે છે.

**સેપ્ટ યુનિવર્સિટી (સેપ્ટ)**

સેપ્ટ યુનિવર્સિટી પહેલા Center For Environment and Planning તરીકે ઓળખાતી હતી અને અમદાવાદમાં ગુજરાત યુનિટવર્સિટી નજીક તેનું કેમ્પસ આવેલું છે. અહિં તમને આર્કિટેક્ચર અને બિલ્ડીંગ ડિઝાઈનના ઉત્તમમાં ઉત્તમ અભ્યાસક્રમો ભણાવવામાં આવે છે અને અહિં એડમિશન મળી ગયું એટલે સમજો કે તમે ટોચના આર્કીટેક્ટસમાં ગણના પામશો. અહિં તમને માનવ વસાહતો અને જાહેર સ્થળોનું બાંધકામ, આયોજન, ડિઝાઈન અને મેનેજમેન્ટ શીખવવામાં આવે છે. આ ઉપરાંત જાહેર રસ્તાઓ, બિલ્ડીંગ, તેની અંદરની સુવિધાઓ બાબતના સંશોધન અને પ્રોજેક્ટસ હાથ ઉપર લેવામાં આવે છે. સેપ્ટ દ્વારા બાંધકામ ક્ષેત્રમાં સલાહ પણ આપવામાં આવે છે.

સેપ્ટમાં કુલ પાંચ ફેકલ્ટીઝ છે. સ્કૂલ ઓફ આર્કીટેક્ચરની સ્થાપના ૧૯૬૨માં કરવામાં આવી હતી તેમાં ખાનગી ક્ષેત્રની ઈમારતો બાબતે શિક્ષણ અપાય છે. ફેકલ્ટી ઓફ પ્લાનીંગની સ્થાપના ૧૯૭૨માં કરાઈ હતી અને તેમાં જાહેર ક્ષેત્ર વિશે શિક્ષણ અપાય છે. ફેકલ્ટી ઓફ ટેકનોલોજીમાં ઈજનેરી અને બાંધકામ કૌશલ્ય બાબતે અભ્યાસ કરવામાં આવે છે, ફેકલ્ટી ઓફ ડિઝાઈનમાં ઈન્ટીરીયર ડિઝાઈન વિશે કૌશલ્ય પ્રાપ્ત કરાવે છે જ્યારે આખરે ૨૦૧૩માં શરૂ થયેલી ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટમાં વસાહતો અને પ્રોડેક્ટનું મેનેજમેન્ટ કરવાની બાબતોનું શિક્ષણ આપે છે. આર્કિટેક્ચર અને ઈન્ટિરીયર ડિઝાઈનનો વ્યવસાય એવો છે કે ક્યારે બંધ થવાનો નહિ અને તમે નોકરી કરે કે વ્યવસાય તમને કરોડોની કમાણી કરી આપે છે. સમાજમાં તેઓનું ચોક્કસ સ્થાન અને મોભો હોય છે. ઈમારતો સ્થાવર હોય છે અને વર્ષોના વર્ષો સુધી તેનું અસ્તિત્વ હોવાથી કોઈપણ બાંધકાના પ્રોજેક્ટમાં તમારું નામ પેઢીઓ સુધી સંકળાયેલું રહે છે. ઉપર જણાવેલી તમામ ફેકલ્ટીઝમાં તમને સ્નાતક અને અનુસ્તાનક તેમજ ડોક્ટરેટ સ્તરના અભ્યાસક્રમો ઓફર કરવામાં આવે છે તેમાં પ્રવેશ માટે સેપ્ટ એન્ટ્રન્સ એક્ઝામ આપવાની રહે છે. ત્યારબાદ મેરિટના આધારે પ્રવેશ મળે છે. વધુ વિગતો માટે સેપ્ટની વેબસાઈટ ઉપર નજર કરી લેવી.

મિત્રો આ હતી અમદાવાદમાં સ્થિત સંસ્થાઓની વાત પરંતુ અમદાવાદ -ગાંધીનગર રોડ ઉપર ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ કે જે તમને હોટલ મેનેજમેન્ટ ક્ષેત્રમાં નિષ્ણાત બનાવે છે અને તમે સેલિબ્રિટી શેફ બની શકો છો. અમદાવાદ -સાણંદ રોડ ઉપર માઈકા નામની સંસ્થા છે કે જ્યાં તમે એડવર્ટાઈઝીંગ અને કોમ્યુનિકેશન ક્ષેત્રમાં નિષ્ણાત બની શકો છો. આ ઉપરાંત ગાંધીનગર ખાતે આવેલી પીડીઈયુ, ડીએઆઈઆઈસીટી, આઈઆઈટી-ગાંધીનગર, એનઆઈએફટી-ગાંધીનગર, કૌટિલ્ય ધ સ્કીલ યુનિવર્સિટી, મેરિટાઈમ યુનિવર્સિટી, સ્વર્ણીમ સ્પોર્ટસ યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી વગેરે છે. તેનો પરિચય આગલા લેખાંકમાં આપીશું. તો મળીએ ત્યારે આવતા રવિવારે.

**ઉપરોક્ત કોલમ વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શરૂ કરવામાં આવી છે. જેમાં એજ્યુકેશનને લઈ મૂંઝવતા પ્રશ્નો પર, કારકિર્દીને લગતા પ્રશ્નોના સચોટ જવાબો આપવામાં આવશે.એજ્યુકેશન લગતા પ્રશ્નો વિદ્યાર્થીઓ ગુજરાતટુડેના ઈ-મેઈલ પર મોકલી શકે છે.**

**E-mail:sahebtoday@gmail.com**

# નામ-સરનામા વગરનું જેમ પરબીડિયું મળે, એમને બસ એ રીતે દરરોજ હું મળતો રહ્યો

ઉત્તરાયણના દિવસે કે એ પછીના દિવસોમાં ઘણા એકબીજાને પૂછતા હોય છે કે 'તેં કેટલા પતંગ કાપ્યા ?' બીજાની પતંગો કાપવામાં અને કાપવાનો જે આનંદ છે એવો જ આનંદ માણસને પોતાના હૃદયમાં ઉડતા સ્વાર્થના પતંગને કાપવામાં થશે એ ક્ષણે સંબંધ કે પ્રેમનું આકાશ કયારેય વગોવાશે નહીં. ઘણા એવુંય પૂછતાં હોય છે કે 'તેં કેટલાક પતંગ પકડ્યા ? તેં કેટલા પતંગો લૂંટ્યા ?' આમાં અન્યના કપાયેલા પતંગો પકડવામાં કે ઝંડો ઊંચો કરી એને લૂંટવામાં જે આનંદ છે એવો જ આનંદ આપણને અન્યના કપાઈ ગયેલા સંબંધોની દોરી સાંધવામાં થશે, અન્યના કપાઈ ગયેલી મૈત્રીનો પતંગ પકડી લેવામાં થશે કે અન્યના કપાઈ ગયેલી પતંગ જેવા પ્રેમને આશરો આપવાનું કામ થશે એ ક્ષણે પતંગનું આ પર્વ ગર્વ લેવા જેવું બની જશે !

આકાશ કયારેય કોઈ પતંગ માટે ભેદભાવ રાખતું નથી. આકાશ જેવું કોઈ સહિષ્ણુ નથી. આકાશની આ સહિષ્ણુતા જો માણસ પોતાના શ્વાસમાં ઊગાડતો થઈ જાય તો સંબંધ કયારેય પણ રસ્તે રઝળતી લાશ જેવો નહીં બને. આકાશે કયારેય એવું સમજીને કે એવું બોલીને કોઈ પતંગનો વિરોધ નથી કર્યો કે આ પતંગનો રંગ તો લીલો છે, કે આ પતંગનો રંગ કેસરી છે ! એણે તો પ્રત્યેક રંગના પ્રત્યેક કાગળના, પ્રત્યેક આકારના અને પ્રત્યેક પ્રકારના પતંગોને બસ આવકાર્યા જ છે. પોતાની મોકળાશ પૂરી પાડી જ છે.

આકાશનું સેક્યુલારિઝમ સો ટચના સોના જેવું છે, એણે સેક્યુલર હોવાનો દાવો કે અખાડો નથી કર્યો. પોતાના આંગણામાંથી વહાલનો વરસાદ કે વરસાદનું વહાલ વરસાવતા વાદળ સામે જ્યારે જ્યારે માણસે છત્રી ધરીને કાળો વિરોધ કે કાળો અણગમો જાહેર કર્યો છે ત્યારે ત્યારે પણ આકાશ તો એ જ અપમાનિત થઈ રહેલા વાદળોને સાચવે છે, સંભાળે છે અને પૃથ્વી પર, ધરા પર વહાલનો વરસાદ વરસાવવાનું બંધ કરવા પ્રતિબંધ નથી મૂકતું. એ તો એનો સ્વભાવ છે, ધર્મ છે કે પોતાના આંગણામાં રમતા-ખેલતા વાદળોનું વિસર્જન કરી



ધરતીના હૈયામાંથી કશુંક નવસર્જન કરાવતા રહેવું. આકાશે કયારેય કોઈને જાકારો નથી આપ્યો. કયારેય કોઈનો તિરસ્કાર નથી કર્યો કે કયારેય એણે પોતાના ભરોસે હરતા ફરતા ગ્રહો કે નક્ષત્રોનો ભરોસો નથી તોડ્યો કારણ કે એ આકાશ છે જેનું નામ જ આકાશ હોય એના હૃદયમાં તો દરેક જણ માટે કેટલો વિશાળ અવકાશ



**દસ્તક**

**હર્ષદ પંડ્યા**

હોય ! અને આવા અવકાશને કારણે તો આપણે 'આકાશ'ના નામે એને ઓળખીએ છીએ ! આકાશ જેવો અવકાશ કોઈનીય પાસે નથી !

જેની પાસે સહેજપણ અવકાશ હોય એ વત્તેઓછે અંશે ચોક્કસ આકાશ બની શકે. આકાશ બનવું અઘરૂં નથી, બસ એ માટે દિલમાં, દિમાગમાં, વિચારોમાં અને સમયમાં થોડો અવકાશ પાળવાની જરૂર છે. અવકાશ વગરનું આકાશ ન હોય, એમ અવકાશ વગરનું જીવન પણ ન હોવું જોઈએ. પણ... આજના મોટાભાગના માણસોને કરૂણતા જ એ છે કે એમના જીવનમાં કોઈનાય માટે કયાંય અવકાશ નથી હોતો. બીજાની વાત જવા દો, ખુદ એના પોતાના માટે પણ કયાં એટલો અને એવો અવકાશ છે કે બે ઘડી બેસીને પોતાને કે પોતાની જાતને એટલુંય પૂછી શકે કે હાઉ આર યુ ? આ તબક્કે ડો. હરિવંશરાય બચ્ચનની એક કવિતા યાદ આવે છે. સતત ને સતત દોડતા રહેતા માણસને જોઈને બચ્ચન સાહેબ કહે છે :

**"જીવન કી આપાધાપીમેં**
**કબ વક્ત મીલા**
**કુછ દેર કહીં પર બૈઠ, કભી યે સોચ સકું**
**જો કહા, કિયા, માના**
**કયા ભલા બુરા ?!"**

આપણને આપણી જાત સાથેય સંવાદ સાધવાનો કે બે ઘડી મુલાકાત કરવાનો અવકાશ જ કયાં છે. આપણી પાસે ? નથી લાગતું કે આજે માણસ નથી ખોવાયો, પણ માણસનો અવકાશ ખોવાયો હોય ?

હાથમાંથી પતંગ કપાઈ ગયા પછી આપણે બીજો પતંગ ચગાવી શકીએ છીએ. એક પતંગની ગેરહાજરી, આપણે બીજા પતંગને હાજર કરીને ભૂલી જઈએ છીએ પણ એકવાર મારા તમારા હાથમાંથી સમયનો પતંગ જતો રહેશે તો એની ગેરહાજરી પૂરવા માટે આપણી પાસે કશુંય નહીં હોય, સિવાય કે એ ઉડી જતા, કપાઈને દૂર...દૂર ચાલ્યા જતા સમયના પતંગની યાદોને વાગોળતા રહીએ...

આજનો ટીનએજર પોતાને થોડોગણોય સમય ફાળવતો થયો છે એ એના ભવિષ્યની જિંદગી માટે સારૂં જ નહીં, સાચું પણ છે. એ કયારેય આજના કામને આવતીકાલ પર છોડતો નથી. પ્રેમ કે મૈત્રીની બાબતમાં પણ એ પોતાનો અવકાશ મેળવી લેતો હોય છે- પછી ભલે એને સોશિયલ મીડિયાનો આશરો લેવો પડે. વોટસએપ કે ફેસબુકના માધ્યમે પણ એ પોતાની સાથે અને જેને પોતાના પ્રતિબિંબ જેવા માન્યા છે એ સૌની સાથે એ થોડા ઓછા 'ટચ'માં તો રહે છે ! આ થોડો ઓછો Touch જ એને સો ટચના સોના જેવો રાખે છે કારણ કે એટલો સમય એ 'લાઈવ' હોય છે. To Live અને To be 'LIVE' આ બંનેમાં બહુ મોટો ફરક છે ! જીવતા બધા જ લોકો કદાચ 'લાઈવ' નથી હોતા કારણ કે 'જીવવું' અને 'જીવંત' હોવું એમાં પણ એટલો જ ફરક છે.

તમે સહેજ આટલું વિચારો કે તમે તમારા બોયફ્રેન્ડ કે તમારી ગર્લફ્રેન્ડ કે કોઈપણ પ્રિયજનને રૂબરૂ- Face to Face નથી મળી શકતા તો શું, તમે તમારા વિચારોમાં, યાદોમાં કે પછી કલ્પનાઓમાં નથી મળતા ? સાચ્ચું કહેજો ? તો મિત્રો, આ રીતે મળવું એ પણ તમને ભીતરથી 'લાઈવ' રાખે છે !

કોઈકે તો એમ પણ કહ્યું છે કે પતંગ એ બીજું કશું નથી, પણ ધરતીએ પોતાના પ્રિયતમને પોતાના બોયફ્રેન્ડને લખી મોકલેલો પત્ર છે ! આકાશ જેવો અવકાશ આપણે આપણા જીવનમાં જો થોડોગણોય પાળી શકીએ તો 'લાઈવ' રહેવું અઘરૂં નથી. જુઓને 'શબ્દપ્રીત'નો આ શે'ર જ ઘણું બધું કહી જાય છે !

**"નામ-સરનામા વગરનું જેમ પરબીડિયું મળે**
**એમને બસ એ રીતે દરરોજ હું મળતો રહ્યો"**

**:::: ટહુકો ::::**

**ઉસ છબકી ભરન, માહે-દરખ્શાં સું કહુંગા,**
**કયા નયન હૈ, અંજનકી કતારાં સું કહુંગા;**
**સોંધી સી, વો ખુશ્બૂ તેરે પૈકર સું ઊડી થી,**
**હર ઝર્રા મોઅત્તર હૈ ગુલિસ્તાં સું કહુંગા;**

**(અહીં 'સે'ને બદલે 'સું' વાપરવામાં આવ્યું છે, જે શરૂઆતી ઉર્દૂમાં જોવા મળે છે : શાયર અંબર બેહરાઈચી)**

# સ્ત્રીધન પર નથી પિયરિયાંનો કોઈ હક કે નથી સાસરિયાંનો !

## સ્ત્રી સશક્તિકરણ



- રવીન્દ્ર પારેખ

સ્ત્રીઓની સ્થતિ ઘણી સુધરી છે, છતાં સાધારણ બાબતોમાં પણ, સમાજનું વર્તન, તેની સાથે સહજ નથી. આજે પણ સ્ત્રીને શોષણ અને ન્યાય માટે ઝઝૂમવું પડે છે. ઘણીવાર તો તેનાં હકનું પણ તેને મળતું નથી. કયાં તો તેણે હક જતો કરવો પડે છે અથવા તો અનેક મુશ્કેલીઓ વચ્ચે લડવું પડે છે. લડવાથી હક મળી જ જાય એવું નથી, પણ પ્રયત્ન વગર તો કૈં મળતું જ નથી. ૨૦૨૪નાં એપ્રિલની ૨૬મી તારીખે સુપ્રીમ કોર્ટે એવો ચુકાદો આપ્યો કે સ્ત્રીધન પર પતિનો કે સાસરિયાંનો કોઈ હક નથી. તેના પર પત્નીનો જ હક છે ને તે જ તેનો યથેચ્છ ઉપયોગ કરી શકે છે, આવું કોર્ટે નોંધવું પડે એ જ બતાવે છે કે સ્થિતિ સામાન્ય નથી. પત્ની પતિને કે સાસરિયાંને પોતાનું સોનું કે રોકડ કે ભેટ સાચવવા આપે તો તેઓ તેનાં ટ્રસ્ટી છે. સ્ત્રીની સંમતિ વગર તેની સંપત્તિનો ઉપયોગ કરવાનો કોઈને જ કોઈ અધિકાર નથી, ભલેને પછી તે તેનો પતિ જ કેમ ન હોય ! ધારો કે, કોઈ સંજોગોમાં પતિ કે સાસરિયાં વહુની સંપત્તિનો ઉપયોગ કરે છે તો તે તેમણે પરત કરવાની રહે છે કે તે માંગે ત્યારે તેઓ પરત આપવા બંધાયેલાં છે. ખરેખર તો પતિ સહિત કોઈપણ પુરુષનો સ્ત્રીધન પર કોઈ અધિકાર જ નથી- તેવું કાયદો કહે છે, પણ વાસ્તવિકતા જુદી જ છે. જેનો હક છે તે સ્ત્રીને અંધારામાં રાખીને સાસરિયાં સ્ત્રીધનનો પટાવીને કે પતાવીને ઉપયોગ કરતાં અચકાતાં નથી. કોણ જાણે કેમ પણ કાયદાનો કે સજાનો કોઈ ડર જ હવે રહ્યો નથી. કૈં પણ થાય તો પૈસા વેરીને છૂટી જવાશે એવો ભરોસો કોઈ પણ ગુનો કરવા પ્રેરે છે. એનો અર્થ એ પણ ખરો કે ખોટી રીતે પૈસા વેરી શકાય એટલી કમાણી તો લોકો હવે કરી જ લેતાં હોય છે. કોઈને અધિકાર નથી, છતાં સ્ત્રીની સંપત્તિ પર નજર ખોડીને એટલે જ ઘણાં બેસતાં હશેને !

બન્યું એવું કે કેરળમાં પતિએ, પત્નીનું ૮૯ તોલા સોનું વેચી દીધું. એ કિસ્સામાં સુપ્રીમ કોર્ટે સોનાના બદલામાં પચીસ લાખ રૂપિયા ચૂકવવાનો પતિને આદેશ આપ્યો. પત્નીનું કહેવું હતું કે તેના પિતાએ લગ્ન વખતે ૮૯ તોલા સોનું આપ્યું હતું અને લગ્ન પછી પણ પિતાએ તેના પતિને ૨ લાખનો ચેક આપ્યો હતો. એ સ્ત્રીધન હતું છતાં, પતિએ લગ્નની રાત્રે જ સોનું વધુ સલામત રીતે મૂકવાને નામે માતાને આપી દીધું. પાછળથી સાસુએ અને પતિએ મળીને એ સોનું દેવું ચૂકવવા વેચી દીધું. પત્નીએ ફેમિલી કોર્ટ અને કેરળ હાઈકોર્ટના દરવાજા ખટખટાવ્યા, પણ કોઈ દાદ ન મળતાં મામલો સુપ્રીમમાં પહોંચ્યો.

૨૦૧૧માં ફેમિલી કોર્ટે પત્નીને થયેલ નુકસાન ભરપાઈ કરવાનો હુકમ કર્યો, તો પતિએ ફેમિલી કોર્ટના ચુકાદા વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી કરી. હાઈકોર્ટે ચુકાદો આપતા કહ્યું કે પત્ની સાબિત કરી શકી નથી કે તેના પતિ અને સાસુએ ઘરેણાં સાથે છેડછાડ કરી છે. છેવટે સુપ્રીમનાં જસ્ટિસ સંજીવ ખન્ના અને દીપાંકર દત્તની બેન્ચે ચુકાદો આપતા કહ્યું કે સ્ત્રીધન પતિ-પત્નીની સંયુક્ત મિલકત નથી, એટલે પતિ, પત્નીના સોના કે અન્ય ચીજવસ્તુઓ પર કોઈ હકદાવો કરી શકે નહીં. લગ્ન વખતે કે લગ્ન પહેલાં પિયર, મહિલાને જે રોકડ, સોનું કે ભેટસોગાદો કે કોઈ પણ પ્રકારની સંપત્તિ આપે એ સ્ત્રીધન છે ને નિર્વિવાદપણે એનાં પર સ્ત્રીની જ માલિકી છે. કપરા સમયે ધારો કે, પતિ સ્ત્રીધનનો ઉપયોગ કરે છે તો, તેણે તે ફરીથી પત્નીને મેળવી જ આપવાનું રહે છે. ૮૯ તોલા સોનું ખપમાં લેવાયું હોવાનું પુરવાર થતાં સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૪૨ની રૂએ અરજદાર મહિલાને ૨૫ લાખ ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો.

ઘણી વાર એવું બને છે કે સ્ત્રી પોતે જ સ્ત્રીધન વિષે જાણતી નથી હોતી ને તેનાં ભોળપણનો લાભ લઈને, તેની રોકડ કે સંપત્તિ વેચી મારીને સાસરિયાં રોકડી કરી લેતાં હોય છે. હાલ તો સ્ત્રીધન વિષે થોડી ગેરસમજ પણ પ્રવર્તે છે. લગ્ન વખતે દીકરીને જે અપાય એ જ સ્ત્રીધન કહેવાય એવું સામાન્ય રીતે મનાતું આવ્યું છે, પણ એટલું જ નથી. લગ્ન પહેલાં કે લગ્ન વખતે માબાપ. સગાવહાલાં, મિત્રો, સાસરિયાં કે પિયરિયાં તરફથી જે કૈં પૈસા, દરદાગીના, વાસણો, જમીન... વગેરે અપાય એ બધું જ સ્ત્રીધન છે. તેના પર સાસરિયાંનો તો હક નથી જ, પિયરિયાંનો પણ નથી. એવું નથી કે સ્ત્રીધન પરિણીતાનું જ હોય, તે અપરિણીત સ્ત્રીનું પણ હોઇ શકે છે. બીજી એક ગેરસમજ એવી પણ છે કે દહેજ પણ સ્ત્રીધન છે. એ બરાબર નથી. દહેજ અને સ્ત્રીધન વચ્ચે ફરક એ છે કે દહેજ માંગણી પર ઈચ્છા-અનિચ્છાએ અપાય છે, જ્યારે સ્ત્રીધન ખુશીથી ભેટ સ્વરૂપે સ્વેચ્છાએ જ અપાય છે.

સ્ત્રીધન અંગેનો કાયદો છે. હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ ૧૯૫૬ની કલમ ૧૪ અને હિન્દુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૨૭ હેઠળ સ્ત્રીધનનાં અધિકારની વાત છે, જે હિન્દુ સ્ત્રીઓને લગ્ન પહેલાં કે પછી સ્ત્રીધનનો હક આપે છે. આમ સ્ત્રીધન પર સાસરિયાઓનો કોઈ હક નથી, એટલે કે તેઓ પરત ન કરવાની શરતે સ્ત્રીધનનો કોઈ વહીવટ કરી શકે નહીં, પણ જેનું સ્ત્રીધન છે તે સ્ત્રી તેનો વહીવટ કરવા સ્વતંત્ર છે. તે કોઈને પણ સ્ત્રીધન આપી શકે કે વેચી શકે છે, તેમ કરતાં તેને કોઈ રોકી શકે નહીં. તે ઈચ્છે તો સ્ત્રીધન પતિને પણ પરત કરવાની શરતે આપી શકે. ઘરેલુ હિંસાના કિસ્સામાં કે સ્ત્રી સાસરે ન રહેતી હોય તે સંજોગોમાં કાયદાનો સહારો લઈને પત્ની સ્ત્રીધન પરત મેળવી શકે છે. ઘણાં કિસ્સાઓમાં વહુને મંગલસૂત્રભેર જ કાઢી મુકાતી હોય છે ને તેનું સ્ત્રીધન પણ સાસરિયાં જ આંચકી લેતાં હોય છે. એ યોગ્ય નથી. સાસરિયાં સ્ત્રીધનનાં ટ્રસ્ટી છે, માલિક નથી, એટલે જો તેઓ બળજબરીથી સ્ત્રીધન પડાવી લે તો કાયદેસરની કાર્યવાહી દ્વારા સ્ત્રી, તેનું સ્ત્રીધન પાછું મેળવી શકે છે. એ સંજોગોમાં કાયદો સ્ત્રીની પડખે રહેશે.

આજે તો સ્ત્રીઓમાં શિક્ષણ વધ્યું છે, હકની સભાનતા વધી છે, કાયદાની જાણકારી વધી છે, એ સ્થિતિમાં તે સ્ત્રીધનની વ્યવસ્થા જાતે કરી શકે છે. એવી ઘણી પત્નીઓ છે જે સાસરિયાંથી અલગ રીતે સ્વતંત્રપણે પોતાનું બેન્ક ખાતું ધરાવે છે કે રોકડ, ઝવેરાત કે અન્ય દસ્તાવેજો માટે લોકરની વ્યવસ્થા કરી શકે છે. તે સ્ત્રીધન તો સાચવે જ છે, પણ ભરણપોષણ કે અન્ય અધિકાર માટે સાસરિયાં પર દબાણ પણ ઊભું કરી શકે છે, તે એ હદ સુધી કે સંકોચાવાનું સાસરિયાંએ આવે. પિયરમાં પણ દીકરીઓ પોતાનો કક્કો ખરો કરતી-કરાવતી થઈ છે. એ સમય હવે રહ્યો નથી કે બાપ ગોઠવે ત્યાં દીકરી સ્વેચ્છાએ પરણી જાય ને સુખે દુઃખે જિંદગી કાઢી નાખે. છોકરો ન ગમે ત્યાં સુધી છોકરી નથી જ પરણતી ને પરણે ને ન ફાવે તો છૂટાછેડા લઈને બાપને માથે નથી પડતી, પણ સ્વતંત્ર રીતે રહીને કે ફરી પરણીને જિંદગી પોતાની રીતે જીવવા મથે છે. આ બધુંછતાં, આજે પણ ઘણી દીકરીઓને સારું ભણવા કે પરણવાનું નથી મળતું. આજે પણ પતિ વ્યસની હોય કે સાસુ ત્રાસ આપીને વહુને લોહી રડાવે છે. વહુનું સ્ત્રીધન પડાવી લઈને સાસરું તેને રખડતી કરી શકે છે. એવી વહુઓમાં સ્ત્રીધન અંગે જાગૃતિ આવે ને તે પોતાની સુરક્ષા જાતે કરી શકે તે જરૂરી છે. એ જ કારણ છે કે સુપ્રીમ કોર્ટે સ્ત્રીધન અંગે ચુકાદો આપવો પડ્યો છે કે સ્ત્રીધન પર કેવળ ને કેવળ પત્નીનો જ અધિકાર છે, તેના પર પુરુષ તો નહીં જ, સ્ત્રી પણ નજર ન નાખી શકે.

સ્ત્રીધનને માટે કોર્ટે દખલ કરવી પડે એ જ બતાવે છે કે સ્ત્રીઓને પોતાનો હક મેળવવાનું સરળ નથી. સમાજ, સ્ત્રીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવતો હશે, પણ તેના હક પર તરાપ મારવામાં તેને જરાય સંકોચ થતો નથી. એટલે જ કહ્યું હશેને કે હાથીના ચાવવાના અને બતાવવાના જુદા છે...

**મોબાઈલ નંબર : ૯૩૭૭૯૩૯૧૨૩**
**ઈ-મેઈલ : ravindra 21111946@gmail.com**

# ભીમા કોરેગાંવ કેસ અંગે નવા પુસ્તકમાં કહેવામાં આવેલું સત્ય અસ્વસ્થ કરે છે પરંતુ આશા જગાડે છે

## અલ્પા શાહનું પુસ્તક, 'ધ ઇન્કર્સરિશન્સ' નિર્ભયતાની વાર્તાઓ દર્શાવે છે, પરંતુ તે મૂલ્યવાન છે




**હું NIA કસ્ટડીમાં છું અને મને ખબર નથી કે હું તમારી સાથે ફરી ક્યારે વાત કરી શકીશ. જો કે, મને આશા છે કે તમારો વારો આવે તે પહેલાં તમે બોલશો." : આનંદ તેલતુમ્બડે, એપ્રિલ ૨૦૨૦માં તેમની જેલની પૂર્વસંધ્યાએ કહ્યું હતું**

અલ્પા શાહનું ભીમા કોરેગાંવ કારાવાસ પરનું પુસ્તક વાંચવું સરળ નથી. જ્યારે મેં પહેલીવાર પુસ્તકની સમીક્ષા કરવાનું નક્કી કર્યું ત્યારે તેના પર હાથ મૂકતા પહેલા મેં વિચાર્યું કે તે મારા માટે એક અઠવાડિયાથી વધુ સમય લેશે નહીં. કારણ કે હું આ કેસથી પરિચિત હતો, અને એક કાનૂની પત્રકાર તરીકે મેં આ ઘટનાને આવરી લીધી હતી અને હું સામાન્ય રીતે ઝડપી વાચક છું. પરંતુ આ પુસ્તકનું વાંચન પૂરું કરવામાં મને નિર્ધારિત સમયગાળા કરતાં લગભગ ત્રણ ગણો સમય લાગ્યો હતો. પીડા, વેદના અને આતંકની સુનામી મારા પર ફરીથી પસાર થઈ ગઈ હતી અને મારે શ્વાસ લેવા માટે ઘણી વાર થોભવું પડ્યું હતું. આ પુસ્તક એ અસ્વસ્થ સત્યોનો અવિરત સંગ્રહ છે. તે નિર્ભયતાનો હિસાબ આપે છે અને એક જીવંત પુસ્તક છે, પરંતુ તે સત્તાની અસમાનતા, ન્યાયની ગેરહાજરી અને લોકશાહીની નાજુકતા વિશે છે અને તેથી જ તમારે તે વાંચવું જ જોઈએ.

અલ્પા શાહનું પુસ્તક, 'ધ ઈન્કર્સરિશન્સ' (માર્ચ ૨૦૨૪માં હાર્પર કોલિન્સ દ્વારા પ્રકાશિત) આપણી આશા વિશે પણ છે. તે પ્રતીતિની અતૂટતા સાથે સામાજિક માળખાંની અવ્યવસ્થિતતાને જોડે છે અને તે તમારી આજુબાજુની દરેક વસ્તુમાં થતાં અન્યાય વિશે છે, અને તે કહે છે કે સૌથી વધુ અંધારામાં પણ, થોડો પ્રકાશ સરકી શકે તેટલો માર્ગ કરવો જ જોઈએ.

શાહે નોંધ્યું છે તેમ, ભીમા કોરેગાંવ કેસમાં અન્ડર-ટ્રાયલ્સમાંના ઘણાને ભારતના કડક ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ (UAPA) હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી હતી અને તે પહેલાં તેઓ એકબીજાને ઓળખતા પણ ન હતા. પરંતુ તેમની વચ્ચે સામાન્ય કડી હંમેશા એ રહી હતી કે તેઓ બધા લોકો સૌથી હાંસિયામાં ધકેલાઈ ગયેલા જૂથો સાથે કામ કરતા હતા. તેથી, લેખક શાહ, જે એક પ્રશિક્ષિત સામાજિક નૃવંશશાસ્ત્રી છે, અને તે ઝારખંડમાં આદિવાસીઓ વચ્ચે જીવન જીવવાનો અને સંશોધન કરવાનો અનુભવ ધરાવે છે (નાઈટમાર્ચ, તેણીનું આ વિષય પરનું પુસ્તક, ૨૦૧૮માં પ્રકાશિત થયું હતું), તેમાં સોળ આરોપીઓની જેલને સંદર્ભિત કરતા સારી રીતે વર્ણન કરે છે.

પ્રતિષ્ઠિત લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ (LSE)માં પ્રોફેસર તરીકે શાહની સિદ્ધિઓ અને એકેડેમિક સ્ટેન્ડિંગને કારણે સાયબર-સિક્યોરિટી નિષ્ણાતો સુધીની તેમની પહોંચમાં પણ સુધારો થયો હશે, જેમણે આ કેસમાં પુરાવાઓ સામે લાવ્યા છે અને ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે. અને ભારતીય રાજ્યના વિભાગો સાથેની લિંક્સ સૂચવે છે. તે આ કેસ સાથે નોંધપાત્ર રીતે સંકળાયેલા ભૂતપૂર્વ ટોચના કોપને કેટલાક તપાસના પ્રશ્નોના જવાબ આપવા માટે સમજાવવામાં સફળ રહી છે.

જો કે, સૌથી અગત્યની બાબત એ છે કે, વિષયો (બીકે-૧૬) સાથેની તેણીની પરિચિતતા તેમજ સહાનુભૂતિ દર્શાવવાની તેણીની ક્ષમતા, તેણીને તેમના જીવન અને તેમને થયેલા નુકસાનનું પ્રમાણિક ચિત્ર દોરે છે. એક અર્થમાં, શાહ સમજાવે છે કે કેવી રીતે BK-૧૬ એ તેમના પોતાના જેલનો સમય પસાર કર્યો હતો.

બિનાયક સેનની ધરપકડ પછી, એક કાર્યકર અને એક ડૉક્ટર, સુધા ભારદ્વાજે ૨૦૦૭ની શરૂઆતમાં તેની પોતાની જેલની શક્યતા વિશે મજાક કરી હતી. ભારદ્વાજે કામદારોના અધિકારો લાગુ કરવા, આદિવાસીઓ સામેની ક્રૂરતાના અહેવાલો વચ્ચે હકીકત-શોધના મિશનમાં ભાગ લેવા અને સૌથી વધુ ઊંડે ઊંડે પ્રતિનિધિત્વ ધરાવતા લોકોને કાનૂની પ્રતિનિધિત્વ પ્રદાન કરવા માટે તેમના પ્રયત્નો ચાલુ રાખ્યા હતા.

શાહે ભારદ્વાજના કામને લીધે અંગત જીવનમાં સર્જાયેલા તેની માતા સાથેના તેના સંબંધો અંગે તાણ વિશે વાત કરી છે. પરંતુ સુધાની સક્રિયતા અને સામાજિક ન્યાયની શોધ અવિરત રહી હતી, અને તેણીને મુંબઈની ભીડભાડવાળી મહિલા જેલમાં બંધ કરવામાં આવી હતી. શાહ નોંધે છે કે, જેલમાં રહેલા ટ્રેડ યુનિયન કાર્યકર્તાએ અન્ય કેદીઓ માટે સેંકડો અરજીઓ લખી હતી અને તેમની મદદ માટે કાયદાની સમજણનો ઉપયોગ કર્યો હતો. તેવી જ રીતે, ૨૦૧૮માં, જ્યારે ફાધર સ્ટેન સ્વામી પર રાજદ્રોહનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો, ત્યારે ઝારખંડના એક આદિવાસી પ્રદેશમાં સરકારમાં ગેરબંધારણીયતા અને કોર્પોરેટ જોડાણના મુદ્દાઓ ઉઠાવવા બદલ, તેમણે કહ્યું હતું કેઃ જો આ મને દેશદ્રોહી બનાવે છે તો પછી ભલે એવું જ થાય. સ્ટેન સ્વામી તેમના જીવનના અંત સુધી એક બળ બની રહ્યા હતા, જ્યારે તેમની તબિયત કેદમાં ખરાબ થઈ ગઈ હતી અને તેઓ હવે લખી શકતા ન હતા, ખાય અથવા સ્નાન કરી શકતા ન હતા.

બોમ્બે હાઈકોર્ટના ન્યાયાધીશોએ મરણોત્તર રીતે સ્વામીને અદભુત વ્યક્તિ ગણાવ્યા હતા અને કહ્યું હતું કે તેઓ તેમના કામ માટે ઉચ્ચ આદર ધરાવે છે. પરંતુ તેઓ તેમને તેમના પ્રિય ઝારખંડમાં તેમના ઘર પર પાછા ફરવાની તક આપવામાં નિષ્ફળ રહ્યા હતા, જેનું વર્ણન શાહના પુસ્તકમાં "રાંચીના ઝડપથી વિકસતા કોંક્રિટ જંગલ" દ્વારા "યુટોપિયન ઓએસિસ" તરીકે કરવામાં આવ્યું છે.

સ્વામી જેવા "અદભુત વ્યક્તિ", સુધા જેવા નિઃસ્વાર્થ કાર્યકર્તા અને બીજા એટલા જ કમનસીબ પ્રોફેસરો, વકીલો અને કાર્યકર્તાઓ આ કેસમાં લાંબા સમય સુધી જેલવાસ ભોગવી રહ્યા છે જેમના માટે સંજોગવશાત હજુ ટ્રાયલ થવાની બાકી છે. શાહ અનેક પ્રકારના પુરાવામાંથી પસાર થાય છે જે આ આરોપીઓમાંના કેટલાકની માલિકીના હેક અને માલવેરથી ભરેલા તકનીકી સૉફ્ટવેર તેમના ઉપકરણોમાં રોપવામાં આવ્યા હોવાનું જણાય છે. તેમના ભારે સંશોધન-આધારિત વિશ્લેષણને હાથ ધરવા માટે, તેણીએ એવા નિષ્ણાતોની પણ સલાહ લીધી જેમણે સ્વતંત્ર રીતે અને વિના મૂલ્યે આ માટે તપાસ હાથ ધરી હતી. તે તેણીને સાયબર-યુદ્ધની અભૂતપૂર્વ અને ભયજનક પ્રકૃતિનો સામનો કરવામાં મદદ કરે છે જે આ કેસમાં બહાર આવ્યું હોવાનું જણાય છે.

તેણીના તારણો સમાન પ્રમાણમાં આશ્ચર્યજનક અને ભયાનક છે. તેણી કહે છે કે હેકિંગ પ્રવૃત્તિમાં પોલીસ સાથે વિચિત્ર કડીઓ હોય તેવું લાગે છે. આ આશ્ચર્યજનક નથી, કારણ કે ભીમા કોરેગાંવના આરોપીઓ લાંબા સમયથી તેમને દોષિત ઠેરવવા માટે ઉપયોગમાં લેવાતા ઈમેલની કોઈપણ પૂર્વ જાણકારીને નકારી રહ્યા છે. વધુમાં, ભારત સરકાર ૨૦૨૧થી પત્રકારો, અસંતુષ્ટો અને વિપક્ષી નેતાઓની જાસૂસી કરવા માટે ઇઝરાયેલી સ્પાયવેરનો ઉપયોગ કરવાના આરોપો અને તેના વિશેના પ્રશ્નોથી ત્રસ્ત છે. શાહ એક અનુભવી પત્રકારની દ્રઢતા અને હકીકતની સ્પષ્ટતા સાથે સંશોધન કરે છે. પરંતુ તે એવી રીતે લખે છે કે જે લોકો આ અભ્યાસમાં નિષ્ણાત હોય તે જ કરી શકે છે. ભીમા કોરેગાંવ કેસ પર સંશોધન કરવાનો મારો પોતાનો અનુભવ સૂચવે છે કે BK-૧૬ને મોટાભાગે મીડિયામાં કાં તો "આતંકવાદી", "કાર્યકર" તરીકે અથવા ક્યારેક અસંમતિને દૂર રાખવાનો પ્રયાસ કરતી અશુભ રચનાના ભોગ તરીકે ગણવામાં આવે છે.

BK-૧૬ વિશે શીખવાનો આ અનુભવ, આત્મીયતા સાથે અમારી અને તેમની વચ્ચેના અંતરને દૂર કરે છે. તે અમને તેમને વધુ સારી રીતે સમજવામાં અને તેમની સાથે સંબંધ બાંધવામાં મદદ કરે છે અને તે તેમના અનુભવોને નજીક લાવે છે. જો તે તેમની સાથે થઈ શકે છે, તો તે તમને વિચારે છે, તે તમારી સાથે સરળતાથી થઈ શકે છે.

આ સંદર્ભમાં આ પુસ્તક એવા લોકો માટે વાચકની પ્રશંસાની ભાવનાને મજબૂત કરે છે જેમણે સત્તા માટે સત્ય બોલવાનું ચાલુ રાખ્યું છે. પ્રેસની સ્વતંત્રતા પર પ્રતિબંધ, સ્વતંત્ર સમાચાર સંસ્થાઓ પર દરોડા અને અસંમત નાગરિકોની ધરપકડ હોવા છતાં તેઓએ તેમનું ઉચ્ચ કામ ચાલુ રાખ્યું છે. ભીમા કોરેગાંવના આરોપીઓના કોમ્પ્યુટર પર માલવેર હુમલા અંગે સંશોધન કરતી વખતે, શાહે એ પણ શોધી કાઢ્યું હતું કે તેમના કેટલાક વકીલોની માલિકીના ઉપકરણો પર પણ આવા જ પ્રયાસો થયા હતા. જે BK-૧૬ સામે પોલીસ અને NIA કેસની બનાવટની કાનૂની સીમાઓ પર હતા, જે BK-૧૬નું પ્રતિનિધિત્વ કરતા હતા, તેઓ આગામી લક્ષ્ય સૂચિમાં હતા. કેટલા સમય પહેલા તેઓને પણ જેલમાં મોકલવામાં આવી શકે છે. આપણે શાહ અને તેના પ્રકાશકોના પ્રયત્નોના વખાણ કરવા જોઈએ અને તેને સ્વીકારવા જોઈએ. વર્તમાન વાતાવરણમાં આવી વાર્તાઓ કહેવું સહેલું નથી. આ પુસ્તક BK-૧૬ કેસમાં ધરપકડને ઉદાહરણ દ્વારા સમજાવે છે. આ પુસ્તકનું પ્રકાશન માત્ર આ કેસના સંબંધમાં જેલમાં બંધ લોકો માટે જ નહીં, પણ સર્વત્ર લોકશાહી બચાવવાના પ્રયાસમાં પણ સર્વોચ્ચ છે.

**શાહ તેના પરિચયમાં નોંધે છેઃ** આ અદભુત લોકોની વાર્તા કહેવા, શેર કરવા અને ફેલાવવા માટે, અને આઘાતજનક રીતે બનાવટી કેસ જેમાં તેઓને ફસાવવામાં આવ્યા છે, તેમના વિશે લખવું એ આંતરરાષ્ટ્રીય એકતાનું કાર્ય છે, અને આપણે બધા ભારતમાં અને અન્યત્ર લોકશાહી માટે કેવી રીતે ફરીથી દાવો, રીમેક અને વિસ્તૃત કરી શકીએ તે માટેની વૈશ્વિક લડતનો એક ભાગ છે." તે આવા પ્રયત્નો કરે છે જે વ્યક્તિને આશા મળે છે; લેખક દ્વારા કરવામાં આવેલી શોધોની ગંભીરતા અને તેમાં તમામ અસ્વસ્થ સત્ય હોવા છતાં જેલવાસ પહેલાંના તેમના છેલ્લા જાહેર પત્રમાં, ગૌતમ નવલખાએ લિયોનાર્ડ કોહેનની નીચેની પંક્તિઓ ટાંકી હતીઃ

**"ઘંટ વગાડો જે હજી પણ વાગી શકે છે**
**તમારી સંપૂર્ણ ઓફર ભૂલી જાઓ**
**દરેક વસ્તુમાં તિરાડ છે, તિરાડ છે**
**આ રીતે પ્રકાશ અંદર જાય છે."**

અલ્પા શાહ નોંધે છે કે જ્યારે તેણી તેનું પુસ્તક પૂરું કરી રહી હતી, ત્યારે નવલખાનું કોહેનની આ પંક્તિઓ તેની સાથે હતી.

**(લેખક મેખલા સરન SOAS, યુનિવર્સિટી ઓફ લંડનમાં ગ્લોબલ મીડિયા અને ડિજિટલ કોમ્યુનિકેશન્સનો અભ્યાસ કરી રહી છે.)**

**- મેખલા સરન**
**(સૌ. ધ ક્વિન્ટ.કોમ)**

# હઝરત ઇમામ શાફિઈ (રહમતુલ્લાહ અલયહી) (લેખાંક-૨)(ઈસ.૭૬૭-૮૨૦)

## પ્રભાવી વ્યક્તિત્વ

- મુહમ્મદ સઈદ શેખ

**(ગતાંકથી ચાલુ)**

ઈમામ શાફિઈ ખૂબ જ મુત્તકી, સંયમી, પરહેઝ્ગાર ,અલ્લાહથી ભય રાખનાર, ખૂબ જ ઈબાદત કરનાર, પરલોકની ચિંતા કરનાર, ખૂબ જ શિષ્ટાચારી, નમ્ર અને ધૈર્યવાન હતા. તેઓ રાત્રીના પ્રથમ પહોરમાં લેખન-અધ્યયન, બીજા પહોરમાં નફીલ નમાઝ પઢતા અને ત્રીજા પહોરમાં આરામ કરતા. હ.રબી બિન સુલેમાન રહ.ફરમાવે છે કે ઈમામ શાફિઈ દરરોજ એક કુર્આન અને રમઝાનમાં નફીલ નમાઝમાં ૬૦ કુર્આન પઢતા હતા. છેલ્લી ઉમરમાં એમણે ખૂબ લખ્યું અને લખાવ્યું હતું. એમણે ૧૦૦થી વધુ પુસ્તકો લખ્યા હતા.

રસુલલ્લાહ (સ.અ.વ.) સાહેબએ ઈર્શાદ ફરમાવ્યું હતું 'એ અલ્લાહ, તું કુરેશને માર્ગદર્શન આપ, કેમ કે એમનામાંથી એક વિદ્વાન ધરતીને જ્ઞાનથી ભરી દેશે'. અલ્લાહમાં અબુ નઈમ અબ્દુલ માલિક બિન મુહમ્મદે આ હદીસથી ઈમામ શાફિઈ શય છે એવું જાણાવ્યું છે.

હ.ઈમામ શાફિઈએ પહેલાં બગદાદમાં વિદ્યાર્થીઓને દર્સ આપ્યું અને પછી મક્કા પધાર્યા અને ત્યાંથી મિસર (ઈજિપ્ત) ચાલ્યા ગયા, ત્રણે જગ્યાએ એમણે પોતાના શિષ્યોને જ્ઞાન આપ્યું. એમના દર્સમાં એકસાથે ૭૦૦થી વધારે વિદ્યાર્થીઓ હાજરી આપતા હતા. બગદાદમાં તો માત્ર એમનું જ દર્સ ચાલતું, ત્યાં તેઓ 'નાસિરૂલ હદીસ'ના ઉપનામથી પ્રસિદ્ધ થઇ ગયા હતા. અહીં જ ઈમામ એહમદ બિન હમ્બલ રહ. પણ એમના શિષ્ય તરીકે હાજરી આપી જ્ઞાન પ્રાપ્ત કરતા. ઈબ્ને હજર અસ્કલાનીએ એમના શિષ્યોની સંખ્યા ૧૬૦૦ બતાવી છે. એમના અસંખ્ય વિદ્યાર્થીઓમાંથી ઘણાં પ્રસિદ્ધ થયા. એમાંથી કેટલાક વિદ્યાર્થીઓ આ મુજબ હતા.

હ. અબુ બકર હમીદી પ્રસિદ્ધ મોહદ્દીસ અને હદીસના હાફીઝ હતા.

અબુ ઈશાક ઈબ્રાહીમ બિન અબ્દુલ્લાહ બિન મુહમ્મદ બિન અબ્બાસ બિન શાફે મુત્તલબી : તેઓ ઈમામ શાફિઈના ભત્રીજા હતા. હદીસના હાફિઝ હતા.

અબુલ વલીદ મુસા બિન અબુલ જારૂદ બિન ઈમરાન : ઈમામ શાફિઈની સંગતમાં રહ્યા, એમના પુસ્તકો લખ્યા અને એમનાથી ફિકહનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

અબુલ હસન બિન મુહમ્મદ બિન સબાહ બઝ્ઝાર જાફરાની : અરબી સાહિત્યમાં પ્રભુત્વ ધરાવતા હતા, તેઓ બગદાદમાં ઈમામ શાફિઈના પુસ્તકો પઢાવતા હતા.

અબુ સૌર ઈબ્રાહીમ બિન ખાલિદ કલ્બી : પહેલાં ફિકહ હનફીમાં માનતા હતા પછીથી ઈમામ શાફિઈની સેવામાં પહોંચી એમનાથી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને ઘણા પુસ્તકો લખ્યા હતા. શાફઇ સંપ્રદાયથી પ્રભાવિત થયા હતા.

અબુ અબ્દુલ્લાહ એહમદ બિન હમ્બલ (રદી.). તેઓ હમ્બલી સંપ્રદાયના સ્થાપક છે. ઘણા જ્ઞાની, ઉચ્ચ કક્ષાના હદીસના ઈમામ, ઈબાદત ગુઝાર, સંયમી અને ફિકહમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે. હિસ.૨૪૧માં એમનું બગદાદમાં અવસાન થયું હતું.

મિસરના બીજા પ્રસિદ્ધ શિષ્યો કે, જેમણે શાફઇ ફિકહના પ્રચાર અને પ્રસારમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો એ છ હતા : મઝાની, રબીઅ જીઝી, રબી મુરાદી, બુયુતી, હરમલા, યુનુસ બિન અબ્દુલ આલા. આ ઉપરાંત બીજા પણ ઘણા શિષ્યો પ્રસિદ્ધ થયા હતા, સુલેમાન બિન દાઉદ હાશમી, અબુ બકર અબ્દુલ્લાહ બિન ઝુબેર હમીદી મક્કી, ઈબ્રાહીમ બિન મંઝર હઝામી, ઈબ્રાહીમ બિન ખાલિદ, અબુ તાહિર બિન સિરાજ, અમરૂ બિન સવાદ આમીરી, અબુલ વલીદ મુસા બિન અબીલ જારૂદ મક્કી, અબુ યાહ્યા મુહમ્મદ બિન સઈદ બિન ગાલિબ અત્તાર, અબુ ઉબેદ, એહમદ બિન સનાન વાસ્તી, મુહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ હકીમ અને હારૂન એલી ઉલ્લેખનીય છે.

હ.ઈમામ શાફિઈના સમકાલીન વિદ્વાનો એમના વિષે શું મંતવ્ય ધરાવતા હતા એ પણ જોઈએ.

સુફિયાન બિન ઐનીયાહએ કહ્યું શાફઇ રહ, પોતાના યુગના યુવાનોમાં સૌથી શ્રેષ્ટ છે. જો કોઈ સુફિયાન પાસે આવતું અને તફસીર અને ફતવા વિષે પૂછતું તો આપ એને કહેતા કે ઈમામ શાફ્ફીથી પૂછો.

મુસ્લિમ બિન ખાલિદ ઝંજી મક્કાના પ્રસિદ્ધ ફકીહ હતા અને ઈમામ શાફિઈના ગુરૂ હતા. જ્યારે ઈમામ શાફી પંદર વર્ષનાં થયા તો એમના ગુરૂએ કહ્યું ફતવા આપો, હવે તમારા ફતવા આપવાનો સમય આવી ગયો છે.

યાહયા બિન સઈદ કતાન નમાઝ પછી ઈમામ શાફિઈ માટે ખાસ દુઆ કરતા અને કહેતા કે હું એમના માટે દુઆ કરૂં છું કેમ કે તેઓ જે વાત કરે છે એ અલ્લાહના રસુલ ?ની સાચી હદીસને રજૂ કરે છે.

અબ્દુલ્લાહ બિન અબ્દુલ હકીમ કહેતા કે મુહમ્મદ બિન ઈદ્રીસ શાફ્ફીની સંગતમાં રહો કેમ કે મેં ઉસૂલે ઈલ્મ અથવા ઉસૂલે ફિકહમાં એમનાથી વધારે જ્ઞાની અને જાણકાર નથી જોયો.

હ.ઈમામ અહમદ બિન હમ્બલ ઈમામ શાફિઈ વિશે કહેતા કે મને જાણકારી મળી છે કે નબી (સ.અ.વ.) સાહેબએ ફરમાવ્યું 'નિશંક અલ્લાહ તાલાએ આ ઉમ્મત માટે દરેક સદીના છેડા પર એવી વ્યક્તિને મોકલશે જે એના ધર્મના મામલાઓને પુખ્ત કરશે (પુનર્જીવિત કરશે). પછી ઈમામ એહમદ બિન હમ્બલે ફરમાવ્યું મને આશા છે કે પહેલી સદીના અંતે ઉમર બિન અબ્દુલ અઝીઝ (મુજદ્દીદ) થઈ ગયા અને બીજી સદીના અંતમાં ઈમામ શાફ્ફી (મુજદ્દીદ) થયા.

એમનું સૌથી મહત્વનું કાર્ય કિતાબ અરરીસાલા ફિ ઉસૂલ અલ ફિકહ કે જે અરરીસાલાના ટૂંકા નામે પણ ઓળખાય છે. આ ગ્રંથ ફિકહ (ધર્મ ન્યાય શાસ્ત્ર) બાબતે છે.

એમનું બીજું મહત્વનું કાર્ય કિતાબ અલ ઉમ્મ છે. આ પણ શાફઇ ધર્મ ન્યાય શાસ્ત્ર બાબતે છે.

મુસનદ અસ શાફઇ : હદીસ સંગ્રહ છે. ઈમામ સાહેબે પોતે નથી લખ્યું પરંતુ એમના શિષ્ય અર રબીએ આ હદીસોનું સંકલન કર્યું હોવાનું મનાય છે.

એમણે 'ઈખ્તીલાફુલ હદીસ' (પ્રકાશક : દારૂલ ફિક્ર, બૈરૂત), કિતાબુલ ઈસ્તીહ્સાન અને કિતાબુલ જિમાઅ અલ ઈલ્મ પણ લખી હતી.

એમના કેટલાક અવતરણો ઘણા પ્રસિદ્ધ છે.

- કોઈ વ્યક્તિ માલદારી અને મનની ઈજ્જતથી ઈલ્મે દીન(ધાર્મિક જ્ઞાન) પ્રાપ્ત કરી સફળ નથી થઇ શકતી, જે વ્યક્તિ મનની વિનમ્રતા, ફકીરી, મોહતાજી અને જ્ઞાનની પ્રતિષ્ઠા સાથે પ્રાપ્ત કરશે એ સફળ થશે.
- વાતચીત માટે ખામોશી ( ચુપકીદી)થી મદદ લો અને મસાઈલ જાણવા માટે વિચાર અને ચિંતનથી લો.
- જે વ્યક્તિ પોતાના ભાઈને એકલતામાં નસિયત કરે છે એ એની સાથે ભલાઈ કરે છે અને જે જાહેરમાં નસિયત કરે છે એ એને અપમાનિત કરે છે.
- જે વ્યક્તિ થોડામાં સંતોષી હશે એને બીજા સામે અપમાનિત થવાનો કે મજબૂર થવાનો વારો નહીં આવે.
- જે વ્યક્તિમાં ત્રણ વાતો હશે, એનો ઈમાન પૂર્ણતા પ્રાપ્ત કરી લેશે. (૧) નેકી (ભલાઈનો) આદેશ આપે અને પોતે આચરણ કરે (૨) બુરાઈ (અનિષ્ટ)થી રોકે અને પોતે પણ રોકાઈ જાય અને (૩) અલ્લાહ તાલા આદેશોનું પાલન કરે.
- જે વ્યક્તિ ઈચ્છે કે અલ્લાહ તાલા ડહાપણનો પ્રકાશ એના હ્રદયમાં અજવાળી દે એને જોઈએ કે એકલતામાં રહે, ઓછું જમે અને મૂર્ખાઓની સંગત છોડી દે અને એ વિદ્વાનોથી બચે જેમની પાસે ન સાહિત્ય છે ન શિષ્ટાચાર ન જ સભ્યતા છે.

**Email. :-msaeed181@gmail.com**
**(મો. ૯૬૨૪૦૪૬૬૭૭)**

**(નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.)**

# 'અસંમતિ દર્શાવવી એ ગુનો નથી' : દલિત પીએચડી સ્કોલરને TISS દ્વારા ૨ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા

રામદાસ પ્રિનીશિવાનંદને ધ ક્વિન્ટને કહ્યું હતું કે, હું કોઈપણ ગેરકાનૂની પ્રવૃત્તિનો ભાગ ન હતો. હું મારા બંધારણીય અધિકારોનો ઉપયોગ કરી રહ્યો હતો અને બધા માટે શિક્ષણની માંગ કરી રહ્યો હતો. મારા મતે, તે સૌથી દેશભક્તિના કૃત્યો પૈકીનું એક છે.

ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સિસ (TISS), મુંબઈ દ્વારા પુનરાવર્તિત ગેરવર્તણૂક અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ માટે ૩૦ વર્ષીય દલિત પીએચડી સ્કોલરને ૧૮ એપ્રિલે બે વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

આ સસ્પેન્શન ઓર્ડરમાં ૭ માર્ચના રોજ રામદાસને જારી કરાયેલ કારણદર્શક નોટિસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેમાં તેમના પર ૧૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ દિલ્હીમાં સંસદની બહાર પ્રદર્શન યોજવાનો અને અન્ય બાબતોમાં પ્રતિબંધિત BBC દસ્તાવેજી ફિલ્મ સ્ક્રીનીંગ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. સંસ્થાની આ કાર્યવાહી પર સમગ્ર ભારતમાં વિદ્યાર્થી સંગઠનો તેમજ રાજકીય પક્ષો તરફથી તીવ્ર ટીકા કરવામાં આવી રહી છે, અને તેમણે આ સસ્પેન્શન ઓર્ડરને તાત્કાલિક રદ કરવાની માંગ કરી છે.

કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા (NSUI)એ તેને અસંમતિને શાંત પાડવાની પેટર્ન ગણાવી હતી, અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુલેએ જણાવ્યું હતું કે આ ઘટના ભાજપ વિરુદ્ધ વિદ્યાર્થીઓના અસંમતિ પર ક્રેકડાઉનના વ્યાપક વલણને પ્રતિબિંબિત કરે છે.

૨૦ એપ્રિલના રોજ જારી કરાયેલા જાહેર નિવેદનમાં, TISSએ જણાવ્યું હતું કે રામદાસને સંસદ માર્ચ સહિત વિરોધ પ્રદર્શન દરમિયાન વારંવાર ગેરકાનૂની પ્રવૃત્તિઓમાં સામેલ થવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ધ ક્વિન્ટ દ્વારા રામદાસની આ ઘટના અને સસ્પેન્શન ઓર્ડર અંગેના તેમના પ્રતિભાવ વિશે અને અન્ય વિદ્યાર્થીઓ સાથે વાત કરવામાં આવી જેમણે સંસ્થાની આ કાર્યવાહીને TISSનું ભગવાકરણ તરીકે વર્ણવ્યું હતું.

કેરળના ત્રિશૂરના વતની, રામદાસ દલિત સમુદાયના છે. તેઓ ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્કસવાદી) સાથે જોડાયેલા સ્ટુડન્ટ ફેડરેશન ઑફ ઈન્ડિયા (SFI)ના કેન્દ્રીય કાર્યકારી સમિતિના સભ્ય છે. તેઓ પ્રોગ્રેસિવ સ્ટુડન્ટ્સ ફોરમ (PSF), TISS ખાતેની વિદ્યાર્થી સંસ્થાના સભ્ય પણ છે. તેમની શો-કોઝ નોટિસમાં આ સંસ્થાએ રામદાસ પર ખોટી રીતે એવી છાપ ઉભી કરવાનો આરોપ મૂક્યો છે કે PSFએ TISS સાથે સંકળાયેલું છે અને તેના મંતવ્યોને TISSનું સમર્થન છે. ૧૬ વિદ્યાર્થી સંગઠનોએ, 'યુનાઈટેડ સ્ટુડન્ટ્સ ઑફ ઈન્ડિયા' હેઠળ અને વિપક્ષી ઈન્ડિયા ગઠબંધન સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ વિરૂદ્ધ ૧૨ જાન્યુઆરીએ દિલ્હીના જંતરમંતર ખાતે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને રામદાસ પણ આ પ્રદર્શનનો એક ભાગ હતા.



## વિદ્યાર્થીઓએ પીએચડી વિદ્યાર્થી વિરૂદ્ધ સંસ્થાની આ કાર્યવાહીને "TISS નું ભગવાકરણ" ગણાવ્યું હતું

તેમણે કહ્યું કે, હું ત્યાં વક્તાઓ પૈકી એક હતો. મારા ભાષણનો મુખ્ય ભાગ NEP ૨૦૨૦ અને કેન્દ્ર સરકારની બિન-સમાવેશકારી નીતિઓની ટીકા અંગે હતો. મેં ક્યાંય TISSનો ઉલ્લેખ કર્યો નથી કે હું સંસ્થાનો સત્તાવાર અભિપ્રાય લઈ રહ્યો છું. આ ઉપરાંત, અમારી પાસે વિરોધ પ્રદર્શન કરવા માટે દિલ્હી પોલીસની પૂર્વ પરવાનગી હતી. તો પછી તે ગેરકાનૂની કેવી રીતે હોઈ શકે ? કેન્દ્ર સરકારની નીતિ પ્રત્યે કોઈની અસંમતિ દર્શાવવી અથવા તેને ચિહ્નિત કરવી એ "ગુનાહિત કાર્ય નથી."

ગયા મહિને રામદાસને જારી કરાયેલ કારણ દર્શક નોટિસમાં એવો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો કે અયોધ્યામાં રામમંદિરના ઉદ્ઘાટનના વિરોધ અને અપમાનના ચિહ્ન તરીકે ૨૬ જાન્યુઆરીએ સાંજે ૭ વાગે વિદ્યાર્થીઓને ડોક્યુમેન્ટરી ફિલ્મ 'રામ કે નામ'ના સ્ક્રીનીંગમાં જોડાવા માટે આહવાન કર્યું હતું. જો કે, રામદાસે આ આરોપોને "જૂઠાણું" ગણાવીને રદિયો આપ્યો હતો. તેણે દાવો કર્યો હતો કે તેણે ફેસબુક પર એક પોસ્ટ મૂકી હતી, જેમાં લોકોને ડોક્યુમેન્ટરી જોવાનું કહ્યું હતું પરંતુ તેને જાહેર સ્ક્રીનિંગ માટે બોલાવ્યા ન હતા. આ ઉપરાંત, કોર્સ વર્કના ભાગ રૂપે આ ફિલ્મ પહેલા ઘણા એકાઉન્ટ્સ પર પ્રદર્શિત કરવામાં આવી છે. મેં ૧૭ ડિસેમ્બર ૨૦૧૬ના રોજ વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત સ્ક્રીનિંગમાં હાજરી આપી હતી. ૨૦૧૭માં, ટીઆઈએસએસ ખાતે સ્કૂલ ઑફ સોશિયલ વર્કના સત્તાવાર કાર્યક્રમ દરમિયાન તેનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું અને ડિરેક્ટર તેના હોસ્ટ હતા. તેમના જાહેર નિવેદનમાં, આ સંસ્થાએ જણાવ્યું હતું કે આ ડોક્યુમેન્ટરી, ભારત સરકાર દ્વારા પ્રચાર માનવામાં આવે છે, તેને જોવા માટે મંજૂરી આપવામાં આવી ન હતી.

આનંદ પટવર્ધન દ્વારા દિગ્દર્શિત ૧૯૯૨ની દસ્તાવેજી ફિલ્મ, ૧૯૯૩માં 'શ્રેષ્ઠ તપાસ ફિલ્મ' માટેનો રાષ્ટ્રીય પુરસ્કાર જીત્યો હતો અને અયોધ્યામાં બાબરી મસ્જિદ શહીદ કરવા માટે કટ્ટરવાદી સંગઠનોની ઝુંબેશ અને તેના કારણે સર્જાયેલી સાંપ્રદાયિક હિંસાનું ચિત્રણ કરે છે.

'કેન્દ્ર સરકાર દ્વારા ટેકઓવર પછી TISSનું ભગવાકરણ થયું છે' : વિદ્યાર્થીઓનું મંતવ્ય

TISS વહીવટીતંત્ર દ્વારા ભગત સિંહ મેમોરિયલ લેક્ચર્સ માટે વિવાદાસ્પદ ગેસ્ટ સ્પીકર્સને આમંત્રિત કરવાના આરોપ વિશે પૂછવામાં આવતા, PSF સભ્યએ નામ જાહેર ન કરવાની વિનંતી કરતાં, ધ ક્વિન્ટને કહ્યું કે, અગાઉના વહીવટીતંત્રે પ્રવચનો યોજવાની પરવાનગી આપી હતી. પરંતુ ગયા વર્ષે વહીવટીતંત્રે કાર્યકર્તા હર્ષ મંદર અને રેમન મેગ્સેસે પુરસ્કાર મેળવનાર બેઝવાડા વિલ્સનના પ્રવચનો યોજવાની પરવાનગી નકારી કાઢી હતી. તેણીએ દાવો કર્યો હતો કે રામદાસને નિશાન બનાવવામાં આવી રહ્યા છે કારણ કે તેઓ હંમેશા હોસ્ટેલ, ફી વધારો અને હિન્દુત્વ એજન્ડા પર સવાલ ઉઠાવતા હોય છે. "બીબીસી ડોક્યુમેન્ટરી ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચન"નું સ્ક્રીનીંગ કરવાના વહીવટીતંત્રના આક્ષેપ પર, આ સભ્યએ સ્પષ્ટતા કરી હતું કે રામદાસ સહિત કેટલાક વિદ્યાર્થીઓ કેમ્પસમાં લેપટોપ પર આ ફિલ્મ જોઈ રહ્યા હતા. રામદાસે જણાવ્યું હતું કે જૂન ૨૦૨૩-મે ૨૦૨૪ શૈક્ષણિક સત્રમાં કેન્દ્ર સરકારના કાર્યક્ષેત્ર હેઠળ આવતી TISS સહિતની બહુવિધ યુનિવર્સિટીઓમાં સંઘ પરિવારનો વિરોધ કરવા માટે વિદ્યાર્થી કાર્યકરોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આ કાર્યવાહી માત્ર વિદ્યાર્થીઓની સક્રિયતાના દમનને જ નહીં પરંતુ કેમ્પસનું સાંપ્રદાયિકકરણ અને ભગવાકરણ પણ સૂચવે છે.

અન્ય PSF સભ્યએ દાવો કર્યો હતો કે, આ સસ્પેન્શન ઉપરાંત, આ ઓર્ડરમાં રામદાસને TISSના તમામ કેમ્પસમાંથી પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા. આ સજાને કઠોર અને વાહિયાત ગણાવતા, તેઓએ આ સંસ્થાની ચેતવણી આપવાની પ્રથા અને વિદ્યાર્થીઓને વિરોધ પ્રદર્શનમાં ભાગ લેતા અટકાવવાનો માર્ગ ગણાવી હતી. રામદાસે કહ્યું હતું કે તેઓ તેમની "દલિત ઓળખ"ના કારણે "લક્ષ્ય" બની ગયા હતા. UGC NET પ્રવેશ પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરીને, મને અનુસૂચિત જાતિ (NFSC) વિદ્યાર્થીઓ માટે નેશનલ ફેલોશિપ એનાયત કરવામાં આવી હતી. તેથી, મારા શિક્ષણને સામાજિક ન્યાય મંત્રાલય દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. જો મને સસ્પેન્ડ કરવામાં આવશે, તો મારી NFSC સમાપ્ત થઈ જશે.

પીએસએફના એક સભ્યે સસ્પેન્શન ઓર્ડરના સમય પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે રામદાસે ૨૧ માર્ચે કારણદર્શક નોટિસનો જવાબ આપ્યો હતો અને ત્યારથી આ અંગે કોઈ વાતચીત થઈ નથી. PSF સદસ્યએ આક્ષેપ કર્યો હતો કે, વહીવટી તંત્રએ હવે સસ્પેન્શન ઓર્ડર જારી કર્યું છે કારણ કે વેકેશન શરૂ થઈ ગયું છે, અને વિદ્યાર્થીઓ તેમના ઘરે જવા માટે રવાના થઈ ગયા છે જેથી તેઓ તેમની કાર્યવાહી વિરુદ્ધ એકત્ર થઈ શકે નહીં. વિદ્યાર્થીઓએ કહ્યું કે તેઓ સંસ્થા દ્વારા આપવામાં આવેલા ૩૦-દિવસની વિન્ડોમાં નિર્ણય સામે અપીલ કરશે. રામદાસ વિરુદ્ધ વહીવટીતંત્રની કાર્યવાહીની વિદ્યાર્થી સંગઠનો, અધિકાર કાર્યકરો તેમજ રાજકારણીઓ તરફથી ટીકા કરવામાં આવી હતી. NCP સાંસદ સુપ્રિયા સુલેએ કહ્યું કે આ કાર્યવાહી શાસક ભાજપ સરકારના ઈશારે સંસ્થામાં વાણી સ્વાતંત્ર્ય અને અસંમતિની અવગણનાને દર્શાવે છે. ડીએમકેના નેતા અને તમિલનાડુના મંત્રી મનો થંગારાજે પણ સંસ્થાની નિંદા કરી હતી. યુનાઈટેડ સ્ટુડન્ટ્સ ઑફ ઈન્ડિયા, જેણે આ વર્ષે જાન્યુઆરીમાં સંસદ માર્ચ ટુ દિલ્હીનું આયોજન કર્યું હતું, તેણે આ ઘટનાને "ભાજપ-સંઘ પરિવાર વિરુદ્ધ અસંમતિના અવાજોને કચડી નાખવાનો પ્રયાસ" તરીકે ગણાવ્યો હતો. PSFએ જણાવ્યું હતું કે દસ્તાવેજી રામ કે નામના ડિરેક્ટર આનંદ પટવર્ધને સસ્પેન્શનને અલોકતાંત્રિક અને ગેરબંધારણીય ગણાવ્યું હતું, અને CPI(M)એ આ આદેશને તાત્કાલિક રદ કરવાની માંગ કરી હતી.

રામદાસે કહ્યું કે તેઓ આ આદેશ વિરુદ્ધ અપીલ કરશે અને તેમને આશા છે કે તે રદ કરવામાં આવશે. હું એક ગૌરવશાળી વિદ્યાર્થી તરીકે TISSમાં આવ્યો છું. હું TISSના મૂલ્યોની કદર કરું છું, જ્યાં અમે ચર્ચા અને અસંમતિ કેવી રીતે કરવી તે શીખ્યા છીએ. અત્યારે જે પણ થઈ રહ્યું છે તે દુર્ભાગ્યપૂર્ણ છે, પરંતુ મને આશા છે કે પરિસ્થિતિ વધુ સારી થઈ જશે અને બદલાશે.

- આકૃતિ હાંડા

(સૌ. : ધ ક્વિન્ટ)

# ફેબ્રુઆરી ૨૦૨૪માં ભારતમાં કોમી હિંસા અંગેનો રિપોર્ટ કાર્ડ



૧૮મી લોકસભા ચૂંટણી સુધી ભારતમાં સાંપ્રદાયિક વાતાવરણ જોવા મળ્યું છે. સેન્ટર ફોર સ્ટડી ઓફ સોસાયટી એન્ડ સેક્યુલરિઝમ (સીએસએસએસ)ના મોનિટરિંગ મુજબ, આ વર્ષે ફેબ્રુઆરીમાં, મીડિયાએ દસ કોમી રમખાણો, નવ નાના અને એક મોટા તોફાનોનો અહેવાલ આપ્યો હતો. કોમી રમખાણોમાં ૧૫૩થી વધુ લોકો ઘાયલ થયા અને છ લોકોનાં મોત થયા છે. એવું લાગે છે કે આ સાંપ્રદાયિક રમખાણોનો ઉદ્દેશ્ય ધાર્મિકતા સાથે લોકોને ધ્રુવીકરણ કરવાનો હતો. ઉલ્લેખનીય છે કે, તમામ દસ કોમી રમખાણો ભાજપ શાસિત રાજ્યોમાં થયા હતા. સાંપ્રદાયિક રમખાણોની સાથે, સંવેદનશીલ જૂથોની ધર્મની સ્વતંત્રતાને નિશાન બનાવતા ભેદભાવપૂર્ણ કાયદાઓ પણ પસાર કરવામાં આવ્યા હતા. આવો જ એક કાયદો ઉત્તરાખંડ દ્વારા પસાર કરાયેલ સમાન નાગરિક સંહિતા હતો, જે ૨૦૧૯ની ચૂંટણી પહેલા ભાજપ દ્વારા આપવામાં આવેલા વચનોમાંનો એક હતો.

- **કોમી રમખાણો :**

કુલ દસમાંથી સાત કોમી રમખાણો બિહાર રાજ્યમાં સરસ્વતી મૂર્તિ વિસર્જન દરમિયાન થયા હતા. આ કોમી રમખાણો બિહારના ઉત્તર અને પૂર્વમાં ભાગલપુર, સીતામઢી, સિવાન, દરભંગા, જમુઈ, શેખપુરા અને સહરસામાં થયા હતા. બિહારના આ કોમી રમખાણોમાં ૪૭ લોકો ઘાયલ થયા હતા. CSSSની તપાસ અનુસાર, તાજેતરના ભૂતકાળમાં ધાર્મિક સરઘસોએ મુસ્લિમોને નિશાન બનાવવા અને હિંસા ભડકાવવા માટે સાંપ્રદાયિક અપશબ્દો અને ઉશ્કેરણીજનક સૂત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હિંદુ ધર્મના આધિપત્યની ખાતરી કરવા માટે ધાર્મિક સરઘસોનો વધુને વધુ ઉપયોગ થાય છે. બાકીના ત્રણ કોમી રમખાણો ઉત્તરાખંડના હલ્દવાની, ઉત્તરપ્રદેશના બરેલી અને ગુજરાતના વડોદરામાં થયા હતા. ચારેય રાજ્યોમાં ભાજપનું શાસન છે. આ કોમી રમખાણોમાં છ લોકોના મોત થયા હતા - તમામ છ મૃત્યુ હલ્દવાની કોમી રમખાણોમાં થયા હતા. મૃત્યુ પામેલા આ છ વ્યક્તિઓમાંથી બે મુસ્લિમ હતા. ઉત્તરપ્રદેશના બરેલીમાં ૯ ફેબ્રુઆરીના રોજ સાંપ્રદાયિક રમખાણો થયા હતા, ઈસ્લામિક ધર્મગુરુ અને ઈત્તેહાદ-એ-મિલ્લત કાઉન્સિલના વડા તૌકીર રઝા ખાનના અનુયાયીઓ તેમની ધરપકડનો વિરોધ કરવા માટે શેરીઓમાં ઉતરી આવ્યા હતા. તેમની ચાલી રહેલા જ્ઞાનવાપી વિવાદ પર "જેલ ભરો" કોલ આપવા બદલ અટકાયત કરવામાં આવી હતી. આ વિવાદ બારાદરી પોલીસ સ્ટેશનની હદ હેઠળના શામત ગંજ વિસ્તારમાં તૌકીર રઝા ખાન દ્વારા આયોજિત વિરોધમાં ભાગ લઈને ઘરે પરત ફરી રહેલા લોકો પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. પોલીસે ટોળાને વિખેરવા માટે હળવો બળપ્રયોગ કરવો પડ્યો હતો. ઘટનાના તરત પછી, એક જૂથે પથ્થરમારો કર્યો અને તે સ્થળની નજીક બે હિંદુ મોટરસાયકલ સવારો પર હુમલો કર્યો અને તેઓને ઘાયલ કર્યા. કુલ ત્રણ લોકો ઘાયલ થયા હતા. કેટલીક મોટરસાયકલોની તોડફોડ કરવામાં આવી હતી. ગુજરાત રાજ્યના વડોદરામાં વધુ એક કોમી રમખાણ થયું હતું. આ કોમી રમખાણો ત્યારે થયા જ્યારે ૧૫૦થી વધુ લોકોનું ટોળું એક સોશિયલ મીડિયા પોસ્ટનો વિરોધ કરવા માટે એકત્ર થયું હતું જે ભગવાન રામ વિરુદ્ધ કથિત રીતે અપમાનજનક હતી અને કથિત રીતે સાહિદ પટેલ નામના વ્યક્તિ દ્વારા પોસ્ટ કરવામાં આવી હતી. પોલીસનો આરોપ છે કે જ્યારે આરોપી નવાપુરા પોલીસ સ્ટેશનમાં હાજર હતો ત્યારે મુસ્લિમોએ પથ્થરમારો શરૂ કર્યો હતો જેમાં ત્રણ વ્યક્તિઓને ઈજા થઈ હતી અને પોલીસે ૧૧ વ્યક્તિઓને પકડી પાડી હતી અને ૨૨ વ્યક્તિઓ સામે ગુનો નોંધ્યો હતો. ૮ ફેબ્રુઆરીએ ઉત્તરાખંડના હલ્દવાનીમાં કોમી રમખાણ થયા હતા. જો કે આ કોઈ એવો કોમી રમખાણ નથી જ્યાં એક સમુદાય દ્વારા બીજા સમુદાય વિરુદ્ધ હિંસા કરવામાં આવી હોય. આ કિસ્સામાં, અબ્દુલ રઝાક ઝકરિયા મદરેસા અને મરિયમ મસ્જિદના ધ્વંસને કારણે હિંસા માટે ઉશ્કેરાયેલા મુસ્લિમ સમુદાયે વહીવટીતંત્ર સામે બદલો લીધો હતો. ધાર્મિક સ્થળોને બુલડોઝ કરવામાં સત્તાવાળાઓની ઉતાવળભરી કાર્યવાહી કરવામાં આવી હતી, આ બાંધકામોની કાયદેસરતા માટે હાઈકોર્ટ સમક્ષ મુકદ્દમો ચાલી રહ્યો હતો, ત્યારે આ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો. સત્તાવાળાઓએ આક્ષેપ કર્યો હતો કે બાંધકામો ગેરકાયદેસર હતા. હલ્દવાનીના રહેવાસીઓએ કથિત રીતે નગરપાલિકાના કામદારો પર પેટ્રોલ બોમ્બ અને પથ્થરમારો કર્યો હતો. ત્યારપછી પોલીસે શોધ અને અટકાયત દરમિયાન અંધાધૂંધ ગોળીબાર અને નિર્દયતા સહિત અતિશય બળનો ઉપયોગ કર્યો હતો. પોલીસ કાર્યવાહી દરમિયાન છ લોકોનાં મોત થયા હતા અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. પટેલ સહિત પાંચથી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા-માર્ક્સિસ્ટ (સીપીઆઈ-એમ)એ રાજ્યપાલને લખેલા ખુલ્લા પત્રમાં હિંસા અંગેના વિગતવાર તથ્યો બહાર પાડ્યા હતા. કોમી રમખાણો ઉપરાંત, મુસ્લિમો અને ખ્રિસ્તીઓની ધર્મની સ્વતંત્રતા પર અંકુશ લગાવતા રાજ્ય દ્વારા ભેદભાવપૂર્ણ કાયદા પસાર થયાની ઘટનાઓ પણ બની છે. આ કાયદાઓનો હેતુ હિંદુ ધર્મને વિશેષાધિકાર આપવા અને ધાર્મિક ઓળખના આધારે ભેદભાવ કરવાનો છે. દાખલા તરીકે, ઉત્તરાખંડે વિવાદાસ્પદ સમાન નાગરિક સંહિતા અધિનિયમ પસાર કર્યો જે લગ્ન, છૂટાછેડા, દત્તક, વારસા વગેરે બાબતોમાં તમામ ધાર્મિક સમુદાયોને લાગુ પડશે, જે ભારતમાં વ્યવહારમાં રહેલા વ્યક્તિગત કાયદાઓને બદલે છે. હિતધારકો સાથે કોઈપણ ચર્ચા કર્યા વિના આ કાયદો પસાર કરવાની વ્યાપક ટીકા થઈ રહી છે. ભારતમાં વ્યવહારમાં વ્યક્તિગત કાયદાઓ વિવિધ સમુદાયોને સાંસ્કૃતિક સ્વાયત્તતા સુનિશ્ચિત કરે છે. જો કે, ઉત્તરાખંડ રાજ્ય દ્વારા પસાર કરાયેલ સમાન નાગરિક સંહિતા દ્વારા આવશ્યકપણે હિંદુ કાયદાઓમાંથી મોટાભાગની જોગવાઈઓ લેવામાં આવી છે અને તેને એકરૂપતા અને વર્ચસ્વ બનાવવા માટે આ હિન્દુ કાયદાઓ વિવિધ સમુદાયો પર લાદવામાં આવી રહ્યા છે. આવી પસંદગીની નીતિઓના અન્ય એક ઉદાહરણમાં, આસામ કેબિનેટ આસામ કેબિનેટે આસામ હીલિંગ (પ્રિવેન્શન ઓફ એવિલ) પ્રેક્ટિસ બિલ, ૨૦૨૪, જે સારવારના નામે જાદુઈ ઉપચાર પદ્ધતિઓના મુદ્દાને સંબોધવા માટે મંજૂરી આપે છે. આ બિલ સારવાર અથવા જાદુઈ ઉપચારની આડમાં ગેરકાયદેસર પ્રથાઓમાં સામેલ થવા માટે કેદ અને દંડની જોગવાઈ કરે છે. હિમંતા બિસ્વા સરમાએ તેમના નિવેદનમાં વિસ્તૃત વર્ણન કર્યા મુજબ ખ્રિસ્તી ધર્મપ્રચારકો આદિવાસીઓને ધર્માંતરિત કરી રહ્યા છે તે અપ્રમાણિત આધાર પર આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, અમે આસામમાં ધર્મ પ્રચાર પર અંકુશ લગાવવા માંગીએ છીએ અને આ સંદર્ભમાં, એવા ઉપચાર પર પ્રતિબંધ એ એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. અમે આ બિલને પાઈલટ કરવા જઈ રહ્યા છીએ કારણ કે અમે માનીએ છીએ કે ધાર્મિક સ્થિતિ યોગ્ય સંતુલન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. મુસ્લિમોને મુસ્લિમ રહેવા દો, ખ્રિસ્તીઓને ખ્રિસ્તી રહેવા દો, હિન્દુઓને હિન્દુ રહેવા દો. તેમણે કહ્યું હતું કે જાદુઈ ઉપચાર એ આદિવાસી લોકોને ધર્માંતરિત કરવા માટે ઉપયોગમાં લેવાતો વિષય છે. સરમાએ ઉત્તરાખંડની જેમ આસામમાં UCC લાવવાનું પણ વચન આપ્યું હતું. વધુમાં, આસામ સરકારે આસામ મુસ્લિમ લગ્ન અને છૂટાછેડા નોંધણી અધિનિયમ ૧૯૩૫ નાબૂદ કર્યો હતો. મુખ્ય પ્રધાને દલીલ કરી હતી કે બાળલગ્નને રોકવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉત્તરાખંડ સરકારે ઉત્તરાખંડ સાર્વજનિક અને ખાનગી સંપત્તિ નુકસાન પુનઃપ્રાપ્તિ બિલ નામનું બિલ રજૂ કરવાની દરખાસ્ત પણ કરી છે. જો કાયદો પસાર થશે તો તોફાનીઓને સરકારી અને ખાનગી સંપત્તિના નુકસાન માટે જવાબદાર બનાવશે. આ કાયદો હલ્દવાનીમાં કથિત ગેરકાયદે મરિયમ મસ્જિદ અને અબ્દુલ રઝાક ઝકરિયા મદ્રેસાને તોડી પાડવાથી સર્જાયેલા કોમી રમખાણોની પૃષ્ઠભૂમિમાં આવ્યો છે. આ કાયદાનો આધાર અન્ય ભાજપ શાસિત રાજ્યોમાં ટાંકવામાં આવ્યો છે જ્યાં આ કાયદો કાર્યરત છે અને મુસ્લિમોને તોફાની જાહેર કરવા અને તેઓને ખાનગી સંપત્તિના નુકસાન માટે જવાબદાર ગણવામાં આવે છે. લઘુમતી બાબતોના મંત્રાલયે એક નોટિસ દ્વારા મૌલાના આઝાદ એજ્યુકેશન ફાઉન્ડેશન (MAEF)ને વહેલી તકે બંધ કરવાની સૂચના આપી હતી. MAEF લઘુમતી સમુદાયના સભ્યો-મુસ્લિમ, ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ, પારસી અને જૈનોના ઉત્થાન માટે હતું. સમાજના પછાત વર્ગોમાં શિક્ષણને પ્રોત્સાહન આપવાના મિશન સાથે સ્થપાયેલ, મૌલાના આઝાદ એજ્યુકેશન ફાઉન્ડેશનને લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું. લઘુમતી સમુદાયોના વિદ્યાર્થીઓ માટે આવી શિષ્યવૃત્તિ બંધ કરવાથી આવા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સંભાવનાઓ પર પ્રતિકૂળ અસર પડશે. છત્તીસગઢ સરકાર આગામી દિવસોમાં "છત્તીસગઢ પ્રોહિબિશન ઓફ અલોફુલ રિલિજિયસ કન્વર્ઝન બિલ" રજૂ કરી રહી છે જે અન્ય ધર્મમાં ધર્મ પરિવર્તન કરવા ઈચ્છતી વ્યક્તિએ ઓછામાં ઓછા ૬૦ દિવસ અગાઉ વ્યક્તિગત વિગતો સાથેનું ફોર્મ ભરીને જિલ્લા મેજિસ્ટ્રેટને સબમિટ કરવાનું ફરજિયાત કરે છે. વધુમાં, રૂપાંતરણ પછી, વ્યક્તિએ ૬૦ દિવસની અંદર બીજું ઘોષણા ફોર્મ ભરવું પડશે અને ચકાસણી માટે પોતાને ડીએમ સમક્ષ રજૂ કરવા પડશે. આવા કાયદાઓ વ્યક્તિઓ પર તેમની પોતાની સ્વતંત્ર ઈચ્છાથી ધર્માંતરણ કરવા માટે પ્રતિબંધોને કડક બનાવે છે. આવા કાયદાઓ ધર્મ પસંદ કરવા અને તેનું આચરણ કરવા માટે વ્યક્તિઓની વ્યક્તિગત પસંદગીઓમાં પણ હુમલો કરે છે. ભારતીય વારસામાં ઈસ્લામ અને મુઘલ રાજાઓના યોગદાનને દૂર કરવાના બીજા એક પ્રયાસમાં, ઉત્તરપ્રદેશ મેટ્રો રેલ કોર્પોરેશન (UPMRC)એ જામા મસ્જિદ મેટ્રો સ્ટેશનનું નામ બદલીને માનકમેશ્વર રાખ્યું છે.

- **અપ્રિય ભાષણો :**

CSSSના મોનિટરિંગ અનુસાર, ફેબ્રુઆરી મહિનામાં દ્વેષપૂર્ણ ભાષણોની ચાર મોટી ઘટનાઓ નોંધાઈ હતી. ચારમાંથી ત્રણ નફરતભર્યા ભાષણો ભાજપના મોટા નેતાઓ દ્વારા કરવામાં આવ્યા હતા. મહારાષ્ટ્રના બીજેપી વિધાનસભ્ય નિતેશ રાણેએ બે વખત ડેટા કે પુરાવા વિના આરોપ લગાવ્યો કે મહારાષ્ટ્રમાં 'લેન્ડ જેહાદ' અને 'લવ જેહાદ' થઈ રહી છે. એક ઉદાહરણ સાથે તેણે આરોપ લગાવ્યો કે INR ૩૦૦ કરોડની વીજળીની ચોરી માલેગાંવમાં આતંકવાદી પ્રવૃત્તિઓને ભંડોળ પૂરું પાડે છે. માલેગાંવમાં થયેલા બોમ્બ વિસ્ફોટ કેસમાં ન્યાયતંત્રે કટ્ટર હિંદુવાદી નેતા પ્રજ્ઞા ઠાકુરને દોષિત ઠેરવી હતી. મુંબઈમાં નિતેશ રાણેએ અન્ય એક ઘટનામાં BMC અને MHADAના અધિકારીઓ પર આરોપ મૂક્યો હતો કે તેઓ "રોહિંગ્યાઓને" ગોવંડી અને માનખુર્દમાં ગેરકાયદેસર રીતે સ્થાયી થવા માટે જમીન આપીને લેન્ડ જેહાદની સુવિધા આપી રહ્યા છે. તેણે ધમકી આપી હતી કે જો MHADA તેને તોડી નહીં પાડે તો ગોવંડી અને માનખુર્દ વિસ્તારની તમામ મસ્જિદો તોડી પાડશે. નફરતભર્યા ભાષણોનો ઈતિહાસ ધરાવતા રાણે સામે કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. અન્ય એક ઘટનામાં, પશ્ચિમ બંગાળમાં ભાજપના વિપક્ષી નેતા સુવેન્દુ અધિકારીની આગેવાની હેઠળની રેલીમાં એક વિરોધકર્તાએ એક વરિષ્ઠ IPS શીખ ઓફિસને ખાલિસ્તાની કહ્યા હતા. પ્રદર્શનકારીઓ પશ્ચિમ બંગાળના સંદેશખાલી જઈ રહ્યા હતા. ગુજરાતમાં એક વીડિયોમાં મુંબઈના ધાર્મિક નેતા મુફતી સલમાન અઝહરીએ ઉશ્કેરણીજનક નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, "અભી તો કરબલા કા અખારી મેદાન બાકી હૈ, કુછ દેર કી ખામોશી હૈ ફિર આયેગા, આજ કુત્તો કા વક્ત હૈ કલ હમારા દૌર આયેગા". તેમની ધરપકડથી વડોદરામાં વિરોધ અને કોમી રમખાણો થયા છે.

- **હેટ ક્રાઈમ્સ :**

જાન્યુઆરીમાં મહારાષ્ટ્રમાં કંકાવલીથી મુંબઈ જતી ટ્રેનમાં લગભગ ૩૦થી ૪૦ વ્યક્તિઓના ટોળાએ આસિફ શેખને "જય શ્રી રામ" કહેવા માટે દબાણ કર્યું હતું. તેઓએ આ ત્રણ જણના કુટુંબને ધિક્કારનું નિશાન બનાવ્યું હતું. આસિફ તેની પત્ની અને નાની પુત્રી સાથે મુસાફરી કરી રહ્યો હતો. પરિવાર પર હુમલાનો વીડિયો વાયરલ થયો હતો. જ્યારે આસિફે તેમનો વિરોધ કર્યો ત્યારે ટોળાએ આસિફની પુત્રી પર ગરમ ચા ફેંકી હતી.

(સૌ. : સબરંગ ઈન્ડિયા)

# દેશની જે પરિસ્થિતિ છે તેને બદલવા મુસ્લિમોએ ડર, ખૌફ અને લાલચ છોડી સમજદારીપૂર્વક અચૂક મતદાન કરવું જોઈએ : મુહમ્મદ શફી મદની

## લોકસભાની ચૂંટણીની ૭મી તારીખ હવે આપણા માટે નવેસરથી આઝાદીનું પર્વ બનવું જોઈએ

દેશભરમાં હાલ લોકશાહીનું પર્વ એટલે કે ચૂંટણી યોજાઈ રહી છે. ૧૬મી લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કામાં ગુજરાતમાં ૨૬ બેઠકો પર ૭મી મેના રોજ

### હાલ દેશમાં લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા સામે અનેક પડકારો છે

મતદાન થવાનું છે ત્યારે 'ગુજરાત ટુડે'ની શુભેચ્છા મુલાકાતે આવેલા જમાઅતે ઈસ્લામી હિન્દના નેશનલ સેક્રેટરી અને મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સદસ્ય મુહમ્મદ

### મુસ્લિમ એક મિલ્લત છે એક ઉમ્મત છે આપણે ફિરકાપરસ્તી, જાત-પાત અને બિરાદરી છોડી સંગઠિત બનવું પડશે

શફી મદનીએ વર્તમાન સમયમાં ભારતમાં મુસ્લિમોની સ્થિતી અને ચૂંટણી સંદર્ભે દિલ ખોલીને કેટલીક વાતો કરી હતી. તેમણે ભારતમાં મુસ્લિમોની સ્થિતી વિશે વાત કરતા જણાવ્યું કે મુસ્લિમો માટે પડકારો એ કોઈ નવી વાત નથી. આઝાદી પછી ભારતમાં મુસ્લિમો અનેક પડકારો વચ્ચે જીવન જીવી રહ્યા છે. એટલે કે મુસ્લિમોનું જીવન સંઘર્ષમય તો રહ્યું જ છે પણ છેલ્લા ૧૦ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૪થી વર્ષ ૨૦૨૪ સુધીના વર્ષોમાં ઘણા નવા પડકારો ઊભા થયા છે. જેમાં મુસ્લિમોના દીન, આસ્થા અને ઈમાન સામે જ પડકાર ઊભો થયો છે. ઈસ્લામી સંસ્કૃતિ સાથે જીવવું જરા મુશ્કેલ થઈ રહ્યું છે. એમાંય જે મોટો પ્રશ્ન છે એ તેની ઓળખનો પ્રશ્ન છે. તેની પાસે બંધારણીય અધિકારો હોવા છતાં ઈસ્લામે જે ઓળખ આપી છે. એ ઓળખ સાથે ભારતમાં જીવવું અઘરૂં બનવા લાગ્યું છે. હવે એવું લાગે છે કે તેણે કેવી રીતે રહેવું ? શું પહેરવું ? શું ખાવું ? ટૂંકમાં કેવી રીતે જીવવું ? એ બધું જ અન્ય પરિબળો નક્કી કરશે. આમ આ બાબત ખૂબ ચિંતાજનક છે. પાછલી સરકારોમાં પણ મુસ્લિમો સાથે ઓરમાયું વર્તન થતું જ હતું એમાં હવે ખૂબ વધારો થયો છે. મુસલમાન આ દેશમાં કપરી પરિસ્થિતિમાં જીવે છે ત્યારે હાલની સ્થિતિ જોતા આવનાર સમયમાં જીવન જીવવું વધુ વિકટ બનશે.

આ વિકટ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા અંગે તેમણે જણાવ્યું કે આ માટે મુસ્લિમોને કુર્આન અને ઈસ્લામે રસ્તો બતાવ્યો જ છે. ગમે તેવી પરિસ્થિતિ સર્જાય ડર, ખૌફ અને નિરાશાભર્યું વર્તન મુસ્લિમોને શોભતું નથી. અલ્લાહે દરેક મુસ્લિમોને એક અલગ વ્યક્તિત્વ આપ્યું છે.




### શિક્ષણ ક્ષેત્રે મુસ્લિમો આગળ ન આવે હાલની સરકાર તો આવું જ ઈચ્છે છે છતાં મુસ્લિમ સમાજ પોતાની તાકાત પર આગળ વધી રહ્યો છે જે એક શુભ સંકેત છે

એને અલ્લાહ પર ભરોસો છે. વિકટમાં વિકટ પરિસ્થિતિનો સામનો હિમ્મતપૂર્વક કરવો એ મુસ્લિમની ઓળખ છે. કેમ કે મુસલમાન એક ઉમ્મત છે. એક મિલ્લત છે. એક એવો સમૂહ છે જે અલ્લાહ તરફથી છે. આ સારી રીતે સમજવું પડશે. અહીં મુશ્કેલી એ છે કે આપણે ઘણા ફિરકા, જાત-પાત અને બિરાદરીમાં વહેંચાયેલા છીએ. જાત-પાત ફિરકા અને બિરાદરીમાંથી બહાર નીકળી એક ઉમ્મત તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરવી પડશે જ્યાં સુધી સંગઠિત નહીં થઈએ ત્યાં સુધી સામૂહિક જીવનના આ પડકારોનો સામનો કરવો

**મુલાકાત**

મુશ્કેલ છે.

મુસ્લિમ સમાજમાં શિક્ષણ અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે શિક્ષણને લઈ હજું ઘણા પછાત છીએ પણ છેલ્લા વર્ષોમાં શિક્ષણ ક્ષેત્રે મુસ્લિમ સમાજ પોતાની રીતે પગભર થયો છે એ આનંદની વાત છે, એક શુભ સંકેત છે. ૨૦૦૨ પહેલાં અને પછીની સ્થિતી જોઈએ તો શૈક્ષણિક સ્તર ઘણું સુધર્યું છે. કેમ કે મુસ્લિમોને સરકાર તરફથી કોઈ ખાસ સુવિધાઓ નથી મળી પણ તે પોતાની તાકાતથી આ ક્ષેત્રે પગભર થઈ રહ્યો છે અને આ આખા ભારતમાં થઈ રહ્યું છે. ભૂતકાળમાં સાચર કમિટીના સૂચન પછી મુસ્લિમો માટે સ્કોલરશીપ સહિતની જે

### દેશમાં મુસ્લિમો સામે અનેક પડકારો છે જેના કારણે દીન, ઈમાન અને આસ્થા સાથે જીવન જીવવું મુશ્કેલ બન્યું છે

યોજનાઓ હતી. એ પણ ક્રમશઃ બંધ થઈ છે. હાલની સરકારના તો પ્રયત્નો જ એવા છે કે મુસ્લિમો આગળ ન આવે. અમને ખબર છે કે અમારે જ્યારે કોઈ શાળા શરૂ કરવા

### મુસ્લિમોએ હવે કેવી રીતે જીવવું એ અન્ય પરિબળો નક્કી કરશે તેવું લાગી રહ્યું છે

પરવાનગી લેવાની હોય કે રજિસ્ટ્રેશન કરાવાનું હોય ત્યારે આ કામગીરી સરળ નથી હોતી. સરકારની નીતિઓ એમાં અવરોધરૂપ બને છે અને એના માટે લડત આપવી પડે છે. જો કે આ સમગ્ર બાબતોમાં આખા દેશમાં હાલ મુસ્લિમો વધુ સજાગ અને સમજદાર બન્યા છે. તે ખૂબ સારી બાબત ગણાવી શકાય.

જ્યારે ચૂંટણી અંગે સવાલ કરતા મુહમ્મદ શફી મદનીએ જણાવ્યું હતું કે અગાઉ પણ ચૂંટણીઓ તો થઈ જ છે પણ આ વખતની ચૂંટણીઓ કંઈક અલગ છે. એવું લાગે છે કે આ ચૂંટણીના પરિણામો લાંબાગાળા સુધી ભારત પર અસર કરશે. જે લોકો છેલ્લા ૧૦ વર્ષથી સત્તામાં હતા. તેમણે સત્તાનો ઉપયોગ કે દુરૂપયોગ જે કર્યો પણ તેનાથી ભારતની છબિ દરેક ક્ષેત્રમાં ખરાબ થઈ છે. ભારતની લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા સામે પડકારો ઊભા થયા છે. સત્તાધીશોએ જે રીતે સરકાર ચલાવી તે જોતા લાગી રહ્યું છે કે જાણે બંધારણનું કોઈ મહત્ત્વ જ નથી. ઘણા કામો બંધારણથી વિરૂદ્ધ થઈ રહ્યા છે. થયા છે. તેમણે બંધારણે આપેલા હક્ક મારી ખાધા છે. આ સરકારની નીતિઓએ એક ચોક્કસ વર્ગને આગળ વધાર્યો છે જ્યારે અન્ય સામાન્ય વર્ગોની કોઈ પરવા જ નથી કરી. એક વર્ગ માટે બધી જ છૂટછાટ છે જેમ કે કોર્પોરેટ કે ઉદ્યોગપતિઓનો વર્ગ, તો બીજી તરફ દરેક ક્ષેત્રમાં સામાન્ય માણસ માટે જીવવું ખૂબ જ કપરૂં બની ગયું છે. સાર્વભૌમત્વ, લોકશાહી, બિનસાંપ્રદાયિકતા હવે માત્ર કહેવા પુરતા જ રહ્યા હોય એવું લાગી રહ્યું છે અને તેથી જ કહું છું કે દેશની જે પરિસ્થિતિ છે તે સામે જ છે અને એને બદલવાનું સાધન છે ચૂંટણીઓ.

લોકશાહી દેશમાં સત્તાનું પરિવર્તન લોકશાહી ઢબે જ થવું જોઈએ એમ માની મુસ્લિમો સહિત તમામે પોતાના મતાધિકારનો ઉપયોગ ચોક્કસ કરવો જ જોઈએ. મુસ્લિમોએ તો સમજદારીપૂર્વક અને બુદ્ધિપૂર્વક ભારતની હાલની જે પરિસ્થિતિ છે તેને બદલવા માટે મત આપવા અચૂક જવું જોઈએ કેમ કે વોટ એ આપણી તાકાત છે અત્યારે સમય એ નથી કે આપણે આપણા ઘરોમાં બેસી રહીએ. અત્યારે સમય એ છે કે ૭મી તારીખ હવે આપણા માટે નવેસરથી આઝાદીનું પર્વ બનવું જોઈએ. આખા સમાજનો એક પણ વ્યક્તિ મતદાનથી વંચિત ન રહેવો જોઈએ. લોકોમાં સમજ આવી છે. ખાસ કરીને ભારતનો મુસ્લિમ સમાજ સમજદાર બની રહ્યો છે. એટલે મારૂં માનવું છે કે મુસ્લિમોએ પોતાના મતાધિકારનો ભરપૂર ઉપયોગ કોઈપણ જાતના ડર, ખૌફ કે લાલચ વગર કરવો જોઈએ.

# લોકસભા ચૂંટણી ૨૦૨૪ : આ વખતે આપણે શા માટે ચોક્કસ મતદાન કરવાની જરૂર છે

છેલ્લી બે ચૂંટણીઓ દરમિયાન ભારતમાં એક ગૂંચવણભરી ઘટના જોવા મળી છે, જો કે અશિક્ષિત અને ગ્રામીણ મતદારો તેમના મતાધિકારનો નિષ્ઠાપૂર્વક ઉપયોગ કરે છે, પરંતુ શહેરી મતદારો, જેઓ મોટાભાગે ઉચ્ચ શિક્ષિતો છે તેઓ તેમનો મત આપવાનું ટાળવાનું પસંદ કરે છે અને પછી પરિણામો અંગે શોક વ્યક્ત કરે છે. પરંતુ ૨૦૨૪માં, દરેક વ્યક્તિ અને ખાસ કરીને લઘુમતીનો શિક્ષિત વર્ગ જો તેઓ પોતાની અને તેમના સગા-સંબંધીઓની સલામતી સુનિશ્ચિત કરવા અને બંધારણીય અને બિનસાંપ્રદાયિક મૂલ્યોનું રક્ષણ કરવા માંગતા હોય તો તેઓ મતદાન કરવા માટે મોટી સંખ્યામાં બહાર આવે તે નિર્ણાયક છે.

ભારતમાં ચૂંટણીનો ઉત્સવ ફરી શરૂ થયો છે અને ૧૯ એપ્રિલથી શરૂ થનારી આ વિશાળ કવાયતના પ્રથમ તબક્કા સાથે, રાજકીય પંડિતો ફરી એકવાર આશ્ચર્યમાં છે કે ભારતીય મુસ્લિમો કેવી રીતે મતદાન કરશે.

જો આપણે છેલ્લી બે સામાન્ય ચૂંટણીઓના ચૂંટણી પરિણામોનું વિશ્લેષણ કરીએ તો આપણને ખ્યાલ આવે છે કે રાષ્ટ્રીય સ્તરે કોઈપણ મુસ્લિમ પક્ષ મુસ્લિમ મતદારોને મોટી સંખ્યામાં આકર્ષિત કરી શક્યો નથી. જો કે તેઓ ઘણા મતવિસ્તારોમાં મત વિભાજક અને પરિણામ બગાડનાર સાબિત થયા હતા. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીના ભારતીય ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ ડેટા દર્શાવે છે કે શાસક ભાજપને દેશમાં ૪૦ બેઠકો પર ખૂબ જ સાંકડી જીત મળી હતી. ૨૦૧૯માં ભાજપની ૩૦૩ સીટમાં ૪૦ જેટલી બેઠકો પર ૫૦,૦૦૦થી ઓછા મતોથી જીત મેળવી હતી. આ સામાન્ય રીતે ઉલટાવી શકાય તેવું માર્જિન માનવામાં આવે છે.

આનો અર્થ એ થયો કે જો માર્જિન ઉલટાવી દેવામાં આવ્યું હોત, તો તેની સંખ્યા ઘટીને ૨૬૩ થઈ ગઈ હોત. આ ૪૦ બેઠકો પરની સાંકડી જીતમાંથી ૧૧ કોંગ્રેસ પક્ષ વિરુદ્ધ અને છ બહુજન સમાજ પાર્ટી, સમાજવાદી પાર્ટી અને બીજુ જનતા દળ, ચાર તૃણમૂલ કોંગ્રેસ વિરુદ્ધ, બે રાષ્ટ્રીય લોક દળ, અને એક-એક ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ, ઝારખંડ મુક્તિ મોરચા, જનતા દળ (સેક્યુલર) અને એક સ્વતંત્ર ઉમેદવાર વિરુદ્ધ હતી. તદુપરાંત, આ બેઠકોમાંથી ૧૪ બેઠકો ઉત્તરપ્રદેશ જેવા નિર્ણાયક રાજ્યમાં હતી. યુપીના મચલીશહરમાં છેલ્લી ચૂંટણીઓમાં માત્ર ૧૮૧ મતોથી ભાજપના સાંસદ શંકાસ્પદ રીતે ચૂંટાઈ રહ્યા છે. એકંદરે, તેની ૩૦૩ બેઠકોમાંથી, ભાજપે ૭૭ બેઠકો પર એક લાખથી ઓછા મતોથી જીત મેળવી હતી. સૌપ્રથમ, આ તથ્યોને ધ્યાનમાં રાખીને બિનસાંપ્રદાયિક રાજકીય પક્ષોની અને ખાસ કરીને મુસ્લિમ નેતાઓની વ્યૂહરચના એવી હોવી જોઈએ કે તેઓ આ નિર્ણાયક બેઠકો પર ધ્યાન કેન્દ્રિત કરે અને ભાજપ વિરૂદ્ધ મોરચો ઊભો કરે. જો આપણને આ પ્રયાસોમાં તેમની કમી જોવા મળે છે, તો સમુદાયના બૌદ્ધિકો અને નિષ્ણાતો, જેઓ વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર મજબૂત રીતે સક્રિય છે, તેમણે મુસ્લિમ મતદારોને સકારાત્મક મતદાન કરવા માટે સમજાવવા જોઈએ.

બીજું, આજના ભારતમાં સોશિયલ મીડિયાના મહત્વનો ઉલ્લેખ, આ માધ્યમના મહત્વ પર અલ જઝીરા દ્વારા આપવામાં આવેલા તાજેતરના અહેવાલ તરફ અમારું ધ્યાન દોરે છે અને તેનો ઉપયોગ કેવી રીતે ખોટી માહિતી ફેલાવવા અને મતદારોમાં ઈસ્લામોફોબિયા વધારવા માટે કરવામાં આવે છે તેનું એક ઉદાહરણ દર્શાવે છે. ભારતમાં ૪૬૦ મિલિયનથી વધુ YouTube



વપરાશકર્તાઓ છે, જેના લીધે આ પ્લેટફોર્મનું સૌથી મોટું બજાર બની ગયું છે, ભારતમાં પાંચમાંથી ચાર ઈન્ટરનેટ વપરાશકર્તાઓ તેની સામગ્રીનો ઉપયોગ કરે છે. અને હવે તો વધુને વધુ ભારતીયો દરરોજ YouTube પરથી તેમના સમાચાર મેળવી રહ્યા છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે મોટાભાગે આ યુટ્યુબ ચેનલો સમાચારોની આડમાં ખોટી માહિતી ફેલાવે છે. આમાંની કેટલીક યુટ્યુબ ન્યૂઝ ચેનલો વધુ વિકૃત માહિતી અને ઈસ્લામોફોબિયાનો ફેલાવો કરે છે અને ઘણી વખત આવી ચેનલો તેના ટીકાકારો અને વિપક્ષી નેતાઓને અયોગ્ય રીતે નિશાન બનાવે છે અને મોદી અને તેમની પાર્ટી ભાજપને મદદ કરે છે.

જો કે, આ ચેનલો અનન્ય છે અને તે એટલા માટે છે કારણ કે તેઓ 'સમાચાર' ચેનલો હોવાનો દાવો કરે છે, દેખીતી રીતે તેઓ હકીકત-આધારિત અહેવાલ રજૂ કરવાનો દાવો કરે છે. ખરેખર આવી ચેનલો મોદીના હરીફ રાજકારણીઓની મજાક ઉડાવવાથી લઈને હિંદુઓને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી રહેલા મુસ્લિમો વિશેના કાવતરાના સિદ્ધાંતો રજૂ કરતી રહે છે અને આ ચેનલો ઘણીવાર ભાજપના પોતાના પ્રચાર પ્રયાસોને પૂરક બનાવે છે.

આ ચેનલો, મુખ્ય પ્રવાહની સમાચાર ચેનલો કરતાં ઓછી જાણીતી હોવા છતાં, લાખો દર્શકો ધરાવે છે, જે તેમને વિશ્વની સૌથી મોટી લોકશાહી કેવી રીતે આ સમાચારોનો ઉપયોગ કરી રહી છે તેમાં ભારત તેની રાષ્ટ્રીય ચૂંટણી અંગેની ભૂમિકા પણ આપે છે. આ રિપોર્ટ જણાવે છે કે, દાખલા તરીકે, NMF ન્યૂઝ, જે ભારતની ટોચની ૧૦૦ YouTube સમાચાર અને રાજકારણ ચેનલોમાં સ્થાન ધરાવે છે, તેના ૮.૧ બિલિયન વ્યૂઝ સાથે ૧૮.૨ મિલિયનથી વધુ સબ્સ્ક્રાઈબર્સ છે. હેડલાઈન્સ ઈન્ડિયા, ૮.૮૩ મિલિયનથી વધુ સબ્સ્ક્રાઈબર્સ સાથે લગભગ ૩ બિલિયન વ્યૂઝ ધરાવે છે; રાજધર્મ ન્યૂઝ, તેના ૩.૨ મિલિયન સબ્સ્ક્રાઈબર્સ સાથે લગભગ ૦.૯ બિલિયન વ્યૂઝ ધરાવે છે. આટલી વ્યાપક પહોંચ સાથે, ખાસ કરીને ચૂંટણીની મોસમ દરમિયાન આવા 'સમાચાર' આઉટલેટ ધારણાઓ અને અભિપ્રાયોને કેવી રીતે આકાર આપી શકે છે તે અંગે ચિંતા વધી રહી છે.

> **ભારતમાં ચૂંટણીનો ઉત્સવ ફરી શરૂ થયો છે અને ૧૯ એપ્રિલથી શરૂ થયેલી આ વિશાળ કવાયતના બીજા તબક્કા સાથે, રાજકીય પંડિતો ફરી એકવાર આશ્ચર્યમાં છે કે ભારતીય મુસ્લિમો કેવી રીતે મતદાન કરશે.**

અભ્યાસોએ દર્શાવ્યું છે કે ભારતીયો મુખ્ય પ્રવાહના મીડિયા આઉટલેટ્સ દ્વારા વિતરિત કરાયેલા સમાચારો કરતાં યુટ્યુબ અને વોટ્સએપ પર જુએ છે તેવા સમાચાર પર વધુ વિશ્વાસ રાખે છે. પહેલેથી જ, વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ૨૦૨૪ ગ્લોબલ રિસ્ક રિપોર્ટે તારણ કાઢ્યું છે કે ખોટી માહિતીના પ્રસારને કારણે ભારત સૌથી ગંભીર જોખમનો સામનો કરી રહ્યું છે. અલ જઝીરાના અહેવાલમાં નેરેટિવ રિસર્ચ લેબ, નવી દિલ્હી સ્થિત ડેટા લેબ દ્વારા કરવામાં આવેલા અભ્યાસને ટાંકવામાં આવ્યો છે જે પ્રિન્ટ મીડિયા અને સોશિયલ મીડિયા સામગ્રીને ટ્રેક કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરે છે. NRL એ છ ચેનલો - NMF, રાજધર્મ, હેડલાઈન્સ ઈન્ડિયા, શાઈનિંગ ઈન્ડિયા, કેપિટલ ટીવી અને ઓ ન્યૂઝ હિન્દી - પરની સામગ્રીનું વિશ્લેષણ કર્યું હતું અને તેમાં જાણવા મળ્યું કે ભારતના વિરોધ પક્ષોનું કવરેજ શૂન્ય હતું અને તેના નેતાઓ લગભગ અદ્રશ્ય હતા. તેનાથી વિપરિત, મોદી અને બીજેપીના નેતાઓ જ તેમાં દેખાતા હતા, તેમનો કવરેજ લગભગ હંમેશા ચાલુ રહે છે.

આ લેબે ૨૨ ડિસેમ્બર, ૨૦૨૩ અને માર્ચ ૨૨, ૨૦૨૪ વચ્ચે આ ચેનલો દ્વારા પ્રકાશિત ૨,૭૪૭ વીડિયોનું વિશ્લેષણ કર્યું હતું. તેમના તારણોમાં, લેબને જાણવા મળ્યું કે તમામ ચેનલોમાં, શીર્ષકોમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા કેટલાક શબ્દો "મોદી", "ભાજપ" અને "યોગી", જેવા શબ્દોનો ઉલ્લેખ કરે છે, જ્યારે વિરોધ પક્ષો અને નેતાઓનો ઉલ્લેખ ભાગ્યે જ થતો હતો. આ લેબ દ્વારા "સેન્ટિમેન્ટ એનાલિસિસ"માં જાણવા મળ્યું છે કે જ્યારે "મોદી"નો ઉપયોગ સામાન્ય રીતે જે વિડિયોમાં કરવામાં આવતો હતો તેમાં સકારાત્મક લાગણી હોય છે, અને રાહુલ ગાંધી જેવા ભારતના વિપક્ષી વ્યક્તિઓના સંદર્ભો મોટે ભાગે નકારાત્મક શબ્દસમૂહો સાથે ઉલ્લેખ કરવામાં આવે છે.

નેરેટિવ રિસર્ચ લેબના સહ-સ્થાપક, સંદીપ નરવાનીએ અલ જઝીરાને જણાવ્યું હતું કે આ ચેનલોએ નકારાત્મક લક્ષ્યીકરણ માટે એક ઉપયોગી હેતુ પૂરો પાડ્યો હતો. સ્વતંત્ર પત્રકાર નીલ માધવ, જેમણે નવી દિલ્હી સ્થિત કારવાં મેગેઝિન માટે આ ચેનલોની કામગીરી અંગે પુરસ્કાર વિજેતા તપાસના સહ-લેખક હતા, તેમણે અલ જઝીરાને જણાવ્યું હતું કે આમાંની ઘણી ચેનલો ભાજપના સોશિયલ મીડિયા મેસેજિંગનો અવિભાજ્ય ભાગ છે. ઘણી વાર, બીજેપી સોશિયલ મીડિયા આ ચેનલોના પોસ્ટ વીડિયોને હેન્ડલ કરે છે. વધુમાં, બીજેપીના સહાનુભૂતિ ધરાવતા લોકો આ વિડિયોને તેમના કાર્યકરોમાં પ્રસારિત કરવા માટે પાર્ટીના સોશિયલ મીડિયા ઉપકરણનો ઉપયોગ કરે છે, આથી ચેનલોને તેમની પહોંચ વધારવામાં મદદ મળે છે અને પરિણામે, ક્લિક્સ અને વ્યૂઝથી આવક ઊભી થાય છે. આ ચેનલો નિયમિત રીતે ઈસ્લામોફોબિક લાગણીઓને વધારે છે અને મુસ્લિમ વિરોધી શબ્દોનો ઉપયોગ કરે છે. નેરેટિવ રિસર્ચ લેબ વિશ્લેષણમાં એ પણ જાણવા મળ્યું છે કે ૧૧ માર્ચે વિવાદાસ્પદ નાગરિકતા સુધારા કાયદાના નિયમોની જાહેરાત કરવામાં આવી હતી તે દિવસ જેવી ઘટનાઓ પર આ ચેનલો દ્વારા ઉત્પાદિત વિડિઓઝની સંખ્યામાં વધારો થયો હતો.

ચૂંટણીની આ મોસમમાં પત્રકારોને સતાવતો બીજો મુદ્દો એ છે કે વધારાની તકેદારી અને સાવચેતી તેમણે ચૂંટણી કવર કરતી વખતે વાપરવી પડે છે. તેઓ ચૂંટણીને કવર કરતી વખતે રાજકીય હિંસા, પત્રકારત્વના અપરાધીકરણ, અન્ય પત્રકારો દ્વારા હુમલાઓ અને ઓનલાઈન સેન્સરશીપ અંગે ચિંતિત હતા. સરવાળે આ ચૂંટણીઓ માત્ર પત્રકારો દ્વારા કરવામાં આવેલા કપરા કાર્યને ધ્યાનમાં રાખીને જ નહીં, પરંતુ લઘુમતી સમુદાય માટે વ્યૂહાત્મક રીતે, એકતાપૂર્વક, અને નિશ્ચિતપણે મતદાન મથકો પર તેમની હાજરીની ખાતરી કરીને મતદાન કરવા માટે પણ મહત્વપૂર્ણ છે. દેશમાં લઘુમતીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પણ મતદાન કરવું જરૂરી છે, અન્યથા વોટ્સએપ યુનિવર્સિટી પર હાલમાં વિપુલ પ્રમાણમાં પ્રચલિત સંદેશાઓ ભયાનક વાસ્તવિકતામાં ફેરવાઈ શકે છે. -

**અસદ મિર્ઝા**

**(લેખક દિલ્હી સ્થિત વરિષ્ઠ રાજકીય અને આંતરરાષ્ટ્રીય બાબતોના કોમેન્ટેટર છે)**

**(સૌ. : ઈન્ડિયા ટુમોરો)**